તપોનિધિ આચાર્યશ્રી વિજય

# ભક્તિસૂરીશ્વરજી

## જીવન પ્રભા




[illegible]વાકર

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥


तपोनिधि

આચાર્યશ્રી વિજયભક્તિસુરીશ્વરજી

# જીવન-પ્રભા

પ્રેરક :—

પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ



પ્રયોજક :—

ફુલચંદ હરિચંદ દોશી મહુવાકર

માનદ્ મંત્રી—શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

卐

મૂલ્ય : વાચન-મનન


પ્રકાશક :
મફતલાલ ન્યાલચંદ વારૈયા
મુ૦ સમી
શાંતિલાલ મણીલાલ શાહ
મુ૦ સાલડી

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦

વિ. સં. ૨૦૨૬ ] [ ઈ. સ. ૧૯૬૯

મુદ્રક :
ગિરધરલાલ ફુલચંદ શાહ
સાધના મુદ્રણાલય
દાણાપીઠ–ભાવનગર

## પ્રાત:સ્મરણિય પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી
## વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ



જન્મ સંવત : ૧૯૩૦ આસો શુદિ ૮ : સમી

દીક્ષા સંવત : ૧૯૫૭ મહા વદિ ૧૦ : સમી.


પન્યાસપદ : સંવત ૧૯૭૫ અશાડ શુદિ ૫ : કપડવંજ.

આચાર્યપદ : સંવત ૧૯૯૨ વૈશાખ શુદિ ૪ : પાલીતાણા.

સ્વર્ગવાસ : સંવત ૨૦૧૫ પોષ શુદિ ૩ : શ્રી શંખેશ્વરજી તીર્થ.

શાંતમૂર્તિ પૂજ્યપાદ

## આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ



જન્મ : સં. ૧૯૭૭ ફાગણ વદિ ૧

દીક્ષા : સં. ૧૯૮૭ અશાડ વદિ ૬ અમદાવાદ

પંન્યાસ પદ : સં. ૨૦૧૦ માગશર શુદિ ૫ અમદાવાદ

આચાર્ય પદ : સં. ૨૦૧૫ વૈશાખ શુદિ ૬ પાટણ

# અર્પણ

શાંતમૂર્તિ પરમ પૂજ્ય આચાર્યપ્રવર
શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ
આપશ્રી
પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય તપોનિધિ શાસન દીપક
આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર છો.
ગુરુદેવને પગલે પગલે
આપ ધર્મ પ્રભાવનાના અજવાળા પાથરી રહ્યા છો.
ગુરુદેવના આપ પ્રાણપ્યારા સેવામૂર્તિ હતા.
એ સચ્ચારિત્રશીલ આચાર્યદેવની
**જીવન–પ્રભા**
ના
**તેજ કિરણો**
આપશ્રીના કરકમળમાં સમર્પણ કરતાં
આનંદ થાય છે.

વિનીત,
ફુલચંદ હરિચંદ દોશી–મહુવાકર

# બે બોલ

શાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી ગોરેગામમમાં ધર્મ પ્રભાવનાના પૂર રેલાવી રહ્યા હતા. તેઓશ્રીના ગુરુદેવ તપોનિધિ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મ૦ મહુવાના શાસ્ત્રવિશારદ આચાર્ય-પ્રવર શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજીના તપસ્વી શિષ્ય હતા.

તેઓશ્રીની જીવન-પ્રભાના પ્રકાશ કિરણોનું આલેખન કરવા મારા સ્નેહી ભાઈશ્રી અભેચંદભાઈ ગાંધીએ સૂચના કરી હતી.

મારે પાલીતાણાથી નિવૃત્તિ લઈ મુંબઈ આવવાનું થયું. ગોરેગામ પૂ. આચાર્યશ્રીના દર્શને ગયો. તેઓશ્રીની ઇચ્છા પૂ. ગુરુદેવનું જીવન ચરિત્ર પ્રગટ કરવાની હતી પૂજ્ય ગુરુદેવના જીવન પ્રસંગો ઉપસાવી મેં જીવન-પ્રભા લખવા હિંમત કરી. ભાવનાઓ જાગી અને જીવન-પ્રભાના તેજકિરણો આલેખ્યા. પૂ આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી, પં. શ્રી સુબોધવિજયજી તથા મુનિશ્રી રૂચકવિજયજીએ પૂજ્ય ગુરુદેવના ચરિત્રને ભક્તિ-ભાવથી સભર બનાવવા અનેક પ્રસંગો આપ્યા અને આજે જૈન સમાજને ચરણે તપોનિધિ શાસન દીપક આચાર્યપ્રવરની જીવન-પ્રભા આપતાં ગૌરવ અનુભવું છું.

આ જીવન-પ્રભા માટે મહાન ચિંતક તત્ત્વવેત્તા પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ ) મહારાજશ્રીએ 'ભક્તિની સૌરભ'નું ઉદ્બોધન લખી આપી મને ઋણી કર્યો છે.

આ જીવન-પ્રભા હજારો વાચકોને તપ અને ત્યાગ, સેવા અને સદાચારના અમી આપી જશે એ જ અભ્યર્થના.

ફુલચંદ હરિચંદ દોશી-મહુવાકર

# ભક્તિ સૌરભ

દિવસના અજવાળામાં ખીલતાં અને સુવાસ આપતાં ફૂલ તો લોક નજરમાં સતત રમતાં હોય છે, પણ રાતરાણીનું ફૂલ કોઈ જુદું જ કામ કરે છે. એ તો રાતના અંધારામાં કોઈ પણ જાતની પ્રશંસાની આકાંક્ષા રાખ્યા વિના સુવાસ આપે જ જાય છે અને રજનીના શાન્ત વાતાવરણને સુવાસથી ભરી દે છે. એવા હતા અમારા પૂ. આચાર્ય વિજયભક્તિસૂરીશ્વરજી.

તેઓશ્રીની સાધના મૂક હતી. એ જ્યાં જતા ત્યાં પોતાનાં તપ, સંયમ અને તીર્થભક્તિની મીઠી સુવાસ ફેલાવતા.

નાના મોટા ગામોમાં એમણે ખોલાવેલ આયંબિલશાળાઓ તેમના વર્ધમાન તપની ભક્તિના પ્રતીક સમી ઊભી છે. ઉપરિયાળાજી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી એને આજે યાત્રાનું એક આકર્ષક સ્થાન બનાવ્યું છે એ તેમની તીર્થભક્તિનું પ્રતીક છે. અને એમની વૈરાગ્ય નીતરતી વાણીમાં વહેતી દેશના માણસના મનને કેવી ભીંજવી દેતી તેનું પ્રતીક એમનો વિશાળ શિષ્ય સમુદાય છે.

મારા વિકાસના મૂળમાં એમણે જ તો પ્રેરણાનાં જળ સિંચ્યાં હતાં. એમની એ પ્રેમાળ મૂર્તિ નયન સમક્ષ આવતાં મસ્તક અહોભાવથી નમી જાય છે.

ક્રિયાધર્મના જીવંત મૂર્તિ સમા આચાર્યશ્રીની જીવન રેખા શ્રી ફૂલચંદભાઈ દોશીની કલમે લખાઇને બહાર પડે છે એ જાણીને મને અત્યંત આનંદ થાય છે.

ઇચ્છું કે આચાર્યની જીવન સુવાસે જેમ અમારા મનને ભર્યાં છે તેમ વાચકના મનને પણ ભરે. —ચિત્રભાનુ

# દાદા ગુરુદેવની યશગાથા

પૂજ્યપાદ તપોનિધિ આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના તપસ્વી શિષ્ય હતા.

ગુરુદેવ આચાર્યશ્રી વીરક્ષેત્ર મહુવાના રત્ન હતા. જુગારને પાટલેથી વ્યાખ્યાનની પાટને શોભાવી જૈન ધર્મ અને જૈન શાસનના જ્યોતિર્ધર બન્યા. શાંતમૂર્તિ પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના મંગળ આશીર્વાદ આપણા ગુરુદેવ પર ઉતર્યા હતા.

વિદ્વાનો તૈયાર કરવાની દીર્ઘદૃષ્ટિથી ગુરુદેવ વિદ્યાધામ કાશી પધાર્યા. કાશીમાં પાઠશાળાની સ્થાપના કરી, કાશીના બ્રાહ્મણ વિદ્વાનોનો પ્રેમ સંપાદન કર્યો. કાશીના મહારાજા પણ ગુરુદેવના સુધાભર્યા પ્રવચનોથી પ્રભાવિત થયા. સમેતશિખર-કલકત્તામાં પણ અહિંસાનો સંદેશ પહોંચાડ્યો. વિદ્વાન શિષ્યો આવી મળ્યા. આ શિષ્યોએ પણ ધર્મપ્રભાવના, સાહિત્ય-પ્રચાર, સમાજ-ઉત્થાન અને શિક્ષણપ્રચાર માટે અવિરત કાર્ય કરી ગુરુદેવના નામને યશસ્વી બનાવ્યું.

ગુરુદેવને પરમ પૂજ્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ પ્રત્યે ખૂબ જ ભક્તિભાવ હતો. શ્રીમદ્ યશોવિજયજી મહારાજે વિદ્યાભ્યાસ માટે ઘણો સમય કાશીમાં ગાળ્યો હતો. તેઓશ્રીએ ગંગા તીરે સરસ્વતીદેવીને પ્રસન્ન કર્યા હતા. કાશીના વિદ્વાન પંડિતોએ તેઓશ્રીને 'જ્ઞાનવિશારદ' અને 'ન્યાયાચાર્ય' એ બે પદવીઓથી વિભૂષિત કર્યા હતા.

પૂજ્યશ્રીએ ૧૧૦ અદ્વિતીય ગ્રંથોની રચના કરી હતી. ઉપાધ્યાયજી મહારાજનો જ્ઞાનસાર ઉચ્ચ કોટિનો અધ્યાત્મ



શ્રી વિજયધર્મસૂરિ

ગ્રંથ ગણાય છે. તેઓશ્રીના આધ્યાત્મિક ચિંતનાત્મક ઘણાં પદ્યો આજે પણ પ્રાપ્ત થાય છે.

આપણા ગુરુદેવે પણ જગ્યાએ જગ્યાએ અને સંસ્થાએ સંસ્થાએ ઉપાધ્યાયજી યશોવિજયજીનું નામ અમર કર્યું છે.

પાશ્ચાત્ય વિદ્વાનોને જૈન ધર્મનો પરિચય વીરભૂમિ મહુવાના પ્રસિદ્ધ વક્તા શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ કરાવ્યો હતો પણ તે દિશામાં વિશેષ કાર્ય તો આપણા ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ જીવનભર ચાલુ રાખ્યું અને તેના ફળ સ્વરૂપ આજે ઘણા વિદ્વાનો જૈન ધર્મના અભ્યાસી થયા છે. કેટલાએ વિદ્વાનો ગુરુદેવના દર્શને આવતા હતા અને કેટલાએ વિદ્વાનો તેઓશ્રીનું માર્ગદર્શન મેળવતા હતા.

ગુરુદેવે જૈન સમાજને જે વિદ્વાનો આપ્યા છે તે તેઓશ્રીના નામને યશસ્વી બનાવે તેવા અદ્વિતીય ગણાયા છે.

શિવપુરીમાં ચાલતી શ્રી વીર તત્ત્વ પ્રકાશક સંસ્થા અને મહા વિદ્યાલય ગુરુદેવનું અમર સ્મારક છે. તે સંસ્થાએ પણ વિદ્વાનો આપ્યા છે પણ તેના વિકાસ–વર્ધન માટે જૈન સમાજે જોઈએ તેટલું ધ્યાન આપ્યું નથી. ગુરુદેવની જન્મ શતાબ્દિ આવી ગઈ પણ તેનું ચિરસ્મરણીય સ્મારક આપણે કરી શક્યા નથી.

આજે તો જૈન સમાજ સમૃદ્ધિશાળી અને પ્રગતિશીલ ગણાય છે. ધર્મ પ્રભાવના અને શાસન પ્રભાવનાના અનેક કાર્યો થઈ રહ્યાં છે. દર વર્ષે લાખો ખરચાય છે પણ વિદ્વાનો તૈયાર કરવાની યોજના અધૂરી જ રહી જાય છે.

જૈન ધર્મને અને તેના વિશ્વ શાંતિ પ્રેરક સિદ્ધાંતો અહિંસા અને અપરિગ્રહને જગતના ચોકમાં મૂકવાનો આજે અનુકૂળ સમય છે.

પૂર્વ આફ્રિકા, અમેરિકા, જાપાન, જર્મની વગેરે દેશોમાં જૈન ધર્મના સિદ્ધાંતો માટે ભાવના જાગી છે ત્યારે આપણા પૂજ્ય આચાર્યપ્રવરો, પદસ્થો, મુનિવર્યો સાહિત્યપ્રચાર માટે પ્રેરણા આપે તો જૈન શાસનનો જય જયકાર થાય.

પૂર્વના જ્યોતિર્ધરોનું સાચું સ્મારક જૈન ધર્મ અને જૈન સિદ્ધાંતોનો પ્રચાર હોઇ શકે.

રાષ્ટ્રીય ક્રાન્તિ આવી, ઔદ્યોગિક ક્રાન્તિ આવી, સામાજિક ક્રાન્તિ આવી અને ધાર્મિક ક્રાન્તિના પગરણ દેખાય છે ત્યારે ધર્મધુરંધરો અને સમાજના ઘડવૈયાઓ સાથે મળી વિચાર–વિનિમય કરે–પરિસંવાદો યોજે અને રચનાત્મક સક્રિય કાર્યો દ્વારા ક્રાન્તિને સમુન્નતિદર્શક બનાવવા પ્રાણ પાથરે તો દાદા ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજીની યશગાથા અમર બની રહે.

—ફુલચંદ હરિચંદ દોશી–મહુવાકર

# પ્રકાશકોનું નિવેદન

તપોનિધિ શાસન દીપક આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજીના પટ્ટધર શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ ૨૦૨૧માં મુંબઇમાં પધાર્યા અને શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં ચાતુર્માસમાં ભક્તિની લહેર લહેરાણી.

આચાર્યશ્રીની નિશ્રામાં ધર્મપ્રભાવનાનાં ઘણાં શુભ કાર્યો થયાં. તેઓશ્રીના ઉપદેશથી વિવિધ પ્રકારની તપશ્ચર્યામાં સેંકડો ભાઈ–બહેનો જોડાયા.

પ્રભુભક્તિ નિમિત્તે અર્હંત્ પૂજન, સિદ્ધચક્ર પૂજન, ઋષિમંડળ પૂજન, શાન્તિ સ્નાત્ર, અઠ્ઠાઇ મહોત્સવ આદિ મહોત્સવો ઉલ્લાસપૂર્વક થયા. આચાર્યશ્રીના સદુપદેશથી સાધર્મિક ભાઇઓની ભક્તિમાં હજારો રૂપિયા અપાયા હતા.

પર્યુષણ પર્વમાં પણ ખૂબ તપશ્ચર્યાઓ થઇ. ઓશવાળ ભુવનમાં આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીની નિશ્રામાં પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના તૈલચિત્રોની અનાવરણ વિધિ કરવામાં આવી હતી.

૨૦૨૨નું ચાતુર્માસ માટુંગામાં થયું. અહીં પણ સકલ સંઘને ખૂબ ધર્મ આરાધના કરાવી.

૨૦૨૩નું ચાતુર્માસ વાલકેશ્વર શ્રી આદિનાથ જૈન ઉપાશ્રયમાં થયું. અહીં અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિસ્નાત્ર, ઉપધાન તથા સાધર્મિક ભક્તિના કામો થયાં હતાં.

પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયધર્મ- સૂરીશ્વરજીની જન્મ શતાબ્દિના પ્રસંગે ભાદરવા શુદ ચતુર્દશીના દિવસે ૧૪૦૦ ભાઈ–બહેનોએ આયંબિલની તપશ્ચર્યા કરી હતી અને અઢાર લાખ નવકાર મહામંત્રનો જાપ કર્યો હતો. એક લાખ પુષ્પોની આંગીના દર્શન કરવા હજારો ભાઈ–બહેનો ઉમટી આવ્યા હતા.

શતાબ્દિ સમારંભની સભામાં શ્રી કે. કે. શાહ, શ્રી ભાનુશંકર યાજ્ઞિક અને શ્રી પાંડેજીએ ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપી. તેઓશ્રીના જૈન સાહિત્ય અને જૈન દર્શનને જગતના ચોકમાં મૂકવા અને પાશ્ચાત્ય વિદ્વાનોને તેમાં રસ લેતા કરવાના કાર્યને બીરદાવ્યું હતું.

૨૦૨૪નું ચાતુર્માસ ગોરેગામમાં થયું. કલ્પના નહોતી ગોરેગામમાં એક પછી એક ધર્મ પ્રભાવનાના પૂર રેલાશે. સંઘનો અદમ્ય ઉત્સાહ હતો અને ઉપધાન તપ, અર્હંત્ પૂજન અને ૫૧ છોડનું ઉજમણું એ ગોરેગામના સંઘની શોભા બની ગઇ હતી. વરઘોડો ભવ્ય હતો અને તે જોવા ઉમટેલા માનવ મહેરામણના પંદર હજાર ભાઇ–બહેનોએ નવકારશીનો લાભ લીધો હતો. માળારોપણના દિવસે તો ત્રીશ હજાર ભાઇ–બહેનોએ નવકારશીનો લાભ લીધો હતો. ગોરેગામ આ દિવસોમાં ધર્મ–ભક્તિના રંગે રંગાઇ ગયું હતું અને પ્રેમનો પ્રકાશ પથરાઈ રહ્યો હતો.

સંવત ૨૦૨૫નું ચાતુર્માસ શાન્તાક્રુઝમાં થયું. ઘણી ઘણી તપશ્ચર્યાઓ થઈ અને શાસન પ્રભાવનાનાં ઘણાં કાર્યો પણ થયાં.

પૂ. આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની ભાવના વયો- વૃદ્ધ અશક્ત પૂ. સાધુ–સાધ્વીની સેવા ભક્તિ માટે ગિરિરાજ

શત્રુંજયની શીતળ છાંયડીમાં પાલીતાણામાં એક ભક્તિ-સદન સ્થાપવાની છે. જૈન સમાજના દાનવીરો, ધર્મપ્રેમી ભાઈ-બહેનો આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા દાનનાં ઝરણાં વહેડાવશે એવી શ્રદ્ધા છે.

ગોરેગામમાં જ્યારે ધર્મ પ્રભાવનાનાં પૂર રેલાયાં ત્યારે પૂ. આચાર્યશ્રીના ગુરુદેવ તપોનિધિ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજીની જીવન-પ્રભાના પ્રકાશનની વિચારણા થઈ અને જૈન સમાજના જાણીતા સેવાપ્રિય કાર્યકર ભાઈશ્રી ફુલચંદ હરિચંદ દોશીને પૂ. ગુરુદેવની જીવન-પ્રભા લખવાની જવાબદારી સોંપવામાં આવી અને અમને જણાવતાં હર્ષ થાય છે કે થોડા સમયમાં અમે પૂજ્ય ગુરુદેવની જીવન-પ્રભા જૈન સમાજને આપવા ભાગ્યશાળી થયા છીએ.

મફતલાલ ન્યાલચંદ વારૈયા
શાંતિલાલ મણીલાલ શાહ

# જૈન ધર્મ

જૈનોના મહાન સંસ્કૃત સાહિત્યને અલગ પાડવામાં આવે તો સંસ્કૃત કવિતાની શી દશા થાય? આ વિષયમાં મને જેમ જેમ વધુ જાણવાનું મળે છે, તેમ તેમ મારા આનંદયુક્ત આશ્ચર્યમાં વધારો થતો જાય છે. —જર્મન ડૉ. હર્ટલ

જૈન ધર્મ એ મૌલિક ધર્મ છે, સર્વ દર્શનોથી પ્રથક્ છે અને સ્વતંત્ર છે, તેમજ પ્રાચીન ભારતવર્ષના તત્ત્વજ્ઞાન અને ધાર્મિક જીવનના અભ્યાસ માટે તે ઘણો અગત્યનો છે.

—જર્મન ડૉ. હર્મન યાકોબી

જૈન દર્શન બહુ જ ઊંચી પંક્તિનું છે તેના મુખ્ય તત્ત્વો વિજ્ઞાનશાસ્ત્રના આધાર પર રચાયેલાં છે. આ મારૂં અનુમાન જ નહિ પણ પૂર્ણ અનુભવ છે. જેમ જેમ પદાર્થવિજ્ઞાન આગળ વધતું જાય છે, તેમ તેમ જૈન ધર્મના સિદ્ધાંતો સિદ્ધ થતા જાય છે. —ઇટાલીયન વિદ્વાન ડૉ. એલ. પી. ટેસીટોરી

જૈન ધર્મ પૂર્ણ વિજ્ઞાન ઉપર ખડો થયેલ પૂર્ણ ધર્મ છે. જૈન ધર્મના જ્યોતિર્ધરોએ કોઈ પણ વિષય અણખેડાયેલો રાખ્યો નથી. —શ્રી વસંતલાલ કાન્તિલાલ

અહિંસાનો સિદ્ધાંત તીર્થંકરોની શિક્ષામાં જેટલો સ્પષ્ટતાથી દર્શાવેલ છે તેટલો વ્યવસ્થિત રીતે કોઇ પણ ધર્મમાં નથી. આજ પણ અહિંસાની શક્તિ પૂર્ણરૂપે જાગૃત છે. આ તો વિશ્વ પ્રતિ ભારતનો ગગનભેદી સંદેશ છે. મને આશા છે અને મારો વિશ્વાસ છે કે પિતૃભૂમિ ભારતના ભાવી ભાગ્યમાં ગમે તે થાઓ પણ ભારતનો આ અહિંસાનો સિદ્ધાંત અખંડ રહેશે.

卐 —ડૉ. સ્ટીન કોનો

# જૈન દર્શન

ભગવાન મહાવીરના ક્રાન્તિકારી ઉપદેશનો સંક્ષિપ્ત સાર એ છે કે :—

લોકોમાં પ્રચલિત અંધવિશ્વાસ હટાવવો, હિંસાનું વાતાવરણ મિટાવવું, અહિંસા–મૈત્રીભાવનો પ્રચાર કરવો, વિવેકબુદ્ધિના ઉદ્ઘાટન દ્વારા ધર્મો તથા દર્શનો સંબંધી સમન્વય રેખા રજૂ કરવી અને સહુથી મોટી વાત એ કે માણસોને (જગતના) એ બતાવવું કે તમારૂં સુખ તમારી મુઠ્ઠીમાં છે. ધન વૈભવમાં–પરિગ્રહમાં અસલી સુખ જોવાની ચેષ્ટા કરશો તો અસફળ રહેશો. અસલી સુખ આપણી પોતાની અંદર છે. જનતામાં સત્યનો પ્રચાર વધુ થાય એ માટે ભગવાન મહાવીરે વિદ્વદ્ ભાષા ગણાતી 'સંસ્કૃત'નો ત્યાગ કરી લોક (પ્રાકૃત) ભાષામાં પોતાનો ઉપદેશ વહેવડાવ્યો. ભગવાન મહાવીરે ખૂબ બળપૂર્વક કહ્યું કે—માણસ પોતાનું ભલું, પોતાનું આત્મહિત, પોતાનું જીવન શોધન જેટલું વધુ સાધે છે, તે તેટલું વધુ બીજાનું ભલું–બીજાનું હિત કરી શકે છે. ભગવાનની વાણીના ઉમદા ઝરણાં આગમોમાં જોવા મળે છે.


—મુનિશ્રી ન્યાયવિજયજી
'જૈન દર્શન'

# અનુક્રમણિકા


| | વિષય | | પૃષ્ટ નં. |
|---|---|---|---|
| | અર્પણ | ... | ૩ |
| | બે બોલ | ... | ૪ |
| | ભક્તિ સૌરભ | ... | ૫ |
| | દાદા ગુરુની યશગાથા | ... | ૬ |
| | પ્રકાશકોનું નિવેદન | .... | ૯ |
| | જૈન ધર્મ | ... | ૧૨ |
| | જૈન દર્શન | ... | ૧૩ |
| | અનુક્રમ | ... | ૧૪ |
| ૧ | ધર્મ માંગલ્ય | ... | ૧ |
| ૨ | જન્મ માંગલ્ય | ... | ૫ |
| ૩ | પારસમણીનો જાદુ | ... | ૯ |
| ૪ | વીરભૂમિના વીરો | ... | ૧૨ |
| ૫ | વાણીના જાદૂ | ... | ૧૫ |
| ૬ | અબ મોહે તારો | ... | ૧૯ |
| ૭ | દીક્ષા મહોત્સવ | ... | ૨૩ |
| ૮ | યોગવહન તથા શાસ્ત્રાભ્યાસ | ... | ૨૮ |
| ૯ | ગુરુદેવને ચરણે | ... | ૩૨ |
| ૧૦ | શિખરજીની યાત્રા તથા દીક્ષા મહોત્સવ | ... | ૩૬ |
| ૧૧ | જન્મભૂમિનો સાદ | ... | ૪૧ |
| ૧૨ | જૈન સાહિત્ય સંમેલન | ... | ૪૫ |

| | વિષય | | પૃષ્ટ નં. |
|---|---|---|---|
| ૧૩ | બંધુ વિરહ | ... | ૪૮ |
| ૧૪ | માતાનું પુત્રવાત્સલ્ય | ... | ૫૨ |
| ૧૫ | ગણિ પંન્યાસપદારોપણ | ... | ૫૫ |
| ૧૬ | ધર્મ પ્રભાવનાના કાર્યો | ... | ૫૮ |
| ૧૭ | પ્રતિષ્ઠા તથા દીક્ષા મહોત્સવો | ... | ૬૪ |
| ૧૮ | વર્ધમાન તપસ્થાનકો | ... | ૬૮ |
| ૧૯ | બંધવ બેલડીનો અનુપમ ત્યાગ | ... | ૭૩ |
| ૨૦ | સુરતનું યાદગાર ચાતુર્માસ | ... | ૮૧ |
| ૨૧ | મુંબઇનું ચાતુર્માસ અને ભાગવતી દીક્ષાઓ | ... | ૮૫ |
| ૨૨ | મુનિ સંમેલન તથા શિષ્યોને પદવીદાન | ... | ૮૯ |
| ૨૩ | આચાર્ય પદ સમારોહ | ... | ૯૪ |
| ૨૪ | શાસન પ્રભાવનાના કાર્યો | ... | ૯૯ |
| ૨૫ | પદવીપ્રદાન તથા ઉજમણા મહોત્સવ | ... | ૧૦૩ |
| ૨૬ | ઉપધાન તપ મહોત્સવો | ... | ૧૧૦ |
| ૨૭ | આરંભડામાં પ્રતિષ્ઠા મહોત્સવ | ... | ૧૧૫ |
| ૨૮ | દ્વારકા અને જુનાગઢમાં ધર્મપ્રભાવના | .... | ૧૨૧ |
| ૨૯ | પાલીતાણામાં શાસનપ્રભાવના | ... | ૧૨૫ |
| ૩૦ | ઉપરિયાળામાં ધર્મશાળા | ... | ૧૨૯ |
| ૩૧ | સંપનો સંદેશ | ... | ૧૩૩ |
| ૩૨ | જીવદયા તથા દીક્ષામહોત્સવો | ... | ૧૪૦ |
| ૩૩ | વરસીતપના પારણા અને ઉપધાન તપ | ... | ૧૪૭ |
| ૩૪ | ચાર બહેનોની ભાગવતી દીક્ષા | ... | ૧૫૨ |
| ૩૫ | અર્ધશતાબ્દી તથા પદપ્રદાન મહોત્સવો | ... | ૧૫૬ |
| ૩૬ | કૃષ્ણનગરમાં પ્રતિષ્ઠા તથા દીક્ષા મહોત્સવ | ... | ૧૬૨ |
| ૩૭ | થરામાં ધર્મપ્રભાવના | ... | ૧૬૭ |
| ૩૮ | વર્ધમાન તપ પારણા મહોત્સવ | ... | ૧૭૨ |

| | વિષય | | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૩૯ | શ્રી શંખેશ્વર તીર્થનો મહિમા | ... | ૧૭૬ |
| ૪૦ | આખરી સંદેશ | ... | ૧૮૪ |
| ૪૧ | અંતિમ આરાધના | ... | ૧૮૭ |
| ૪૨ | તપોનિધિની કલ્યાણ યાત્રા | ... | ૧૯૪ |
| | શિષ્ય–પ્રશિષ્યાદિ પરિવાર | ... | ૨૦૧ |
| | પરિશિષ્ટ–૧ ( વિજયભક્તિસૂરીશ્વરજી મ૦ કરેલા ચાતુર્માસની યાદી ) | ... | ૨૦૯ |
| | પરિશિષ્ટ–૨ ( આચાર્યશ્રીની અધ્યક્ષતામાં નીકળેલા સંઘો ) | ... | ૨૧૩ |
| | ,, ૩ ( આચાર્યશ્રીની નિશ્રામાં થયેલ તપ સમારંભો ) | ... | ૨૧૪ |
| | ,, ૪ ( ઉજમણા મહોત્સવો ) | ... | ૨૧૫ |
| | ,, ૫ ( પ્રતિષ્ઠા મહોત્સવો ) | ... | ૨૧૬ |



૧

## ધર્મ માંગલ્ય

**આજે** જગતમાં વિજ્ઞાને પાર વિનાની શોધ કરી છે અને તેના પરિણામે અનેક સાધનો ઉભા કરી દીધાં છે. જંગલો, પર્વતો અને સમુદ્રો જેવા અંતરાયો આજે કાંઈ વિસાતમાં નથી. રોજ અવનવી શોધો નીકળે છે અને આજે તો ચંદ્ર ઉપરના ઉડ્ડયનો પણ જૂની પેઢીને ચકિત કરી નાખે છે. વિજ્ઞાને રાષ્ટ્રો અને પ્રજાઓમાં જબ્બર પરિવર્તનો આણ્યાં છે અને વિજ્ઞાનવેત્તાઓનો તો દાવો છે કે વિજ્ઞાનની શોધો વિશ્વના પ્રજાજનોના કલ્યાણ, સુવિધા અને સુખ-શાંતિ માટે છે. ભાવના તો ઘણી ઉચ્ચ છે અને આપણે જોઇએ છીએ કે રેડીયો, ટેલીવિઝન, ઇલેકટ્રીક ટ્રેઇનો, વિદ્યુત શક્તિ, હવાઈ જહાજો આદિથી થોડી ઘણી સુવિધા મળે છે ખરી પણ એ જ વિજ્ઞાને યુદ્ધો આપ્યાં છે, લાખો-કરોડો નિર્દોષ માણસોનો નાશ અને અબજોનો ધુમાડો થઇ રહ્યો છે. આપણને જાણીને આશ્ચર્ય થશે કે માણસને ચંદ્ર પર મોકલવાનો ખર્ચ સાડા સાત અબજ રૂપિયા અને છેલ્લા ૧૩ વર્ષથી જે ઉડ્ડયનો થાય

છે તેનો ખર્ચ ૨૪૦ અબજ રૂપિયા થયા છે છતાં ચંદ્ર વિષે વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું નથી.

વિજ્ઞાનના ગમે તેટલા લાભાલાભ હોય તો પણ વિશ્વની પ્રજાઓ સુખી નથી, પ્રજાએ પ્રજામાં વેરભાવ વધતા જાય છે, રંગભેદની નીતિથી વિશ્વ પતનને માર્ગે ઘસડાતું જાય છે, વિશ્વશાંતિનું નામ નિશાન દેખાતું નથી. વિશ્વની આ કટોકટીમાં ધર્મ માંગલ્ય એક જ વિશ્વને, રાષ્ટ્રોને, પ્રજાઓને બચાવી શકશે.

જગતના તમામ ધર્મો ધર્મ માંગલ્યનો સંદેશ આપે છે. જગતના સંતો, મહંતો, તીર્થંકરો, બુદ્ધો, પયગંબરો, ઓલીયાઓ અને જ્યોતિર્ધરોએ પ્રજા પ્રજાના કલ્યાણ, શ્રેય અને સુખશાંતિ માટે ધર્મ ઘોષ સંભળાવી અહિંસા, સંયમ, તપ, ત્યાગ અને માનવ સેવાના અમર સંદેશ આપ્યા છે.

જૈન ધર્મે જગતને અહિંસાની મહાન ભેટ આપી છે અને આજે જગત ઝંઝાવાતો ને યુદ્ધોથી ત્રાસી ગયું છે ત્યારે અહિંસાની ચંદ્રિકા વિશ્વને ખૂણે ખૂણે પહોંચીને ચમત્કારો સર્જાવી રહેલ છે.

જૈન ધર્મ એક પૂર્ણ વિજ્ઞાન ઉપર ખડો થયેલ પૂર્ણ ધર્મ છે. જૈન ધર્મે કોઈપણ વિષય અણખેડાયેલો રાખ્યો નથી. માનવ હૃદયને સમારવાનું કામ અહિંસામૂર્તિ ભગવાન મહાવીરસ્વામીએ કર્યું છે. દેશ પરદેશના વિદ્વાનો પણ જૈન ધર્મના સિદ્ધાંતો અને જૈન ધર્મના તત્ત્વજ્ઞાન વિષે ઊંડો રસ ધરાવે છે.

ડૉકટર એલ. પી. ટેસીટોરી કહે છે :—

"જૈન દર્શન ઘણી જ ઉંચી પંક્તિનું છે. એનાં મુખ્ય તત્ત્વો વિજ્ઞાનના આધાર ઉપર રચાયેલા છે. આ મારૂં અનુમાન જ નહિ પણ પૂર્ણ અનુભવ છે. જેમ જેમ પદાર્થ વિજ્ઞાન આગળ વધતું જાય છે તેમ તેમ જૈન ધર્મના સિદ્ધાંતો સિદ્ધ થતા જાય છે."

ડૉ. સ્ટીનકોનો પણ આ જૈન ધર્મના સિદ્ધાંતોને બીરદાવે છે :

"અહિંસાનો સિદ્ધાંત અનેક ધર્મોમાં મળી આવે છે પરંતુ તીર્થંકરોની શિક્ષામાં જેટલી સ્પષ્ટતાથી તેનું પ્રતીપાદન કરેલું છે તેટલી વ્યવસ્થિત રીતે કોઇ પણ ધર્મમાં નથી.

આજ પણ અહિંસાની શક્તિ પૂર્ણરૂપે જાગ્રત છે. જ્યાં જ્યાં ભારતીય વિચારો યા ભારતીય સભ્યતાએ પ્રવેશ કર્યો છે ત્યાં સદૈવ ભારતનો આ જ સંદેશ રહ્યો છે. આ અહિંસા તો વિશ્વ પ્રતિ ભારતનો ગગનભેદી સંદેશ છે અને આશા છે તેમજ મારો વિશ્વાસ છે કે પિતૃભૂમિ ભારતના ભાવિ ભાગ્યમાં ગમે તે થાઓ પણ ભારતવાસીઓનો આ સિદ્ધાંત અખંડ રહેશે."

કાશી વિશ્વ વિદ્યાલયના પ્રોફેસર શ્રી બદરીનાથ શુકલ ન્યાયવેદાંતાચાર્ય જૈન દર્શન વિષે મનનીય ચિંતન રજુ કરે છે :—"જૈન દર્શન ભારતીય દર્શનના પરિવારનું એક વિશિષ્ટ

અંગ છે જેને વિદ્વાન જૈનાચાર્યોએ ચિંતન–મનન–આલોચન–પ્રત્યાલોચન આદિ અનુશીલ તથા વિવિધ પ્રકારનો ખોરાક આપીને એવું પરિપુષ્ટ–બળવાન સમૃદ્ધ અને સંપન્ન બનાવ્યું છે કે જેથી તે અનંતકાળ સુધી જિજ્ઞાસુઓના મનને સંતોષ આપતું રહેશે.

જૈન દર્શનની સહુથી મોટી વિશિષ્ટતા એ વાતમાં છે કે તે હમેશાં નિષ્પક્ષ દૃષ્ટિએ જ અનેકવાદની સુષ્મા અને સ્યાદ્-વાદની સૌરભથી એને સુંદર અને સુવાસિત બનાવ્યું છે. ”

આધુનિક વિજ્ઞાનની કેટલીક સિદ્ધિઓ જૈન સિદ્ધાંતોનું સમર્થન કરી રહેલ છે. વિજ્ઞાનના અભ્યાસીઓ જૈન ધર્મનો તલસ્પર્શી અભ્યાસ કરે તો કહેશે કે જૈન ધર્મમાં પદાર્થનું નિરૂપણ અદ્વિતીય અને અદ્‌ભૂત છે.

જૈન ધર્મનું પ્રત્યેક સત્ય વિશ્વ શાંતિ, વિશ્વ પ્રેમ અને વિશ્વ કરૂણાનું પ્રેરક છે. જૈન ધર્મે જગતમાં ધર્મ માંગલ્યના દીપ પ્રગટાવવા યુગેયુગે અને સમયે સમયે ત્યાગી–તપસ્વી–ધર્મવીરો આપ્યાં છે. આજે આવા એક ત્યાગી તપસ્વી શાસન-દીપક આચાર્ય પ્રવરની જીવનપ્રભાના દર્શન કરીએ.

## ૨

# જન્મ માંગલ્ય

**શરદ** ઋતુ ચાલી રહી છે. ભાદરવાના તાપ ઠંડા થયા છે. લીલમ લીલા ખેતરો ભર્યા ભર્યા કણસલાઓથી લચી રહ્યાં છે. આસો માસ બેઠો ને માતા હસ્તુબાઈ પોતાના ગર્ભનું રૂડી રીત પાલન કરી રહ્યા છે. માતાની ભાવના શાશ્વતી આસોની ઓળીમાં તપશ્ચર્યા કરવાની જાગી છે. દેવ દર્શન અને વ્યાખ્યાન શ્રવણ માટે ધીમે ધીમે જતા રહે છે. પુત્રરત્નની પ્રાપ્તિ માટે નવનવી ભાવનાઓ ભાવે છે. "મારો લાલ તો યશનામી બનશે, મોટો મહારથી થશે, સદ્ગુણાનુરાગી, સેવાપ્રેમી, ધર્મવીર, કર્મવીર અને તપસ્વી થશે." આવા ઉચ્ચ મનોરથ ભાવતાં ભાવતાં જૈન શાસનમાં મોટામાં મોટી શાશ્વતી ઓળી–તપશ્ચર્યાની આરાધનાના મંગળ દિવસે ૧૯૩૦ ના આસો શુદ આઠમના રોજ સુશીલ, ધર્મનિષ્ઠ માતા હસ્તુબાઈએ પુત્રરત્નને જન્મ આપ્યો.

પિતા વસ્તાચંદભાઈ પ્રાગજીભાઈ તો ધર્મપ્રેમી અને

સુસંસ્કારી હતા. કુટુંબીજનો પુત્રરત્નના સમાચારથી હર્ષિત થયા. માતાના આનંદનો પાર નથી. શાશ્વતી ઓળી અને તપશ્ચર્યાની ભાવનામાં જન્મનાર આ બાળક ખરેખર તપસ્વી થશે, મહાપુરુષ થશે અને માતા-પિતાના, જન્મભૂમિના નામને ઉજાળશે.

૯૫ વર્ષ પહેલાં પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથથી પ્રસિદ્ધિમાં આવેલ ગુજરાતના વઢીયાર પ્રદેશમાં શંખેશ્વર ગામથી સાત ગાઉ દૂર રાધનપુર રાજ્યના સમી ગામ આપણા ચરિત્ર નાયકની જન્મભૂમિ. સમી રૂ ના વેપારનું મોટું મથક ગણાય છે. અહીં ૭૦ જૈનોના ઘર છે.

વિસાશ્રીમાળી જ્ઞાતિમાં શ્રી વસ્તાચંદ પ્રાગજીભાઈનું ઘર ધર્મિષ્ઠ ગણાય છે. આદર્શ ગૃહસ્થીનું જીવન જીવતાં જીવતાં ધર્મ ભાવના અને તપશ્ચર્યાની ભાવના પતિ-પત્નીમાં જીવંત હતી. શ્રી વસ્તાચંદભાઈ જૈન જ્ઞાતિમાં જાણીતા હતા. સાધુ-સાધ્વીની સેવા સુશ્રુષામાં ભાવવાળા હતા.

નવજાત શિશુના જન્માક્ષર કરાવવામાં આવ્યા અને આ બાળક ભવિષ્યમાં મહાન ધર્મ પ્રચારક થશે એટલું જ નહિ પણ શાશ્વતી અઠ્ઠાઈ અને આયંબિલ તપની વિભૂષાવાળો હોવાથી વર્ધમાન તપ પ્રવર્તક થશે અને જૈન શાસનમાં દીપક સમાન થશે. એ જન્માક્ષરો આપણા ચરિત્ર નાયકના જીવનમાં તો યથાર્થ થયા જણાશે.

બાળયોગી બધાના મનને આનંદ આપનાર હોવાથી માતા પિતાએ મહોત્સવપૂર્વક બાળકનું નામ 'મોહનલાલ' પાડ્યું.

બધાને મોહ પમાડે છતાં મોહ નહિ, અને મન મોહન એવો બાળ મોહન દિવસે નહિ તેમ રાત્રે ચંદ્રની કળાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. પા પા પગલી પાડતો બાળ મોહન પાંચ વર્ષનો થયો અને શાળાએ જવા લાગ્યો. અભ્યાસમાં કાળજીવાળો, ધીમે ધીમે છ ગુજરાતી પૂરી કરી ચૂકયો. માતા પિતાના ધાર્મિક સંસ્કારો બાળક મોહનમાં ઉતરી આવ્યા હતા અને જ્ઞાન મેળવવાની ઉત્સુકતામાં બુદ્ધિપ્રભાના ચમકારા ધાર્મિક સૂત્રોમાં પણ દેખાયા. થોડા વખતમાં પંચ પ્રતિક્રમણ તો કરી લીધા પણ સ્મરણો અને પ્રકરણો સુધી પહોંચી ગયા. ધાર્મિક અધ્યાપક, મિત્રો અને માતા પિતા ભાઈ મોહનની યાદશક્તિ અને ધાર્મિક ભાવનાની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા.

હજી તો યુવાવસ્થામાં પ્રવેશ થયો ન થયો ને તપશ્ચર્યાની લહેર લાગી અને તપસ્વી માતાજીનો વારસો સંભાળવા આત્મશક્તિની પ્રેરણાથી તપશ્ચર્યા શરૂ કરી. વિધિ સહિત વીશ સ્થાનક તપ, ચોસઠ પ્રહરી પૌષધ, છઠ્ઠ–અઠ્ઠમ છ ઉપવાસ તેમજ અઠ્ઠાઇ અને ચાર ચાર ઉપવાસને પારણે બેસણાથી ચાર વર્ષ સમોસરણ તપ અને પાંચ ઉપવાસને પારણે બેસણાથી સિંહાસન તપ ઈત્યાદિ દીર્ઘ અને ઉગ્ર તપશ્ચર્યા કરી અને દીર્ઘ તપસ્વી બની રહ્યા. ભવિષ્યના જીવનની તૈયારીરૂપે જ જાણે કે આ તપશ્ચર્યાઓ થઈ રહી હતી અને આપણા ચરિત્રનાયકનો

આત્મા પરિશુદ્ધ થઈ રહ્યો હતો. સંસારની માયા અને મોહ તો આપણા મોહનભાઈએ ક્યારના છોડ્યા હતા. બીજા મિત્રો જ્યારે રંગરાગ અને મોહમાયામાં લપટાઈ પડ્યા હતા, વિવાહ અને લગ્નની વાતોમાં રાચતા હતા ત્યારે આપણા ચરિત્રનાયક મોહનભાઇ તપશ્ચર્યા અને ત્યાગના રંગે રંગાઇ રહ્યા હતા. મિત્રોમાં એવી પ્રતિભાની છાપ હતી કે તે સૌના માનીતા નેતા હતા. નાના-મોટા બધાને પોતાના સદ્ગુણો અને સુવિચારોથી પ્રભાવિત કરતા હતા અને ધર્મનેતા થવા સર્જાયા હોય તેમ તેમના આચારો-વિચારો અને વર્તન ઉચ્ચ પ્રકારના હતા.

આવા તેજસ્વી રત્નને જન્મ આપનાર માતાપિતાનું જીવન પણ ધન્ય બની ગયું. માતાપિતાના સુસંસ્કારો વારસામાં મળ્યા હોવાથી આપણા ચરિત્રનાયક અલૌકિક પુરુષ થવા સર્જાયા હતા. પુત્રરત્નની પ્રતિભાથી માતા-પિતાનું નામ પણ આ લોકમાં યશસ્વી બની ગયું અને આપણા ચરિત્રનાયકનું જન્મ માંગલ્ય મહા મંગલમય બની રહ્યું.

૩

# પારસમણીનો જાદુ

**પંજાબ દેશોદ્ધારક** આચાર્યશ્રી આત્મારામજી મહારાજશ્રી સમી પધાર્યા. સમીના શ્રી સંઘે આચાર્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. આબાલવૃદ્ધના આનંદનો પાર નહોતો. નાના એવા ગામમાં જૈન શાસનના શિરોમણિ, શાસ્ત્રવિશારદ ગુરુદેવ પધાર્યા અને સંઘમાં આનંદ આનંદ છવાઇ રહ્યો.

આચાર્યશ્રીની સુધાભરી વાણી સાંભળવા સમીના સંઘના ભાઇ–બહેનો ઉમટી આવ્યા હતા. આપણા ચરિત્રનાયક ભાઇ મોહનભાઈ પણ વહેલા વહેલા આવીને ગુરુદેવની સામે શાંતિપૂર્વક બેસી ગયા હતા. ગુરુદેવે મંગલાચરણ કર્યું. પુણ્યપ્રતાપી પુણ્યરાશિ ગુરુદેવે ઉપદેશધારા વહાવી.

“ભાગ્યશાળીઓ ! મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે. આ સંસારરૂપી અટવીમાં ફસાઈ ન પડાય તે સૌએ જોવાનું છે. રાગ, દ્વેષ, મોહ, માયા, લોભ, આદિ એવા તો ચોંટે છે કે તેને જીતવા

ભારે પુરુષાર્થ કરવો પડે છે. ધર્મ એ જ મનુષ્યનો એક માત્ર સાથી છે. સ્ત્રી–પુત્રાદિ બધાં તો સ્વાર્થના સગાં છે અને સંસાર રૂપી સમુદ્રમાં વહાણ સમાન ધર્મને વિષે સદા ઉદ્યમવંત રહેશો તો આ જન્મ અને આવતા જન્મનું ભાતું બાંધી જશો. સાધુ–સાધ્વીની વૈયાવચ્ચ, સ્વામીભાઇની ભક્તિ અને દીન દુઃખીને દિલાસો અને સહાય એ મનુષ્યનો પરમ ધર્મ છે. ગૃહસ્થીની જંજાળ તો રહેશે પણ દિવસના અને રાત્રિના ૨૪ કલાકમાં એક ઘડી બે ઘડી ધર્મ ક્રિયા, દેવ–દર્શન, સામાયિક, વ્યાખ્યાન આદિ માટે કાઢીને જીવનને ઉન્નત બનાવવું જોઇએ. સાધુ ધર્મ તો મોક્ષની બારી છે. એક જ દિવસનું સાધુપણું–ત્યાગ ધર્મ કેટલાંએ કર્મોના છેદન માટે અને પુણ્યની પાળ માટે પૂરતું છે. આત્માના કલ્યાણ માટે, આત્મ શુદ્ધિ, આત્મ શાંતિ, આત્મ સુખ, અને આત્મ લબ્ધિ માટે સાધુપણું દિવ્ય જીવનનું પૂરક છે ”

“ સર્વે સુખી નઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયા ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિત્ દુઃખ ભાગ ભવેત્ ॥”

“ જગતના બધા પ્રાણીઓ સુખી થાય, જગતના બધા નીરોગી બને; બધાનું ભદ્ર કલ્યાણ થાઓ, કોઇ જીવને દુઃખ ન થાઓ.”

આચાર્યશ્રીના અમૃત વચનોએ જાદુ કર્યું. આબાલ વૃદ્ધના હૃદય હચમચી ગયાં. ગુરુદેવની સુધાભરી વાણીમાં બધા રસબોળ બની ગયા. આપણા ચરિત્રનાયક તો ગુરુદેવના અમૃતના છાંટણાથી મંત્રમુગ્ધ બની ગયા.

વૈરાગ્યનો રંગ તો તેમને સમીમાં પધારતા મુનિવરોના વૈરાગ્ય ભરેલા વ્યાખ્યાનોથી લાગ્યો હતો. પં. ઉમેદવિજયજી મહારાજ, પં. શ્રી મોહનવિજયજી મહારાજ, પં. શ્રી પ્રતાપ-વિજયજી મહારાજ અને પં. શ્રી ગંભીરવિજયજી મહારાજના સંસર્ગથી દીક્ષાની ભાવના જાગી હતી. આપણા મોહનભાઈ પૌષધ કરાવતા અને રંગમાં આવી જઈ રાસ ગાતા ત્યારે બધા મંત્રમુગ્ધ થઈ જતા—મિત્રો તો કહેતા 'ભાઈ તું દીક્ષા લઈશ તો અમને પૌષધ કોણ કરાવશે–સ્તવનો અને રાસનો આનંદ કોણ આપશે!' અને આપણા મોહનભાઇ તો હસીને કહેતા કે "ભાઈ મારાં એવાં ભાગ્ય ક્યાંથી કે તમારો જ મિત્ર દીક્ષા લઇને કાયાનું કલ્યાણ કરે! પછી તો તમને ધર્મ સંભળાવવા આવીશને!" આવી ભાવનાઓ તો હૃદયમાં ઉઠ્યા કરતી અને એ સોનેરી દિવ્ય દિવસની રાહ જોવાતી હતી. તેમાં ન્યાયાંભોનિધિ આચાર્યદેવ સમી પધાર્યા અને વૈરાગ્યનો રંગ પાકો થઈ ગયો. મનોમન ગુરુદેવના ચરણ સ્પર્શતા દિક્ષા માટેનો અભિગ્રહ થઈ ગયો. પારસમણીએ જાદુ કર્યું.

૪

# વીરભૂમિના વીરો

મહુવા-પ્રાચીન મધુમતિ વીરભૂમિ ગણાય છે. આ ભૂમિમાં વીરો પાક્યા છે, જેઓએ જગતમાં ધર્મ પ્રભાવનાના દીપકો પ્રગટાવ્યા છે. જાવડશા મોટા વહાણવટી હતા અને શાહ સોદાગર ગણાતા તેવા જ ધર્મપ્રેમી અને ઉદાર ચરિત હતા. જાવડશાએ તીર્થાધિરાજ શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો હતો. હંસમંત્રિના પુત્ર જગડુશા પણ આ વીરભૂમિના રત્ન હતા. મહારાજા કુમારપાળ અને શેઠ જગડુશા શત્રુંજયની યાત્રાએ આવેલા. તીર્થમાળની બોલીમાં જગડુશા મહારાજા કુમારપાળથી વધી ગયા. મહારાજા ચકિત થઈ ગયા. માળ માટે માતાજી પાસે દોડી ગયા અને ત્રણ રત્નો તીર્થપતિને ચરણે ધર્યાં. મહારાજાએ ધન્ય ધન્ય કહી ભૂરિ ભૂરિ પ્રશંસા કરી.

આજથી ૧૦૩ વર્ષ પહેલાં મહુવાના વીરરત્ન શ્રી વીરચંદ રાઘવજી ગાંધી ન્યાયાંભોનિધિ આચાર્ય પ્રવર શ્રીમદ્ આત્મારામજી

મહારાજશ્રીનો સંદેશ લઈને અમેરિકા–ચીકાગોમાં સર્વ ધર્મ પરિષદમાં ગયા હતા અને પોતાના પ્રભાવશાળી વક્તવ્યથી અમેરિકાના બુદ્ધિશાળી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા, એટલું જ નહિ પણ અમેરિકા જેવા દેશમાં ફરીને ૫૦૦ જેટલાં વ્યાખ્યાનો આપીને જૈન દર્શનને જગત સમક્ષ મૂકી શાસન પ્રભાવનાનું મહામૂલું કાર્ય કર્યું હતું.


પૂજ્યપાદ સૂરિસમ્રાટ આચાર્યપ્રવર શ્રીમદ્‌વિજયનેમિસૂરિશ્વરજી મહારાજ પણ આ ભૂમિના જ્યોતિર્ધર થઈ ગયા. તેઓ મહાન પ્રભાવશાળી, તીર્થોદ્ધારક તથા શાસન દીપક હતા.

પૂજ્યપાદ આચાર્ય વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ ઘણા વિદ્વાન હતા. તેઓ પણ વીરભૂમિના રત્ન થઈ ગયા. પૂજ્યપાદ શાસ્ત્રવિશારદ આચાર્યપ્રવર શ્રીમદ્‌ વિજયધર્મસૂરીશ્વરજી પણ આ વીરભૂમિના જ્યોતિર્ધર હતા. તેઓ સમયજ્ઞ સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા, જૈન દર્શનના જ્ઞાતા અને મહાપ્રભાવશાળી દ્રષ્ટા હતા. પાશ્ચાત્ય વિદ્વાનોને જૈન દર્શનનો પરિચય કરાવી જૈન ધર્મના સિદ્ધાંતો, જૈન સાહિત્ય, જૈન ઇતિહાસ, જૈન કલા, જૈન સ્થાપત્ય અને જૈન શાસ્ત્રોના અભ્યાસ તરફ વાળવા માટે પ્રયાસો કર્યા હતા અને કેટલાક વિદ્વાનો તો આપણા આચાર્યપ્રવરના ભક્તો જેવા બની ગયા હતા.

જૈન સમાજને શ્રી વીરતત્ત્વ પ્રકાશક જેવા વિદ્વાનો તૈયાર કરવાની સંસ્થા આપીને નવીન પ્રસ્થાન કર્યું હતું. તેઓશ્રીએ

વિદ્વાન શિષ્યોનું એક જૂથ આપ્યું હતું જે વિદ્વાન શિષ્યોએ જગતને જૈન દર્શનની ઝાંખી કરાવી અને ઘણા વિદ્વાનોને જૈન ધર્મના અભ્યાસી બનવા પ્રેરણા આપી હતી. આપણા ચરિત્ર-નાયક પણ આ શાસનદીપક આચાર્યપ્રવરના દીર્ઘતપસ્વી શિષ્ય હતા.

હવે પછીના પ્રકરણોમાં આપણે વર્ધમાન તપોનિધિ આચાર્ય પ્રવરના જીવન સંસ્મરણોનું પાન કરીશું.



## ૫

# વાણીના જાદૂ

**સમીના** સંઘના આબાલવૃદ્ધો પૂજ્ય મુનિરાજશ્રી ધર્મ-વિજયજી મહારાજનું સ્વાગત કરવા તલસી રહ્યા હતા. મહારાજશ્રી શિષ્ય મંડળ સાથે સમી પધાર્યા. શ્રી સંઘે ભાવભર્યું સામૈયું કર્યું. સંઘની આગ્રહભરી વિનંતિથી મહારાજશ્રીએ ચાતુર્માસ કરવા સંમતિ આપી અને સંઘમાં આનંદ આનંદ છવાઈ રહ્યો.

મહારાજશ્રીની સુધાભરી વાણી સાંભળવા સમીના સંઘના ભાઈ–બહેનો ઉમટી આવતા. ઉપાશ્રય પણ નાનો લાગતો; મહારાજશ્રી સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા હતા. તેમની ધીર ગંભીર વાણી, અમૃતભર્યા વચનો, વિદ્વત્તાભરી છટા અને મનોરમ હૃદયંગમ દૃષ્ટાંતોથી સંઘના આબાલ વૃદ્ધો પ્રભાવિત થઈ જતા અને ગુરૂદેવના સુધા ભર્યા વ્યાખ્યાનો સાંભળવા ઉમટી આવતા. જૈનેતરો પણ આ વ્યાખ્યાનો માટે આકર્ષાયા હતા. આપણા ચરિત્રનાયક મોહનભાઈ પણ ગુરૂદેવની સુધાભરી વાણી સાંભળવા વહેલા વહેલા સેવા પૂજા કરીને ઉપાશ્રયે પહોંચી જતા.

મહારાજશ્રીએ ૧૯૫૬ની સાલનું ચાતુર્માસ સમીમાં કર્યું. આ ચાતુર્માસમાં શ્રી સૂયગડાંગ સૂત્રની સુંદર ઉપદેશ શૈલીથી સમીના સંઘમાં ધર્મપ્રભાવના વધવા લાગી. આપણા ચરિત્ર નાયક તો આ સુધાભર્યા વ્યાખ્યાનોથી ખૂબ જ પ્રભાવિત થયા.

તેઓ ઘણા સમયથી વૈરાગ્ય રંગે રંગાયા હતા. તેમના કેટલાક મિત્રો તો આયુષ્ય પૂર્ણ કરી ચાલ્યા ગયા હતા. આ જડવાદના ઝેરી જમાનાથી તેઓ ખૂબ કંટાળી ગયા હતા. તેમના તન, મન, વચન, કાયાના ત્રણે તારનો એક જ સૂર ત્યાગ–ત્યાગ–ત્યાગ નીકળવા માંડ્યો હતો.

જેમ જેમ ગુરુદેવના સમાગમમાં આવવા લાગ્યા તેમ મોહનભાઈનું દિલ વૈરાગ્ય રંગથી વિશેષ રંગાવા લાગ્યું.

ચતુર્દશીનો દિવસ હતો. ઉપાશ્રય ખીચો ખીચ ભરાયો હતો. આપણા મોહનભાઈ તો વહેલા વહેલા આવી ગુરુદેવની સમક્ષ શાંતિથી બેસી ગયા હતા. ગુરુદેવે મંગલાચરણ કર્યું અને મંગલાચરણ પછી વ્યાખ્યાનની શરુઆત કરી.

श्वः कार्यमद्य कुर्वीत, पूर्वान्हे चापराग्हिकम
नहि प्रतीक्षते मृत्युः कुतमस्य नवा कृतम्

ભાગ્યશાળીઓ !

"પૂર્વ પુણ્યનાં યોગે તમને જૈન ધર્મ જેવો મહાન ધર્મ મળ્યો છે. વીતરાગ ભગવાન જેવા જગત વત્સલ અહિંસામૂર્તિ મહાવીરસ્વામી ભગવાનનો વારસો મળ્યો છે. ત્યાગી, તપસ્વી

ઉપકારક, જીવ માત્રના કલ્યાણ દાતા, એવા સાધુ મહાત્માઓનો સત્સંગ મળ્યો છે. દેવોને પણ દુર્લભ એવો મનુષ્યભવ મળ્યો છે. લાડી, વાડી, ગાડીના મોહમાં ક્યાં સુધી પડ્યા રહેશો? આ ભવમાં જે પામ્યા છો તે પૂર્વભવની કમાઇ છે. પણ આવતા ભવનું ભાતું ક્યારે બાંધશો? લક્ષ્મી ચંચળ છે. આયુષ્યનો તો કોઈ ભરોસો નથી. ભલભલા ચક્રવર્તીઓ, મહારાજાઓ, શ્રેષ્ઠીઓ, પણ ચાલ્યા ગયા છે. મૃત્યુદેવ તો મુખ ફાડીને બેઠો છે અને તે ક્યારે દોડી આવશે તેની ખબર નથી. ભરયુવાનવયે પુત્ર પિતા, માતા ને સ્વજનો મૂકી ચાલ્યો જાય છે. અઢળક લક્ષ્મીનો પતિ પણ ખાલી હાથે જવાનો છે."

ભવ્યજનો!

"આ ધર્મ એ તો પારસમણિ છે. સંસારના દુઃખો અગણિત છે. હવે તો જાગો–આત્માને ઓળખો. મન–વચન–કાયાના વ્યાપારોને સંયમિત કરો, ઉચ્ચ ભાવનાઓ ભાવો, અને આપણે પહેલા શ્લોકમાં કહી ગયા તેમ 'કાલે કરવા યોગ્ય શુભ કાર્ય આજે જ કરી લ્યો. કારણ કે મૃત્યુ તો કોઈની રાહ નહિ જુવે કે આ જીવનું કાર્ય થઈ ગયું છે કે નહિ. કાર્યો કોના પૂરા થયાં છે. બધું અહીં જ મૂકીને માત્ર પાપ–પુણ્યનું ભાતું લઇને જ જવાનું છે."

શ્રી આનંદઘનજી તો આપણને ચેતાવે છે કે:—

'અવસર બેર બેર નહિ આવે, જ્યું જાણે ત્યું કરલે ભલાઇ;
જનમ જનમ સુખ પાવે.'

“ મનુષ્ય જન્મ વાર વાર નહિ મળે. આ અવસરને ઓળખો અને આ જીવથી જે કાંઈ ભલાઇ થાય તે કરી લ્યો. પરિણામે જનમો જનમ સુખ શાંતિ મળશે.”

“ સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનં.”

ગુરુદેવે વ્યાખ્યાન પૂર્ણ કર્યું અને ગુરુદેવના જયનાદોથી ઉપાશ્રય ગુંજી ઊઠયો. તેમજ આપણા ચરિત્ર નાયક મોહનભાઇના હૃદયમાં અવસર બેર બેર નહિ આવે કોતરાઈ ગયું. હૃદયના તારેતાર ઝણઝણી ઉઠયા. વૈરાગ્યનો રંગ વિશેષ પ્રબળ બની ગયો. દીક્ષાની ભાવના દ્રઢ થઈ અને પવિત્ર આત્મા જાગ્રત બની ગયો.



૬

## અબ મોહે તારો

**આ**પણા ચરિત્રનાયક મોહનભાઈના હૃદયમાં તો 'અવસર બેર બેર નહિ આવે' એવું તો કોતરાઈ ગયું કે સુતાં-બેસતાં-ખાતાં-પીતાં એજ રૂટણ થઇ ગયું.

રાત્રિની ઉંઘ વેરણ બની ગઈ. સુતા સુતા વિચારો ઉમટી આવ્યા. ક્યારે દીક્ષા લઉં! ક્યારે ગુરુદેવ મને પોતાનો શિષ્ય બનાવે! કુટુંબીજનો અને સ્નેહીજનો જરૂર જરૂર રજા આપશે-મોહવશ રજા નહિ આપે તો હું છ વીગયનો ત્યાગ કરીશ—પણ હવે આ સંસારમાં રખડવું નથી. આમ વિચારતાં વિચારતાં વૈરાગ્યની ભાવના દ્રઢ થવા લાગી. આત્મ પરિણુતિ ઉન્નત થઈ તેની સાથે એક સુંદર સ્વપ્ન આવ્યું. જળહળતી જ્યોત સમી શાસનદેવીએ દર્શન દીધાં અને દિવ્ય સંદેશ આપ્યો. 'ક્યાં સુધી ઉંઘીશ! આત્મકલ્યાણ કરવા સાથે અપ્રતિમ શક્તિનો ઉપયોગ કરી શાસનહિતના કાર્યોમાં લાગી જા, લે આ ઓઘો!' આ સ્વપ્ને વૈરાગ્યની ભાવના દ્રઢ બની ગઇ.

હવે તો પ્રવજ્યા અંગિકાર કરવાની તાલાવેલી લાગી. પોતાની ભાવનાને વધારે સુદ્રઢ બનાવવા અને આત્માને અત્યંત નિર્મળ બનાવવાની તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થની નવાણુ યાત્રાનો નિશ્ચય કરી પાલીતાણા આવ્યા. પાલીતાણામાં નવાણું યાત્રા કરી અને યાત્રા કરતાં કરતાં તીર્થપતિ આદીશ્વર દાદાની અલૌકિક ચમત્કારી મૂર્તિ પાસે પ્રાર્થના કરી 'પ્રભો! અબ મોહે તારો'. સિદ્ધક્ષેત્ર–પાલીતાણામાં શત્રુંજય ગિરિરાજની શીતળ છાંયડીમાં પ્રભુની શાખે પ્રવજ્યા લેવાની પ્રતિજ્ઞા કરી. કુટુંબીજનો અને સ્નેહીજનોની સમી આવીને સંમતિ મેળવવા પ્રાર્થના કરી. મોહનભાઈની દ્રઢતા અને તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાનની અલૌકિક મૂર્તિ પાસે કરેલી પ્રતિજ્ઞા સાંભળીને દુઃખાતે મને કુટુંબીજનો ઘેલચંદ વડેચા, ખૂબચંદ શેઠ વગેરેએ રજા આપી અને મંગળ આશીર્વાદ આપ્યા. આપણા ચરિત્રનાયકનું હૃદય આનંદથી નાચી ઉઠયું. મિત્રોમાં અને સંઘમાં ભાઈ મોહનભાઈની દીક્ષાની ભાવનાની વાતો થવા લાગી અને સમીના આ તપસ્વી ધર્મપ્રેમી યુવાન નરરત્નની દીક્ષાનો લાભ સમીના શ્રીસંઘને મળે તે માટે સંઘમાં વિચારણા થવા લાગી. ગુરુદેવ શ્રી ધર્મવિજયજી ચાતુર્માસ પૂર્ણ કરી ચાણસ્મા પધાર્યા હતા; સંઘના આગેવાનો ચાણસ્મા ગુરૂદેવને વંદન કરવા ગયા.

'મથ્થેણ વંદામિ!' સંઘના આગેવાનોએ વંદના કરી.

'ધર્મલાભ!' ગુરુદેવે ધર્મલાભ આપ્યા.

'ગુરુદેવ! આપ તો જાણો છો. જ્યારથી આપની સુધાભરી વાણી સાંભળી છે ત્યારથી અમારા સંઘના આગેવાન વસ્તાચંદ-ભાઇના સુપુત્ર ભાઈ મોહનલાલની ભાવના પ્રવજ્યા લેવાની છે. તે માટે ભાઇ મોહન શ્રી શત્રુંજય તીર્થાધિરાજની બલ યાત્રાએ ગયેલ ત્યારે પ્રતિજ્ઞા પણ કરી છે. અમારા શ્રીસંઘની ભાવના છે કે આ અમૂલો અવસર અમારે આંગણે થાય અને અમારા એક ધર્મપ્રેમી રત્નની પ્રવજ્યાના સમારોહનો લાભ અમને મળે.' સંઘના શેઠે સ્પષ્ટતા કરી.

"મોહનલાલ તો તપસ્વી પણ છે અને ખરેખર દીક્ષા માટે સુયોગ્ય છે. તેના માતાની તો સંમતિ છે ને?" ગુરુદેવે પ્રશ્ન કર્યો

'પ્રભો! પહેલાં તો તેમના માતાજીને ખૂબ દુઃખ થતું હતું પણ ભાઈ મોહનલાલની દઢતા તથા પ્રતિજ્ઞાની વાત સાંભળીને માતા–પિતા બંનેએ સંમતિ આપી છે.' બીજા આગેવાને સંમતિની વાત દર્શાવી.

"જહા સુખમ! મહા વદી દશમનું મુહૂર્ત આવે છે. તમે તૈયારી કરો. અમે થોડા સમયમાં વિહાર કરીને આવી પહોંચીશું." ગુરુદેવે મુહૂર્ત આપ્યું. સમીના સંઘના આગે-વાનોને ખૂબ આનંદ થયો. ગુરુદેવને વંદણા કરી આગેવાનો સમી આવી ગયા. સંઘને એકઠો કરી ભાઈ મોહનલાલની દીક્ષાનો સમારોહ પોતાના ગામમાં ઉજવવાનો નિર્ણય જણાવ્યો.

આ સમારોહમાં આબાલ વૃદ્ધ આનંદપૂર્વક ભાગ લેવા જણાવ્યું અને ગુરુદેવ પૂજ્યપાદ્ ધર્મવિજયજી મહારાજશ્રી ચાણસ્માથી વિહાર કરતા કરતા સમી પધારવાના છે તેથી દીક્ષાના સમારોહની તૈયારી કરવા લાગી જવા સંઘના સંઘપતિએ અનુરોધ કર્યો. આ આનંદજનક સમાચારથી સંઘમાં આનંદની ઉર્મિઓ ઉછળી રહી.



૭

## દીક્ષા મહોત્સવ

**સમી**ના યુવાન નરરત્નના દીક્ષાના સમારોહ માટે તૈયારીઓ ચાલી રહી હતી. પૂજ્યપાદ ગુરુદેવ શ્રી ધર્મવિજયજી શિષ્ય પરિવાર સાથે સમી પધાર્યા. શ્રી સંઘે ભાવભર્યું સામૈયું કર્યું.

અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો. સમીના સંઘમાં આનંદ આનંદ છવાઇ રહ્યો. ભાઈ મોહનભાઇના વાયણા શરૂ થયા. સંઘના ઘેરે ઘેર મોહનભાઇ પુનિત પગલાં કરી આવ્યા. દીક્ષાનો મંગળ દિવસ આવી ગયો. દીક્ષાનો વરઘોડો જોવા સમીના બધી કોમોના લોકો ઉમટી આવ્યા હતા. લોકો પોતાના ગામના આ યુવાન રત્નની ત્યાગ ભાવનાની પ્રશંસા કરતા હતા.

ભાઈ મોહનભાઇએ આજે રેશમી જામો-રેશમી ધોતીયું, રેશમી ખેસ અને રેશમી સાફો પહેર્યાં હતાં—લોકોએ પ્રેમથી પોતાના ઘરેણા કાઢી દીક્ષાર્થીને પહેરાવ્યા હતા. મુક્તિદેવીને વરવા નીકળનાર યુવાનનું મુખારવિંદ ખૂબ તેજથી પ્રકાશિત

બની ગયું હતું-હૃદયમાં આનંદ પામતું અને હસતું મ્હોં દેદીપ્યમાન લાગતું હતું. ભાઈ મોહનભાઈ રથમાંથી ઉતર્યા- ગુરુદેવને ચરણે મસ્તક ધરી પ્રણીપાત કર્યો. ગુરુદેવે મંગળ આશીર્વાદ આપ્યા-સાપ કાંચળી ઉતારે તેમ શરીર પરના ઘરેણાં ને રેશમી વાઘા ઉતારી નાખ્યા, નાણને ફેરા ફર્યા, ગુરુદેવે વિધિ કરાવી, સ્નાનવિધિ કરીને સાધુવેશ ચોળપટ્ટો ધારણ કર્યો. રજોહરણ ગુરુદેવે આપ્યું અને મોહનભાઈ નાચી ઉઠ્યા. ૧૯૫૭ના મહા વદી દશમને દિવસે મુનિરાજશ્રી ધર્મવિજયજી મહારાજે ભાઈ મોહનલાલને સંઘ સમક્ષ ઠાઠમાઠપૂર્વક દીક્ષા આપી.

સભાજનોએ ચોખાથી વધાવ્યા ગુરુદેવે ભાઇ મોહનલાલનું નામ મુનિ ભક્તિવિજય આપ્યું અને પોતાના શિષ્ય તરીકે સ્થાપ્યા. આ પ્રસંગે નૂતન મુનિએ સંસારની અસારતા અને સાધુ ધર્મની વિશિષ્ટતા વિષે પ્રથમ વ્યાખ્યાન આપ્યું. સંઘના આબાલ વૃદ્ધના હૃદય ગદ્ગદિત થઇ ગયાં અને સાથે સાથે જયનાદોના ઘોષથી ઉપાશ્રય ગુંજી ઉઠ્યો.

આ દીક્ષા સમારોહ સમયે ભાવનગરના એક ભાઇ દીક્ષા લેવા આવ્યા હતા, તેમને પણ આપણા ચરિત્ર નાયકની સાથે દીક્ષા આપી. તેમને મુનિ હેમવિજયના શિષ્ય મુનિ ભગવાન-વિજય બનાવ્યા.

આપણા ચરિત્ર નાયકના ભાઈ સૌભાગ્યચંદની વૈરાગ્યની ભાવના દિન-પ્રતિદિન વધવા લાગી. સમીના પનોતા પુત્ર અને

નૂતન મુનિશ્રી ભક્તિવિજયજીના પુણ્ય પ્રભાવથી દીક્ષાના આ મંગળમય દિવસે સમીમાં કાયમી પાખી પાળવાનો નિર્ણય થયો અને તે માટે સંઘને ચોપડે લખાણ થયું જે આજે પણ અસ્ખલિતપણે ચાલી રહ્યું છે.

દીક્ષાની વિધી પૂરી થયા પછી ગુરુવર્ય શ્રી ધર્મવિજયજી મહારાજે જૈન સાધુની વિશિષ્ટતા ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું.

મહાનુભાવો !

"તમારૂં ગામ ભાગ્યશાળી છે. સંઘના આબાલ વૃદ્ધે તમારા પુત્રરત્નની દીક્ષા માટે જે જહેમત ઉઠાવી છે અને તેમના પર જે મંગળ આશિર્વાદ વરસાવ્યા છે તે ગૌરવની વાત છે. નૂતન મુનિ ભક્તિવિજયજી અમારા સંઘાડાના મહાન તપોનિધિ, શાસન પ્રભાવક અને ભવિષ્યમાં આચાર્ય થશે અને જન્મભૂમિ તથા માતા પિતાના નામને ઉજાળશે."

ભાગ્યશાળીઓ !

"જૈન સાધુ એટલે અહિંસા, સંયમ અને તપની મૂર્તિ. સાધુના નિયમો ઘણા કઠણ છે—એ તો ખાંડાની ધાર છે. ભગવાન મહાવીરસ્વામી પરમાત્માના શાસનમાં શાસનના નાયક ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીની પરંપરાના પ્રવાહમાં આચાર્યની પરંપરા અસ્ખલિત ચાલુ રહે તેવી સાધુ સાધ્વીની ભેટ ભગવાન મહાવીરે આપી છે. જે સાધુતા દુષ્કર પણ છે.

કંચન કામિનીનો ત્યાગ–જગતના જીવોના કલ્યાણ માટે પાદ વિહાર–સંયમી જીવન જીવવા માટે તપશ્ચર્યા, માધુકરી, બે ચાર ઘરેથી ગોચરી, કેશ લોચન, સ્વાધ્યાય, પ્રતિક્રમણ અને પ્રાણી માત્ર તરફ મૈત્રી ભાવના. આ સાધુતા જગતના સર્વ સાધુ સન્યાસીમાં અનેક રીતે વિશિષ્ટ છે અને હજારો આત્માઓના જીવનને ઉજાળનાર તથા સંતપ્ત જીવોને ઠારનાર સાધુ મુનિરાજોના તપસ્વી–ત્યાગી જીવનને ધન્ય છે.

સાધુ જીવનના નિયમો એવા છે કે દીર્ઘપર્યાય–જીવન પર્યંત પાળનાર પ્રત્યેક આત્મા આત્મ શુદ્ધિ, આત્મ કલ્યાણ અને આત્મ શાંતિ મેળવી, પોતાનું અને જગતના જીવોનું કલ્યાણ કરી જાય છે.

અહિંસા, સંયમ, તપ, ઉપશમ–આચાર પાલન, આજીવન બ્રહ્મચર્ય અને ગુરુકુળવાસ. આ બધી સામગ્રી વર્ષોના વર્ષો અરે જીવનમાં રોજને રોજ બળપૂર્વક ટકાવવી અને દિવસે દિવસે આત્માના તેજમાં વધારો કરવો એ સાધુજીવનનો મુખ્ય મંત્ર હોવાથી આનું પરિણામ ભવાંતરના ઉચ્ચ કક્ષાના સ્થાનમાં અને ઉચ્ચ સામગ્રીવાળા સંજોગોમાં આત્મા વિશેષ અને વિશેષ ઉત્ક્રાન્તિક્રમથી આગળ વધી પ્રકાશમય બને છે. સાધુ–સાધ્વી એ તો જગતના જીવોના પરમ ઉપકારી અને કલ્યાણકારી છે.”

ભાગ્યશાળીઓ !

"આ તમારા રત્ન ભવિષ્યના મહા તપસ્વી અને શાસન-દીપક આચાર્ય બનશે એવા અમારા મંગળ આશીર્વાદ છે. અને તમે સમીનો સંઘ–આબાલ વૃદ્ધ પણ આશીર્વાદ વરસાવો એમ ઈચ્છું છું."

ગુરુદેવના સુધાભર્યા પ્રવચન સાંભળી શ્રી સંઘ પ્રભાવિત થયો હતો અને સૌના જયનાદોથી ઉપાશ્રય ગુંજી ઉઠ્યો હતો.

સમીના સંઘમાં આનંદ આનંદ છવાઈ રહ્યો હતો.



૮

## યોગવહન તથા શાસ્ત્રાભ્યાસ

**આ**પણા ચરિત્રનાયક કડક સાધુ જીવનનું ચારિત્ર સ્વીકાર્યા બાદ જુદા જુદા મહાપુરુષો જેવા કે પોતાના ગુરુમહારાજ શ્રી ધર્મવિજયજી મહારાજ, પૂ. પં. શ્રી ઉમેદવિજયજી મ૦ તથા પં. શ્રી કમલવિજયજી મ૦ના પરિચયમાં પોતાની પ્રતિજ્ઞામાં વિશેષ રૂચિકર અને જાગૃતિવાળા થયા.

વિહાર કરતા કરતા ઉંઝા પધાર્યા. શ્રી સંઘની વિનતિથી આપણા ચરિત્રનાયક અને મુનિ ભગવાનવિજયજીની વડી દીક્ષાનો સમારોહ ઊંઝામાં થયો. વડી દીક્ષા એ માણસના હૃદયનું તેમજ સ્થિરતાનું માપ ગણાય છે. શ્રી દશ વૈકાલિકના અધ્યયનોથી આ રીતે ખૂબ સ્થિર થવાનો અવસર મળે છે. આપણા ચરિત્રનાયક ખૂબ જ વિચારશીલ અને સ્થિર મનના તો હતાજ પણ આ જાતનો મહાપુરુષોના પરિચયનો જોગ મળ્યો તેથી વિશેષ સ્થિરતા આવી.

૧૯૫૭નું પ્રથમ ચાતુર્માસ ગુરુમહારાજ સાથે વીરમગામમાં કર્યું. હવે શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો અને પ્રથમ સારસ્વત વ્યાકરણનો અભ્યાસ કર્યો. ચાતુર્માસ ખૂબ સુંદર રીતે થયું. વીરમગામના જૈન સંઘમાં સારી તપશ્ચર્યા થઇ, પર્યુષણ પર્વ ખૂબ ધૂમધામથી થયા. મુનિ શ્રી ધર્મવિજયજી મહારાજશ્રીના સુધાભર્યા વ્યાખ્યાનો સાંભળવા જૈન સંઘના આબાલ વૃદ્ધ ઉપરાંત જૈનેતરો પણ આવતા હતા. અઠ્ઠાઇ મહોત્સવ તથા સંઘના સ્વામીવાત્સલ્ય થયાં. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો.

ચાતુર્માસ પૂર્ણ થયે પૂ. પં. મહારાજ શ્રી કમલવિજયજીનો સુયોગ સાંપડવાથી ગુરુમહારાજે મહાનિશિથના અને આપણા ચરિત્રનાયકે ઉત્તરાધ્યન અને આચારાંગના યોગોદ્વહન કર્યા.

વીરમગામથી વિહાર કરી ગુરુદેવ સાથે શ્રી શંખેશ્વર તીર્થની યાત્રા કરી પોતાના સાંસારિક વતન સમી થઈ રાધનપુર પધાર્યા. રાધનપુરમાં શ્રી ભોગીલાલભાઇનો દીક્ષા મહોત્સવ થયો. તેમનું નામ શ્રી ભદ્રવિજયજી (શ્રી ભદ્રસૂરિજી) રાખવામાં આવ્યું.

અહીં આપણા ચરિત્ર નાયકે પ્રકરણાદિનો સુંદર અભ્યાસ કરી લીધો. તેઓ એવા તો જાગ્રત હતા કે એક ક્ષણ પણ પ્રમાદમાં ગાળતા નહિ. પણ અવિચ્છિનપણે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં હમેશાં તન્મય રહેતા હતા. ગુરુવર્યને પણ આપણા ચરિત્ર નાયકની બુદ્ધિપ્રભા, સાધુ ધર્મની આરાધનામાં તન્મયતા તથા તપશ્ચર્યામાં દિન–પ્રતિદિન વૃદ્ધિ કરવાની ભાવનાથી ખૂબ ખૂબ સંતોષ હતો.

ગુરુદેવ સાથે માંડળ પધાર્યા. સં. ૧૯૫૮નું ચાતુર્માસ માંડળ કર્યું. અહીં સંસ્કૃતનો અભ્યાસ કર્યો.

ગુરુવર્ય શ્રી ધર્મવિજયજી મહારાજશ્રી નવનવા પ્રસ્થાન માટે વિચારશીલ રહેતા. જૈન દર્શનના તત્ત્વો અને સિદ્ધાંતો બીજા દર્શનો કરતાં વિશેષતાવાળાં છે. જૈન સાહિત્ય વિશાળ છે. એવો કોઈ વિષય નથી જે જૈન સાહિત્યમાં ચર્ચાયો ન હોય. જૈન શાસનના જ્યોતિર્ધરોએ ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ, વૈદક, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, કલા, સ્થાપત્ય અને મૂર્તિ વિધાન વગેરેના મહામૂલા ગ્રંથરત્નો આપ્યા છે. આ સાહિત્યના અભ્યાસીઓ, વિદ્વાનો, વક્તાઓ અને સંશોધકોની જરૂરીયાત આપણા ચરિત્ર નાયકના ગુરુદેવ શ્રી ધર્મવિજયજી મહારાજશ્રીને લાગી અને માંડળમાં વિદ્યાર્થીનું જૂથ તૈયાર કર્યું. પણ આવા વિદ્વાનો તૈયાર કરવા માટે વિદ્યાનું વાતાવરણ સૌરાષ્ટ્ર અને ગુજરાત કરતાં કાશી જેવા વિદ્યાધામમાં જણાવાથી ગુરુદેવે કાશી તરફ વિહાર કરવા વિચાર્યું. આપણા ચરિત્ર નાયકને પં. શ્રી કમલવિજયજી મહારાજ પાસે રાખ્યા. વિદાય વેળાનું દશ્ય હૃદયંગમ હતું. ગુરુ શિષ્ય ગળગળા થઈ ગયા. શિષ્યે ગુરુદેવના ચરણે મસ્તક નમાવ્યું. ગુરુદેવે પોતાના પ્રાણ પ્યારા શિષ્યને હિંમત આપી વિદ્વાન થવા પ્રેરણા આપીને મંગળ આશીર્વાદ આપ્યા.

પૂ. પં. શ્રી કમલવિજયજી મહારાજે આપણા ચરિત્રનાયકને અપનાવી લીધા. ગુરુદેવ તો કાશી તરફ સીધાવ્યા. પન્યાસશ્રી

વિહાર કરતા ખેડા પધાર્યા. અહીં થરાના શ્રાવક આલમચંદભાઈની દીક્ષાની ભાવના થવાથી સંઘે ઉત્સવ કર્યો. પન્યાસશ્રી કમલવિજયજી મહારાજશ્રીએ ભાઈ આલમચંદને દીક્ષા આપી અને આપણા ચરિત્રનાયકના પ્રથમ શિષ્ય બનાવ્યા. તેમનું નામ મુનિ અમૃતવિજયજી રાખવામાં આવ્યું. અહીંથી વિહાર કરી મહેસાણા પધાર્યા. સં. ૧૯૫૯નું ચાતુર્માસ મહેસાણા કર્યું. અહીં જ્ઞાન ધ્યાનાદિની પ્રાપ્તિ થઈ. ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર કરી પાટણ પધાર્યા. અહીં પન્યાસશ્રી પાસે કલ્પસૂત્રના યોગ કર્યા. ગ્રામાનુગ્રામ ભવ્યાત્માઓમાં સુધા ચિંતન કરતાં કરતાં વિહાર કરી દસાડા પધાર્યા. અહીં ટીકરના રહીશ ભાઈ સુંદરજીભાઇને દીક્ષા આપી મુનિ ચંદ્રવિજયજી બનાવ્યા. અહીંથી પાટણ આવી સં. ૧૯૬૦નું ચાતુર્માસ પાટણ કર્યું. અહીં પં. શ્રી કમલવિજયજી મહારાજ તથા પૂ. શ્રી વીરવિજયજી મહારાજના સાનિધ્યમાં 'મહાનિશિથ'ના યોગ કર્યા ચાતુર્માસ પૂર્ણ થયે વીરમગામના સંઘની વિનતિથી વીરમગામ પધાર્યા. શ્રી સંઘે ભાવ ભર્યું સ્વાગત કર્યું. સં. ૧૯૬૧નું ચાતુર્માસ વીરમગામ કર્યું, કાર્તિક વદમાં વિહાર કરી ચમત્કારી તીર્થ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના દર્શન કરી પરમ આહ્લાદ પામ્યા.

૯

## ગુરુદેવને ચરણે

**કાશી** એ તો તીર્થસ્થાન અને ધર્મસ્થાન ગણાય છે. મહામાન્ય વિદ્યાવારિધિ શ્રી મદનમોહન માલવીયાએ કાશીને હિંદુ યુનીવર્સિટી આપીને વિદ્યાધામ પણ બનાવ્યું છે. આમ તો બ્રાહ્મણબટુકો માધુકરી લઈને હિંદુ શાસ્ત્રોનો અભ્યાસ કરતા હતા અને કાશીનું વાતાવરણ વિદ્યા પ્રાપ્તિ માટે ખૂબ જ અનુકૂળ હોવાથી પૂજ્યપાદ ગુરુવર્યશ્રી ધર્મવિજયજી મહારાજશ્રી ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા કાશી પધાર્યા, પણ કાશી તો હિંદુ ધર્મનું પ્રસિદ્ધ ધામ હતું. જૈન ધર્મને કોઈ જાણતું નહિ. જૈન સાધુનો પરિચય નહિ. માન્યતા તો એવી કે—હસ્તિના તાડ્યમાને પિ ન ગચ્છેત્ જૈન મંદિરમ્.—હાથી આવતો હોય અને સૂંઢ મારી બેસે તો પણ જૈન મંદિરમાં જવું નહિ. પણ આપણા ગુરુદેવ તો સમયજ્ઞ અને દ્રષ્ટા હતા. એક કોઠીમાં નિવાસ રાખ્યો, વિદ્યાર્થીઓને જાતે અભ્યાસ કરાવવા લાગ્યા. હિંદુ વિદ્વાનોને

આકર્ષ્યાં અને તેઓ પણ મહારાજશ્રીના સંસર્ગમાં આવ્યા. મહારાજશ્રીની વિદ્વતા, વિષય રજુ કરવાની નવી દ્રષ્ટિ, મધુર ભાષા, સર્વ ધર્મ સમભાવ તથા સૌજન્યશીલતાથી ધીમે ધીમે કાશીમાં તેમની વિદ્વતાની પ્રશંસા થવા લાગી. મહારાજશ્રીની ભાવના કાશી જેવા ક્ષેત્રમાં જૈન ધર્મના સિદ્ધાંતો અહિંસા દયા ધર્મના પ્રચારની હતી. તેઓ પ્રસંગે પ્રસંગે વિદ્યાર્થીઓને લઈને પાસેના મેદાનમાં જતા અને બુલંદ અવાજે અહિંસા ધર્મની મહત્તા વિષે વ્યાખ્યાનો આપતા અને તેમની મધુર વાણીનું પાન કરવા મેદની ઉમટી પડતી. સૌરાષ્ટ્ર–ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ આવવા લાગ્યા અને સંસ્કૃત–પ્રાકૃત તથા જૈન ન્યાય વ્યાકરણના અભ્યાસની ધૂન જાગી.

મહારાજશ્રીએ મુંબઈ આદિ શહેરના ગૃહસ્થોને શ્રી યશોવિજયજી પાઠશાળાની સ્થાપના તથા ઉદ્દેશ અને પ્રગતિના સમાચાર જણાવ્યા અને સંસ્થાના ખર્ચ માટેના વચનો મળતા રહ્યા.

વિદ્વાનો તૈયાર કરવાની મહારાજશ્રીની ભાવના મૂર્ત્તિમંત થતી લાગી અને વાતાવરણ પણ અનુકૂળ થઈ રહ્યું.


સં. ૧૯૫૯ના વૈશાખ શુદિ ૩ અક્ષય તૃતીયાના મંગળ દિવસે કાશીમાં શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાની સ્થાપના કરી હતી. આપણા ચરિત્ર નાયકને ગુરુદેવના પત્રો મળતા રહેતા. શ્રી યશોવિજયજી પાઠશાળાની વિગતો જાણી આનંદ

થતો. પણ ગુરુદેવના દર્શનની ભાવના જાગી અને કાશી જેવા વિદ્યાધામમાં શાસ્ત્રાભ્યાસ કરવાની તકનો લાભ લેવા તાલાવેલી લાગી. આ રીતે પૂજ્ય ગુરુદેવની સેવા કરવાની ઉત્કંઠા થવાથી લાંબો વિહાર આરંભ્યો.

કપડવંજ, ગોધરા, રતલામ, ઉજ્જૈન, મક્ષીજી, ઝાંસી અને કાનપુર વગેરે સ્થળોની યાત્રા કરતાં સં. ૧૯૬૨ના વૈશાખ વદી ત્રયોદશીના દિવસે બનારસ પધાર્યા. તેઓશ્રીનું કાશી નરેશે પણ દબદબા ભર્યું સન્માન કર્યું કારણ કે ગુરુ મહારાજશ્રી ધર્મવિજયજી મહારાજની વિદ્વતા તથા સર્વ ધર્મ સમભાવની ઉચ્ચ ભાવનાથી શ્રી કાશી નરેશ મહારાજશ્રી તરફ આકર્ષાયા હતા અને તેમની વક્તૃત્વ શક્તિ માટે તેમને બહુમાન હતું. તેમના તપસ્વી શિષ્ય ગુજરાત જેટલા દૂરના પ્રદેશથી કાશી જેવા તીર્થધામ-વિદ્યાધામમાં ગુરુદેવને ભેટવા આવવાના સમાચારથી કાશી નરેશને આનંદ થયો અને તેમનું સ્વાગત કરવામાં આવ્યું. વિદ્વાનોએ પણ આપણા ચરિત્ર નાયકના દર્શન કરી આનંદ અનુભવ્યો.

ગુરુ શિષ્યનું મિલન તો હૃદયંગમ હતું. આપણા ચરિત્ર નાયકે ગુરુદેવને ચરણે મસ્તક નમાવ્યું. ગુરુદેવે પોતાના પ્રાણ-પ્યારા શિષ્યને જોઇને આનંદ અનુભવ્યો. મંગળ આશીર્વાદ આપ્યા; સાધુ મંડળ અને પાઠશાળાના વિદ્યાર્થી ભાઇઓ ચરિત્રનાયકને જોઈ હર્ષિત થયા.

વિદ્યાનું ઉત્તેજક વાતાવરણવાળું બનારસ જેવું પવિત્ર સ્થાન, પૂજ્યપાદ ગુરૂદેવની વરસી રહેલી અમી દૃષ્ટિ, અપૂર્વ બુદ્ધિપ્રભા, આળસનો અભાવ, ખેડૂતને આઠ માસના અવિરત પરિશ્રમ પછી વરસાદની હેલી જેમ પ્રિય થઈ પડે તેમ આપણા ચરિત્રનાયકને અભ્યાસ માટેના અનુકૂળ સંયોગો મળ્યા. જ્ઞાનની પિપાસા તીવ્ર હતી. તેમણે અલ્પકાળમાં સંસ્કૃત–પ્રાકૃત અને ધર્મશાસ્ત્રાદિનો સંગીન અભ્યાસ કરી લીધો. ગુરૂદેવની સેવાનો પણ લાભ લીધો અને સં. ૧૯૬૨નું ચાતુર્માસ બનારસમાં આનંદપૂર્વક પૂર્ણ કર્યું.



૧૦

# શિખરજીની યાત્રા તથા દીક્ષા મહોત્સવ

‘પૂજ્યશ્રી! તમે જાણો છો મારી દીક્ષાની ભાવના છે. તમે આપણા ગુરુદેવને કહો અને મને તમારા ચરણમાં લઈ લ્યો!’ લઘુબંધુ સૌભાગ્યચંદે આપણા ચરિત્રનાયકને વિનતિ કરી.

ભાઈ! તારી ભાવના હું જાણું છું. અહીં અભ્યાસ પણ સારો થયો છે. ગુરુદેવને તમારા પ્રત્યે મમતા છે, હું સમય જોઈને વાત કરીશ અને તારી ભાવના પૂર્ણ થશે. આપણા ચરિત્રનાયકે પોતાના સંસારી લઘુબંધુને ધીરજ આપી.

સમય જોઈને આપણા ચરિત્રનાયકે ગુરુદેવને ભાઇ સૌભાગ્યચંદની ભાવનાની વાત કરી, ગુરુદેવ તે જાણી રાજી થયા.

‘ભક્તિ! તમે તો સારો એવો અભ્યાસ કર્યો. તમારી તપશ્ચર્યાથી તો અમે બધા ખૂબ પ્રભાવિત થયા છીએ. ભાઈ સૌભાગ્યચંદની ભાવના સારી છે. આપણે હમણાં શિખરજીની

યાત્રાએ જવું છે. વળી બે ત્રણ ઉચ્ચ અભ્યાસી, તેજસ્વી અને દીક્ષાની ભાવનાવાળા આપણા વિદ્યાર્થીઓની પણ ઈચ્છા છે. યોગ્ય સમયે અવસર જોઇ લેવાશે.' ગુરુદેવે સ્પષ્ટતા કરી.

સમેતશિખરજી એ સિદ્ધક્ષેત્ર ગણાય છે. ૨૦ તીર્થંકરોના કલ્યાણકોનું મહાપવિત્ર સ્થાન છે. તે તીર્થની તથા અહિંસામૂર્તિ જગત વત્સલ ભગવાન મહાવીર સ્વામીના જન્મસ્થાન અને તપશ્ચર્યા અને પરિસહોની ભૂમિના દર્શન કરવાની ભાવનાથી ગુરુવર્યની સાથે બનારસથી વિહાર કર્યો. પાઠશાળાના વિદ્યાર્થીઓની ભાવના પણ સમેતશિખર આદિ તીર્થોની યાત્રા કરવાની થવાથી તેઓ પણ ગુરુદેવની સાથે વિહારમાં ચાલ્યા. રસ્તામાં ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણસ્થાન પાવાપુરી, કુંડલપુર, રાજગૃહી, ગુણશેલ, ગુણાયા અને ક્ષત્રિયકુંડ આદિ ધામોની યાત્રા કરતાં કરતાં સં. ૧૯૬૩ના પોષ શુદિ ૧૧ના શિખરજી પધાર્યા. અહીં યાત્રાનો ખૂબ સુંદર લાભ મળ્યો.

પણ શિખરજીથી ઉતરતાં ગુરુદેવના પગે દર્દ થવાથી એક માસની સ્થિરતા કરવી પડી. આ તકનો લાભ આપણા ચરિત્રનાયકે વિશેષ પ્રકારે તીર્થયાત્રા તથા ગુરુદેવની સેવામાં લીધો અને ગુરુદેવને તપસ્વી વિદ્વાન્ શાંતમૂર્તિ મુનિ ભક્તિવિજયજીની સેવા ભાવનાથી ખૂબ સંતોષ થયો.

ગુરુદેવને પગે આરામ થયા પછી અહીંથી વિહાર કરી અજીમગંજ, બાલુચર થઈ કલકત્તા પધાર્યા. કલકત્તાએ ગુરુ-

દેવનું ભાવભર્યું સ્વાગત કર્યું. કલકત્તા જેવા દૂરદૂરના પ્રદેશમાં પૂજ્ય સાધુ મહારાજનું પધારવું દુર્લભ તેમાં મુનિશ્રી ધર્મવિજયજી તો વિદ્વાન પ્રસિદ્ધવક્તા, શાસ્ત્રવેત્તા તથા નવીન વિચારક હોવાથી કલકત્તાના શ્રી સંઘને વિશેષ આનંદ થયો. કલકત્તામાં ચાતુર્માસ કરવા શ્રીસંઘે વિનંતિ કરી અને ચાતુર્માસના નિર્ણયથી સંઘમાં આનંદ આનંદ ફેલાઈ ગયો.

'ગુરુદેવ! અમારી ભાવના ઘણા વખતથી દીક્ષા માટેની છે તે આપશ્રી જાણો છો. આ માટે અમે વારંવાર આપને વિનંતીઓ કરી છે, હવે વિલંબ ન કરો અને આપને ચરણે બેસી જવાનું મુહૂર્ત આપો; આ પાંચ ભાઇઓએ પ્રાર્થના કરી.

વત્સો! તમારી ભાવના અને દીક્ષા માટેની તમન્ના હું જાણું છું. કલકત્તા તે માટેનું યોગ્ય સ્થાન છે. હવે વિલંબ નહિ થાય. સારું મુહૂર્ત જોઇને દીક્ષાનો સમારોહ થશે. ગુરુદેવે સંમતિ આપી.

પાંચે પાંચ ભાઇઓ ઘણા સમયથી દીક્ષા માટે ગુરુદેવને વિનંતી કરતા હતા પણ સમેતશિખર આદિ તીર્થયાત્રામાં એ શક્ય નહોતું. હવે તો મહારાજશ્રી કલકત્તા પધાર્યા હતા અને કલકત્તાના શ્રીસંઘની વિનંતિથી મહારાજશ્રીએ ચાતુર્માસ માટેની વિનંતી સ્વીકારી હતી. મહારાજશ્રીએ સંઘના આગેવાનોને બોલાવ્યા અને પાંચ ભાઇઓની દીક્ષાની ભાવના જણાવી. સંઘના આગેવાનોને આ સમાચારથી ખૂબ આનંદ

થયો અને આ દીક્ષા સમારોહનો લાભ કલકત્તાના સંઘને મળે તેમાં શ્રીસંઘનું પણ ગૌરવ છે તેમ માની મહારાજશ્રીને મુહૂર્ત આપવા જણાવ્યું. ચૈત્ર વદ ૫નું મુહૂર્ત શુદ્ધ અને ઘણું જ ઉત્તમ આવતું હતું. મુહૂર્ત નક્કી થયું. પાંચે ભાઈઓના આનંદનો પાર નથી. સંઘમાં આનંદ આનંદ ફેલાઈ ગયો. દીક્ષાની તૈયારીઓ થવા લાગી વારણા શરૂ થયા. પાંચે ભાઈઓનું શ્રી સંઘના આબાલ વૃદ્ધની સભામાં ભવ્ય સન્માન કરવામાં આવ્યું.

અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો. દીક્ષાનો વરઘોડો જોવા હજારો લોકો ઉમટી આવ્યા. પાંચ યુવાન મિત્રો એક સાથે સંસારની મોહ માયા છોડીને દૂરદૂરના કલકત્તા જેવા પ્રદેશમાં દીક્ષાને માર્ગે જવા સંચર્યા અને હજારો જૈન જૈનેતરે તેઓને હર્ષથી વધાવ્યા. યુવાન મિત્રોની દીક્ષાની ભાવનાની ભૂરિ ભૂરિ પ્રશંસા થવા લાગી.

પૂ. મહારાજશ્રી ધર્મવિજયજી મહારાજે પાંચે મિત્રોને કલકત્તાના સંઘ સમસ્તની હાજરીમાં દીક્ષાની ક્રિયા કરાવી. દીક્ષાની પ્રતિજ્ઞા લઇને જ્યારે મહારાજશ્રીએ પાંચે મિત્રોને ઓઘા આપ્યા ત્યારે સંઘમાં જય જયકાર થઈ રહ્યો. પાંચે મિત્રોના આનંદનો કોઈ પાર નહોતો. સં. ૧૯૬૩ના ચૈત્ર વદી ૫નારોજ આપણા ચરિત્રનાયક મુનિરત્ન શ્રી ભક્તિવિજયજીના સંસારી ભાઈ સૌભાગ્યચંદ, ભાઈ બેચરદાસ, ભાઈ મફતલાલ, ભાઈ ગુણચંદ અને ભાઈ નરશીદાસને ગુરુ મહારાજશ્રીએ દીક્ષા

આપી. અનુક્રમે મુનિ સિંહવિજયજી, વિદ્યાવિજયજી, મહેન્દ્ર-વિજયજી, ગુણવિજયજી અને ન્યાયવિજયજી બનાવ્યા.

આ સમારોહમાં કલકત્તાના શ્રીસંઘે રૂપીયા દસ હજાર ખર્ચી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ રીતે એકજ પિતાના બન્ને પુત્રો ને એકજ ગુરુદેવના બે સુવિહિત શિષ્યો બન્યા.

સં. ૧૯૬૩નું ચાતુર્માસ નૂતન મુનિઓ સાથે ગુરુદેવે કલકત્તામાં કર્યું. આ ચાતુર્માસ કલકત્તા માટે યાદગાર બની ગયું તપશ્ચર્યા ઘણી થઈ, પર્યુષણ પર્વ ખૂબ આનંદપૂર્વક થયાં. કલકત્તા શ્રીસંઘમાં ગુરુદેવના સુધા ભર્યા વ્યાખ્યાનોથી ધર્મ-પ્રભાવના થઇ અને આનંદ આનંદ પ્રવર્તી રહ્યો.

## ૧૧

# જન્મભૂમિનો સાદ

**કલકત્તામાં** ચાતુર્માસ પૂર્ણ થયે ગુરુદેવે શિષ્યમંડળી સાથે વિહાર કર્યો.

નદીયા, અજીમગંજ, ભાગલપુર, ચંપાપુરી વગેરે તીર્થધામોની યાત્રા કરતાં કરતાં પાવાપુરી પધાર્યા. અહીં આપણા ચરિત્ર નાયકે દરેકને માંડલીઆ જોગ કરાવ્યા અને પંડીત વીરવિજયજી ( આ–વીરસૂરીજી )એ વડી દીક્ષા આપી. અહીંથી વિહાર કરી બનારસ પધાર્યા અને નૂતન મુનિ મંડળ અભ્યાસમાં તલ્લીન બની ગયા. સંવત ૧૯૬૪–૧૯૬૫ના ચાતુર્માસ બનારસમાં કર્યા. નૂતન મુનિઓએ શાસ્ત્રાભ્યાસમાં ખૂબ પ્રગતિ કરી.

આપણા ચરિત્ર નાયકે ગુજરાત તરફ વિહાર કરવા ભાવના દર્શાવી. ગુરુદેવે મંગળ આશીર્વાદ સાથે વિદાય આપી. બનારસથી આપણા ચરિત્રનાયક મુનિ સિંહવિજયજી મુનિ અમૃતવિજયજીને સાથે લઈ સંવત ૧૯૬૬ ના પોષ વદી ચોથે વિહાર કરી આગ્રા, જયપુર થઈ પાલી ( મારવાડ ) પધાર્યા.

અહીં ભાલકના શ્રાવક અમૃતલાલને જેઠ માસમાં દીક્ષા આપી મુનિ સુરેન્દ્રવિજયજી બનાવ્યા. અહીં વૈરાગ્ય ભરપૂર દેશનાથી સારી જાગૃતિ આવી. સંવત ૧૯૬૬ નું ચાતુર્માસ સંઘની વિનતિથી પાલીમાં કર્યું.

ચાતુર્માસ પૂર્ણ થયે આપણા ચરિત્ર નાયકે વિહાર કર્યો. રાણકપુર અને આબુના કલાત્મક મંદિરોની યાત્રા કરી પોષ માસમાં પાલણપુર પધાર્યા. બનારસમાં ગુરુ મહારાજે સ્થાપેલ પશુશાળા માટે ઉપદેશ આપી પાલણપુરમાંથી રૂા. ૧૮૦૦) મોકલાવ્યા. ગુરુદેવને તેથી આનંદ થયો. પાલણપુરથી વિહાર કરી અમદાવાદ થઇ સાણંદ પધાર્યા. શ્રી સંઘના આગ્રહથી સં. ૧૯૬૭ નું ચાતુર્માસ સાણંદ કર્યું. સંઘની પુનિત ભાવનાથી પ્રેરાઇ વ્યાખ્યાનમાં સૂત્રનુ વાચન કર્યું, જેથી જ્ઞાન ખાતાની સારી એવી ઉપજ થઈ ચાતુર્માસમાં અહીં પણ સારી તપશ્ચર્યા થઇ, સ્વામીવાત્સલ્ય થયા. ચાતુર્માસ પૂર્ણ થયે વિહાર કરી પાનસર તીર્થની યાત્રા કરી તીર્થાધિરાજ શત્રુંજય તીર્થની યાત્રાની ભાવના જાગવાથી વિહાર કરતાં કરતાં અને માર્ગની ગ્રામ જનતાને ધર્મ ઉપદેશ આપતાં આપતાં સિદ્ધક્ષેત્ર પાલીતાણા પધાર્યા. અહીં તીર્થ યાત્રાનો ખૂબ લાભ લીધો અને ત્રણ માસ સ્થિરતા કરીને શ્રી હંસરાજભાઈ પંડિત પાસે કર્મગ્રંથાદિનું જ્ઞાન મેળવ્યું. હંમેશાં વ્યાખ્યાનો પણ આપતા હતા. આપણા ચરિત્ર નાયકની વૈરાગ્યમય દેશનાના સિંચનથી વીરમગામનિવાસી અમુલખ લલ્લુભાઈની

દીક્ષાની ભાવના થઇ અને વીરમગામમાં આ દીક્ષા મહોત્સવ થાય તેવો દીક્ષાર્થીનો આગ્રહ હોવાથી આપણા ચરિત્ર નાયક ચૈત્ર વદમાં પાલીતાણાથી વિહાર કરી વીરમગામ પધાર્યા. શ્રી સંઘે ગુરુદેવનું ભાવભર્યું સ્વાગત કર્યું. દીક્ષાનો મહોત્સવ મંડાયો. સંઘે ખૂબ ઠાઠમાઠ અને ઉત્સાહપૂર્વક દીક્ષા મહોત્સવમાં ભાગ લીધો અને મહારાજશ્રીએ ભાઈ અમુલખને વિધિવિધાન-પૂર્વક દીક્ષા આપી. સંઘના આબાલ વૃદ્ધે તેમને વધાવ્યા. તેમનું નામ મુનિ અકલંકવિજયજી રાખવામાં આવ્યું. અહીંથી વિહાર કરી શ્રી ભોયણીજી તીર્થની યાત્રા કરી પાટણ પધાર્યા. અહીં પં. શ્રી ચતુરવિજયજી મહારાજ પાસે મુનિ સુરેન્દ્રવિજયજી અને મુનિ અકલંકવિજયજીને વડી દીક્ષા અપાવી, અને પાટણથી વિહાર કરી સમીના શ્રી સંઘની આગ્રહભરી વિનતિથી જન્મભૂમિ સમી પધાર્યા. ઘણા વર્ષે પોતાના પનોતા પુત્ર તપસ્વી વિદ્વાન ગુરુવર્ય જન્મભૂમિનો સાદ સાંભળી પધાર્યા તેથી સંઘના આબાલવૃદ્ધમાં આનંદ આનંદ થઈ રહ્યો.

સંઘની આગ્રહભરી વિનતિથી જન્મભૂમિ સમીમાં સંવત ૧૯૬૮ નું ચાતુર્માસ સમીમાં કર્યું. આ ચાતુર્માસમાં મહારાજ-શ્રીની સુધાભરી વાણી સાંભળવા જૈન જૈનેતરો ઉમટી આવતા હતા. મહારાજશ્રી તો તપસ્વી હતા. નાના એવા સમી ગામમાં મહારાજશ્રીના તપશ્ચર્યાની મહત્તા વિષેના વ્યાખ્યાનો સાંભળી સંઘના ભાઇ–બહેનોમાં તપશ્ચર્યાની ભાવના જાગી અને નાના એવા સમાજમાં પણ સારી તપશ્ચર્યાઓ થઈ. તેમાં ૧૪ માસ-

ક્ષમણ, તેવીસ ૧૬ ભત્તા, પચીસ અઠ્ઠાઈઓ થઈ અને તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ–નવ નવકારશી વગેરે સુંદર ધાર્મીક પ્રભાવનાઓ થઈ. ચાતુર્માસ યાદગાર બની ગયું. સંઘમાં સુખ, શાંતિ અને આનંદ થયો. ચાતુર્માસ પૂર્ણ થયે શાહ ડોસાભાઈ ખેંગારના ધર્મપત્નીની ભાવના શ્રી શંખેશ્વરજી તીર્થના સંઘની હોવાથી મહારાજશ્રી શિષ્ય સમુદાય સાથે શંખેશ્વરજીના સંઘમાં પધાર્યા. અહીં યાત્રા કરી રાધનપુર પધાર્યા. અહીં મહારાજશ્રીની સુધા ભરી વાણી સાંભળવા સંઘના ભાઈ–બહેનો વહેલા વહેલા આવી પહોંચતા. મહારાજશ્રીએ વિદ્યા દાનની મહત્તા વિષે મનનીય વ્યાખ્યાન આપ્યું અને ગુરુવર્યની પ્રેરણાથી સ્થપાયેલ શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ પાલીતાણા માટે રૂ. ૧૬૦૦)ની ટીપ થઈ અને તે રકમ ગુરુકુળને મોકલવામાં આવી. અહીંથી વિહાર કરી કાંકરેચી, પાલણપુર થઈ આબુજીની યાત્રા કરી સાદડી પધાર્યા. સંઘના આગ્રહથી સંવત ૧૯૬૯નું ચાતુર્માસ સાદડીમાં કર્યું. અહીં સંઘમાં સારી એવી તપશ્ચર્યા થઈ અને શાસન પ્રભાવનાનાં મહત્ત્વભર્યાં કાર્યો થયાં. આપાણા ચરિત્ર નાયક જ્યાં જ્યાં પધારતા ત્યાં તપશ્ચર્યા અને ધર્મ ભાવના જગાડવા મધુર મધુર ઉપદેશ આપતા અને ગામેગામના સંઘોમાં જાગૃતિ લાવતા હતા.



૧૨

# જૈન સાહિત્ય સંમેલન

**મુનિમહારાજશ્રી** ધર્મવિજયજી મહારાજ રાજસ્થાન આવી રહ્યા હતા. તેઓ જગ્યાએ જગ્યાએ પોતાની અમૃતવાણીનો આસ્વાદ આપી રહ્યા હતા. ગુરુદેવની ભાવના જોધપુરમાં જૈન સાહિત્ય સંમેલનની હતી. તે માટે ભારતના અને પશ્ચિમના વિદ્વાનોને આમંત્રણ મોકલાઈ ગયાં હતાં. સાહિત્ય સંમેલનની તૈયારીઓ ચાલી રહી હતી. આપણા ચરિત્રનાયક ગુરુદેવને સોજતમાં મળ્યા. એ વખતનું ગુરુ–શિષ્યનું મિલન હૃદયંગમ હતું. ગુરુદેવની સાથે જોધપુર પધાર્યા. જોધપુરના શ્રીસંઘે ગુરુદેવનું ભાવભર્યું સ્વાગત કર્યું. જૈન સાહિત્ય સંમેલનનો વિચાર નવીન હતો. આ પ્રસંગે ઘણા વિદ્વાનો સંમેલનમાં હાજરી આપવા આવી પહોંચ્યા હતા. જોધપુરના સંઘના આનંદનો પર નહોતો. પોતાને આંગણે શાસ્ત્રવિશારદ પ્રસિદ્ધવક્તા મુનિરાજશ્રી ધર્મવિજયજી પોતાના શિષ્ય મંડળ સહિત પધારે અને જૈન સાહિત્ય સંમેલનનો


લાભ મળે તે સંઘને માટે ગૌરવની વાત હતી. કાર્યકર્તાઓએ સાહિત્ય સંમેલનની સુંદર તૈયારી કરી હતી. વિદ્વાનોના સ્વાગત માટે બધી વ્યવસ્થા કરી હતી. સાહિત્ય સંમેલનમાં વિદ્વાનોના વ્યાખ્યાનો થયા. જૈન જૈનેતર ભાઈઓ ઉમટી આવ્યા. આ સંમેલનમાં ભાગ લેવા ગુજરાત–સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાંથી ઘણા ભાઈઓ આવ્યા હતા.

મહારાજશ્રીએ જૈન સાહિત્યની વિશિષ્ટતા બતાવતાં જણાવ્યું કે જૈન આગમ શાસ્ત્રોએ એ જગતના બધા પ્રશ્નોનો ઉકેલ આપ્યો છે. જૈન સાહિત્ય એટલું સમૃદ્ધ છે કે તેમાં જ્યોતિષ, ખગોળ, વૈદક, કળા સ્થાપત્ય, ઇતિહાસ, ભૂગોળ, મૂર્તિવિધાન, કથાનકો, ચરિત્રો, આદિ બધા વિષયો પર પ્રકાશ પાડ્યો છે. વિદ્વાન આચાર્ય પ્રવરો–જ્યોતિર્ધરોએ કોઈ પણ વિષય એવો નથી રાખ્યો કે જેના ઉપર કલમ ચલાવી ન હોય. પૂર્વના વિદ્વાનો અને પાશ્ચિમાત્ય વિદ્વાનોએ જૈન ધર્મના સિદ્ધાંતો અને જૈન સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ અને જૈન દર્શનને જગતના ચોકમાં મૂકવા જૈન સમાજના દાનવીરો, ઘડવૈયાઓ અને સાહિત્યપ્રેમી ભાઈઓએ પ્રયાસો કરવા જોઈએ. મહારાજશ્રીના વ્યાખ્યાનથી સભાજનો ખૂબ પ્રભાવિત થયા અને શ્રોતાજનોને જૈન સાહિત્યની વિશાળતા અને જૈન સાહિત્યની ગૌરવ ગાથાનો ખ્યાલ આવ્યો.

મુનિરાજશ્રી ધર્મવિજયજી દીર્ઘદ્રષ્ટા હતા. તેમણે તેમના જમાનામાં જે સાહિત્ય પ્રચાર, વિદ્વાનો તૈયાર કરવાની વિદ્યા-

પીઠ, પાશ્ચાત્ય વિદ્વાનોને આકર્ષવાની કળા અને પોતાના શિષ્યોને વિદ્વાન બનાવવાની ભાવના તેમજ ગામેગામ શિક્ષણ પ્રચાર માટે ઉપદેશધારા આદિ જબ્બર આંદોલન કર્યાં હતાં તે આજે ફલદાયી બન્યા છે. પણ એ ધર્મવીર અને કર્મવીર આચાર્યશ્રીએ જે વારસો જૈન સમાજને આપ્યો છે તેને સંભાળવાની અને સમાજના ઉત્કર્ષ માટે વિશેષ અને વિશેષ કાર્યો કરવાની ભારે જરૂર છે.

અહીં માસ કલ્પની સ્થિરતામાં આપણા ચરિત્ર નાયકે વિશેષ આવશ્યક ભાષ્ય કરી લીધું. ગુરુદેવની વિદાય લઇને વિહાર કર્યો. મારવાડના તીર્થોની યાત્રા કરી પાલી પધાર્યા. સંઘના અતિ આગ્રહથી સંવત ૧૯૭૦ નું ચાતુર્માસ પાલીમાં કર્યું. ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર કરી સાદડી, રાણકપુર અને આબુજીની યાત્રા કરી કેશરીયાજી પધાર્યા. અહિં કેશરીયાજી દાદાની ચમત્કારી મૂર્તિના દર્શનથી પરમ ઉલ્લાસ પ્રાપ્ત કરી વિહાર કરી ઉદેપુર પધાર્યા.





## ૧૩

# બંધુ વિરહ

આપણા ચરિત્રનાયકના સંસારી બંધુ અને મુનિ સિંહ-વિજયજીની તબીયત નરમ રહેવા લાગી. ગુરૂમહારાજની આજ્ઞા મેળવી આપણા ચરિત્રનાયક ઈડર, પ્રાંતીજ વગેરે સ્થળે થઇ અમદાવાદ પધાર્યા અને ચાતુર્માસ માટે શાહપુરના સંઘનો આગ્રહ થવાથી સં. ૧૯૭૧નું ચાતુર્માસ અમદાવાદ શાહપુરમાં કર્યું. તેઓશ્રીની સુધાભરી વાણીનું પાન કરવા શહેરમાંથી સંખ્યાબંધ ભાઈ–બ્હેનો શાહપુર આવતા હતા. શ્રીસંઘે ઉપાશ્રય વિશાળ બનાવ્યો અને લોકો ધર્મક્રિયામાં ખૂબ જોડાયા. ચાતુર્માસ પૂર્ણ થયું. શાહપુરમાં તપશ્ચર્યા બહુ સારી થઈ, અઠાઇ મહોત્સવ થયો. મુનિ સિંહવિજયજીની દવા ચાલતી હતી પણ તબીયત ચિંતાજનક રહેતી હતી.

સં. ૧૯૭૨ ના પોષ માસમાં ગુરૂદેવ અમદાવાદ સંઘના આમંત્રણથી અમદાવાદ પધારે છે તે સાંભળી મહારાજશ્રીને

ખૂબ આનંદ થયો. આપણા ચરિત્ર નાયક પ્રાંતીજ સુધી સામે ગયા. ત્યાં પહેલેથી આવેલ મુનિ જયંતવિજયજી તથા મુનિ વિશાળવિજયજીને માંડલીયા જોગ કરાવ્યા અને માસ પૂરો થતાં ગુરૂમહારાજ સાથે વિહાર કરી મહા શુદ તેરસના રોજ અમદાવાદ પધાર્યા. શ્રીસંઘે ભાવભર્યું દબદબાભરી રીતે સામૈયું કર્યું. બજારો શણગારવામાં આવી હતી. અમદાવાદ ઉજમ ફઈની ધર્મશાળામાં પધાર્યા. અહીં ગુરુ મહારાજશ્રીની સુધા ભરી વાણી સાંભળવા માનવમેદની ઉમટી આવી. જુદી જુદી પોળોની વિનંતિથી ગુરુદેવે અમૃતભરી વાણીમાં જાહેર વ્યાખ્યાનો આપ્યા અને લોકોમાં ધર્મ જાગૃતિ આવી. શાસન પ્રભાવના સુંદર થઈ.

અહીં મુનિ સિંહવિજયજીની તબીયત ખુબ નરમ થઈ ગઈ. અનેક ઉપચારો કર્યા. સંઘના ભાઈઓએ સેવા સુશ્રુષા ઘણી કરી પણ કર્મગતિ આગળ કોઈનું ચાલતું નથી. તબીયતમાં સુધારો થયો નહિ. આપણા ચરિત્રનાયક મુનિશ્રીને લઈને ગોધાવી આવ્યા. અહીં તબીયત વિશેષ બગડી. છેવટે સમ્યગ્ આરાધના પૂર્વક સં. ૧૯૭૨ના ચૈત્ર શુદ એકમના દિવસે મુનિ કાળધર્મ પામ્યા. પોતાના જ સંસારી બંધુ પોતાની ત્યાગ ભાવનાથી પ્રેરાઈ વડીલબંધુની જેમ જ દીક્ષા લીધી અને તે બહુ સુંદર રીતે પાળી પણ આયુષ્ય નહિ તેથી આપણા ચરિત્રનાયક તથા શ્રીસંઘની સેવા સુશ્રુષા છતાં વિદાય થયા. તેનું દુઃખ આપણા ચરિત્રનાયકને પણ ઘણું થયું. પણ જ્ઞાન

દૃષ્ટિએ જોઇને સાંત્વન મેળવ્યું. સંઘે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. અહીંથી વિહાર કરી પાલીતાણા પધાર્યા.

પાલીતાણામાં ગુરુ મહારાજ સાથે સં. ૧૯૭૨ નું ચાતુર્માસ કર્યું. અહીં સૂયડાંગ વગેરેના યોગો કર્યા અને આગ્રાનિવાસી ધર્મનિષ્ઠ ગુરુભક્ત શ્રી લક્ષ્મીચંદજી વૈદ તરફથી ઉપધાન તપની આરાધનામાં આપણા ચરિત્ર નાયકે ક્રિયા કરાવી અને માલારોપણ વગેરેમાં સુંદર ભાગ લીધો. પાલીતાણાથી ગુરુ મહારાજ સાથે વિહાર કરી ભાવનગર પધાર્યા. ભાવનગરના શ્રી સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું. અહીં ગુરુદેવે વ્યાખ્યાનો આપ્યા. ગુરુદેવના સુધાભર્યા વ્યાખ્યાનો સાંભળવા જૈન સંઘના આગેવાનો ભાઈ–બહેનો ઉપરાંત અધિકારી વર્ગ અને જૈનેતરો પણ આવતા હતા. અહીથી ઘોઘા નવખંડા પાર્શ્વનાથના દર્શન કરી ગુરુદેવની જન્મભૂમિ મહુવા પધાર્યા. અહીં જીવતસ્વામી શ્રી મહાવીરસ્વામીના દર્શન કરી થોડી સ્થિરતા કરી પૂજ્ય ચરિત્ર નાયક ગુરુદેવની આજ્ઞા લઈ પાલીતાણા પધાર્યા. અહીં દાદાને ભેટી વિહાર કરી વીરમગામ પધાર્યા. શ્રી સંઘની આગ્રહભરી વિનતિ થતાં સં. ૧૯૭૩ નું ચાતુર્માસ વીરમગામમાં કર્યું. અહીંથી વિહાર કરી ગામેગામ ધાર્મિક પ્રવૃત્તિઓ કરાવતાં સાણંદ પધાર્યા. અહીં શ્રી વિજયવીરસૂરિજી પાસે ઉપાંગનું યોગોદ્વહન કર્યું અને સાણંદથી વિહાર કરી વીરમગામ પધાર્યા. સં. ૧૯૭૪ નું ચાતુર્માસ વીરમગામ કર્યું. ચાતુર્માસ

બાદ વિહાર કરી ગામેગામ ભવ્ય જીવોને ઉપદેશ આપતા આપતા બોટાદ પધાર્યા. અહીં મુંદરડાના શાહ હરગોવિંદ ઉમેદચંદના ધર્મપત્ની પરસનબહેનને કુટુંબીઓના ઉત્સાહપૂર્વક સં. ૧૯૭૫ના માગશર શુદિ દશમે દીક્ષા આપી સાધ્વી દર્શનશ્રીજી નામ આપ્યું.



## ૧૪

# માતાનું પુત્રવાત્સલ્ય

'મત્થેણ વંદામિ !' મોંઘીબહેને વંદણા કર્યાં.

'ધર્મલાભ ! હરજીવનદાસના માતુશ્રી કે !' મહારાજશ્રીએ ધર્મલાભ આપી પૂછ્યું.

'જી હા. ગુરુદેવ ! મારા પુત્રની ભાવના ઘણા સમયથી દીક્ષાની છે. તેને સંસાર તરફ મોહ નથી, ભવવિરહની ભવ્ય ભાવના તેના મનમાં જાગી છે. માતા તરીકે મને પુત્રપ્રેમની દૃષ્ટિએ મોહ થાય પણ ભાઈ હરજીવન મક્કમ છે.' માતાએ સ્પષ્ટતા કરી.

'તમે તો ધન્ય ધન્ય બની ગયા. આવા વૈરાગ્યને રંગે રંગાયેલ પુત્રને તમારે તો મંગળ આશીર્વાદ આપવા જોઈએ. ભાઈ હરજીવનની ભાવના ઉચ્ચ છે. તેનું આજ સુધીનું જીવન પણ કેવું સરળ અને વૈરાગ્યભાવવાળું છે. તમે રાજીખુશીથી તેને રજા આપો છો તે જાણી મને ખૂબ આનંદ થયો છે.' મહારાજશ્રીએ આનંદ પ્રગટ કર્યો.

'ગુરુદેવ ! મારી સંમતિ છે. મારા લાલને હું આનંદથી રજા આપું છું, આપને ચરણે સોંપું છું. એ મારા પ્રાણપ્યારા પુત્રનું સાધુજીવન ઉજ્જવળ બનો એ જ મારી મંગળ આશીશ છે.' માતા મોંઘીબહેને આશીર્વાદ આપ્યા. બોટાણાના સંઘના આબાલવૃદ્ધમાં આનંદ આનંદ થઇ રહ્યો ભાઈ હરજીવનદાસની દીક્ષાનો ઉત્સવ મંડાયો–ભાઇ હરજીવનદાસ રૂગનાથ ભાવનગરના રહીશ હતા અને ભાવસાર જ્ઞાતિના હતા. દીક્ષાર્થીના વારણા શરૂ થયા. દીક્ષાનો વરઘોડો જોવા બોટાણાના ભાઈ–બહેનો ઉમટી આવ્યા. પુત્રવત્સલ માતાએ સારાએ સંઘ વચ્ચે પુત્રને સ્વહસ્તે ચાંદલો કર્યો. લોકો જયઘોષ ગજાવી રહ્યા. આપણા ચરિત્રનાયકે વિધિવિધાનપૂર્વક સં. ૧૯૭૫ ના માગશર શુદ દશમે દીક્ષા આપી. તેમનું નામ મુનિ કંચનવિજયજી રાખ્યું અને પોતાના શિષ્ય બનાવ્યા. સંઘમાં આનંદ આનંદ ફેલાઈ ગયો. લોકો કહેવા લાગ્યા કે માતા તે જ જે પુત્રની દુર્ગતીનો ડર રાખે અને પોતાનો સ્વાર્થ ન જોતાં પુત્રની કલ્યાણ યાત્રા ઇચ્છે અને વૈરાગ્ય ભાવનાને ઉત્તેજન આપે. ખરેખર હરજીવનભાઈના માતુશ્રી મોંઘીબહેન પણ એવા જ વીર માતા હતા. આ પ્રસંગે તેમના ધર્મપત્ની અખંડ સૌભાગ્યવંતા બહેન રતનબહેને બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું અને પોતાના પતિની વૈરાગ્ય ભાવનાને ઉત્તેજન આપવા સાદાઇ અને તપશ્ચર્યાથી પોતાનું જીવન વીતાવવા નિર્ણય કર્યો. ધન્ય છે એ પતિવ્રતા નારીને.

આ દીક્ષાની લોકો ઉપર ઊંડી છાપ પડી. આ પ્રસંગે ભાવનગર તેમજ બીજા ગામોના ભાઇ–બહેનોની સારી હાજરી

હતી. આ ચિરસ્મરણીય પ્રસંગની યાદિ નિમિત્તે જોટાણાના સંઘે આ પુણ્ય દિવસે પાખી રાખવા નિર્ણય કર્યો અને તે આજદિન સુધી પળાય છે.

જોટાણાથી વિહાર કરી આપણા ચરિત્રનાયક કટોસણ પધાર્યા. અહીંના એક ગૃહસ્થે શ્રી શંખેશ્વરજીનો સંઘ કાઢ્યો, તે સંઘ સાથે ગુરુદેવ પધાર્યા. યાત્રા કરી સમી પધાર્યા. પૂ. વીરસૂરિજી મહારાજનો સમાગમ થતાં પૂ. ચરિત્રનાયકે મહા શુદિ છઠના દિવસે ભગવતીસૂત્રના યોગમાં પ્રવેશ કર્યો. અહીં શા. હઠીસીંગ પીતામ્બરદાસ તરફથી ઉજમણું થયું. આ પ્રસંગે જન્મભૂમિ સમીમાં શાન્તિસ્નાત્ર અને શ્રી લલ્લુભાઈ સાંકળચંદ તરફથી અષ્ટોત્તરીસ્નાત્ર ઉત્સવ થયો. શ્રી કંચનવિજયજીને વડી દીક્ષા અપાઈ. અને આ રીતે અનેક શુભ કાર્યો થયા. સંઘમાં અનેરો આનંદ ફેલાયો. મહારાજશ્રીના સુધાભર્યા વ્યાખ્યાનો સાંભળવા શ્રીસંઘના આબાલવૃદ્ધ તથા જૈનેતરો પણ આવતા હતા. પ્રસંગે પ્રસંગે શ્રીફળ આદિની પ્રભાવના થતી હતી. સમીના સંઘમાં પૂજ્યપાદ ચરિત્રનાયકના પગલાંથી ખૂબ ધર્મપ્રભાવના થઈ. થોડો સમય સ્થિરતા કરી વિહાર કર્યો. વિહાર સમયે સંઘે ભવ્ય વિદાય આપી. ગુરુદેવે ધર્મકાર્યમાં ઉત્સાહિત રહેવા પ્રેરણા આપી. સંઘે ગુરુદેવના જયઘોષથી વાતાવરણ ગજાવી મૂક્યું.

ધન્ય માતા! ધન્ય ત્યાગ!

## ૧૫

# ગણિ પંન્યાસ પદારોપણ

**ભાગ્યશાળીઓ!** કપડવંજ ધર્મભૂમિ છે. કપડવંજે ઘણા ત્યાગી આત્માઓ આપ્યા છે. તમારે આંગણે પ્રસિદ્ધ વક્તા શાસ્ત્ર વિશારદ આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીના તપસ્વી વિદ્વાન અને સુયોગ્ય મુનિરાજ શ્રી ભક્તિવિજયજી શિષ્ય મંડળ સાથે પધાર્યા છે. તેમણે યોગોદ્વહન કરેલ છે, તીર્થયાત્રાઓ કરી છે અને સારો એવો શિષ્ય સમુદાય પણ મેળવ્યો છે. તેઓ ખૂબ પ્રતિભાશાળી છે. મારી ભાવના છે કે તેમને ગણિપદ અને પંન્યાસ પદવીથી વિભૂષિત કરવા અને આ સમારંભનો લાભ તમે શ્રી સંઘ લેશો તેમ ઈચ્છું છું.

આપણા ચરિત્ર નાયક જોટાણાથી વિહાર કરી અમદાવાદ માસ કલ્પ કરી શિષ્ય સમુદાય સાથે કપડવંજ પધાર્યા હતા. અહીં પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયવીરસૂરીશ્વરજી બિરાજમાન હતા. તેમની ભાવના મુનિશ્રી ભક્તિવિજયજીને ગણિપદ તથા પંન્યાસપદ આપવાની હતી. તેમણે શ્રી સંઘને પ્રેરણા કરી અને કપડવંજના શ્રી સંઘે તે વાત ઉપાડી લીધી.

આ પ્રસંગે શ્રી સંઘે અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિ સ્નાત્ર વગેરે મહોત્સવપૂર્વક શ્રી ચરિત્ર નાયકને આચાર્ય શ્રી વિજય-વીરસૂરીશ્વરજીએ સં. ૧૯૭૫ના અષાડ શુદિ ૨ ના રોજ ગણિ-પદથી અને અષાડ શુદિ ૫ ના રોજ પંન્યાસ પદથી વિભૂષિત કર્યાં. યોગ્ય મહાત્માને યોગ્ય સન્માન મળવાથી સંઘમાં આનંદ આનંદ ફેલાઈ ગયો.

આ મંગલકારી પ્રસંગે બહારગામથી ઘણા સાધર્મિક ભાઈ–બહેનો આવ્યા હતા. તેઓની શ્રી કપડવંજના સંઘે સારી સેવા–ભક્તિ કરી હતી. શ્રીસંઘના આગ્રહથી સં. ૧૯૭૫નું ચાતુર્માસ પંન્યાસશ્રીએ કપડવંજમાં કર્યું. પર્યુષણમાં ઘણી ઘણી તપશ્ચર્યાઓ થઇ. ઉપજ પણ સારી થઈ. પંન્યાસજી મહારાજે પોતાની સુધાભરી વાણીમાં વ્યાખ્યાનો આપી સૌને ધર્મભાવના તરફ આકર્ષ્યા અને ચાતુર્માસ યાદગાર બની ગયું.

ચાતુર્માસ પૂર્ણ થયે વિહાર કરી ખેડા થોડો સમય સ્થિરતા કરી માતર તીર્થની યાત્રા કરી અમદાવાદ થઈ પાલીતાણા પધાર્યા.

પાલીતાણામાં આ સમયે પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ આગમ વાચના વદી ૬થી શરૂ કરેલ. તેમાં ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, ભગવતીજી, પન્ન-વણાજી વગેરે સૂત્રોની વાચના થઈ. તેમાં આપણા ચરિત્ર નાયક પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીએ સારો એવો લાભ લીધો.

સં. ૧૯૭૬નું ચાતુર્માસ પાલીતાણા શ્રી કોટાવાળાની ધર્મ-
શાળામાં કર્યું.

ચાતુર્માસ બાદ વિહાર કરી સાવરકુંડલા પધાર્યા. અહીં
મહારાજશ્રીના ઉપદેશથી એક ભાગ્યશાળીને ઉના–દીવ અને
અજારાનો છ'રી' પાળતો સંઘ કાઢવાની ભાવના થઈ. મહા-
રાજશ્રી સંઘમાં પધાર્યા. ઉના–દીવ અને અજારાની યાત્રા કરી
પંન્યાસશ્રી માંગરોળ પધાર્યા.

માંગરોળના શ્રી સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું. અહીં
વ્યાખ્યાનની અનેરી અસર થવાથી શ્રી મકનજીભાઈ કાનજીની
ભાવના ગિરનારના છ'રી' પાળતા સંઘની થઇ. પન્યાસશ્રી
સંઘમાં પધાર્યા. શ્રી મકનજીભાઇએ છ'રી' પાળતા સંઘમાં
સુંદર વ્યવસ્થા રાખી. મહારાજશ્રી સાથે સંઘે ગિરનાર શ્રી
નેમનાથ ભગવાન આદિ મંદિરોની યાત્રા કરી આનંદ અનુભવ્યો.
પોરબંદરના શ્રી રણછોડદાસ દેવકરણની ભાવના ઉજમણાની
હોવાથી તે વિનંતિ કરવા આવ્યા. પન્યાસશ્રી પોરબંદર પધાર્યા.
અહીં ઉજમણાનું ઉદ્યાપન સુંદર રીતે થયું. પંન્યાસશ્રીએ
સુધાભર્યા વ્યાખ્યાનોથી સંઘમાં ધર્મભાવના પ્રગટી. ચાતુર્માસ
માટે સંઘે વિનતિ કરી પણ માંગરોળના શ્રીસંઘની વિનતિ
હોવાથી માંગરોળ પધાર્યા.

## ૧૬

# ધર્મપ્રભાવનાના કાર્યો

**માં**ગરોળના શ્રીસંઘે મહારાજશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું. સં૧૯૭૭નું ચાતુર્માસ માંગરોળ કર્યું. અહીં સંઘવી શેઠ તરફથી ઉપધાન કરાવ્યા. ઉપધાનની વ્યવસ્થા સુંદર હતી. માળારોપણ ઉત્સવ સુંદર થયો. ઉપજ પણ સારી થઈ. અહીંથી વિહાર કરી ગામે ગામ દેશના આપતા આપતા અને યાત્રા કરતા કરતા જામનગર પધાર્યા. જામનગર પણ ધર્મભૂમિ છે. અહીં મનોહર મંદિરો છે. પંન્યાસશ્રીએ વ્રતોથી આત્માની નિર્મળતા થાય છે તે વિષે સુધાભર્યા વ્યાખ્યાનો આપ્યા અને અહીં ચોસઠ ભાઈ-બહેનો વ્રતો ઉચ્ચર્યા. ચૈત્રી પુનમના રોજ શત્રુંજય તીર્થના પટના શ્રીસંઘે દર્શન કર્યાં અને ધર્મપ્રેમી ઉદાર ચરિત શેઠ શાંતિલાલ ખેતશીભાઇ તરફથી દેવવંદનની ક્રિયા થતાં આનંદ આનંદ થઈ રહ્યો.

રાણપુરના શેઠ નાગરદાસ પુરૂષોત્તમની ભાવના ઉજમણાની

હોવાથી તેઓ વિનંતિ કરવા આવ્યા અને પંન્યાસશ્રીએ રાણપુર તરફ વિહાર કર્યો. ઉજમણાનો મહોત્સવ મંડાયો. હજારો ભાઈ-બહેનોએ તેના દર્શનનો લાભ લીધો. અહીં લાઠીદડનિવાસી સંઘવી ઓતમચંદ ભૂદરભાઈની દીક્ષાની ભાવના થતાં મહા શુદ ૫ ના રોજ શ્રીસંઘ સમક્ષ દીક્ષા આપવામાં આવી, તેમને મુનિ ઉદ્યોતવિજય નામ આપ્યું. જામવાળીના ભીખાભાઈને દીક્ષાના ભાવ થતાં મહોત્સવપૂર્વક વૈશાખ શુદ ૧૦ ના રોજ તેમની દીક્ષા થઈ અને તેમનું નામ મુનિ ભુવનવિજયજી રાખ્યું. અહીંથી વિહાર કરી વઢવાણ પધાર્યા. વઢવાણમાં ઝીંઝુવાડાના શા માનચંદ માવજીના પુત્રી મણીબહેનને જેઠ શુદ ૧૩ના રોજ દીક્ષા આપી સાધ્વી દર્શનશ્રીજીના શિષ્યા સાધ્વી મેઘશ્રીજી બનાવ્યા. તે જ દિવસે બન્ને નૂતન મુનિશ્રી ઉદ્યોતવિજયજી અને શ્રી ભુવનવિજયજીને વડી દીક્ષા આપી. સં. ૧૯૭૮નું ચાતુર્માસ સંઘની આગ્રહભરી વિનતિથી વઢવાણમાં કર્યું. ચાતુર્માસમાં મુનિયોને યોગોદ્વહન કરાવવામાં આવ્યા. તપશ્ચર્યા ઘણી થઈ. પર્યુષણ પર્વ શાંતિપૂર્વક થયા, સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો.

કાર્તક વદી ૬ ના રોજ સાધ્વીજી મેઘશ્રીની વડી દીક્ષા થઈ.

પાલીતાણા નવાણુ યાત્રા કરવા-કરાવવાની ભાવના શેઠ જીવણભાઈ અબજીભાઇની થઇ. પચીસ-ત્રીસની ટુકડી સાથે વિહાર કરી લીંબડી થઇ પાલીતાણા પધાર્યા. અહીં ક્રિયા સહિત નવાણું યાત્રાનો આનંદ લીધો. બધા યાત્રિકોને યાત્રાનો

ખૂબ લાભ થયો. મહારાજશ્રીની વ્યાખ્યાન વાણીનો પણ સારો લાભ મળ્યો.

સમીના સંઘની આગ્રહભરી વિનતિથી વિહાર કરી સમી પધાર્યા. સં. ૧૯૭૯નું ચાતુર્માસ સમીમાં કર્યું. પંન્યાસજીના ઉપદેશની સુંદર છાપ પડી અને તપશ્ચર્યા ઘણા સારા પ્રમાણમાં થઈ. અહીં વડેચા ઘેલચંદ મગનચંદ તથા લહેરચંદ મોહનલાલની ઉપધાન કરાવવાની ભાવનાથી પંન્યાસશ્રીએ ઉપધાન તપ કરાવ્યા. માળારોપણનો સુંદર સમારંભ થયો. સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો. અહીં શાસન પ્રભાવનાના ઘણા કામો થયાં. અહીંથી વિહાર કરી સં. ૧૯૮૦ના પોષ વદિ ૫ ના દિને રાધનપુર પધાર્યા. શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું. આપણા ચરિત્ર નાયક તો તપસ્વી હતા. વર્ધમાન તપ આયંબિલ ખાતાને માટે પંન્યાસશ્રીએ ઉપદેશ આપ્યો. પંન્યાસજીની ત્યાગ ભાવનાથી પ્રેરાઈ તેમના વચનની સંઘ ઉપર બહુ સારી અસર થઈ. વળી શેઠ વેણીચંદ સુરચંદ જેવા ધર્મપ્રેમી-શાસનપ્રેમીની પ્રેરણાથી વર્ધમાન તપ ખાતાની સંસ્થા સ્થાપવાનો નિર્ણય થયો. શરૂઆતમાં શેઠ મોતીલાલ મુળજીભાઇએ હાર્દિક અનુમોદન સાથે રૂા. ૧૦૦૧) ભર્યા. પછી તો તિથિઓ નોંધાવા લાગી અને પન્યાસજીના ઉપદેશથી સારી રકમ નોંધાઈ ગઇ. આજે તો એ સંસ્થા ખૂબ પગ ભર છે. બહારગામના ખાતાને મદદ મોકલાવે છે. આયંબિલશાળામાં આયંબિલ સારી સંખ્યામાં થતા રહે છે અને આસો તથા ચૈત્રની મોટી ઓળીમાં

તો ઘરે ઘરે બહેનો ભાઇઓ ઓળીની તપશ્ચર્યા કરી સારો લાભ લઈ રહ્યા છે. આયંબિલ ખાતાના મકાનની જરૂરીઆત પંન્યાસશ્રીના ધ્યાનમાં હતી; તે માટે રાધનપુરના ધર્મનિષ્ઠ શ્રેષ્ઠી શેઠ જીવતલાલભાઈ મહારાજશ્રી કુવાળા–થરા આદિ થઈ શંખેશ્વરજી પધાર્યા હતા ત્યાં વંદનાર્થે આવ્યા હતા તે પ્રસંગે આપણા ચરિત્ર નાયકે શેઠ જીવતલાલ પ્રતાપશીને આયંબિલ ખાતાના મકાન માટે પ્રેરણા આપી અને ઉદારદિલ શેઠ જીવતલાલભાઇએ રૂા. ૪૦,૦૦૦)ના ખર્ચે મકાન બંધાવી આપવા વચન આપ્યું. આજે રાધનપુરમાં તપસ્વીઓ સારો લાભ લઈ રહ્યા છે.

અહીંથી શંખલપુર પધાર્યા. અહીં પાઠશાળાની સ્થાપના કરીને માંડળ થઈ વીરમગામ પધાર્યા. સંઘના અતીવ આગ્રહને વશ થઇ સંવત ૧૯૮૦ નું ચાતુર્માસ વીરમગામ કર્યું. અહીં મુનિ હરખવિજયજીના શિષ્ય મુનિ પુષ્પવિજયજી મહારાજને ભગવતીના યોગોદ્વહન કરાવી પંન્યાસ પદવી આપી. આ વખતે મુનિ કંચનવિજયજીના સંસારી સંબંધી ભાવસાર હરજીવનદાસ વનમાળીદાસને ધામધૂમપૂર્વક કાર્તક વદ ૩ ના રોજ દીક્ષા આપી. મુનિ કંચનવિજયજીના શિષ્ય મુનિ કલ્યાણવિજયજી બનાવ્યા. અહીંથી વિહાર કરી પંન્યાસજી વિઠ્ઠલપુર પધાર્યા. અહીંના શેઠ ત્રીકમચંદ કરશનદાસને શ્રી શંખેશ્વરજીનો સંઘ કાઢવાની ભાવનાથી પંન્યાસશ્રી શિષ્ય મંડળ સાથે છ'રી' પાળતા સંઘમાં પધાર્યા. ગામે ગામ મહારાજશ્રીએ ઉપદેશધારા દ્વારા ધર્મભાવના જગાવી. ચમત્કારી તીર્થની યાત્રા કરી આત્મ-

શાંતિ મેળવી. સંઘવીએ અહીં દહેરાસર તથા સાધારણ ખાતામાં સારી રકમ ભરી અને સંઘભક્તિ પણ ખૂબ પ્રેમપૂર્વક કરી. પંન્યાસજી મહારાજશ્રીએ સંઘવીને મંગળ આશીર્વાદ આપ્યા. અહીંથી વિહાર કરી પંન્યાસશ્રી ધ્રાંગધ્રા પધાર્યા. ઢવાણાના ભાઇ સુંદરજી જીવણજીની દીક્ષાની ભાવના હોવાથી ૧૯૮૧ ના મહા શુદિ ૬ ના રોજ ધામધૂમપૂર્વક ભાઈ સુંદરજીને દીક્ષા આપી. પોતાના શિષ્ય મુનિ સુમતિવિજય બનાવ્યા. રાણપુરના શ્રી નાગરદાસ પુરૂષોત્તમ મહારાજશ્રીના પ્રિય ભક્ત હતા. તેમની ભાવના શ્રી સિદ્ધાચળનો સંઘ કાઢવાની હોવાથી પંન્યાસશ્રી રાણપુર પધાર્યા. શ્રી નાગરદાસભાઇએ સંઘમાં પૂ. સાધુ–સાધ્વી તથા યાત્રિક ભાઈ–બહેનો માટે સુંદર વ્યવસ્થા રાખી. ગામે ગામ દાન વર્ષા કરી. પંન્યાસજી મહારાજે ઉપદેશ-દ્વારા ધર્મભાવના પ્રગટાવી. પાલીતાણામાં સંઘનું ભાવભર્યું સ્વાગત થયું. શેઠ નાગરદાસભાઇએ સંઘ સાથે તીર્થયાત્રા કરી પંન્યાસશ્રી મહારાજે સંઘવીને તીર્થમાળ પહેરાવી. એ જ નંદીમાં મુનિ કલ્યાણવિજયજી તથા મુનિ સુમતિવિજયજીને વડી દીક્ષા આપી. આ પ્રસંગે શ્રી નાગરદાસ શેઠે સારી એવી સખાવત પાલીતાણાની સંસ્થાઓ માટે કરી હતી. પંન્યાસજી પાલીતાણાથી વિહાર કરી ભાવનગર પધાર્યા.

ભાવનગરમાં પંન્યાસશ્રીએ વર્ધમાન તપનો મહિમા અને આયંબિલની તપશ્ચર્યાના ચમત્કારો વિષે એવી અસરકારક દેશના આપી કે ભાવનગરમાં અક્ષય તૃતીયાના શુભ દિવસે

વર્ધમાન તપ ખાતાની સ્થાપના કરવામાં આવી. હાલ આ સંસ્થા પગભર છે અને બહારગામ મદદ પણ મોકલે છે. સંઘના અતિ આગ્રહથી સં. ૧૯૮૧ નું ચાતુર્માસ ભાવનગર કર્યું. ચાતુર્માસમાં પર્યુષણ પર્વો બહુ આનંદથી થયા. તપશ્ચર્યાઓ ઘણી ઘણી થઇ. ચાતુર્માસ બાદ શ્રી ત્રીભોવનદાસ હરખચંદની ભાવના શત્રુંજયના સંઘની થવાથી શત્રુંજય પધાર્યા, સંઘવીને માળ પહેરાવી. પ્રતિષ્ઠા નિમિત્તે દેવગાણા પધાર્યા.

૧૭

## પ્રતિષ્ઠા તથા દીક્ષામહોત્સવો

દેવગાણામાં શ્રી વિમળનાથસ્વામીનું મંદિર આપણા ચરિત્રનાયકની પ્રેરણાથી થયું. તેની પ્રતિષ્ઠા કરવા સંઘની આગ્રહભરી વિનતિથી પંન્યાસશ્રી દેવગાણા પધાર્યા. દેવગાણાના સંઘે અને ગ્રામજનોએ ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું. પ્રતિષ્ઠાની તૈયારી થવા લાગી. અઠ્ઠાઈમહોત્સવ મંડાયો, વિધિવિધાન શરૂ થયા. સંઘના આગેવાનો ઉત્સાહપૂર્વક કાર્ય કરવા લાગ્યા. પ્રતિષ્ઠા વિધિ જોવા આસપાસના ગામોના ભાઈ–બહેનો ઉમટી આવ્યા. ફાગણ શુદ ૩ ના રોજ આનંદ ઉત્સવપૂર્વક શ્રી વિમળનાથ પ્રભુ તથા બીજા બિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી. સંઘમાં આનંદ આનંદ ફેલાઈ રહ્યો, સ્વામીવાત્સલ્ય થયું. આ પ્રસંગે સમીના રહીશ શા સાંકળચંદ લલ્લુભાઇ તથા ભાવનગરના ભાવસાર શ્રી ઓઘડભાઈ રામજી બંને ભાઇઓ ઘણા વખતથી દીક્ષા લેવાની ઉત્કટ ભાવનાવાળા હોવાથી બન્નેની દીક્ષાનો મહોત્સવ શરૂ થયો. વિશાળ માનવમેદની

વચ્ચે પંન્યાસજી મહારાજે દીક્ષા આપી. અનુક્રમે મુનિ લલિતવિજયજી બનાવી પંન્યાસજીના શિષ્ય અને આણંદ-વિજયજી બનાવી મુનિ કંચનવિજયજીના શિષ્ય બનાવ્યા. આ મહોત્સવમાં શા હરિચંદ મીઠાભાઇએ લક્ષ્મીથી અને શેઠશ્રી ગીરધરભાઈ આણંદજીએ મંદિર તથા પ્રતિષ્ઠાના કાર્યોની સુંદર સેવા બજાવી હતી. આ પ્રસંગની યાદી નિમિત્તે દેવગાણામાં કાયમી પાખી પળાય છે.

દેવગાણાથી વિહાર કરી ભાવનગર પધાર્યાં, અહીં દોઢ માસની સ્થિરતા કરી ચૈત્રી ઓળી કરાવી. અહીંથી વિહાર કરી વઢવાણ પધાર્યાં, અહીં નૂતન મુનિ લલિતવિજયજી તથા મુનિ આણંદવિજયજીને વડીદીક્ષા આપી. અહીંથી વિહાર કરી પાટડી પધાર્યાં, અહીંના સંઘની આગ્રહભરી વિનતિને માન આપીને સં. ૧૯૮૨નું ચાતુર્માસ કર્યું.

પાટડીમાં પન્યાસજીની વૈરાગ્યમય દેશનાનું શ્રવણ કરતાં પ્રેમચંદભાઈ છગનલાલની ભાવના દીક્ષા લેવાની થઈ. પ્રેમચંદ-ભાઈ કેવા સંયમની ઉત્કટ ભાવનાવાળા કે પોતાના લઘુ પુત્ર અને પુત્રીને છોડીને અષાડ શુદ ૧૧ના શ્રી સંઘે કરેલા મહોત્સવ પૂર્વક દીક્ષા લીધી. અને પન્યાસજીના શિષ્ય મુનિ પ્રતાપ-વિજયજી બનાવ્યા. ચાતુર્માસમાં બે સદ્ગૃહસ્થો તરફથી ઉપ-ધાન કરાવ્યા. આ ઉપધાન તપમાં શ્રી મહેસાણા પાઠશાળાના વિદ્યાર્થીઓ પણ આવ્યા હતા. માગશર શુદ ૬ના દિવસે

માળારોપણનો સમારંભ થયો અને ત્યાં જ મુનિ પ્રતાપવિજયને વડીદીક્ષા આપી વિહાર કરી શંખેશ્વરની યાત્રા કરી સમી પધાર્યા.

આ અરસામાં પાટણના ધર્મનિષ્ઠ શ્રેષ્ઠીવર્ય શ્રી નગીનદાસ કરમચંદ તરફથી નીકળેલ કચ્છ ગિરનારના સંઘમાં પધારવા વિનતિ થતાં તેઓશ્રી શંખેશ્વરમાં સંઘ સાથે થઈ ગયા. ચતુર્વિધ સંઘના વિશાળ સમૂહ સાથે વિહાર કરતા પંચાસર, દસાડા, માંડળ, ઝીંઝુવાડા થઈ ધ્રાંગધ્રા પધાર્યા, અહીં શ્રી સંઘનું સુંદર સ્વાગત થયું. અહીંથી કચ્છના મોટા મોટા શહેરોની યાત્રા કરતા કરતા ભદ્રેશ્વર તીર્થ પધાર્યા, અહીં તીર્થયાત્રા કરતાં ચતુર્વિધ સંઘને અનહદ આનંદ થયો. અહીંથી સંઘ સાથે રાજકોટ, મોરબી, વાંકાનેર થઇ ગિરનારજીની યાત્રા કરી. સઘની વ્યવસ્થા સુંદર હતી. ગામેગામના સઘોએ સંઘ અને સંઘવીનું ભાવભર્યું સ્વાગત કર્યું, સંઘવીએ ગામેગામ ઉદારભાવે દાન કર્યું અને સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો. અહીંથી વિહાર કરી વઢવાણ કેમ્પ પધાર્યા. વૈશાખ શુદ ૫ના દિને ભાઈ નારણદાસને દીક્ષા આપી પન્યાસજીના શિષ્ય મુનિ નિપુણવિજયજી બનાવ્યા. સંઘના અતિ આગ્રહથી સં. ૧૯૮૩નું ચાતુર્માસ વઢવાણ કેમ્પ કર્યું. મુનિ નિપુણવિજયજીને વડી દીક્ષા આપી. સંઘની ભાવનાથી પન્યાસજીએ ભગવતીજી સૂત્રનું વાચન શરૂ કર્યું. અપૂર્વ રસપ્રદ ચિંતનથી શ્રોતાઓ ઉભરાતા હતા. ચાતુર્માસ પછી વિહાર કરી વીરમગામ–શંખેશ્વરની યાત્રા કરી રાધનપુર થોડા દિવસ સ્થિરતા કરી વિહાર કરી ઝીંઝુવાડા

પધાર્યા. અહીં મહા વદી ૫ના દિને સમરથબહેનને દીક્ષા આપી સાધ્વી દર્શનશ્રીજીના શિષ્યા સંયમશ્રી બનાવ્યા. અહીંથી વિહાર કરી વીરમગામ આવી જખવાડીયા મણીલાલના ધર્મપત્ની ચંચળબહેનને દીક્ષા આપી સાધ્વી ચરણશ્રી બનાવ્યા. અહીંથી ભોંયણીજી પધાર્યાં. ત્યાં શ્રી દેશવિરતી ધર્મારાધન સભાનું અધિવેશન મળ્યું. તેમાં આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી તથા શ્રી મેઘસૂરીશ્વરજી પધાર્યાં હતા. અહીં શાહ માનચંદ માવજીની પુત્રી મંછીબાઇને દીક્ષા આપી સાધ્વી રતનશ્રીજી નામ પાડી સાધ્વી મેઘશ્રીજીની શિષ્યા બનાવ્યા. અહીંથી વિહાર કરી તેમને પ્રિય શ્રી શંખેશ્વરજીની યાત્રા કરી જન્મભૂમિ સમી પધારી રામપુરા નિવાસી શ્રાવિકા ગંગાબાઈ તથા ચંચળબાઇને દીક્ષા આપી, અનુક્રમે સાધ્વી દર્શનશ્રીજી તથા સાધ્વી મનોહરશ્રીજીના શિષ્યા કર્યા, તથા બીજા ત્રણ સાધ્વીજીઓને વડી દીક્ષા આપી ત્યાર બાદ રાધનપુર પધાર્યા અને સંઘની વિનતિને માન આપી સં. ૧૯૮૪નું ચાતુર્માસ રાધનપુર કર્યું. અહીં સં. ૧૯૮૦માં પોતાના ઉપદેશથી સ્થાપન કરેલ શ્રી વર્ધમાન તપ ખાતા માટે ઉપદેશ કર્યો અને તે ખાતાના ફંડમાં સારો એવો વધારો કરાવ્યો. સંસ્થા આજે ખૂબ સુંદર રીતે ચાલી રહેલ છે અને તપસ્વી ભાઈ બહેનો તેનો લાભ લઈ રહ્યા છે.

## વર્ધમાન તપસ્થાનકો

**આ**પણા ચરિત્રનાયક પંન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ તપોનિધિ અને દીર્ઘતપસ્વી હતા. તેઓ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં વર્ધમાન તપની ઉપદેશ ધારા વહાવી વર્ધમાન તપની સંસ્થા સ્થાપન કરાવતા. તેના મકાન માટે દાનવીરોને ઉપદેશ આપતા અને ગામેગામ આયંબિલ તપની આરાધના માટે વ્યવસ્થા કરાવતા.

રાધનપુરનું ચાતુર્માસ પૂર્ણ કરી સમી પધાર્યા અહીં વર્ધમાન તપ સંસ્થાને સમીના અને રાધનપુરના ગૃહસ્થોને ઉપદેશ આપી મજબૂત બનાવરાવી શેઠ જીવતલાલ પ્રતાપસીના સિદ્ધાચળજીના છરી પાળતા સંઘમાં તેઓશ્રીની વિનંતિને માન આપીને પધાર્યા. તીર્થાધિરાજ શત્રુંજયની યાત્રા કરી પાવન થયા અહીં ભાવસાર જેઠાલાલને માતાપિતાની અનુમતિથી શેઠ જીવતલાલભાઇએ કરેલા મહોત્સવપૂર્વક મહા વદી ૧૧ ના દિવસે દીક્ષા આપી મુનિ કંચનવિજયજીના શિષ્ય

મુનિ જગતવિજયજી બનાવ્યા અને વિહાર કરી ચૈત્રી ઓળી ભાવનગર કરાવી વિહાર કરતા અમદાવાદ શાહપુર પધાર્યા.

અહીં જોટાણાના રહીશ ઇચ્છાબહેનને શેઠ હઠીભાઈની વાડીમાં મહોત્સવપૂર્વક દીક્ષા આપી, ઈન્દ્રશ્રીજી નામ રાખી સાંધ્વી મેઘશ્રીજીના શિષ્યા કર્યા. શાહપુરના સંઘની વિનંતિથી સં. ૧૯૮૫ નું ચાતુર્માસ શાહપુર કર્યું. અહીં પણ વર્ધમાન તપ માટે અસરકારક ઉપદેશ આપતાં શાહપુર સંઘે વર્ધમાન તપ સંસ્થાની સ્થાપના કરી. તિથિઓ નોંધાવા લાગી અને ફંડ પણ સારૂં થયું. આજે પણ આ સંસ્થા સારી રીતે ચાલી રહી છે. વ્યવસ્થાપક કમિટિ સારૂં કામ કરે છે, હમેશાં આયંબિલની તપશ્ચર્યાનો સારો લાભ લેવાય છે.

શાહપુરનું ચાતુર્માસ યાદગાર બની ગયું. આ વર્ષે પર્યુષણમાં ઘણી તપશ્ચર્યાઓ થઈ. સ્વામીવાત્સલ્ય થયાં, પંન્યાસશ્રીના વ્યાખ્યાનોનો લાભ લેવા અમદાવાદ શહેરથી ઘણા બહેન–ભાઇઓ આવતા હતા. આવક પણ સારી થઈ. ચાતુર્માસ બાદ શ્રી ડાહ્યાભાઈએ શહેર યાત્રા કરાવી લાભ લીધો. અહીંથી વિહાર કરી વીરમગામ–માણસા–લોદરા. વિજાપુર વગેરે ગામોમાં ધર્મ દેશના આપતાં પ્રાંતિજ પધાર્યા. અહીં પણ ઉપદેશ આપીને વર્ધમાન તપ સંસ્થા ખોલાવી–માણસાના સંઘની વિનતિથી માણસા પધાર્યાં અને સંવત ૧૯૮૬ નું ચાતુર્માસ માણસા કર્યું. મહારાજશ્રીને તો વર્ધમાન

તપની ભાવના એવી તો ઉત્કટ હતી કે અહીં પણ એ માટે ઉપદેશ આપ્યો અને તપસ્વીઓની સેવાનો લાભ લેવા ભાઈઓની ભાવના થઈ અને અહીં પણ વર્ધમાન તપની સંસ્થાની સ્થાપના કરવામાં આવી. ચાતુર્માસ બાદ સલડી શાહ જેસીંગલાલ મગનલાલના ઉજમણા પ્રસંગે પધાર્યા. માણસાની વર્ધમાન તપ સંસ્થાને રૂપીઆ ૮૦૦)ની મદદ માટે પ્રેરણા કરી.

અહીંથી વિહાર કરી મ્હેસાણા થઈ બોરૂ પધાર્યા. અહીં મહારાજશ્રીના ઉપદેશથી શ્રી જેતાભાઈ જીવરામને શ્રી પાનસરનો સંઘ કાઢવાની ભાવના થઇ અને પન્યાસજી મહારાજ સંઘમાં પધાર્યા. સંઘ સાથે યાત્રા કરી સંઘવીને તીર્થમાળ પહેરાવી. આ વખતે, અમદાવાદમાં સાહિત્ય પ્રદર્શન થવાનું હોવાથી પંન્યાસજી મહારાજ અમદાવાદ પધાર્યા. અહીં વિદ્યાશાળા તરફથી પંન્યાસજીનું સુંદર સ્વાગત થયું. જૈન સાહિત્યની વિશિષ્ટતા ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું. જૈન સાહિત્ય કેવું સમૃદ્ધ છે અને આપણા જ્યોતિર્ધરોએ ન્યાય, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, ખગોળ, જ્યોતિષ અને કલાવિધાન આદિ વિષયો પર અનુપમ ગ્રંથરત્નો આપ્યા છે. જૈન સાહિત્યનો અભ્યાસ પાશ્ચાત્ય વિદ્વાનો પણ કરી રહ્યા છે વગેરે દર્શાવી શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. અમદાવાદથી વિહાર કરી ખેડા પધાર્યા. અહીં ચૈત્રી ઓળી કરાવી ખંભાત પધાર્યા. વૈશાખ શુદ ૧૦ ના રોજ મુનિ ચંદનવિજયજીને વડી દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા. એજ દિવસે મગુના ( મ્હેસાણા ) પૂ.

ચરિત્ર નાયકના શિષ્ય મુનિ ભુવનવિજયજીએ લક્ષ્મીચંદભાઇને દીક્ષા આપી મુનિ ઉદયવિજયજી બનાવ્યા. મ્હેસાણાનો સંઘ પંન્યાસજી મહારાજશ્રીની તપશ્ચર્યા અને તેમના સુધાભર્યા વ્યાખ્યાનોની સુવાસને લઇને ચાતુર્માસની વિનતિ કરવા ખંભાત આવ્યો.

'મથ્થેણ વંદામિ!' આગેવાનોએ વંદણા કરી.

'ધર્મલાભ!' ગુરુદેવે ધર્મલાભ આપ્યા.

"કૃપાસિંધુ! અમે આપશ્રીને મ્હેસાણા પધારવા વિનતિ કરવા આવ્યા છીએ. સંઘની ભાવના છે કે આપ ગુરુદેવ જરૂર આ વર્ષ મ્હેસાણા પધારી ધર્મ પ્રભાવના કરો." આગેવાનોએ વિનતિ કરી.

"ભાગ્યશાળીઓ! મ્હેસાણા તો ધર્મક્ષેત્ર બની ગયું છે. શ્રી વેણીચંદભાઈ જેવા ધર્મનિષ્ઠ પુરુષે તો ધર્મ શિક્ષણની પરબ માંડી છે, પણ તમારા સંઘમાં જે કુસંપ પેઠો છે તેમાં સંઘની શોભા નથી. સંઘના કેટલાએ કામો અટકયાં છે, તમે આગેવાનો અહીં હાજર છો. હું તો સંપ ત્યાં સંપત્તિ અને સંપ ત્યાં ધર્મ માનું છું. સંઘના કલ્યાણ માટે સંપ એ મુખ્ય છે, નાના મોટા મતભેદો ભૂલી જવા જોઇએ અને સમાજના કલ્યાણના કામો હાથ ધરવાં જોઇએ." ગુરુદેવે સ્પષ્ટતા કરી.

કેટલાએ વખતથી ચાલ્યા આવતા કુસંપનો અંત લાવવાની ગુરુદેવની ભાવના ફળી. આગેવાનોએ ગુરુદેવ બધાને સાંભળી

જે ફેંસલો આપે તે માન્ય રાખવા વચન આપ્યું, અને ગુરુદેવ ખંભાતથી વિહાર કરી મ્હેસાણા પધાર્યા. સંઘે ગુરુદેવનું સુંદર સ્વાગત કર્યું. પર્યુષણ પર્વ આનંદપૂર્વક થયાં, તપશ્ચર્યાઓ પણ સારી થઈ. હીરવિજયસૂરિની જયંતિ પ્રસંગે એવો તો ફેંસલો આપ્યો કે સંઘમાં આનંદ આનંદ ફેલાઈ ગયો. ગુરુદેવના જય જયકારથી ઉપાશ્રય ગુંજી ઉઠ્યો.



૧૯

## બંધવ બેલડીનો અનુપમ ત્યાગ

**ભાઈ** પન્નાલાલ અને ભાઈ શેષમલ મૂળ મારવાડના પણ પિતાજી ઘણા સમયથી મ્હેસાણા આવ્યા હતા. માતા પિતા બન્ને ધર્મપ્રેમી હતા. બન્ને ભાઇઓને માતા પિતા તરફથી ધર્મના સંસ્કારો મળેલા. પૂજા કર્યા સિવાય રહેવાનું નહિ, ધાર્મિક અભ્યાસ પણ હમેશાં કરવાનો, સમય મળ્યે સામાયિક પણ કરવાની, કોઇ મુનિરાજ મ્હેસાણામાં પધારે તો વ્યાખ્યાન સાંભળવા જવાનું અને તેમની સેવા કરવાની. માતાજી તો ધર્મક્રિયા માટે વારંવાર પ્રેરણા આપતા. રાત્રિ ભોજનનો સર્વથા ત્યાગ, કંદમૂળનો પણ સર્વથા ત્યાગ, પિતાજી તો અષ્ટ પ્રકારી પૂજા રોજ કરે અને એવા તો મગ્ન બની જાય કે પ્રભુ પ્રતિમા સામે નાચવા લાગે.

માતાજી તો વારંવાર એવી પ્રેરણા આપતા કે સંસાર અસાર છે.

જીનેશ્વર ભગવાનનો મહામૂલો ધર્મ મળ્યો છે. ત્યાગમૂર્તિ જેવા મુનિરાજોના વ્યાખ્યાનો સાંભળવા મળે છે અને આ મનુષ્યભવનું સાર્થક કરી લેવા સંયમ અને ત્યાગનો માર્ગ અતિ ઉત્તમ છે. એવાં ભાગ્ય ક્યારે જાગે કે તમે બન્ને ત્યાગ માર્ગને ગ્રહણ કરો અને અમારૂં જીવન પણ ધન્ય બની જાય.

આવા માતાજીના મનોરથો બન્ને ભાઇઓના હૃદયમાં ગુંજતા અને દીક્ષા માટે ભાવનાઓ ઉમટી આવતી.

કોઈ તપોનિધિ ગુરુદેવ મળી જાય અને બન્ને ભાઇઓ તેના ચરણે બેસી જાય એમ રાત-દિવસ વિચારો આવતા અને તે માટેનો સમય પણ આવી ગયો.

પૂજ્યપાદ પં. મહારાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ મ્હેસાણા પધાર્યા અને તેમની વૈરાગ્યરસ ઝરતી વાણીએ આપણા ભાઈ પન્નાલાલની દીક્ષાની ભાવના જગાડી.

'મથ્થેણ વંદામિ!' ભાઈ પન્નાલાલે વંદણા કરી.

'ધર્મ લાભ!' ગુરુદેવે ધર્મ લાભ આપ્યો.

'ગુરુદેવ! આપના સુધાભર્યા વૈરાગ્યમય પ્રવચનોથી હું પ્રભાવિત થયો છું. ઘણા સમયથી મારી ભાવના દીક્ષાની છે અબ મોહે તારો!' પન્નાલાલે પ્રાર્થના કરી.

'ભાગ્યશાળી! તમારી ભાવના ઉત્તમ છે-પણ સાધુના આચાર ઘણા આકરા છે. સાધુ વૃત્ત ખાંડાની ધાર છે-તમે જાણો છો ને

સાધુએ કંચન-કામિનીનો સર્વથા ત્યાગ કરવો, ગામેગામ પાદ વિહાર, લુખું, સુકું, જે મળે તે ગોચરી લેવાની, કેશ લુંચન અને જ્ઞાન ધ્યાનમાં રહીને સમાજના હજારો હૈયાને ઠારવાના, અને ધર્મનો ઉપદેશ આપીને ધર્મ પ્રભાવના કરવાની, પન્યાસજીએ સાધુ ધર્મ દર્શાવ્યો.

'કૃપાસાગર ! હું તે જાણું છું. ઘણા સમયથી નાની મોટી તપશ્ચર્યા કરૂં છું, ગરમ પાણી પીઉં છું અને પ્રતિક્રમણ આદિ પણ કરૂં છું. હું આપનો પ્રાણ પ્યારો શિષ્ય થઈશ. આપના નામને ઉજ્વળ કરીશ.' દીક્ષાર્થી ભાઈ પન્નાલાલે પોતાની ઉત્કટ ભાવના દર્શાવી.

'ભાઈ ! તારા માતા-પિતાની આજ્ઞા છે કે !'

ગુરુદેવે પ્રશ્ન કર્યો.

'કૃપાસિંધુ ! મારા માતા-પિતા બન્ને ધર્માત્મા છે. તેઓએ મને ધર્મના સુસંસ્કાર આપ્યા છે. મારા પૂજ્ય માતાજી તો ત્યાગ માટે મને પ્રેરણા આપે છે.' ભાઈ પન્નાલાલે ખુલાસો કર્યો.

'વત્સ ! મ્હેસાણામાં એક મુશ્કેલી છે, પણ જ્યારે તારી ભાવના ઉત્કટ છે તો તું અમદાવાદ જા. હું પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરિશ્વરને સંદેશો મોકલીશ, તું અમદાવાદમાં દીક્ષા લઈ શકીશ અને તારી મનોકામના પૂર્ણ થશે.' ગુરુદેવે માર્ગ દર્શાવ્યો.

"કરૂણાનિધિ! આપની આજ્ઞા મારે શિરોધાર્ય છે, પણ હું દીક્ષા ગમે ત્યાં ગમે તેની પાસે લઉં પણ શિષ્ય તો આપનો જ થઇશ. મેં તો આપને ચરણે મારૂં જીવન સમર્પણ કર્યું છે." ભાઇ પન્નાલાલે પોતાની અંતરની ભાવના દર્શાવી.

"જહાસુખમ્! ભલે એમજ થશે. તું સુખેથી અમદાવાદ જા અને દીક્ષા અંગીકાર કર. મારા તને અંતરના આશીર્વાદ છે." ગુરુદેવે આશીર્વાદ આપ્યા.

ભાઈ પન્નાલાલે ગુરુદેવના ચરણે પ્રણિપાત કર્યો, બે અશ્રુ-બિંદુઓ સાથે વિદાય લીધી, ગુરુદેવે વાસક્ષેપ નાખી મંગળ વિદાય આપી.

ભાઈ પન્નાલાલ અમદાવાદ ગયા ત્યાં આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદરિસૂજીને વંદણા કરી ગુરુદેવનો સંદેશો આપ્યો. આચાર્યશ્રીએ ભાઈ પન્નાલાલની દીક્ષા માટેની ઉત્કટ ભાવના જોઇને તેને દીક્ષા આપવાની સંમતિ આપી. ભાઈ પન્નાલાલના આનંદનો પાર નથી. પોતે કેવો બડભાગી કે ગુરુદેવે મંગળ આશીર્વાદ આપી અમદાવાદ મોકલ્યો અને આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી મહારાજે પણ સંમતિ આપી. દીક્ષાનો દિવસ નક્કી થઈ ગયો.

મ્હેસાણામાં લાંઘણજ નિવાસી ખેરવા જૈન પાઠશાળાના ધાર્મિક શિક્ષક ભાઇ પુનમચંદને દીક્ષા આપવાની હતી. તેના

સંબંધીઓએ મહોત્સવ કર્યો અને સં. ૧૯૮૭ના પ્રથમ અશાડ શુદિ ૬ના મંગળ મુહૂર્તે ભાઈ પુનમચંદને ઠાઠમાઠપૂર્વક પં. શ્રી ભક્તિવિજયજી ગણીએ દીક્ષા આપી. ભાઈ પુનમચંદને મુનિ પ્રબોધવિજયજી બનાવ્યા અને આપણા ચરિત્ર નાયકના શિષ્ય બન્યા.

આ પ્રથમ અશાડ શુદિ ૬ના રોજ અમદાવાદમાં જૈન વિદ્યાશાળાના ઉપાશ્રયે આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ ભાઈ પન્નાલાલને દીક્ષા આપી, મુનિ પ્રેમવિજયજી નામ આપ્યું અને પં. શ્રી ભક્તિવિજયજીના શિષ્ય જાહેર કર્યાં. નૂતન મુનિના આનંદનો પાર નહોતો. પોતાની વર્ષોની ભાવના ફળી. અહીં આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીની નિશ્રામાં મુનિ પ્રેમવિજયજીએ ૧૯૮૭નું ચાતુર્માસ પૂર્ણ કર્યું. ચાતુર્માસમાં શાસ્ત્રનો અભ્યાસ કર્યો. મુનિના બધા આચારો જાણી લીધા. મ્હેસાણામાં આસો માસમાં ઉપધાન શરૂ થયા અને આપણા નૂતન મુનિ શ્રી પ્રેમવિજયજીના સંસારી ભાઈ શેષમલજી તથા સાલડી નિવાસી ભાઈ કંકુચંદે પણ ઉપધાન તપ માટે પ્રવેશ કર્યો. ઉપધાન તપની ક્રિયા કરતાં કરતાં સૂપડાંગ સૂત્રના વિવેચનનું અમૃતપાન કર્યું અને ભાઈ શેષમલજીની વૈરાગ્ય ભાવના ઉત્કટ બની ગઈ અને તેમણે આપણા ચરિત્ર નાયકને દીક્ષા આપવા વિનંતિ પણ કરી. વૈરાગ્ય રંગે રંગાયેલા ભાઈ શેષમલજીને દીક્ષા માટે ગુરુદેવે અનુમતિ આપી અને ભાઈ શેષમલજીનો આત્મા આનંદથી નાચી ઉઠ્યો.

પોતાના જ સહોદર બંધુ મુનિ પ્રેમવિજયજીની સાથે જ્ઞાન ધ્યાન કરવાનો આવો સોનેરી અવસર મળી રહેશે તે જાણીને તેમને વિશેષ હર્ષ થયો.

મુનિ પ્રેમવિજયજી ચાતુર્માસ પૂર્ણ થયે અમદાવાદથી વિહાર કરી મ્હેસાણા આવી ગયા. પોતાના પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવના દર્શનથી હૃદય નાચી ઉઠ્યું. ગુરુદેવે પોતાના પ્રાણ પ્યારા શિષ્યને મંગળ આશીર્વાદ આપ્યા.

માળારોપણનો ભવ્ય મહોત્સવ થયો. સેંકડો ભાઈ બહેનોએ તપસ્વીઓને વધાવ્યા. સંઘ સમસ્તમાં આનંદ આનંદ છવાઈ રહ્યો.

માળારોપણના માગશર શુદ ૨ના મંગળમય દિવસે જ માગશર શુદિ ૫ ના રોજ મુનિ ઉદયવિજયજી, મુનિ પ્રબોધ-વિજયજી અને મુનિ પ્રેમવિજયજીની **વડી દીક્ષા** થઈ, તેમાં મુનિ ઉદયવિજયજી અને મુનિ પ્રેમવિજયજી આપણા ચરિત્ર નાયકના શિષ્ય બન્યા અને મુનિ પ્રબોધવિજયજી મુનિ ભુવન-વિજયજીના શિષ્ય બન્યા. સં. ૧૯૮૭ નું ચાતુર્માસ મ્હેસાણા કર્યું. આ ચાતુર્માસમાં ઘણા કલ્યાકારી કાર્યો થયાં.

મ્હેસાણાથી વિહાર કરી પંન્યાસ શ્રી મહારાજ વીરમગામ પધાર્યા. ત્યાં ભાઈ શેષમલજીની દીક્ષાની વાત સાંભળી સંઘને ખૂબ આનંદ થયો.

વાયણાં ચાલ્યાં, ભાઈ શેષમલજીને દીક્ષાના વરઘોડામાં તેમના ધર્મપ્રેમી માતા રતનબહેને પોતાના હાથે ચાંદલો કર્યો

અને મંગળ આશીર્વાદ આપ્યા. સં. ૧૯૮૮ના પોષ વદી ૧૦ના દિવસે મંગળ પ્રભાતે શ્રી સંઘના આબાલવૃદ્ધ માનવ મેદનીની હાજરીમાં આપણા ચરિત્ર નાયક પંન્યાસજીએ વિધિ વિધાનપૂર્વક દીક્ષા આપી. સંઘે નૂતન મુનિને વધાવ્યા. જય ઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. નૂતન મુનિનું નામ સુબોધવિજયજી રાખ્યું અને પોતાના શિષ્ય બનાવ્યા. આજે તો એ બંધવ બેલડી એક આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજ અને પં. શ્રી સુબોધવિજયજી ગણીજી ગામે ગામ ધર્મપ્રભાવના કરી શાસનનો જય જયકાર કરી રહ્યા છે. આચાર્યશ્રીની મીઠી મધુરી વાણીમાં ચમત્કાર છે. જ્યાં જ્યાં તેઓશ્રી પધારે છે ત્યાંના સંઘમાં ઉલ્લાસ પ્રગટે છે અને ઉપધાન આદિ ધર્મ પ્રભાવનાના કાર્યો થાય છે. હજારો ભાઈ–બહેનોના હૃદયને જીતી લેવાની કળા તેમને વરી છે. બન્ને મુનિઓએ ગુરુ મહારાજની નિશ્રામાં શાસ્ત્રોનો સુંદર અભ્યાસ કર્યો અને ગુરુદેવની જીવનભર એવી તો સેવા સુશ્રુષા કરી કે ગુરુદેવે તેઓને શાસન દીપક બનવાના મંગળ આશીર્વાદ આપ્યા. બીજા ભાઈ કંકુચંદની ભાવના ઉપધાન તપ કરતાં કરતાં દીક્ષાની હતી જ. તેમણે પણ ગુરુદેવને પ્રાર્થના કરી અને તેમની ઉત્કટ ઇચ્છા જાણીને સાલડી સંઘની વિનતિથી ગુરુદેવ સાલડી પધાર્યા. સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું, અઠ્ઠાઈ મહોત્સવ મંડાયો, વરઘોડો જોવા આબાલવૃદ્ધ ઉમટી આવ્યા. પૂ. પંન્યાસજીએ વિધિ વિધાનપૂર્વક સં. ૧૯૮૮ ના મહા શુદ ૬ ના દિને શુભ મુહૂર્તે ચઢતે પહોરે દીક્ષા આપી તેમનું

નામ મુનિ કનકવિજયજી રાખી પોતાના શિષ્ય બનાવ્યા. આ પવિત્ર દિવસની યાદગિરિ નિમિત્તે સાલડીમાં પાખી પળાય છે. ગુરુદેવે જ્ઞાનના મહિમા વિષે મનનીય વ્યાખ્યાન આપ્યું. જૈન સાહિત્ય, જૈન કથાનક, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઇતિહાસ જ્યોતિર્ધરોના જીવન-કવન એવાં તો રહસ્યમય છે કે આપણા બાળકો બાળાઓ-બહેનોને સુસંસ્કાર આપવા સુંદર પુસ્તકો આપવાં જોઇએ અને તે માટે લાઇબ્રેરીની જરૂરીયાત વિષે પ્રેરણા કરી, સંઘે આ વાત ઉપાડી લીધી અને સાલડીને આંગણે સુંદર પુસ્તકોથી સમૃદ્ધ પુસ્તકાલય બની ગયું. અહીંથી વિહાર કરી અમદાવાદ શાહપુર પધાર્યા. અહીં વિશાળ માનવ-મેદની વચ્ચે મુનિ સુબોધવિજયજી તથા મુનિ કનકવિજયજીને મહા વદ ૬ ના દિને વડી દીક્ષા આપી, વિહાર કરી કપડવંજ પધાર્યા અહીં પણ વર્ધમાન તપની મહત્તા વિષે ઉપદેશ આપીને વર્ધમાન તપ સંસ્થા સ્થાપન કરાવી ચૈત્ર માસ સુધી સ્થિરતા કરી.

બંધવબેલડી મુનિવર્યો અને નૂતન મુનિ કનકવિજયજી ગુરુદેવની નિશ્રામાં શાસ્ત્રાભ્યાસમાં મગ્ન બની ગયા.

ગુરુદેવને તેઓની બુદ્ધિપ્રભા અને સેવાભાવનાથી ખૂબ સંતોષ થયો.

卐

૨૦

## સુરતનું યાદગાર ચાતુર્માસ

'**મત્થેણ વંદામિ**' સુરતનાં આગેવાનો શ્રી નવલચંદ ખીમચંદ, શ્રી ગુલાબચંદ મોતીચંદ તથા શ્રી નેમચંદ નાથાભાઈ વગેરે ગૃહસ્થોએ વંદણા કરી.

'ધર્મલાભ !' પંન્યાસજીએ ધર્મલાભ આપ્યો.

'ગુરુદેવ ! સુરતમાં ધર્મપ્રભાવનાના કાર્યો થવાની શકયતા છે. આપની સુધાભરી વાણી સાંભળવા બધા તલસી રહ્યા છે, ચાતુર્માસ માટે પણ અમારી વિનંતિ છે; તો હવે સુરત પધારવાની કૃપા કરો,' શ્રી નવલચંદભાઈએ વિનંતિ કરી.

'ભાગ્યશાળીઓ ! સુરત તો ધર્મભૂમિ છે. સુરતનો ઇતિહાસ ભવ્ય છે. સુરતના દાનવીરોએ દાનના ઝરણાં વહેવડાવી મંદિરો–ઉપાશ્રય જ્ઞાનમંદિર બંધાવ્યા છે.'

'મારાથી ધર્મપ્રભાવના થતી હોય તો હું જરૂર સુરત તરફ વિહાર કરીશ.' પંન્યાસજીએ વચન આપ્યું.

ગુરુદેવ કપડવંજથી વિહાર કરી સુરત પધાર્યાં. સંઘે ભાવ-ભર્યું ભવ્ય સ્વાગત કર્યું. સં. ૧૯૮૮નું ચાતુર્માસ સુરત કર્યું. આ ચાતુર્માસમાં પંન્યાસજી મહારાજના સુધાભર્યાં વ્યાખ્યાનો સાંભળવા સ્ત્રી પુરુષો ઉમટી આવતા હતા.

મહારાજશ્રીના તપના મહિમા વિષેના વ્યાખ્યાનથી ૩૫૦ જેટલા ભાઈ બહેનો વર્ધમાનતપ કરનારા થયા. ચૌદ પૂર્વ તથા મહાસિદ્ધિ તપ થયા. વ્યાખ્યાન સાંભળવા જૈન જૈનેતરો આવતા હતા. હમેશાં શ્રીફળ પુસ્તક આદિની પ્રભાવનાઓ થતી હતી. પંન્યાસજી મહારાજે ઉપધાન તપના મહિમા વિષે મનનીય વ્યાખ્યાન આપ્યું અને ચાર ગૃહસ્થોએ ઉપધાન તપ કરાવવા જવાબદારી લીધી. આ ઉપધાન તપમાં ધર્મપ્રેમી માજી જજ શ્રીમાન સુરચંદભાઇ બદામી, શ્રી નવલચંદભાઇ, શેઠ ઝવેરચંદ પન્નાજી, શેઠ નેમચંદભાઈ આદિ આગેવાન ગૃહસ્થો, બાલવયના બાળકો મળી ૮૮ પુરુષો તથા ૩૩૭ બહેનો થયા.

ઉપધાન તપની ક્રિયા વિધિ પંન્યાસજી મ૦ તથા તેમના શિષ્યો ખૂબ સુંદર રીતે કરાવતા હતા. ઉપધાન કરાવનાર ગૃહસ્થોએ પણ નીવિમાં જુદી જુદી વસ્તુઓ બનાવીને તપસ્વીઓની સારી સેવા કરી.

માળારોપણનો મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. ૨૫૦ માળ પહેરનાર હતા. પહેલી માળનું ઘી ૫૦૦૦ મણ થયું. રૂપીયા ૧૫૦૦૦)ની ઉપજ થઈ તેમજ ખૂબ શાસન પ્રભાવના થઇ. દીવાળીમાં કસાઇઓ ગાયોની કતલ કરતા હતા તે બાબતમાં અભયદાન માટે પંન્યાસજીએ દયાધર્મ ઉપર હૃદયદ્રાવક પ્રવચનનો ધોધ વહેવડાવ્યો અને વાણીનો જાદુ થયો. અનેક હૃદયો હચમચી ઊઠ્યા અને પીગળી ગયા. ટુંક સમયમાં રૂ. ૧૬૦૦) એકઠા થઇ ગયા અને ગાયોને અભયદાન મળ્યું.

બહારગામના જીર્ણોદ્ધાર માટે સુરતના સંઘ મારફત પંન્યાસજી મહારાજશ્રીને વિનતિઓ આવી હતી. પંન્યાસજીએ જીર્ણોદ્ધાર માટે ઉપદેશ આપ્યો અને રૂા. ૨૦૦૦) થયા. વડા ચૌટાથી ચંદુરના દેરાસર માટે રૂા. ૬૦૦) મદદ કરાવી.

સં. ૧૯૮૯ ના માગશર શુદિ ૧૩ ના રોજ ઝગડીઆજીનો છ'રી' પાળતો સંઘ નીકળ્યો, જેમાં શેઠ નવલચંદ ખીમચંદની અગ્રતા સાથે ૧૫ જણ હતા. માર્ગમાં કઠોર વગેરે ગામોના સંઘમાં ઝગડા હતા. આપણા પંન્યાસજી મહારાજે જ્યાં જ્યાં આવા ઝગડા હતા ત્યાં સંઘના આગેવાનોને બોલાવી ઉપદેશ આપ્યો અને સંઘનાં કલ્યાણ માટે તથા શાસનની શોભા વધારવાની ભાવનાની દ્રષ્ટિએ નજીવી બાબતમાં મનદુ:ખ ભૂલી જવા સમજાવ્યા અને સંઘમાં એકતાની ભાવના જાગી અને સંઘમાં બધાને આનંદ આનંદ થઈ રહ્યો.

રસ્તામાં જગ્યાએ જગ્યાએ ગુરુદેવના સામૈયા થયા. પંન્યાસશ્રીએ સુધાભરી વાણીમાં ગ્રામજનોને તપ-ત્યાગ-સદાચાર અને જીવનનું કલ્યાણ સાધવાનો ઉપદેશ આપ્યો. વદી ૭મે સંઘ ઝગડીયા પહોંચ્યો અને સઘવીને તીર્થમાળ પહેરાવી સાધર્મિકવાત્સલ્યાદિ કાર્યો થયાં. ત્યાંથી પાછા ફરતાં સુરત પધાર્યા. એકંદરે રૂ. ૭૫૦૦૦) જેટલી રકમ સુરતના શ્રીસંઘે ખરચી. કઠોરથી કતારગામનો સંઘ નીકળ્યો. ત્યારબાદ સંઘે સામૈયાપૂર્વક સુરત હરિપુરામાં પ્રવેશ કર્યો. અહીં પાઠશાળા માટે સારૂં ફંડ થયું, સુરતના શ્રીસંઘમાં આનંદ આનંદ છવાઈ રહ્યો.



૨૧

# મુંબઇનું ચાતુર્માસ અને ભાગવતી દીક્ષાઓ

શેઠ જીવતલાલ પરતાપસી તથા શેઠ નગીનદાસભાઈ આદિ આગેવાનોની મુંબઇના ચાતુર્માસ માટેની વિનતિને માન આપી સુરતથી વિહાર કર્યો. ગામેગામ સુધાભરી દેશનાથી ધર્મજાગૃતિ થઇ, મુંબઈમાં પધાર્યા. પંન્યાસજી મહારાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સં. ૧૯૮૯ નું ચાતુર્માસ લાલ-બાગમાં થયું. અહીં ચૌદપૂર્વની તપશ્ચર્યા નિમિત્તે અઠ્ઠાઈ-મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર થયું. પૂ. ચરિત્રનાયકના ઉપદેશથી સમીના ઉપાશ્રય માટે રૂ. ૩૦૦૦)ની ટીપ થઈ.

તેમના વિદ્વાન શિષ્ય મુનિ શ્રી કંચનવિજયજીને ગોડીજી ઉપાશ્રયે ચાતુર્માસ માટે આજ્ઞા આપી. અહીં પણ અઠ્ઠાઈ-મહોત્સવ, શાન્તિસ્નાત્રાદિ શાસન પ્રભાવનાના કાર્યો થયાં. તપશ્ચર્યા પણ ઘણી સારી થઈ, પર્યુંષણ પર્વ રૂડી રીતે થયા. ગોડીજીના શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં પ્રતિભાસંપન્ન

શાન્ત મૂર્તિ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી તથા આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી આદિ મુનિવર્યોના ગુરુવર્ય મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજશ્રીની મૂર્તિની ભવ્ય પ્રતિષ્ઠા પૂ ચરિત્ર-નાયક પંન્યાસજી મહારાજશ્રીની પ્રેરણાથી થઇ હતી.

ભાવનગરમાં અને મુંબઇમાં પ્રતિષ્ઠિત કરવા માટે પોતાના ગુરુદેવ પૂ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની મૂર્તિ આચાર્યપ્રવર ગુરુદેવશ્રી વિજયધર્મસૂરિજીના ઉપદેશથી થઈ હતી.

આપણા ચરિત્ર નાયકે પોતાના શિષ્યોને જુદા જુદા ઉપાશ્રયના સંઘની વિનતિથી મોકલવા ઉદારતા દર્શાવી હતી. આ બધા ઉપાશ્રયોમાં પણ પર્યુષણ પર્વ આનંદથી ઉજવાયાં, તપશ્ચર્યાઓ સારી થઇ. ઉપજ પણ સારી થઈ અને સુંદર શાસન પ્રભાવના થઈ હતી.

શ્રી અનંતનાથજી દહેરાસરના ટ્રસ્ટી ભાઇઓ શાન્તિસ્નાત્ર મહોત્સવ માટે વિનતિ કરવા આવ્યા. અહીં સો વર્ષમાં પહેલું જ શાન્તિસ્નાત્ર થવાનું હતું. મહારાજશ્રી પધાર્યા અને શાન્તિસ્નાત્ર મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો અને સુંદર ક્રિયાવિધિથી કચ્છી સમાજના આબાલવૃદ્ધને અનહદ આનંદ થયો. શાસનનો જયજયકાર થઈ રહ્યો.


આપણા ચરિત્ર નાયક પંન્યાસજી મહારાજની વાણીમાં જાદુ હતું. વૈરાગ્યરસ ભરપૂર સુધાભરી વાણીથી હૈયા હચમચી

ઊઠતાં, વૈરાગ્યભાવથી રંગાઈ જતા કેટલાક મુમુક્ષુ ભાઈઓ આ અસાર સંસારની મોહ માયા છોડી ત્યાગ માર્ગે જવા ઉત્સુક બન્યા હતા. આપણા ચરિત્રનાયકે આ ભાઇઓને સાધુ જીવનની ઝાંખી કરાવી ચેતવ્યા અને તેમની કસોટી પણ વારંવાર કરી; પણ તે ભાઇઓ મક્કમ હતા તેથી ૧૯૯૦ના કાર્તિક વદી ૬ ના રોજ ભાઈ મેઘજી કેશવજીને તેમના કુટુંબીઓ તરફથી ધામધૂમપૂર્વક દીક્ષા આપી, મુનિ મહિમાવિજય નામ રાખી પોતાના શિષ્ય બનાવ્યા. માગશર શુદિ ૧૦ના રોજ અમદાવાદના શા. ચંદુલાલને દીક્ષા આપી મુનિ ચરણવિજય નામ રાખી મુનિ શ્રી સૌભાગ્યવિજયજીના શિષ્ય કર્યા.

ઘાટકોપરની વિનતિ થતાં ઘાટકોપર પધાર્યા. અહીં મહા શુદ ૫ના રોજ શા. દેસર રાણાએ કરેલ અપૂર્વ ધામધૂમપૂર્વક ભાઈ પુનશી રાણાભાઈ અને પેથાપુર નિવાસી ભાઈ સોમચંદને દીક્ષા આપી, અનુક્રમે મુનિ પ્રભાવવિજયજી તથા સંપત-વિજયજી નામ રાખી પોતાના શિષ્યો બનાવ્યા.

આ અવસરે મુનિ મહિમાવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી. વળી ચરિત્રનાયક પાસે રહી અભ્યાસ કરતા કચ્છ બીદડાના રહીશ રવજીભાઈ શીવજીને પણ દીક્ષાના ભાવ થતાં તેમને સુરત જવા આજ્ઞા આપી. સુરતમાં મુનિશ્રી કંચન-વિજયજીએ તેમને દીક્ષા આપી મુનિ રંજનવિજય નામ રાખી શ્રી ચરિત્રનાયકના શિષ્ય બનાવ્યા. આ રીતે મુંબઈના ચાતુર્માસ

બાદ પાંચ ભાગ્યશાળી આત્માઓએ ભાગવતી દીક્ષા લીધી. પંન્યાસજી મહારાજશ્રી તપસ્વી અને શાંતમૂર્તિ હતા. તેમની વૈરાગ્ય રસ ઝરતી મધુર વાણી વૈરાગ્યની ભાવના જગાવી જતી અને કેટલાય આત્માઓએ દીક્ષાર્થી બની જીવન ઉજાળ્યું.



પૂજ્ય આચાર્યશ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજ તેમનાં શિષ્ય પરિવાર સાથે



૨૨

## મુનિ સંમેલન તથા શિષ્યોને પદવીદાન

**અ**મદાવાદમાં મુનિ સંમેલનનું આયોજન થયું હતું. નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણીલાલની વિનતિરૂપ તારો આવતાં આપણા ચરિત્રનાયક પંન્યાસજી મહારાજ અમદાવાદ પધાર્યા. આ સંમેલન યાદગાર બની ગયું. પૂજ્યપાદ સૂરિસમ્રાટ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સંમેલનની સફળતા માટે ભારે પ્રયાસ કરી રહ્યા હતા. જુદા જુદા ગચ્છના આચાર્ય-પ્રવરો તથા પદસ્થો પધાર્યા હતા. દિવસોના દિવસો સંમેલનની કાર્યવાહી ચાલી, વિચાર વિનિમય થયા, ઠરાવો આવ્યા અને તેના ઉપરના સુધારા પણ સૂચવાયા. સંમેલનના ઠરાવોના અમલ માટે ૩ આચાર્યપ્રવરો અને મુનિવર્યની સમિતિ નક્કી થઇ. નગરશેઠ કસ્તુરભાઈ મણીભાઇએ ખૂબ સુંદર વ્યવસ્થા કરી બધા મુનિમહારાજોનું સન્માન જળવાય તથા બધા સાથે બેસી શાસનના કલ્યાણ માટે વિચાર વિનિમય કરે અને બધા સર્વાનુમતે નિર્ણયો કરે તે માટે ખૂબ કુનેહપૂર્વક કાર્ય કર્યું.

આચાર્યપ્રવર સૂરિ સમ્રાટને સુંદર યશ મળ્યો અને સંમેલન આનંદપૂર્વક પૂર્ણ થયું. આપણા ચરિત્રનાયકે પણ રસપૂર્વક ભાગ લીધો અને પોતાના ગુરુદેવ શાસ્ત્રવિશારદ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજીનું નામ દીપાવ્યું. આ સમયે આરંભડાના ગાંધી મણીલાલ કાળીદાસના ધર્મપત્ની જડાવને દીક્ષા પોતાના જ વતનમાં લેવાની ઈચ્છાથી મુનિશ્રી સુમતિ-વિજયને ભાણવડ મોકલ્યા. ત્યાં ભારે ઉત્સવપૂર્વક વૈશાખ શુદિ ૧૦ ના રોજ જડાવબહેનને દીક્ષા આપવામાં આવી. સાધ્વીશ્રી જયશ્રીજી નામ રાખી શ્રી સંયમશ્રીજીના શિષ્યા બનાવ્યા. અહીં પૂ મહારાજશ્રીના ઉપદેશથી કાયમી આયં-બિલશાળા માટે એક ગૃહસ્થ તરફથી રૂપિયા મૂકાયા.

આપણા ચરિત્રનાયક અમદાવાદથી વિહાર કરી વીરમગામ થઇ સમી પધાર્યા. જ્ઞાનમંદિરની આવશ્યકતા જણાતાં ઉપદેશ દ્વારા રૂ. ૨૦૦૦) કરાવ્યા અને ધર્મભક્તિ જૈન જ્ઞાન મંદિરની સ્થાપના કરવામાં આવી. અહીંથી વિહાર કરી આરંભડાવાળા આશારામભાઈની વિનંતિ થતાં ત્યાં પધાર્યા.

અહીં ઉજમણું, શાન્તિસ્નાત્ર વગેરે સુંદર શુભ કાર્યો કરાવ્યાં અને ત્યાંથી પાનસર પધાર્યા.

'મથ્થેણ વંદામિ' ખંભાતના શેઠ કસ્તુરભાઈ વગેરે આગેવાનોએ વંદણા કરી.

'ધર્મલાભ!' પંન્યાસશ્રીએ ધર્મલાભ આપ્યો.

'કૃપાનિધાન! ખંભાતના સંઘની વિનતિ છે અને અમે તે માટે આપને પ્રાર્થના કરવા આવ્યા છીએ. ખંભાતમાં ચાતુર્માસ માટે પધારો અને ધર્મપ્રભાવના કરો,' શેઠ કસ્તુરભાઇએ વિનતિ કરી.

'ગુરુદેવ! એક ભાઈની ઉપધાન કરાવવાની ભાવના પણ છે' બીજા ગૃહસ્થે જણાવ્યું.

'દયાસિંધુ! ખંભાતની ત્રણ કુમારીકા બહેનોને દીક્ષાની પણ ભાવના છે તો જરૂર એ તરફ પગલાં કરો,' શેઠ કસ્તુરભાઇએ ફરી વિનતિ કરી.

'જહા સુખમ્! પાનસરની યાત્રા કરી વિહાર થશે અને જેઠ શુદમાં ખંભાત આવી જવા ધારણા છે,' પંન્યાસજીએ વચન આપ્યું.

ખંભાતના આગેવાનો મહારાજશ્રીની સંમતિથી ખૂબ રાજી થયા અને ખંભાત જઈ સંઘને આ ખુશ સમાચાર આપ્યા તો સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો.

પાનસરથી વિહાર કરી પૂ પંન્યાસજી મહારાજ ગામેગામ ધર્મ દેશના આપતા જેઠ શુદિ ૧૧ ના રોજ ખંભાત પધાર્યા.

ખંભાતના શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું. સં. ૧૯૯૦નું ચાતુર્માસ ખંભાતમાં કર્યું. આ ચાતુર્માસમાં ચૌદ પૂર્વ–અષ્ટ મહાસિદ્ધિ તથા અક્ષયનિધિ આદિ સુંદર ધર્મક્રિયાઓ થઇ.

પર્યુષણમાં મુનિ લલિતવિજયજીએ માસખમણ કર્યું અને બીજી ઘણી તપશ્ચર્યાઓ થઇ. પૂ. પંન્યાસજી મહારાજે કલ્પસૂત્ર વાંચન કરી આબાલવૃદ્ધને જૈનધર્મનું રહસ્ય સમજાવ્યું. માસખમણ નિમિત્તે જૈન શાળામાં અષ્ટાપદજીની રચના કરી પ્રભુ પધરાવ્યા. હજારો લોકોએ દર્શનનો લાભ લીધો. પર્યુષણમાં ઉપજ પણ સારી થઈ. ભાદરવા શુદિ ૧૩ને દિવસે મુનિ કંચનવિજયજી તથા મુનિ ભુવનવિજયજીને ભગવતીના યોગમાં પ્રવેશ કરાવ્યો. આસો શુદિ ૧૦ના ઉપધાન શરૂ થતાં ૩૫ પુરુષો અને ૭૫ બહેનોએ પ્રવેશ કર્યો. માળારોપણ મહોત્સવ આનંદપૂર્વક થયો. ખંભાતના ત્રણ નાના કુમારિકા બહેનોનો દીક્ષા મહોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક કરવામાં આવ્યો. ત્રણ કુમારિકા બહેનોની સંસારમાંથી વિરક્ત થઈ ત્યાગમાર્ગ ગ્રહણ કરવાની ભાવનાથી બધા ખૂબ પ્રભાવિત થયા ત્રણે બહેનોના ત્યાગની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા.

ખંભાતથી વિહાર કરી પૂ. પંન્યાસજી મહારાજ શિષ્ય સમુદાય સાથે પાલીતાણા પધાર્યા. વિદ્વત્ કોવિદ્ ચારિત્રશીલ મુનિશ્રી કંચનવિજયજી તથા મુનિશ્રી ભુવનવિજયજીને પદારોહણ કરવાનો સમય નજીક આવેલ શ્રી સંઘને જણાવતાં અત્યંત હર્ષ થયો. તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો. સં. ૧૯૯૧ના મહા શુદિ ૬ના ચડતે પહોરે મુનિશ્રી કંચનવિજયજીને તથા મુનિશ્રી ભુવનવિજયજીને ગણિ તથા પંન્યાસપદથી

વિભૂષિત કરવામાં આવ્યા. આ પ્રસંગે ઘણી બહેનોએ જુદા જુદા વ્રતો ઉચ્ચર્યાં, સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો.

અહીંથી તળાજા પધાર્યા. સાચા દેવ શ્રી સુમતિનાથના દર્શન કરી આત્મિક વિકાસ અનુભવ્યો. અહીં ફાગણ વદી ૧૧ના કાયમી સંસ્થા માટે ઉપદેશ આપતાં વર્ધમાન તપ સંસ્થા સ્થાપન કરવામાં આવી. તે માટે સારૂં એવું ફંડ પણ થઈ ગયું. અહીંથી વિહાર કરી ભાવનગર પધાર્યા. ભાવનગરમાં તળાજાની વર્ધમાનતપની સંસ્થા માટે ઉપદેશ આપતાં રૂા. ૨૨૦૦) થયા. અહીંથી વિહાર કરી સિહોર થઇ દેવગાણા પધાર્યા. અહીં કચ્છ બાપટવાળા શાહ ચાંપશી પુનશીને દીક્ષા આપી મુનિ ચંપકવિજયજી નામ રાખી મુનિ પ્રભાવવિજયજીના શિષ્ય બનાવ્યા. અહીંથી વિહાર કરી ભાવનગર સંઘની વિનતિથી ભાવનગર પધાર્યા. સં. ૧૯૯૧નું ચાતુર્માસ ભાવનગરમાં કર્યું. ચાતુર્માસ પૂર્ણ થયે મહારાજશ્રીના ઉપદેશથી બાઇ સાંકળી-બહેને શત્રુંજયનો પોસાતીનો છ'રી' પાળતો સંઘ કાઢ્યો. અહીં યાત્રા કરી લીંબડી પધાર્યા. અહીં કામદાર સંઘવી ગોવિંદજી વીરચંદભાઇના ઉજમણા પ્રસંગે સ્થિરતા કરી. અહીં સંઘના આગ્રહથી ફાગણ ચોમાસી કરી પાટડી પધાર્યા.



# ૨૩

## આચાર્યપદ સમારોહ

' કૃપાસિંધુ ! આજે એક જરૂરી કામ માટે આવ્યો છું. આશા છે કે આપ મને નિરાશ નહિ કરશો.' પાટડીમાં શેઠ પોપટલાલ ધારશીભાઈએ વંદન કરી વાત મૂકી.

' ભાગ્યશાળી ! શાસનના કોઈ પણ કલ્યાણકારી કાર્ય માટે તો અમારૂં સાધુઓનું કર્તવ્ય છે. શું કામ છે તે દર્શાવો તો વિચાર કરી શકાય.' પંન્યાસજી મહારાજે જવાબ આપ્યો.

' ગુરુદેવ ! આપ વર્ધમાન તપોનિધિ છો. આપે ગામોગામ વર્ધમાનતપની સંસ્થાઓ સ્થાપવા પ્રેરણા આપી છે. શાસ્ત્રવિશારદ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના આપ પ્રાણપ્યારા શિષ્યરત્ન છો. આપે ઉપધાનો કરાવ્યા છે. ઊજમણાના ઉત્સવો કર્યા છે. તીર્થોની યાત્રા સાથે સંઘ કઢાવ્યા છે. અમારી આપશ્રીના ભક્તો અને આગેવાનોની ભાવના છે

કે આપશ્રી આચાર્ય પદવી સ્વીકારો અને અમને બધાને તે માટેનો લાભ આપો.' શેઠ પોપટલાલભાઈએ સ્પષ્ટતા કરી.

'પુણ્યશાળી! હું હજી આચાર્યપદને યોગ્ય નથી. પંન્યાસપદ તો તમારા બધાના આગ્રહથી સ્વીકાર્યું પણ હું તો સાધુપદમાં જ આનંદ માનું છું. અને અમારું સાધુનું કર્તવ્ય તો શાસનની પ્રભાવનાનું કાર્ય કરવું જ રહ્યું અને તપશ્ચર્યા તો મને ગળથૂથીમાં મળી છે.' આપણા ચરિત્રનાયકે પોતાની લઘુતા દર્શાવી.

સાહેબ! આપશ્રીના પ્રખર વકતૃત્વ, ચારિત્રશીલતા, શાસનની ધગશ વગેરે ગુણોથી આકર્ષાઈ પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીએ સંદેશ પાઠવ્યો છે કૃપા કરી સંમતિ આપો.' પોપટભાઈએ વિશેષ આગ્રહ કર્યો.

'ભાગ્યશાળી! તમારો આગ્રહ હૃદયપૂર્વકનો છે. પણ હું એ મહાન પદનો અધિકારી નથી.' પંન્યાસજીએ પોતાની અનિચ્છા દર્શાવી. પોપટભાઈ થોડા નિરાશ થયા પણ ફરી પ્રયત્ન કરવા નિર્ણય કરી રજા લીધી.

આપણા ચરિત્રનાયક વીરમગામ પધાર્યા. અહીં પણ શેઠ પોપટલાલભાઈ ફરી આચાર્યપદવી માટે વિશેષ આગ્રહ કરવા આવ્યા. વીરમગામના સંઘના આગેવાનોએ પણ પંન્યાસજી મહારાજને આગ્રહભરી વિનતિ કરી. આગમોદ્ધારક આચાર્ય

પ્રવર શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીનો ફરી સંદેશ આવ્યો અને આપણા ચરિત્રનાયકને સંમતિ આપવા ફરજ પડી અને સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો. શ્રી પોપટભાઈ વગેરે ગુરુભક્તોની ભાવના સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં આચાર્યપદ સમારોહ ભવ્ય રીતે ઉજવવાનો હોવાથી પંન્યાસજી મહારાજ પાલીતાણા પધાર્યા.

ધર્મનિષ્ઠ ઉદારચરિત્ર શેઠશ્રી પોપટલાલ ધારશીભાઈએ આચાર્યપદવી મહામહોત્સવ માટે અનેકવિધ તીર્થોની રચના કરાવી, અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો. આપણા ચરિત્રનાયકનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદ-સૂરીશ્વરજી અહીં બિરાજમાન હતા. આ પ્રસંગે આપણા ચરિત્ર-નાયક સાથે ત્રણ મહાત્મા ઉપા૦ શ્રી માણેકસાગરજી ઉપા૦ કુમુદવિજયજી, પં૦ શ્રી પદ્મવિજયજીને પણ આચાર્યપદથી વિભૂષિત કરવાના હતા. તીર્થોની રચનાના દર્શન કરવા માનવ-મેદની ઉમટતી હતી, જનતામાં આનંદની લહેર લહેરાણી હતી.

આ વખતે અક્ષયતૃતીયા ઉપર વરસીતપના પારણા નિમિત્તે તપસ્વીઓ તથા હજારો ભાઈ–બહેનોનો મોટો મેળો જામ્યો હતો. સં. ૧૯૯૨ ના વૈશાખ શુદિ ૪ ને શનિવારના પ્રાતઃસમયે વિશાળ માનવમેદનીની હાજરીમાં પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીએ ચાર મહાત્માઓને આચાર્યપદવીથી વિભૂષિત કર્યા. સભાજનોએ જયનાદોથી મંડપ ગજાવી મૂકયો. તેઓના નામ શ્રી માણેક-

સાગરસૂરિજી, શ્રી વિજયકુમુદસૂરિજી, શ્રી વિજયભક્તિસૂરિજી, શ્રી વિજયપ્રભસૂરિજી રાખવામાં આવ્યા.

આ પ્રસંગે આચાર્યપદવી સમારોહની સફળતા માટે તથા ચારે મહાત્માઓને અભિનંદન પાઠવતા દેશ દેશાવરના સંઘો તથા ગુરુભક્તોના કેટલાએ તારો આવ્યા હતા. અનેકવિધ શ્રીફળ આદિની પ્રભાવનાઓ થઈ હતી. આ મહા મહોત્સવ પ્રસંગે તીર્થોની રચના વગેરે માટે ઉદારચરિત ધર્મનિષ્ઠ ગુરુભક્ત શેઠ શ્રી પોપટલાલ ધારશીભાઇએ હજારો રૂપીયા વાપરી અપૂર્વ લ્હાવો લીધો હતો. આજથી આપણા ચરિત્રનાયક આચાર્ય વિજયભક્તિસૂરીશ્વરજીના નામથી પ્રસિદ્ધ થયા.

રાજકોટનિવાસી શ્રી મણીબહેને તળાજા સંઘમાં પધારવા વિનંતી કરી અને આચાર્યશ્રી તળાજા સંઘમાં પધાર્યા. યાત્રા કરી તીર્થમાળ પહેરાવી પાછા પાલીતાણા પધાર્યા.

લીંબડીના સંઘની આગ્રહભરી વિનતિથી ચાતુર્માસ માટે લીંબડી પધાર્યા. શ્રી સંઘે આચાર્યશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું. જેઠ વદી બીજે પ્રવેશ કર્યો તે જ દિવસે મીયાગામના શા. દલસુખભાઈ રતનચંદને દીક્ષા આપી, મુનિ દોલતવિજય નામ રાખી પોતાના શિષ્ય બનાવ્યા. અષાડ શુદિ ૬ મુનિ દોલતવિજયને વડી દીક્ષા આપી. આ પ્રસંગે જે ઉત્સવ કર્યો તેનો બધો ખર્ચ તેમના પુત્ર ભાઇ અમીચંદ તરફથી થયો. સં. ૧૯૯૨ નું ચાતુર્માસ આચાર્યશ્રીએ લીંબડી કર્યું. વ્યાખ્યાનમાં

શ્રી ભગવતી સૂત્ર શરૂ કર્યું. ભાગ્યશાળી બહેને મોતીનો સાથીઓ કરાવ્યો. પવિત્ર સૂત્રગ્રંથને હમેશાં જુદે જુદે ઘેર લઇ જતાં જ્ઞાનપૂજનની ઉપજ સારી થઇ વ્યાખ્યાનમાં જનતા સારી સંખ્યામાં આવવા લાગી, ઉપાશ્રય પણ નાનો પડી ગયો. આચાર્યશ્રીના સુધાભર્યાં વ્યાખ્યાનોની વાત સાંભળી લીંબડીના ધર્મપ્રેમી ઠાકોર સાહેબ પણ અપૂર્વ ભક્તિભાવપૂર્વક લાભ લેતા હતા. આ ચાતુર્માસમાં તપસ્યાઓ ઘણી થઈ, ઉપજ પણ સારી થઇ. સંઘમાં આનંદ આનંદ છવાઈ રહ્યો. આબાલવૃદ્ધને પૂજ્ય આચાર્યપ્રવરના મધુર મધુર પ્રેરક રસપ્રદ વ્યાખ્યાનોથી પ્રેરણા મળી.

ચાતુર્માસ પૂર્ણ થયે વિહાર કરી પોષ દશમે શ્રી શંખેશ્વરજી તીર્થ પધાર્યા. અમદાવાદનીવાસી ધર્મપ્રેમી શેઠશ્રી ડાહ્યાભાઇ સાંકળચંદે ઉજમણા પ્રસંગે પધારવા આગ્રહભરી વિનતિ કરી અને આચાર્યશ્રી અમદાવાદ પધાર્યા.

પોષ વદી ૬ ના રોજ ઉજમણાનો મહોત્સવ શરૂ થયો. ઉજમણા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ–પૂજા–પ્રભાવના–પ્રભુજીને અંગરચના–ભાવના આદિ થયા. ઉજમણાના દર્શને ભાવિક ભાઇ–બહેનો આવતા હતા. આચાર્યપ્રવરે પણ જ્ઞાનનો મહિમા અને તપશ્ચર્યા વિષે વ્યાખ્યાનો આપ્યા અને ધર્મ-પ્રભાવના સારી થઈ.

૨૪

# શાસન પ્રભાવનાના કાર્યો

'**ભગવંત**' અમારી ભાવના ઈડરમાં નવપદ આરાધન વિધિવિધાનપૂર્વક કરાવવાની છે. આપશ્રીને પધારવા અમારી આગ્રહભરી વિનતિ છે. આગલોરવાળા શેઠ પોપટભાઈ તથા શ્રી નગીનભાઇએ વંદણા કરી વિનતિ કરી.

'ભાગ્યશાળીઓ! તમારી ભાવના ઉત્તમ છે. તમે જાણો છો મને તો તપશ્ચર્યા માટે ખૂબ પ્રેમ છે. હું તો ગામે ગામ વર્ધમાનતપના સ્થાનો સ્થાપવા પ્રેરણા કરૂં છું. આ ઉજમણાનો મહોત્સવ પૂર્ણ થયે ઉપરીયાળા તીર્થની યાત્રા કરી ઈડર તરફ વિહાર કરવા ભાવના છે.' પૂ. આચાર્યપ્રવરે સંમતિ આપી.

'કૃપાળુ! અમે તૈયારી કરીએ છીએ ઈડરગઢના જીર્ણોદ્ધાર માટે પણ આપશ્રીએ પ્રેરણા આપવાની છે.' શેઠ પોપટભાઇએ સૂચના કરી.

'ભાઈ! મને તેનો ખ્યાલ છે. તમે તો બડભાગી છો. ઈડરના તમારા જેવા ધર્મપ્રેમી ગુરુભક્તો પાસેથી મારે તો ધર્મ-પ્રભાવના માટે ઘણું કામ લેવાનું છે.' પૂ. ગુરુદેવે પોતાની ભાવના પ્રદર્શિત કરી.

અમદાવાદથી વિહાર કરી પૂ. આચાર્યપ્રવર ઉપરીયાળાની યાત્રાએ પધારતાં રસ્તામાં ગામેગામ ઉપરીયાળા તીર્થના સંચાલન તથા વિકાસ માટે અસરકારક ઉપદેશ આપતાં ફાગણ શુદ ૮ના ઉપરીયાળા પધાર્યા. આજે તીર્થયાત્રા માટે ઘણા ભાઈ બહેનો ઉમટી આવ્યા. અહીં એક દિવસને બદલે ત્રણ દિવસનો કાયમી મેળો કરવા પ્રેરણા આપી. આથી દરેક ખાતામાં સારી ઉપજ થઇ. અહીંથી વિહાર કરી લીંચ, મ્હેસાણા, વીસ-નગર, વડનગર પધાર્યા. લીંચની વર્ધમાન તપ સંસ્થાને મદદની જરૂર જણાતાં ઉપદેશથી રૂા. ૧૦૦૦)ની તથા બીજા ગામોની પણ સારી મદદ કરાવી જેથી સંસ્થા સદ્ધર થઇ અને અવિ-ચ્છિન્નપણે ચાલવા લાગી.

ચૈત્ર શુદ ૫ના રોજ ઈડરમાં પ્રવેશ કર્યો. સંઘે ભાવભીનું સ્વાગત કર્યું. નવપદ આરાધન વિધિપૂર્વક ખૂબ આનંદ ઉત્સાહ અને ઓચ્છવપૂર્વક ઉજવાયું. પૂ. આચાર્યપ્રવરની સુધાભરી પ્રેરક દેશનાથી બહારગામની ઘણી ટીપો થઈ. ઈડરગઢના જીર્ણોદ્ધાર માટે પૂ. આચાર્યશ્રીએ પ્રેરણા આપી અને તે માટે સારૂં ફંડ થઈ ગયું. નવપદ આરાધન સમાજને હજારો

રૂપીઆની મદદ થઈ ઇડરમાં આચાર્યશ્રીની વાણીએ જાદુ કર્યા. નાના એવા ગામના ધર્મપ્રેમી ગુરુભક્તોએ દાનના ઝરણાં વહેવડાવ્યા, શાસન પ્રભાવનાના કાર્યો થયાં, સંઘમાં આનંદ આનંદ છવાઇ રહ્યો.

ઈડરથી વિહાર કરી આચાર્યશ્રી ઉંડણી પધાર્યા. શાહ મગનલાલ મુળચંદ તરફથી તારંગાજીના સંઘમાં ચતુર્વિધ સંઘ સાથે પધારી, યાત્રા કરી શ્રી અજીતનાથસ્વામીની ચમત્કારી તેજોમય મૂર્તિના દર્શન કરી, સંઘવીને તીર્થમાળ પહેરાવી. આ અરસામાં મ્હેસાણાનિવાસી શેઠ પુનમચંદ હરજીવનદાસને ઉજમણાની ભાવના થવાથી તેમની આગ્રહભરી વિનતિને માન આપી આચાર્યશ્રી મ્હેસાણા પધાર્યા. આચાર્યશ્રી અને તેના બહોળા શિષ્ય સમુદાયનું શ્રીસંઘે ભવ્ય સ્વાગત કર્યું.


આરંભડાના રહીશ ગાંધી વિઠ્ઠલદાસ કાલીદાસ આચાર્યશ્રીની વૈરાગ્યવાહિની દેશનાથી પ્રભાવિત થઇને દીક્ષાની ભાવનાવાળા હતા. તેમણે આચાર્યશ્રીને પોતાને દીક્ષા આપવા પ્રાર્થના કરતાં જણાવ્યું કે–ભગવંત ! મારી ભાવના ઘણા સમયથી દીક્ષા માટેની છે. મેં છ વીગયનો ત્યાગ કર્યો છે. મારા કુટુંબીજનો તે માટે રાજીખુશીથી દીક્ષા આપવા ઇચ્છે છે; તો હવે મને તારો.

દીક્ષાર્થી વિઠ્ઠલદાસભાઈની તીવ્ર ભાવના જોઇને આચાર્ય ભગવંતે મ્હેસાણામાં દીક્ષા આપવા સંમતિ આપી. મ્હેસાણાના સંઘે દીક્ષાર્થી વિઠ્ઠલદાસભાઈને અભિનંદન આપ્યું. સં. ૧૯૯૩ના

વૈશાખ વદી ૬ના રોજ મહા મહોત્સવપૂર્વક દીક્ષા આપી તેમનું નામ મુનિ વિનયવિજયજી રાખ્યું અને પૂ. આચાર્યશ્રીના શિષ્ય બનાવ્યા.

અહીંથી વિહાર કરી આચાર્યશ્રી ભોયણી પધાર્યા. અહીં મુનિ વિનયવિજયજીના સંસારી ભાઇ મણીલાલ કાલીદાસની કુમારિકા પુત્રી લક્ષ્મીબહેનને વૈશાખ વદી ૧૧ના રોજ ઘણા ઠાઠમાઠથી દીક્ષા આપવામાં આવી. સાધ્વી શ્રી લાવણ્યશ્રીજી નામ રાખી તેમના સંસારી માતુશ્રી સાધ્વીશ્રી જયાશ્રીજીના શિષ્યા બનાવ્યા. અહીંથી વિહાર કરી જોટાણા પધારી જેઠ શુદિ ૧૧ના રોજ નૂતન મુનિ વિનયવિજયજી તથા સાધ્વી લાવણ્યશ્રીજીને વડી દીક્ષા આપી. સમીના સંઘની ચાતુર્માસ માટે આગ્રહભરી વિનતિથી આચાર્યશ્રી વિશાળ શિષ્ય પરિવાર સાથે જોટાણાથી વિહાર કરી સમી પધાર્યા. સંઘે આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. સં. ૧૯૯૩નું ચાતુર્માસ સમીમાં કર્યું. અહીં પૂ. શ્રી સુમતિવિજયજીને ભગવતીજીના યોગમાં પ્રવેશ કરાવ્યો અને બીજા શાસનોન્નતિના ઉપધાન આદિ ઘણા સુંદર કાર્યો થયાં. અહીંથી આદરિયાણા પધાર્યા. અહીં સંઘના ઉત્સાહપૂર્વક ભાઇ મફતલાલને પોષ શુદિ ૧૪ ના રોજ દીક્ષા આપી મુનિ માણેકવિજયજી નામ રાખી પૂ. સુમતિવિજયજીના શિષ્ય બનાવ્યા. અહીંથી શાહ હઠીસંગ રાયચંદ તરફથી વડગામનો છ'રી' પાળતો સંઘ નીકળ્યો, તેનો લાભ લઈ ઉપરીયાળા તીર્થની યાત્રા કરી વીરમગામ પધાર્યા.

## ૨૫



# પદવીપ્રદાન તથા ઉજમણા મહોત્સવ

**વીરમગામના** સંઘે આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. મુનિરાજશ્રી સુમતિવિજયજીને ગણિપદારોપણનું મુહૂર્ત કાઢી સંઘે કરેલા મહાન્ ઉત્સવપૂર્વક બહારગામની ઘણી માનવમેદની વચ્ચે મહા વદી ૭ના દિને ગણિપદથી અલંકૃત કરવામાં આવ્યા આ વખતે સુંદર શાસન પ્રભાવનાના કાર્યો થયા. અહીંથી વિહાર કરી રસ્તામાં અનેક ભવ્ય જીવોની ઉપર ઉપકાર કરતાં કરતાં વડાવલી પધાર્યા. અહીં પં. શ્રી કંચનવિજયજી પહેલેથી પધારેલા હતા. ફાગણ શુદિ ૫ના રોજ નાણુ મંડાવતાં ૨૧ શ્રાવક-શ્રાવિકાઓએ બ્રહ્મચર્યાદિ વ્રતો ઉચ્ચર્યા અને સુંદર પૂજાઓ ભણાવવામાં આવી.

વડાવલીથી શુદિ ૬ ચાણસ્મા પધાર્યા. શ્રી સંઘે સુંદર સ્વાગત કર્યું; અહીં આચાર્ય મહારાજ પાસે ત્રણ માસથી રહેલ બોરૂના શા. સોમચંદ મનસુખરામને અત્યંત વૈરાગ્ય થયેલ અને વિગયનો ત્યાગ આદિ અભિગ્રહો રાખેલ, તેમની વારંવારની

વિનતિથી તેમને ચાણસ્મા સંઘે કરેલ મહોત્સવપૂર્વક ફાગણ શુદ ૧૦ના રોજ દીક્ષા આપી. તેમનું નામ મુનિ સુભદ્રવિજયજી રાખી મુનિ સુમતિવિજયજી ગણિના શિષ્ય બનાવ્યા. સંઘે ભાઈ સોમચંદને દીક્ષા લીધા પહેલાં અભિનંદનનો મેળાવડો કરી ધન્યવાદ આપ્યા હતા, તેમ જ તેમનો દબદબાભર્યો વરઘોડો કાઢયો હતો જે જોવા શહેરના લોકો ઉમટયા હતા. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો હતો.

આપણા ચરિત્રનાયક ચાણસ્મામાં હતા ત્યારે પાટણના આગેવાનો ગુરુદેવને પાટણ પધારવાનું નિમંત્રણ આપવા આવ્યા. ગુરુદેવ તો સમયના જાણકાર હતા. પાટણમાં આ વખતે સંઘ-સોસાયટીના ઝગડા-મતભેદો ચાલતા હતા. ગુરુદેવે કહ્યું કે–'ભાગ્યશાળીઓ! પાટણ તો ધર્મભૂમિ છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ મહારાજાની આ ભૂમિમાં જૈન સમાજમાં મતભેદો હોય તે સમજાય પણ મનભેદ ન હોવા જોઇએ. તમે જાણો છો શાસનપ્રભાવનાના અને ધર્મપ્રભાવનાના અરે તમારા સમાજ કલ્યાણના કામો અટકયાં છે તેનો તો વિચાર કરો. આ કુસંપનો અંત આવવો જોઈએ. પાટણનાં સંઘની પ્રતિષ્ઠા તો એકતામાં છે' અને આ વચનોએ જાદુ કર્યું. શાંતમૂર્તિ એવા ગુરુદેવની સમજાવટથી બન્ને પક્ષોમાં સંપનું વાતાવરણ જાગ્યું અને પાટણના આબાલવૃદ્ધમાં આનંદ આનંદ થઈ રહ્યો. ગુરુદેવ પાટણ પધાર્યા અને પાટણે ગુરુદેવનું ભવ્ય સામૈયું કર્યું. શ્રી ચંપાબહેન જેશીંગભાઈ ઝવેરચંદ તરફથી

શ્રીફળની પ્રભાવના થઈ. પાટણમાં ગુરુદેવે શ્રીસંઘને ઐક્ય સાધવા માટે અભિનંદન આપ્યા અને ધર્મ પ્રભાવનાના અને સમાજ કલ્યાણના કાર્ય કરવા પ્રેરણાઓ આપી રાધનપુરનિવાસી ધર્મનિષ્ઠ શ્રી મણીયાર હરગોવિંદદાસ જીવરાજભાઈની શ્રી શંખેશ્વરજી તીર્થમાં ઉજમણું કરવાની ભાવના હોવાથી તેમની આગ્રહભરી વિનતિને માન આપી આચાર્યશ્રી શંખેશ્વરજી પધાર્યા. અહીં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ઉજમણા પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ મંડાયો–પૂજા આદિ થયા. આચાર્યશ્રીની વૈરાગ્ય ભરપૂર દેશનાથી અનેક ભવ્ય આત્માઓએ જુદી જુદી જાતના વ્રતો ઉચ્ચર્યા તેમ જ છ થી સાત હજાર માનવ-મેદની ભરાઈ. ધર્મનિષ્ઠ શ્રી હરગોવિંદભાઇએ ઉદાર દિલથી ખૂબ લાભ લીધો. પૂ. આચાર્યશ્રીની સુધાભરી વાણીથી પ્રભાવિત થઈને શ્રી શંખેશ્વરજી તીર્થમાં અનેક ખાતાઓમાં સારી મદદ થઈ. ત્યારબાદ વિહાર કરી સાલડી પધાર્યા, સંઘે સ્વાગત કર્યું. અહીં મુનિ પ્રતાપવિજયજી તથા મુનિ પ્રબોધવિજયજીના વરસીતપના પારણા નિમિત્તે અનેરો મહોત્સવ ઉજવાયો. લીંચના સંઘે પણ પારણું કરાવી લાભ લેવા માટે વિનતિ કરતાં મુનિશ્રી પ્રતાપવિજયજી આદિને ત્યાં મોકલી લાભ આપ્યો.

સાલડીથી વિહાર કરી બોરૂ સંઘના આગ્રહથી બોરૂ પધાર્યા. વૈશાખ શુદિ ૬ના રોજ નાણ મંડાવી મુનિ માણેકવિજયજી તથા મુનિ સુભદ્રવિજયજીને વડી દીક્ષા આપી. આ પ્રસંગે

પૂજા, પ્રભાવના, નવકારશી આદિ બધું જ મુનિ સુભદ્રવિજયજીના સંસારી પિતાશ્રી તરફથી થયું હતું.

ચવેલીમાં પ્રતિષ્ઠા થવાની હોવાથી સંઘની આગ્રહભરી વિનતિથી પૂજ્ય આચાર્ય ભગવંતે શિષ્ય પરિવાર સાથે ધામધૂમપૂર્વક પ્રવેશ કર્યો. પં. કંચનવિજયજી આદિ ઠાણા પાંચ પણ પ્રથમથી જ આવી પહોંચ્યા હતા. તે નિમિત્તે કુમકુમ પત્રિકાઓ તૈયાર કરાવી ગામેગામ મોકલવામાં આવી. આચાર્યપ્રવરે વૈશાખ વદી ૬ ના શુભ મુહૂર્તે શ્રી વિમલનાથ સ્વામીની ભવ્ય પ્રતિમાને તખ્તનશીન કર્યા. આ પ્રસંગે બહારગામથી આવેલ મહેમાનોની સુંદર ભક્તિ કરવામાં આવી. વૈશાખ વદી ૮ ના રોજ નાણ મંડાવતાં ઘણાં સ્ત્રી પુરુષોએ બ્રહ્મચર્યાદિ વ્રત ઉચ્ચર્યાં.

અહીંથી લણવા પધારી પાઠશાળા માટે ઉપદેશ આપ્યો અને પાઠશાળા સ્થાપના કરવામાં આવી, તેમજ વ્રતો ઉચ્ચરાવ્યાં. અહીંથી કંથરાવી, ધીણોજ વગેરે ઠેકાણે વૈરાગ્યરસપૂર્ણ દેશનાથી શાસન પ્રભાવનાના અપૂર્વ કાર્યો કરાવતા ચાણસ્મા પધાર્યા. સંઘના અતિ આગ્રહથી મુનિ સુમતિવિજયજી ગણિ આદિ ઠાણા ૪ ને ત્યાં ચાતુર્માસ રાખ્યા.


શેઠ નગીનદાસ કરમચંદ આદિ સદ્ગૃહસ્થો તરફથી પાટણના ચાતુર્માસ માટે વિનતિ થતાં તેનો સ્વીકાર કરી વિહાર કરી રૂપપરની યાત્રા કરી જેઠ વદી ૬ ના પૂ આચાર્યશ્રીએ તથા

પં. શ્રી કંચનવિજયજી આદિ ઠાણા ૧૭ સહિત ધામધૂમપૂર્વક પ્રવેશ કર્યો. સાધ્વીશ્રી રમણીકશ્રીજી તથા સાધ્વી સુદર્શનાશ્રીને વડી દીક્ષા આપી. વાંકાનેરના શાહ અભેચંદ લાડકચંદે પૂ. આચાર્યશ્રીનો વાસક્ષેપ લઈ ચાણસ્મામાં અષાડ શુદિ ૧૦મે સમારોહપૂર્વક દીક્ષા લીધી. નામ મુનિ અભયવિજયજી રાખી મુનિ સુમતિવિજયજી ગણિવરના શિષ્ય બનાવ્યા. જે પ્રસંગે ચાણસ્માના સંઘે સુંદર મહોત્સવ કર્યો હતો. વ્યાખ્યાનમાં આચાર્યશ્રીએ સૂયગડાંગ સૂત્ર તથા સમરાદિત્ય કેવળી ચરિત્ર વાંચ્યું. અપૂર્વ વાણી પ્રકાશનથી ચૌદપૂર્વ અને વર્ધમાન તપ આદિ થયા તેમ જ એ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થયો. મુનિ જગતવિજયજીની તબીયત વિશેષ બગડી, પાટણના સંઘે તેમની સેવા સુશ્રુષા ઘણી કરી પણ તૂટીની બૂટી નહિ તેમ અષાડ વદ ૧૧ના રોજ મુનિ જગતવિજયજી કાળધર્મ પામ્યા. સંઘે તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ આદિ કર્યા.

સં. ૧૯૯૪નું ચાતુર્માસ આચાર્યશ્રીએ પાટણ કર્યું. આ ચાતુર્માસમાં શેઠ નગીનદાસ કરમચંદ આદિ ગૃહસ્થો તરફથી ઉપધાન તપ–માળારોપણ ઉત્સવ થયા, દેવદ્રવ્યાદિકની વૃદ્ધિ થઈ. તપશ્ચર્યા પણ ઘણી થઈ. શ્રી મણીલાલ ઝવેરીના પુત્રી બહેન શારદાને દીક્ષા આપી તેનું નામ સૂર્યોદયાશ્રી રાખવામાં આવ્યું અને તેમના જ માતા ચંદ્રોદયાશ્રીના શિષ્યા બનાવ્યા. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. ચાતુર્માસ પૂર્ણ થયે પાટણથી વિહાર કરી આચાર્યશ્રી ચાણસ્મા થઈ સમી પધાર્યા. અહીં

વડેચા ઘેલચંદ મગનચંદે મૂળનાયકજીનો હીરાજડિત મુગટ ચડાવવા નિમિત્તે મહોત્સવ શરૂ કર્યો. તેમાં ભાગ લઈ હારીજ, કંબોઈ થઇ ચાણસ્મા પધાર્યા. અહીં મહા શુદ ૧૩ ના રોજ મુનિશ્રી સુમતિવિજયજીને ગણિ અને પંન્યાસ પદવીથી વિભૂષિત કર્યા અને ઝીંઝુવાડાના શાહ ભવાનભાઈને દીક્ષા આપવામાં આવી. તેમનું નામ મુનિ ભાનુવિજયજી રાખવામાં આવ્યું અને પં. સુમતિવિજયજીના શિષ્ય બનાવ્યા. ચાણસ્માના સંઘે આ નિમિત્તે સુંદર મહોત્સવ કર્યો હતો. અહીંથી વિહાર કરી ખેરવા, સાલડી, બોરૂ, પાનસર થઇ કલોલ પધાર્યા. આ વખતે આરંભડાના રહીશ બહેન હરકોર પ્રથમથી સાધ્વીશ્રી જયશ્રીજીના પરિચયમાં આવેલ. પૂ આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી વૈરાગ્ય ભાવના જાગેલી, તેમની ભાવના દીક્ષા લેવાની થવાથી કલોલના સઘે અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કર્યો. બહેન હરકોરના શ્વસુરપક્ષના ભાઈ ગુલાબચંદ કાનજીભાઈ, જેઓ ઘણા વખતથી પૂર્વ આફ્રિકા રહે છે તેઓ હરકોર બહેનને દીક્ષા અપાવવા આફ્રિકાથી આવી પહોંચ્યા. તેમણે પણ મહોત્સવમાં સારો ભાગ લીધો. કલોલના સંઘમાં સારો રંગ જામ્યો. ફાગણ વદી ૬ ના દિવસે સમારોહપૂર્વક બહેન હરકોરને દીક્ષા આપી તેમનું નામ સાધ્વીજી હેમશ્રીજી રાખી આચાર્ય મહારાજની આજ્ઞાવર્તી સાધ્વીશ્રી દર્શનશ્રીજીના શિષ્યા સંજમશ્રીના શિષ્યા જયશ્રીજીના શિષ્યા કર્યા. તે જ દિવસે મુનિ ભાનુવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી. તેમને પં. શ્રી સુમતિવિજયજીના શિષ્ય જાહેર કર્યા. આ પ્રસંગે સંઘનો ઉત્સાહ

ઘણો સારો હતો. આસપાસથી ઘણા ભાઇ બહેનો આવ્યા હતા. અહીંથી સેરીસા યાત્રા કરવા માટે પધાર્યા. અહીં પણ પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય થયું. અહીંથી અમદાવાદ થઇ ઓગણેજ પધાર્યા. ચૈત્રીની શાશ્વતી ઓળી કરાવી. આસપાસના લોકોએ સારો લાભ લીધો. ઓગણેજના શાહ સોમચંદભાઈ અમથાલાલ તરફથી ચૈત્રી પુનમના દેવવંદન કરવામાં આવ્યા. આ નાનું ગામ હોવા છતાં સંઘે એક મંડપ ઉભો કરાવ્યો, આજુબાજુના ગૃહસ્થો પણ દેવવંદનમાં જોડાયા. આવી ક્રિયા કોઈવાર થઈ નહિ હોવાથી જૈનેતર લોકો પણ આનંદિત થયા. અમદાવાદના ધર્મનિષ્ઠ શેઠશ્રી મોહનલાલ છોટાલાલની ઉજમણાની ભાવનાથી તેમણે આચાર્યશ્રીને વિનતિ કરી અને આચાર્યશ્રી અમદાવાદ પધાર્યા. અહીં સુંદર સ્વાગત થયું. ઉજમણાની શોભા રમણીય હતી. હજારો ભાઈ–બહેનો દર્શને આવતા હતા. આ પ્રસંગે આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરિજીની પધરામણી હોવાથી શાસનપ્રભાવના સારી થઇ. વિહારની તૈયારી થતી હતી તેવામાં વઢવાણના સંઘ તરફથી ડેપ્યુટેશન ચાતુર્માસ માટે વિનતિ કરવા આવ્યું. તે માટે અત્યંત આગ્રહ થવાથી આચાર્યશ્રીએ વઢવાણ તરફ વિહાર કરવા નિર્ણય કર્યો. ડેપ્યુટેશનને ખૂબ આનંદ થયો. અમદાવાદે આચાર્યશ્રીને ભવ્ય વિદાય આપી, આચાર્યશ્રી વઢવાણ પધાર્યા.



## ૨૬

# ઉપધાન તપ મહોત્સવો

**વઢવાણના** શ્રીસંઘે આચાર્યપ્રવરશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. સંઘની ભાવના ભગવતી સૂત્ર સાંભળવાની થઈ. સાચા મોતીનો સાથીઓ થયો. દિવસે દિવસે વ્યાખ્યાનમાં માનવ-મેદની વધવા લાગી. સ્થાનકવાસી ભાઈઓ પણ વ્યાખ્યાનનો લાભ લેવા આવવા લાગ્યા. ઉપાશ્રય ટુંકો પડ્યો. સંઘે વિશાળ ઉપાશ્રય કર્યો. પૂ. આચાર્ય ભગવંતની વ્યાખ્યાનની શૈલી એવી તો પ્રભાવશાળી, સરળ અને રસપ્રદ હતી કે હંમેશાં લોકો રસપૂર્વક શાંતિથી સાંભળતા અને સૂત્રનો મહિમા–સૂત્રનું રહસ્ય તથા ભગવાનની વાણીની વાનગી સાંભળી લોકો ખૂબ પ્રભાવિત થતા હતા. શાસનનો જય જયકાર થઈ રહ્યો હતો. ચાતુર્માસમાં આચાર્યશ્રીની પ્રેરણાથી ઘણી ઘણી તપશ્ચર્યાઓ થઈ. કલ્પસૂત્રનું વાંચન સાંભળવા સંઘના આબાલવૃદ્ધ ઉમટી આવતા હતા. ક્ષમાપના અને સંવત્સરીનું રહસ્ય સાંભળી બધા ખૂબ પ્રભાવિત થયા હતા, આચાર્યશ્રીની વાણીમાં જાદુ હતો.

આસો માસમાં ઉપધાન તપ શરૂ થયા. લગભગ ૨૫૦ ભાઈ બહેનો ઉપધાન તપમાં જોડાયા. વઢવાણના શ્રી સંઘે ઉપધાન કરવાવાળા તપસ્વીઓની ભક્તિમાં કશી ખામી રાખી ન હતી. ઉપધાન કરનાર બધાને ખૂબ સંતોષ અને શાંતિ થઈ. માળારોપણનો મહોત્સવ ભવ્ય થયો. આસપાસના ગામથી સેંકડો ભાઈ બહેનો આ પ્રસંગે આવી લાગ્યા. વઢવાણ શહેર ઉત્સવથી ગાજી ઉઠ્યું. આ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ–શાંતિસ્નાત્ર વગેરે થયા. દેવદ્રવ્યાદિની ઉપજ પણ સારી થઈ. ૧૯૯૫ નું ચાતુર્માસ વઢવાણમાં ઘણા આનંદપૂર્વક સમાપ્ત થયું. શહેરના આગેવાનોની વિનતિથી આપણા ચરિત્રનાયકે એક જાહેર વ્યાખ્યાન આપ્યું. આ વ્યાખ્યાનમાં જૈન સંઘના આબાલવૃદ્ધ ઉપરાંત શહેરના આગેવાનો, અધિકારી વર્ગ, શિક્ષકો વગેરે મોટી સંખ્યામાં આવ્યા હતા. આ પ્રસંગે આચાર્યશ્રીએ પોતાની સુધાભરી વાણીમાં જ્ઞાનની મહત્તા, તપશ્ચર્યા અને ત્યાગ દ્વારા જીવન સાર્થક કરવાની ભાવના અને સમાજના મધ્યમ વર્ગને ઊંચે લાવવા માટેની ફરજ તથા બાળકો અને બાળાઓ જે આવતી કાલના નાગરિકો છે તેઓને સુસંસ્કાર અને સદાચાર આપવા માતા પિતાએ કેવી કાળજી રાખવી જોઈએ વગેરે ઉપદેશ આપી સભાજનોને પ્રભાવિત કર્યા હતા. સભાજનોએ આચાર્યશ્રીનો જય જયકાર કર્યો હતો.

માગશર વદી ૭ના રોજ વિહાર કરી ચુડાના શ્રી મનસુખભાઈ સુખલાલ તારવાળાની વિનતિથી તેઓના ઉજમણા પ્રસંગે


ચુડા પધાર્યા. વિહારમાં મૂળી આવતાં શ્રાવકોના આગ્રહથી જાહેર વ્યાખ્યાન થયાં. વ્યાખ્યાનમાં મૂળીના દરબારે સારો ભાગ લીધો હતો. ત્યાંથી ચુડા પધાર્યા. સંઘે સ્વાગત કર્યું. શ્રી મનસુખભાઇ તથા તેના કુટુંબીજનોએ ઉત્સાહપૂર્વક ઉજમણાની શોભા ખૂબ સુંદર બનાવી. સં. ૧૯૯૬ના પોષ વદીમાં ઉજમણું થયું. વ્યાખ્યાનમાં ઘણા ભાઇ બહેનોએ લાભ લીધો. જુદા જુદા અભિગ્રહો થયા. અહીંથી વિહાર કરી રાણપુર થઇ અલાઉ પધાર્યા. અલાઉમાં સં. ૧૯૯૬ના મહા શુદિ ૬ના રોજ શ્રી શંખેશ્વરજી પાસે ગામ સુરેલના રહીશ શાહ કાન્તિલાલ છોટાલાલને તેમના કુટુંબીજનોની સંમતિથી દીક્ષા આપી તેમનું નામ મુનિ કાન્તિવિજયજી રાખ્યું. અહીંથી વિહાર કરી વળા–સિહોર થઈ ભાવનગર પધાર્યા અહીં ચૈત્રી પુનમના દેવવંદન વિશાળ મેદની વચ્ચે સંઘના અપૂર્વ ઉત્સાહ સાથે કરાવવામાં આવ્યા. ભાવનગરનો સંઘ ચૈત્રી પુનમના દેવવંદન કરાવવામાં ઘણો જ ઉત્સાહ દર્શાવે છે. આ પ્રસંગે લગભગ એક હજાર જેટલા ભાઈ બહેનોની વચ્ચે દેવવંદન થયું. દેવ-દ્રવ્યની ઉપજ સારી થઇ. અહીંથી વિહાર કરી સિહોર થઈ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાએ પાલીતાણા પધાર્યા.

તીર્થાધિરાજ શત્રુંજયની યાત્રા કરી પાવન થયા. પાલીતાણામાં વૈશાખ શુદ ૩ ના દિવસે સિહોરના રહીશ ભાઈ હિંમતલાલ ભાઇચંદને દીક્ષા આપી તેમનું નામ મુનિ હરખવિજયજી રાખવામાં આવ્યું તેને મુનિશ્રી ભુવનવિજયજી ગણિના શિષ્ય

કર્યા. આ પ્રસંગે સુરતના રહીશ ભાઇ રમણલાલ વનેચંદની ભાવના દીક્ષાની થવાથી તેમને પણ દીક્ષા આપી મુનિ રસિકવિજય નામ રાખ્યું. તેમને મુનિશ્રી દોલતવિજયજીના શિષ્ય કર્યા. તે જ નાણમાં મુનિ કાન્તિવિજયજીને વડી દીક્ષા આપી અને આચાર્ય મહારાજશ્રીના શિષ્ય કર્યા. પાલીતાણામાં ઘણા શુભ કાર્યો થયા. અહીં જામનગરના શાહ કસ્તુરભાઇ વગેરે ચાતુર્માસની વિનતિ માટે આવ્યા. તેમણે જામનગરના શ્રી સંઘ વતી આગ્રહભરી વિનતિ કરી. તે વિનતિ સ્વીકારી જામનગર માટે વિહાર કર્યો. વિહારમાં ગારીયાધારમાં ૧૯૯૬ના વૈશાખ શુદિ ૧૦નો મોટો મહોત્સવ હતો તે પ્રસંગે ગારીયાધાર શ્રી સંઘની વિનતિથી થોડા દિવસ સ્થિરતા કરી, વ્યાખ્યાન વાણીનો લાભ આપી વિહાર કરતાં કરતાં જુદા જુદા ગામોમાં ધર્મપ્રભાવના કરતાં કરતાં રાજકોટ પધાર્યા. રાજકોટમાં આચાર્યશ્રી નરમ થઇ ગયા. શ્રી સંઘે ખૂબ સેવા સુશ્રૂષા કરી. એક મહિનો રાજકોટમાં સ્થિરતા કરી વિહાર કરી જામનગર પધાર્યા. જામનગરથી બે ગાઉ દૂર આચાર્યશ્રીને લેવા ઘણા ભાઇઓ ધુવાવમાં આવ્યા. અહીં પૂજા સ્વામીવાત્સલ્ય થયું. જામનગર પધારતાં શ્રીસંઘે આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું.

જામનગરના ચાતુર્માસમાં મુનિ રસિકવિજયજીની વડી દીક્ષા થઈ. મુંબઈથી ધર્મનિષ્ઠ ઉદારચરિત શેઠ શાંતિભાઇ ખેતશીભાઈ આવ્યા. આચાર્યશ્રીની સુધાભરી વાણીના પ્રભાવથી શેઠશ્રી શાંતિભાઇએ ઉપધાન તપ કરાવવા ઘણી સારી રકમ આપી.

તેમના તથા શ્રી જેઠાલાલ કસળચંદ તરફથી ઉપધાન તપ થયા. ઉપધાનમાં ભાઇ–બહેનોની સારી સંખ્યા હતી. તપસ્વીઓની રૂડી રીતે સેવા કરવામાં આવી. માળારોપણનો ઉત્સવ ભવ્ય બન્યો. બહારગામથી ઘણા ભાઈ–બહેનો આ ઉત્સવ પ્રસંગે આવ્યા હતા. દેવદ્રવ્યાદિકની ઉપજ સારી થઇ હતી. ચાતુર્માસમાં તપશ્ચર્યા ઘણી થઇ. સંઘમાં આનંદ આનંદ છવાઇ રહ્યો. આચાર્યશ્રીની સુધાભરી વાણી સાંભળવા જૈન–જૈનેતરો આવતા હતા. ચાતુર્માસ પૂર્ણ થયા પછી નવલબહેનને અઠ્ઠાઇ મહોત્સવપૂર્વક ઘણા ઠાઠમાઠથી માગશર શુદ ૫ ના રોજ દીક્ષા આપવામાં આવી. આ પ્રસંગે જામનગરના અગ્રગણ્ય આગેવાન શ્રી ફુલચંદભાઈ પુરૂષોત્તમ તંબોળીએ સારો લાભ લીધો અને અમુક ચીજનો અભિગ્રહ કર્યો હતો. નવલબહેનનું નામ નિપુણશ્રીજી રાખી સાધ્વી જયશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કર્યા.



## ૨૭

# આરંભડામાં પ્રતિષ્ઠા મહોત્સવ

'કૃપાસિંધુ! આરંભડા ગામ તો નાનું છે પણ અમે સુંદર મંદિર બંધાવ્યું છે, તેની પ્રતિષ્ઠા આપશ્રીના શુભ હસ્તે કરાવવા વિનતિ કરવા આવ્યા છીએ.' આરંભડાવાળા શ્રી જાદવજીભાઈ મુળજી વગેરે આગેવાનોએ વંદણા કરી પ્રાર્થના કરી.

'ભાગ્યશાળીઓ! તમારી ભાવના હું જાણું છું. તમે દહેરાસર માટે સારો એવો પ્રયાસ કર્યો છે. પ્રતિષ્ઠા માટેની તમારી વિનતિ યોગ્ય છે પણ થોડી મુશ્કેલી જણાય છે!' આચાર્યશ્રીએ શંકા રજુ કરી.

'ભગવંત! શું મુશ્કેલી છે તે આપશ્રી જણાવો. અમે તેનો ઉકેલ જરૂર કરી શકીશું.' જાદવજીભાઈએ ખુલાસો પૂછ્યો.

'જાદવજીભાઈ! આરંભડાનો રસ્તો ઘણો વિકટ છે. રસ્તામાં શ્રાવકોના ઘર પણ નથી. મારી સાથે શિષ્ય સમુદાય પણ છે, તેથી જરા વિચાર થાય છે.' આચાર્યશ્રીએ સ્પષ્ટતા કરી.

'ગુરૂદેવ ! એ માટે અમે પહેલેથી વિચાર કરી જ રાખ્યો છે. અમારા ઉત્સાહી સેવાભાવી ભાઇઓ વિહારમાં સાથે જ રહેશે અને આપને વિહારમાં કોઈ પણ જાતની મુશ્કેલી નહિ આવે. કૃપા કરી આપ પ્રતિષ્ઠા પર પધારવાની અમારી વિનતિને સ્વીકાર કરો. અમને તથા શ્રી સંઘને આપના પધારવાથી ખૂબ આનંદ થશે.' જાદવજીભાઈએ ફરી આગ્રહભરી વિનતિ કરી.

'જહા સુખમ્! પ્રતિષ્ઠાનું કાર્ય ઘણું ઉત્તમ છે. આરંભડા જેવા નાના ગામમાં પ્રતિષ્ઠા ઉત્સવ થાય તે આનંદની વાત છે. આપણે પ્રતિષ્ઠાને થોડા દિવસની વાર છે. હું જામનગરની આજુબાજુની પંચતીર્થીની યાત્રા કરી પોષ માસમાં તે તરફ વિહાર કરીશ.' આચાર્યશ્રીએ સંમતિ આપી.

'કૃપાસાગર ! આપની સંમતિથી અમને ખૂબ ખૂબ આનંદ થયો છે, વિહારના સમયે આપશ્રી અમને જરૂર જણાવશો, રસ્તાની તમામ વ્યવસ્થા અમે કરી રાખીશું.' જાદવજીભાઇએ આનંદ વ્યક્ત કર્યો.

આપણા ચરિત્રનાયક પૂ. આચાર્યશ્રી જામનગરની પંચતીર્થીની યાત્રા પૂરી કરી પાછા જામનગર આવી ગયા. જામનગર આવી પોષ માસમાં આરંભડા તરફ પ્રયાણ કર્યું. જામનગરથી વિહાર કરી અનુક્રમે ખંભાળીયા આવ્યા. સંઘે સુંદર સ્વાગત કર્યું. અહીં મહોત્સવપૂર્વક સાધ્વીજી નિપુણશ્રીજીની વડી દીક્ષા થઈ. ખંભાળીયાથી આરંભડા તરફ વિહાર

લંબાવ્યો. માર્ગમાં શ્રાવકોના ઘર ન હોવાથી આરંભડા વગેરે ગામોના શ્રાવકો સાથે રહ્યા. રસ્તામાં જૈનોના ઘર ન હોવા છતાં જૈનેતરોએ આચાર્યશ્રીની સામા આવી ખૂબ ઉત્સાહથી સામૈયા કર્યાં. ગામ વળતરા, રાણ, ગુરગઢ, ચરકલા, ખુરવાસર, હમુસર, નાગેશ્વર વગેરે ગામોમાં જૈનેતર ભાઇઓએ પોતાના ઘર ખાલી કરી ઉતરવા સ્થાન આપતા હતા. આચાર્યશ્રી પણ જૈનેતર ભાઇઓને સાદી રસભરી ભાષામાં કથાનકો દ્વારા ધર્મભાવના જગાડવા ઉપદેશધારા વહેવડાવી રહ્યા હતા. ગામેગામના લોકો પણ ગુરુદેવની સુધાભરી વાણી સાંભળી બહુ આનંદિત થતા હતા અને આ બધા નાનકડા ગામોમાં સદ્ભાગ્યે વિદ્વાન પ્રસિદ્ધવક્તા આચાર્ય ભગવાનના પુનિત પગલાં થયાં અને ગ્રામજનોને જે સદાચાર અને સેવાનો ઉપદેશ મળ્યો તે એક ધન્ય પ્રસંગ હતો.

ઉપદેશની અસર થતાં આચાર્યશ્રી જગ્યાએ જગ્યાએ ભાદરવા શુદિ ૪ સંવત્સરી અને અષાડી ચતુર્દશીની પાખી પડાવવાના દસ્તાવેજ કરાવતા અને આ પવિત્ર દિવસોમાં ધર્મ ધ્યાન–પરોપકાર કરવા પ્રેરણા આપતા હતા. મહા શુદિ ૧૩ના દિવસે આરંભડામાં પ્રવેશ થયો. આરંભડા શહેર તપસ્વી પ્રસિદ્ધવક્તા શાંતમૂર્તિ આચાર્ય ભગવંત તથા વિશાળ શિષ્ય પરિવારના આગમનની ઘણા સમયથી રાહ જોતું હતું. આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કરવા જૈન–જૈનેતર બધા તલસી રહ્યા હતા. ગામના આબાલ વૃદ્ધના આનંદથી આરંભડા ગાજી

ઊઠ્યું. આજુબાજુના જૈન-જૈનેતર ભાઈ-બહેનોના આગમનથી આરંભડા નાનકડું ગામ મટી શહેર બની ગયું. શહેરે આચાર્ય ભગવંતનું ભવ્ય સ્વાગત કર્યું. બજારો શણગારવામાં આવી, જગ્યાએ જગ્યાએ કમાનો ઊભી કરવામાં આવી. ગુરુદેવના દર્શન માટે ગ્રામજનો ઉમટી આવ્યા, આનંદની લહેર લહેરાણી, એક સુંદર મંડપ બાંધવામાં આવ્યો. આચાર્યશ્રીના સુધાભર્યા વ્યાખ્યાનો સાંભળવા જૈન-જૈનેતરો ઉમટી આવતા હતા. આચાર્યશ્રીના વ્યાખ્યાનોની ઘણી સારી અસર થઈ. ઘણા અભિગ્રહો થયા. કેટલાએ વ્યસનોની બાધા લીધી. પ્રતિજ્ઞાપત્રો લખાયા અને ગામના લોકોને એવી પ્રેરણા થઈ કે આચાર્યશ્રી આપણા નાનકડા ગામમાં પધાર્યા છે તો તેનો લાભ લઈને ગામના બાળકો, બાળાઓ, વિદ્યાર્થીઓ, યુવાનો, બહેનો અને વૃદ્ધો બધાના જીવન સુસંસ્કારી, ધર્મભાવનાવાળા, સદાચારી અને સેવાભાવી બને તો આરંભડાનો ઉદ્ધાર થઈ જાય. આ પ્રતિષ્ઠા હંમેશને માટે યાદગાર બની રહે.

પ્રતિષ્ઠાના વિધિ વિધાન માટે છાણીથી શ્રી નગીનદાસભાઈ પધાર્યા. અઠ્ઠાઈ મહોત્સવ મંડાયો. ઝીંઝુવાડાથી પ્રજ્ઞાચક્ષુ માસ્તર સુખલાલભાઈ આરંભડા શ્રી સંઘનું આમંત્રણ સ્વીકારી આવી પહોંચ્યા. તેઓ સારા સંગીતકાર હતા. તેમણે મહોત્સવમાં ખૂબ રંગ જમાવ્યો. તેમના વિધવિધ પ્રેરક પ્રભુભક્તિના ગાયનોથી આરંભડાના જૈનોને તો આનંદ થાય પણ જૈનેતર ભાઈ-બહેનો ખૂબ ખૂબ આનંદિત થયા અને ભાવનામાં રાત્રિના

બાર બાર વાગ્યા સુધી ગીતોની રમઝટ ચાલતી હતી ત્યારે બધા સંગીતની ધૂનમાં ડોલી રહ્યા હતા.

મહા વદી ૬ ના મંગળમય દિવસે ભગવાન શ્રી વાસુપૂજ્ય-સ્વામીને શ્રી કાળીદાસભાઈ કસ્તુરચંદે સારા મુહૂર્તે ગાદીએ બેસાડ્યા. આ પ્રતિષ્ઠાને દિવસે આરંભડામાં મોટો મેળો જામ્યો હતો. વિશાળ સમુદાય પ્રતિષ્ઠાની ક્રિયા જોવા તથા ભગવાનના દર્શન કરવા ઉમટી આવ્યો હતો.

પૂ. આચાર્ય મહારાજશ્રીના શિષ્ય મુનિશ્રી વિનયવિજયજી તથા તેઓશ્રીની આજ્ઞાવર્ત્તિ સાધ્વી દર્શનશ્રીજીના શિષ્યા સંજમશ્રીજીના શિષ્યા સાધ્વીજી જયશ્રી તથા તેમના શિષ્યા સાધ્વી લાવણ્યશ્રીજી બાલબ્રહ્મચારીણી આરંભડાના સુપુત્ર અને સુપુત્રી હોવાથી સમસ્ત પ્રજાના આનંદનો પાર નહોતો. શાન્તિ-સ્નાત્ર પણ ઘણા ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યું. પ્રતિષ્ઠાનો દિવસ કાયમ પાળવા સંઘે કબુલ કર્યું. પ્રતિષ્ઠાનો મહા મહોત્સવ ખૂબ ઠાઠમાઠ અને આનંદપૂર્વક થયો.

સાધર્મિક ભાઈઓની ભક્તિ વગેરેનો લાભ આરંભડાના સંઘે લીધો. તેમાં મુનિ વિનયવિજયજીના સંસારી પિતાશ્રી કાળીદાસ કસ્તુરચંદ પણ હતા. તે તથા શ્રી જીવરાજ લાલજી તથા ધર્મનિષ્ઠ જાદવજીભાઈએ જુદા જુદા ગામના સંઘની ભક્તિ કરવામાં અગ્રભાગ ઉઠાવ્યો. મહા વદ ૬ પ્રતિષ્ઠાની કાયમી તિથિની આંગી–પૂજા તથા સ્વામીવાત્સલ્યનો લાભ શ્રી

કાળીદાસભાઈએ લેવા માટે તેમણે સારી રકમ શ્રી સંઘને અર્પણ કરીને લીધો.

મહોત્સવ સમાપ્ત થતાં દ્વારકા જે વૈશ્નવ સંપ્રદાયનું મહાન પ્રસિદ્ધ તીર્થ ગણાય છે, ત્યાંના કેટલાક વૈશ્નવ ભાઇઓની વિનતિથી દ્વારકા જવા નિર્ણય થયો.

આચાર્યશ્રીના ઉપદેશથી એક ઉપાશ્રય થયો હતો. તેમાં અમદાવાદના શાહપુરવાળા શ્રી ઉમેદભાઈ ભૂરાભાઇએ રૂપીઆ ૭૦૧) અર્પણ કર્યા હતા.

આરંભડા શહેરના પ્રજાજનોએ આચાર્યશ્રીને ભવ્ય વિદાય આપી. આરંભડાની પ્રતિષ્ઠા યાદગાર બની ગઇ.

## ૨૮

# દ્વારકા અને જુનાગઢમાં ધર્મપ્રભાવના

**આ**રંભડાથી વિહાર કરી મીઠાપુર વગેરે થઈ દ્વારકામાં સમારોહ સાથે પ્રવેશ કર્યો. આરંભડાના જૈન ગૃહસ્થો ગુરુદેવ સાથે હતા. એક વિશાળ મુકામમાં ઉતારો કર્યો. દ્વારકા કૃષ્ણ ભગવાનની સંસ્કારભૂમિ. અહીં દ્વારકાધીશનું મહાધામ છે. શ્રી શંકરાચાર્યનો મઠ અહીં છે. વૈષ્ણવ સમાજનું આ પવિત્ર તીર્થધામ છે. મથુરા–વૃંદાવનથી ભગવાન શ્રી કૃષ્ણ સૌરાષ્ટ્રમાં દ્વારકા પધાર્યા હતા અને અહીં શેષજીવન વ્યતીત કર્યું હતું. શ્રી કૃષ્ણ પ્રજાજીવનના પ્રાણ હતા. ગીતાનો ધર્મગ્રંથ શ્રી કૃષ્ણે આપીને જગતને કર્મયોગ–જ્ઞાનયોગની ભેટ આપી છે.

મહા વદી ૧૧ના રોજ આચાર્યશ્રીનું જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું. મનુષ્ય કર્તવ્ય પર આચાર્યશ્રીએ એવું તો મનનીય વ્યાખ્યાન આપ્યું કે વૈષ્ણવ ભાઈઓને પણ ખૂબ આનંદ થયો. અનેક જન્મોના પુણ્યથી દુર્લભ એવો મનુષ્ય જન્મ મળ્યો છે તે પુણ્યકર્મ કરવા માટે છે. સંસારમાં જીવ

એકલો આવ્યો છે, એકલો જવાનો છે, પુણ્ય અને પાપ જ સાથે આવે છે. પવિત્ર જીવન–દુઃખી દર્દીની સેવા, તપશ્ચર્યા, સદાચાર અને પ્રભુભક્તિ એ મનુષ્યનું કર્તવ્ય છે. દેવોને પણ દુર્લભ એવા મનુષ્યભવમાં જીવનનું કલ્યાણ સાધી જઈએ તો ભવોભવ સુધરી જાય. તમે તો જાણો છો કૃષ્ણ ભગવાને ગીતા જેવો ધર્મગ્રંથ આપી જગતને કર્મયોગની ભેટ આપી છે. તેમના જ ભાઈ નેમકુમાર પશુ હિંસા થતી જોઈને લગ્નના મંડપમાંથી ચાલી નીકળ્યા અને આ સૌરાષ્ટ્રની ભૂમિના પવિત્ર ધામ ગિરનાર આવીને સાધના કરી. સર્વ ધર્મમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યનો મહિમા છે. જીવનનું રહસ્ય સમજીને આ કલ્યાણ યાત્રા સફળ કરો એ જ આ પવિત્ર ભૂમિનો સંદેશ છે. આચાર્યશ્રીના સુધાભર્યા વ્યાખ્યાનથી બધા પ્રભાવિત થયા. વૈષ્ણવ ભાઇઓને પણ મમતા જાગી પૂજ્યભાવ થયો અને આનંદ વ્યક્ત કર્યો. દ્વારકામાં આઠેક દિવસની સ્થિરતા કરી વ્યાખ્યાનો આપવા વૈષ્ણવ ભાઇઓએ વિનતી કરી પણ શીવા ગામના ત્રીભોવનદાસ હીરજીને ઉજમણા કરવાની ભાવના હતી અને આચાર્યશ્રીએ એ પ્રસંગે હાજર રહેવા સંમતિ આપી હોવાથી આચાર્યશ્રીએ વૈષ્ણવ ભાઈઓની પ્રેમભરી વિદાય લઇને શિવા માટે વિહાર કર્યો. કેટલાક વૈષ્ણવ ભાઇઓએ આચાર્યશ્રીના પગલાં પોતાને ત્યાં કરાવ્યા અને આચાર્યશ્રી તો કંચનના ત્યાગી. માત્ર પ્રાસુક આહાર ગોચરીરૂપે લેતા હોવાથી તેમની આ તપસ્વી જીવન સાધનાથી વિશેષ પ્રભાવિત થયા. આવા

શહેરમાં મુનિઓનું આગમન થતું રહે તો તો જૈનેતર ભાઈ-બહેનો ઘણું પામી જાય તેવો ગુરુદેવને સાક્ષાત્ અનુભવ થયો.

દ્વારકાથી વિહાર કરતાં એક બે વૈષ્ણવ ગૃહસ્થો તો આઠ નવ માઈલ સુધી સાથે રહ્યા. જૈનધર્મનું સ્વરૂપ બરાબર સમજાવવામાં આવે તો કેટલાયે જીવોના હૃદયપલટા થઈ જાય છે. વિહારમાં ગુરગટ થઈ નવાગામ, ખાખેડા, ગઢડા, ભારથલ થઈ મોટા ગુંદા આવ્યા. અહીં સાધ્વીજી જયશ્રીજીના સંસારી પિતાશ્રી પોપટલાલ જયરામભાઈને નાણુ મંડાવી સજોડે બ્રહ્મચર્યવ્રત ઉચ્ચરાવ્યું. તે પ્રસંગે બીજા ભાઇ-બહેનોએ પણ જુદા જુદા વ્રત લીધાં. અહીંથી શિવા પધાર્યા. સંઘે સુંદર સ્વાગત કર્યું. શ્રી ત્રીભોવનદાસ હીરજીભાઈ તરફથી ઉજમણું મંડાયું. આજુબાજુના કેટલાક ગામના શ્રાવકો આવી પહોંચ્યા. જામનગરથી શ્રી મોહનલાલભાઈની ટોળી આવી પહોંચી. પૂજામાં ખૂબ ઠાઠ જામ્યો. સ્વામીવાત્સલ્ય કરી ત્રીભોવનભાઇએ સંઘની ભક્તિનો સારો લાભ લીધો. અહીંથી વિહાર કરી ભાણવડમાં આઠેક દિવસ સ્થિરતા કરી. જૈન-જૈનેતરમાં વ્યાખ્યાનની સારી અસર થઈ. અહીંથી જૂનાગઢ શ્રી ગિરનારની યાત્રા માટે શ્રાવક-શ્રાવિકાની ટુકડી તૈયાર થઈ. જુદા જુદા ગામોમાં વિહાર કરતા, ધર્મોપદેશ આપતા ધોરાજી પધાર્યા. અહીં ત્રણ ચાર દિવસ સ્થિરતા કરી વ્યાખ્યાનોનો લાભ આપી જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું. ભાણવડના ગૃહસ્થો સાથે જૂનાગઢમાં સં.

૧૯૯૭ના ચૈત્ર શુદિ ૩ના રોજ પ્રવેશ થયો. સંઘ તરફથી સુંદર સત્કાર થયો. નવપદજીની ઓળીના દિવસો નજીક આવતા હતા. ઉપદેશ આપતાં ઓળી કરાવવા નિર્ણય થયો. આસપાસના ગામના શ્રાવક–શ્રાવિકાઓ આચાર્યશ્રીને વંદન કરવા અને ઓળીનો લાભ લેવા આવી પહોંચ્યા. છત્રાસાથી કેટલાક આગેવાનો આવી પહોંચવાથી સારો રંગ જામ્યો. પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી માણેકસાગરસૂરિજી આદિ પણ અત્રે આવેલ હતા. અઠ્ઠાઈ મહોત્સવ ઘણો સુંદર થયો. ચૈત્રી પુનમના દેવ ઘણા સમારોહ સાથે ચતુર્વિધ સંઘ સહિત વાંદવામાં આવ્યા. તમામ શુભ કામોમાં જુનાગઢના સંઘે સારો લાભ લીધો. ગિરનારની યાત્રા કરી પાવન થયા. ગુરુદેવના વ્યાખ્યાનોનો જૈન જૈનેતરોએ ખૂબ લાભ લીધો.

## ૨૯

# પાલીતાણામાં શાસનપ્રભાવના

**ઓળી** બાદ આચાર્યશ્રીએ અમરેલી થઈ ગિરિરાજમાં પ્રવેશ કર્યો. સં. ૧૯૯૭નું ચાતુર્માસ પાલીતાણામાં કર્યું. અમદાવાદથી ગુરુભક્ત શ્રી ડાહ્યાભાઈ સાંકળચંદ વગેરે ગૃહસ્થો ચાતુર્માસ કરવા આવી પહોંચ્યા. ચાતુર્માસમાં અષાડ વદી ૮થી નવકારમંત્રનો તપ કરાવ્યો. તેમાં ૬૦૦ લગભગ ભાઈ બહેનો જોડાયા. હમેશાં સ્વામીવાત્સલ્ય થયાં. તપ પૂરો થયેથી આચાર્યશ્રીના ઉપદેશથી તપસ્વીઓ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિસ્નાત્ર તથા પાવાપુરી સમોવસરણની રચના વગેરે શુભ કાર્યો શ્રી મોતી સુખીયાની ધર્મશાળામાં પ્રભુજીને પધરાવી થયા. બીજા પણ તપો ઘણા થયા.

સિદ્ધક્ષેત્ર અને ગિરિરાજ શત્રુંજય પછી તો તપશ્ચર્યાનું શું પૂછવું ? આચાર્યશ્રીની તપશ્ચર્યાના પ્રભાવની મધુરી દેશનાથી પ્રભાવિત થઇ પાલીતાણામાં નાના મોટા બહેન ભાઇઓ

અને સંસ્થાના વિદ્યાર્થીઓએ ઘણી તપશ્ચર્યાઓ કરી. ૧૬ માસક્ષમણ થયા. અઠ્ઠાઇઓ તો સવાસો લગભગ થઈ. પર્યુષણમાં ઉપજ પણ ઘણી સારી થઈ. આસો શુદ ૧૦ના રોજ અમદાવાદના શ્રી ડાહ્યાભાઈ સાંકળચંદ તરફથી ઉપધાન શરૂ થયા. ઉપધાનમાં કલકત્તાથી મણીલાલ ઝીણાભાઇ તથા જગુભાઈ ઉપધાન માટે આવેલ હતા. બહેન ભાઇઓની સારી સંખ્યા હતી. માળ પ્રસંગે દેવદ્રવ્યાદિકની ઉપજ સારી થઈ. આ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિ સ્નાત્ર વગેરે શુભ કાર્યોથી શાસન પ્રભાવના સારી થઈ પાલીતાણાથી વિહાર કરી ૧૯૯૮ના પોષ માસમાં આચાર્યશ્રીના ગુરુવર્ય શાસ્ત્રવિશારદ આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીની જન્મભૂમિ મહુવા પધાર્યા. અહીંના સંઘને વર્ધમાન તપની ઓળીનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું. સંઘને આચાર્યશ્રીના પ્રવચનની ઘણી સારી અસર થઈ, તે જ વખતે રૂા. સાત–આઠ હજારનું લગભગ ફંડ થઈ ગયું અને તિથિઓ નોંધાણી. વર્ધમાન તપ કરનારની સંખ્યા પણ સારી થઈ. આજે પણ એ સંસ્થા સારી રીતે ચાલી રહી છે. મહુવાથી વિહાર કરી પાલીતાણા થઈ શિહોર પધાર્યા. અહીં મુનિશ્રી ભુવનવિજયજી ગણિ પોષ શુદિ ૧૧ના રોજ કાળધર્મ પામ્યા. તેમના શુભ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિ સ્નાત્ર વગેરે શુભ કાર્યો થયાં.

શિહોરથી વિહાર કરી બોટાદ થઇ લીંબડીમાં પ્રતિષ્ઠા હોવાથી લીંબડી પધાર્યા. સંઘે ભવ્ય સ્વાગત કર્યું. આ સમયે

લીંબડીના શાહ કેશવલાલ ખુશાલદાસની દીક્ષાનો મહોત્સવ શરૂ થયો. પ્રતિષ્ઠા મહોત્સવ ઘણો ઠાઠમાઠથી થયો. ફાગણ શુદિ ૩ના રોજ શ્રી શાન્તિનાથ ભગવાનને ગાદીનશીન કર્યા. તે સમયે અષ્ટોત્તરી સ્નાત્ર વગેરે થયા. સં. ૧૯૯૮ના ફાગણ શુદિ ૪ના રોજ ભાઇ કેશવલાલનો દીક્ષાનો વરઘોડો જોવા જૈનેતર ભાઈ-બહેનો ઉમટી આવ્યા. આજુબાજુના લોકો પણ આવ્યા હતા. ફાગણ શુદિ ૫ના રોજ ભાઈ કેશવલાલને વિશાળ હાજરીમાં વિધિ વિધાન પૂર્વક દીક્ષા આપી, તેનું નામ કુસુમવિજયજી રાખ્યું. તથા શિહોરના ભાઈ મોહનલાલ ભાઈની ભાવના ઘણા વખતથી દીક્ષાની હતી, તેને પણ તેજ સમયે દીક્ષા આપી નામ મુનિ માનવિજય રાખ્યું. પોતાના શિષ્ય મુનિ રંજનવિજયજીના શિષ્ય બનાવ્યા. ભાઇ કેશવલાલના કુટુંબીજનો તરફથી પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય વગેરે શુભ કાર્યો થયા. આ વખતે વડવાના ભાવનગરના એક ગૃહસ્થને ગિરિરાજ શત્રુંજયનો સંઘ કાઢવાની ભાવના થવાથી તેમના અતિ આગ્રહને વશ થઈ આચાર્યશ્રી ભાવનગર પધાર્યા. વડવામાં તેમનું સુંદર સ્વાગત થયું. સંઘ ખૂબ ઠાઠમાઠથી છ'રી' પાળતો વડવાથી નીકળ્યો. ઠેર ઠેર રસ્તામાં સ્વામીવાત્સલ્ય જુદા જુદા ગૃહસ્થો તરફથી થયા. સંઘનું પાલીતાણામાં સામૈયું થયું. અહીં ગિરિરાજની યાત્રા ભાવપૂર્વક થઈ. આચાર્યશ્રીએ સંઘવીને માળ પહેરાવી. ચૈત્રી ઓળી વિધિવિધાનપૂર્વક પાલીતાણામાં કરી, વૈશાખ શુદ ૩ના રોજ મોતી સુખીયાની ધર્મશાળામાં

નાણુ માંડવામાં આવી ત્યાં મુનિ શુભવિજયજી તથા મુનિ કુસુમ-વિજયજી તથા મુનિ માનવિજયજી તથા સાધ્વી સુનંદાશ્રીને વડી દીક્ષા આપવામાં આવી. આ પ્રસંગે મહોત્સવ સારો થયો. અહીંથી વિહાર કરી બોટાદ, લીંબડી થઈ વીરમગામના શ્રી સંઘની આગ્રહભરી વિનતિથી આચાર્યશ્રી વીરમગામ પધાર્યા. સંઘે સુંદર સ્વાગત કર્યું. સં. ૧૯૯૮નું ચાતુર્માસ વીરમગામ થયું. અહીં આચાર્યશ્રીએ જુદા જુદા તપો કરાવ્યા. વર્ધમાન તપની સંસ્થામાં રકમ ઘણી જુજ હોવાથી આચાર્યશ્રીએ સંઘને ઉપદેશ આપી સાત–આઠ હજાર રૂપિયાનું ફંડ કરાવ્યું. વર્ધમાન તપ કરનારની સંખ્યા વધવા લાગી. ચાતુર્માસ પૂર્ણ કરી જુદા જુદા સ્થળે વિહાર કરી ભોયણી, પાનસર, મહેસાણા, સેરીસા, અમદાવાદ થઈ વીરમગામ થઇ ફાગણ શુદ ૮ના રોજ ઉપરિયાળા તીર્થ પધાર્યા.

૩૦

## ઉપરિયાળામાં ધર્મશાળા

ઉપરિયાળા તીર્થનો મહિમા વધી રહ્યો હતો. સાધુ મુનિરાજો, સાધ્વીજી મહારાજો તથા ઘણા યાત્રિક બહેન-ભાઈઓ રોજ રોજ અવારનવાર આવતા હતા અને આનંદ-પૂર્વક આ તીર્થમાં શાંતિ અનુભવતા હતા. ઉપરિયાળાના હવા પાણી પણ ઘણા જ સુંદર હોવાથી આવનારને ખૂબ આનંદ થતો હતો.

આચાર્યશ્રી પધાર્યા છે એમ જાણ થતાં ઘણા ગુરુભક્તો પણ આવ્યા હતા. વ્યાખ્યાનમાં આચાર્યશ્રીની સુધાભરી વાણી સાંભળવા જૈન જૈનેતર આવતા હતા અને અહીં ત્રણ દિવસનો મેળો હોવાથી હજારો ભાઈ બહેનો ઉમટી આવ્યા હતા. આ પ્રસંગે બજાણાથી દરબારશ્રી તથા દિવાનશ્રી પણ આચાર્યશ્રીની વાણીનો લાભ લેવા પધાર્યા હતા. ઉપરિયાળા તીર્થના મહિમાની વાત વ્યાખ્યાનમાં કરતાં આચાર્યશ્રીએ ઉપરિયાળા જેવા તીર્થમાં

એક સુંદર ધર્મશાળાની જરૂરીઆત માટે પ્રેરણા આપી અને ખાસ કરીને બજાણાના દરબારશ્રીને સૂચના કરી કે આ તીર્થનો મહિમા દિવસે દિવસે વધતો જાય છે. પૂ. સાધુ–સાધ્વી તથા હજારો યાત્રિકો હરહંમેશ યાત્રાર્થે આવે છે પણ તેઓને રહેવા કરવાની જોઈએ તેવી વ્યવસ્થા નથી તો ઉદારચરિત એવા રાજવીએ આ તીર્થ માટે પહેલાં વચન આપેલું તે હવે પાળવાનો સમય આવ્યો છે, તેમાં તમારી શોભા છે, તમે ભાગ્યશાળી છો. અમારા જૈન સંઘની તો ભાવના છે કે આપશ્રી જમીન આપો તો તે ઉપર સુંદર ધર્મશાળા બંધાવી શકાય અને આવનાર યાત્રિકોને ખૂબ રાહત મળે


આચાર્યશ્રીના પ્રેરણાત્મક પ્રવચનની જાદુઈ અસર થઈ અને બજાણાના દરબારશ્રીએ પહેલા આપેલી ને પછી કોઈ કારણસર પાછી લીધેલી જમીનનો પ્લોટ આપવા જણાવ્યું અને સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. લોકોએ આચાર્યશ્રી અને રાજવીનો જય જયકાર કર્યો. દરબારશ્રીએ ધર્મશાળા તાકીદે કરવા ભલામણ કરી. આચાર્યશ્રીના ઉપદેશથી ઓરડીઓ નોંધાઈ અને ફંડ શરૂ થયું અને થોડા વખતમાં આચાર્યશ્રીની પ્રેરણાથી કામ શરૂ થયું. શાહ સોમચંદભાઈ નથુભાઇ આ કાર્યમાં ખૂબ રસપૂર્વક કામ કરવા લાગ્યા. શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાને મોકલી કોલ્હાપુર વગેરે સ્થળેથી મદદ લાવ્યા. આ ઉપરાંત આચાર્યશ્રીએ જુદા જુદા ગામોમાં ઉપરિયાળા તીર્થની ધર્મ-શાળા માટે ઉપદેશ આપી રૂા. વીસ હજારની મદદ મોકલી

આપી. આજે તો ઉપરીયાળા તીર્થમાં ભવ્ય આલીશાન ધર્મ-શાળા થઈ છે અને યાત્રિકોને ખૂબ સગવડ રહે છે. આ સંસ્થાનો વહીવટ વીરમગામના ભાઈઓ તથા સોમચંદભાઇ નથુભાઈ કરી રહ્યા છે.

ઉપરીયાળાથી વિહાર કરી શ્રી શંખેશ્વરની યાત્રા કરી સમી પધાર્યા. સમીમાં સાધ્વીજી જીતેન્દ્રશ્રીજી જે આચાર્યશ્રીના શિષ્ય મુનિરાજ પ્રભાવવિજયજીની સંસારી ભત્રીજી થાય છે, તેમની તથા ચંદ્રકાન્તાશ્રી જે મુનિરાજ વિનયવિજયજીની સંસારી પુત્રી બંનેની પ્રથમ દીક્ષાઓ થયેલી તેની વડી દીક્ષા થઇ. વડી દીક્ષા સમયે શ્રી જીતેન્દ્રશ્રીજીના સંસારી પિતા શ્રી દેસર રાણાએ પૂજા પ્રભાવના વગેરેનો સારો લાભ લીધો સમીથી વિહાર કરી રાધનપુર થઈ સમીના સંઘની વિનતિથી ચાતુર્માસ માટે સમી પધાર્યા. સં. ૧૯૯૯નું ચાતુર્માસ સમીમાં થયું. આ ચાતુર્માસમાં તપશ્ચર્યાઓ વગેરે શુભ કાર્યો ઘણા થયા. રાધનપુરની વિનતિ થવાથી પં. સુમતિવિજયજી આદિ ઠાણા ૮ને ચાતુર્માસ માટે રાધનપુર મોકલ્યા. સુમતિવિજયજીના વ્યાખ્યા-નથી રાધનપુરના સંઘમાં સારો આનંદ ફેલાયો. પરંતુ કાળની ગતિ વિચિત્ર હોવાથી આ ચાતુર્માસમાં પં. સુમતિવિજયજી બિમાર પડી ગયા. સંઘે ખૂબ સેવા સુશ્રુષા કરી દવા ઔષધ વગેરેમાં જરા પણ કસર ન રાખી પણ તૂટીની બૂટી નહિ તેમ શ્રાવણ વદ ૧૨ અઠ્ઠાઇધરના દિવસે કાળધર્મ પામ્યા. રાધનપુરના સંઘે પન્યાસજીને એકલા સુખડથી અગ્નિસંસ્કાર કર્યો. સમી સમાચાર

આવતાં દેવવંદન કર્યું. તે જ અરસામાં તપસ્વી મુનિ લલિત-વિજયજી જેઓએ પોતાની જીંદગીમાં ૧૨–૧૩ માસક્ષમણ કરેલ તેમજ ૪૫ ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યા કરેલ તેમજ બીજી નાની મોટી ઘણી તપશ્ચર્યા કરેલ તે ભાદરવા શુદ ૧ના રોજ કાળધર્મ પામ્યા. સમીના સંઘે શુભ ક્રિયા સારી કરી. આચાર્ય-શ્રીના ઉપદેશથી અઠ્ઠાઈ મહોત્સવ, અષ્ટોત્તરી સ્નાત્ર વગેરે શુભ કાર્યો આ બન્ને મુનિરાજોના શુભ નિમિત્તે ઘણાં જ સુંદર થયાં. સમી ચાતુર્માસ પૂર્ણ કરી ચાણસ્મા, લણવા થઈ કંથરાવી પધાર્યા. અહીં ઘણા વર્ષોથી સંઘમાં કુસંપ ચાલતો હતો તે આચાર્યશ્રીની પ્રેરણાથી દૂર થયો. સંઘમાં આનંદ આનંદ થયો. ધાર્મિક કાર્યો જે અટકી પડયાં હતાં તે શરૂ થયા.

અહીંથી વિહાર કરી ઊંઝા વગેરે થઈ મ્હેસાણા પધાર્યા. મ્હેસાણામાં ચૈત્રી ઓળી કરી ચૈત્રી પુનમના દેવ વંદાવ્યા. મ્હેસાણાના સંઘના આગ્રહથી ૨૦૦૦નું ચાતુર્માસ મ્હેસાણામાં થયું. મ્હેસાણામાં ઉપધાન તપ અષ્ટાહ્નિકા મહોત્સવ, શાંતિસ્નાત્ર વગેરે શુભ કાર્યો ઘણાં સુંદર થયાં.



# ૩૧

## સંપનો સંદેશ

'દયાસિંધુ! મથ્થેણ વંદામિ' થરાના ધર્મનિષ્ઠ શ્રી છોટાલાલભાઈએ વંદણા કરી.

'ધર્મલાભ!' ગુરુદેવે ધર્મલાભ આપ્યો.

'ગુરુદેવ! મારી ભાવના ઘણા વર્ષથી ઉજમણાની છે. વળી ચમત્કારી તીર્થ શ્રી શંખેશ્વરજીના સંઘની પણ મારી ભાવના છે. આપ કૃપાળુ થરા પધારો અને મારી ભાવના પૂર્ણ કરો.' છોટાભાઈએ વિનંતિ કરી.

'ભાગ્યશાળી! તમારી ભાવના સુંદર છે પણ થરાના સંઘમાં ઘણા સમયથી કુસંપ પેઠો છે તેનું શું છે!' આચાર્યશ્રીએ ટકોર કરી.

'ભગવંત! નજીવી બાબતોમાં મમત બંધાઈ ગયો છે. પણ આપ દીર્ઘ તપસ્વી અને શાસન દીપકના પુનિત પગલાથી મને

વિશ્વાસ છે કે સંઘમાં સમાધાન થઈ જશે ' છોટાભાઇએ આશા દર્શાવી.

'છોટાભાઈ જહા સુખમ્! હું તે તરફ આવવા વિચારૂં છું. પણ સમી અને જોટાણામાં થોડા શાસન પ્રભાવનાના કાર્યો પૂરાં કરી તે તરફ વિહાર કરીશ ' આચાર્યશ્રીએ સંમતિ આપી.

'કૃપાસિંધુ! ઉજમણા માટે તો હમણાં જ પધારો. પછી આપ સમી–જોટાણા જરૂર પધારશો. ૨૦૦૧ નું ચાતુર્માસ પણ થરામાં જ કરવા સંઘની વિનતિ છે તેનો પણ ખ્યાલ રાખશો.' છોટાભાઇએ ફરી વિનતિ કરી.

આચાર્યશ્રી થરા પધાર્યા. સંઘે ભવ્ય સ્વાગત કર્યું. છોટાલાલભાઈ સંપ્રીતચંદના ઉજમણામાં ખૂબ ઠાઠ જામ્યો. પાટણથી સારા સારા ગવૈયાઓ બોલાવવામાં આવ્યા પૂજા તથા ભાવનામાં જૈન જૈનેતર ભાઈ–બહેનો ઉમટી આવતા હતા. આચાર્યશ્રીના સુધાભર્યા વ્યાખ્યાનો સાંભળવા પણ આબાલવૃદ્ધ આવતા હતા. ઉજમણા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, શાંતિસ્નાત્ર, વરઘોડો, સ્વામી ભક્તિ વગેરેથી શાસનની શોભા સારી થઇ હતી. સંઘે આચાર્યશ્રીને ચાતુર્માસ માટે પણ વિનતિ કરી. પણ સમય બાકી હતો તેથી ક્ષેત્ર ફરસના કરી વિહાર કરી સમી પધાર્યા. સમીમાં રાધનપુરના રહીશ ચંચળ બહેનને ભગવાન પધરાવવાના હોવાથી રાધનપુરના ક્રિયા કરાવનાર ગૃહસ્થ આવી ગયા અને આચાર્ય ભગવંતે ભગવાનને ગાદી નશીન કરવાની ક્રિયા કરી સંઘમાં આનંદ આનંદ થઇ રહ્યો.

અહીંથી વિહાર કરી શ્રી શંખેશ્વર તીર્થની યાત્રા કરી ઓળી પ્રસંગે જોટાણા પધાર્યા.

જોટાણામાં આચાર્યશ્રીના ઉપદેશથી શાહ મણીલાલ ભીખાભાઇને ઓળી કરાવવાની ભાવના જાગ્રત થઇ. સિદ્ધચક્ર સમાજના કાર્ય કરનાર ગૃહસ્થોએ કાર્ય વધાવી લીધું. શ્રી મણીભાઇએ ઓળીમાં ખૂબ સારી રકમ આશરે પંદર વીસ હજાર જેટલી ખરચી સુંદર યશ મેળવ્યો. સિદ્ધચક્ર સમાજે પણ સારી રકમ ખરચી. આ ઓળીના ઉત્સવ નિમિત્તે ગામ બહાર વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો. શહેરે શહેર અને ગામે ગામ નિમંત્રણો મોકલવામાં આવ્યા હતા. સમૂહ એટલો બધો એકત્ર થયો કે ઉતરવાની જગ્યા ઘટી પડી. ઓળી કરનારની સંખ્યા જોટાણા જેવા નાના ગામમાં ૮૦૦ જેટલી થઈ, છૂટા આયંબીલ કરનાર જુદા. આ નિમિત્તે પાવાપુરી તથા મેરૂ પર્વતની રચના કરવામાં આવી હતી. આ રચનાના દર્શન માટે જૈન જૈનેતર હમેશાં મોટી સંખ્યામાં આવતા હતા. શુભ કાર્યોથી શાસન પ્રભાવના ઘણી સારી થઈ. આચાર્યપ્રવરના વ્યાખ્યાનો સાંભળવા માનવમેદની ઉમટતી હતી. તપશ્ચર્યા અને ત્યાગ વિષેના આચાર્યશ્રીના વ્યાખ્યાનોથી ખૂબ ધર્મ-પ્રભાવના થઈ. આ ઓળીના પ્રસંગે આચાર્યશ્રી કુમુદસૂરિજી પધાર્યા હતા. આ વખતે પણ આચાર્યશ્રીના ઉપદેશથી ઉપરીયાળા તીર્થની ધર્મશાળા માટે ઘણી મોટી રકમની મદદ મળી હતી.

જોટાણામાં શ્રી સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. જોટાણાથી વિહાર કરી મ્હેસાણા પધાર્યા. અહીં વરસીતપના પારણા હોવાથી શ્રી સંઘની વિનંતિથી આચાર્યશ્રી વૈશાખ શુદ ૩ સુધી રોકાયા. પારણા આનંદપૂર્વક કરાવી થરાની વિનતિથી ચાણસ્મા વગેરે સ્થળે થઇ થરા પધાર્યા. થરામાં જેઠ શુદ ૧૦ના મંગલ દિવસે પ્રવેશ થયો, સંઘે ભાવભીનું સ્વાગત કર્યું, જગ્યાએ જગ્યાએ ગહુંલીઓ થઈ. થરાના સંઘના આબાલ વૃદ્ધને આનંદ થયો. સં. ૨૦૦૧નું ચાતુર્માસ થરામાં થયું.

પર્યુષણના દિવસો આવી રહ્યા હતા ચતુર્દશીનો દિવસ હતો. આજે તો સંઘના આબાલ વૃદ્ધ હાજર હતા. આચાર્યશ્રી તો સમયના જાણકાર હતા. મંગળાચરણ કરી વ્યાખ્યાનની શરૂઆતમાં સંઘના આગેવાનોને સંબોધીને એકતાની વાત કરી. 'ભાગ્યશાળીઓ! સંઘની વિનતિથી ચાતુર્માસ કરવા તો આવ્યો. તમારી બધાની ભાવના ઘણી ઉત્તમ છે પણ મને જાણીને દુઃખ થયું કે ૪૦ વર્ષથી તમારા સંઘમાં કુસંપ પેસી ગયો છે. તમારા શ્રી સંઘના ઉપયોગી કામો પણ અટકી ગયા છે, તમારા ગામનો ઉદ્ધાર પણ અટકી ગયો છે તે તમે જાણો છો. જે મુનિરાજો આવે છે તે બધાને તમારા કુસંપથી દુઃખ થાય છે. જૈન સમાજ તો સમજુ અને ડાહ્યો ગણાય છે, કદી કોઇ મતભેદ હોય તો તેનો શાંતિથી ઉકેલ કરવો જોઇએ. થરા ગામમાં તો ઘણા ભાગ્યશાળી પડ્યા છે. તેઓ સંઘમાં ધર્મ-પ્રભાવના કરવા ઈચ્છે છે પણ કુસંપથી કોઈ સારા કામ થઈ

શકે નહિ. એક ભાગ્યશાળીએ ભગવતી સૂત્ર વાંચવા મને જણાવ્યું છે. અરે, એક પુણ્યશાળી ભાઈ તો ઉપધાન તપ કરાવવા ઇચ્છે છે. વળી તમે જાણો છો સંપ ત્યાં સુખ, સંપ ત્યાં શાંતિ, સંપ ત્યાં સંપત્તિ અને સંપ ત્યાં સંઘની ચડતી કળા. ભાગ્યશાળીઓ ! તમે બધા તમારા નાના નાના મતભેદો ભૂલી જાઓ. શાસનના હિત માટે કુસંપને ત્યાગીને બધા એકતા કરો અને જુઓ તો ખરા નાના એવા ગામમાં લીલા લહેર થશે. નવા નવા શાસનના કામો થશે, સૌનું કલ્યાણ થશે.' આ અસરકારક પ્રેરણાત્મક પ્રવચનની જાદુઈ અસર થઇ. સંઘમાં એકતા સ્થપાઈ અને આબાલ વૃદ્ધમાં આનંદની લહેર લહેરાણી. આચાર્યશ્રીના જયનાદોથી મંડપ ગુંજી ઊઠ્યો.

પછી તો એક ગૃહસ્થ તરફથી શ્રી ભગવતી સૂત્રનું વાંચન શરૂ થયું. મોતીનો સાથીઓ પૂરવામાં આવ્યો. વ્યાખ્યાનમાં ખૂબ ભીડ થવા લાગી. તપશ્ચર્યા પણ ખૂબ થઇ. એક દિવસ આચાર્યશ્રીની વ્યાખ્યાન વાણીની પ્રશંસા સાંભળી થરાના દરબાર વ્યાખ્યાનમાં પધાર્યા. આપણા આચાર્ય ભગવંત પણ સમયજ્ઞ હતા. તપશ્ચર્યાનું તેજ હતું.

જીવદયા ઉપર પ્રવચન શરૂ કર્યું.

'ભાગ્યવાનો ! શ્રાવણ માસ તો હિંદુ અને જૈન બધાને માટે પવિત્ર માસ છે. પ્રાણી માત્ર પર દયા રાખવી એ આપણા સૌનો ધર્મ છે. અરે, કુરાનેશરીફમાં પણ હિંસાની મના છે જ.

દરબારશ્રી તો ખુદાના બંદા છે, ઉદાર દિલ છે, પ્રજાના પિતા-તુલ્ય છે, તેઓ ગુણાનુરાગી અને સૌજન્યશીલ છે. મારી ભાવના છે કે પર્યુષણના આઠ દિવસ, મહોરમના દિવસ અને ગોકુળ અષ્ટમીના દિવસોમાં કાયમ માટે પોતાનાં ૨૪ ગામમાં જીવ હિંસા થાય નહિ તેવું જાહેરનામુ બહાર પાડે તો તેમનું પોતાનું તો કલ્યાણ થાય પણ હજારો પશુના પાલક અને રક્ષક બને. અને દરબારશ્રીએ ઉદારભાવે તે વાત કબૂલ કરી અને ઉપર પ્રમાણે જાહેરનામા પણ બહાર પાડ્યાં. થરાની પ્રજા દરબારશ્રીના આ જીવદયાના મહાન કાર્યની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા તેમજ સૌ ધન્યવાદ આપવા લાગ્યા.

થરામાં કદી ઉપધાન થયેલા નહિ. એક ભાગ્યશાળીની ભાવના જાગી, ઉપધાન થયા. ઘણા ભાઇ બહેનો તેમાં જોડાયા. બહારગામથી ઘણું માણસ માળનો મહોત્સવ જોવા આવ્યા. ઉપજ પણ સારી થઇ. આચાર્યશ્રીના ઉપદેશથી બહારગામના જીર્ણોદ્ધાર માટે રૂા. ૨૦૦૦)ની રકમ થઈ.

ચાતુર્માસ રૂડી રીતે પૂર્ણ થયું. તપશ્ચર્યાઓ ઘણી થઇ, સંઘ જમણ થયા, ઉપજ પણ સારી થઈ.

માગશર શુદિ ૧૦ના રોજ કેશરબહેનના કુટુંબીઓની ઇચ્છાથી દીક્ષા આપવા નિર્ણય થયો. વરઘોડા સાથે ગામ બહાર બગીચામાં વિશાળ માનવમેદની વચ્ચે દીક્ષા આપવામાં આવી. તેમનું નામ સાધ્વી કંચનશ્રીજી રાખી સાધ્વી ચંપક-

શ્રીજીના શિષ્યા કર્યા. મહા શુદિ ૫ ના રોજ નૂતન સાધ્વી કંચનશ્રીજીને દીક્ષા આપવામાં આવી. આચાર્યશ્રી તો પ્રભાવશાળી હતા. તેમની વાણીમાં મધુરતા હતી વ્યાખ્યાનની જાદુઈ અસર થતી અને ઘણાં ધર્મ પ્રભાવનાના કાર્યો એ રીતે થતા હતાં. થરામાં ભાગ્યશાળી ઉદાર ગૃહસ્થોએ પાઠશાળા, વર્ધમાન તપ સંસ્થા, ઉપાશ્રય તથા બહારગામની ટીપોમાં સારી રકમ ખરચી લક્ષ્મીનો લહાવો લીધો. ચાતુર્માસ પૂર્ણ થયે ભીલડીયાજી જાત્રા કરી કુવાળા, ભાભેર, રાજપુર વગેરે ગામોમાં ધાર્મિક ઉપદેશ આપતા શ્રી શંખેશ્વરના સંઘ માટે થરા પધાર્યા.



# ૩૨

## જીવદયા તથા દીક્ષા મહોત્સવો

**થરાથી** મહા શુદિ ૭ના રોજ છોટાલાલભાઈના સંઘનું પ્રયાણ થયું. આચાર્યશ્રી અને શિષ્ય સમુદાય ઠા. ૧૨ તથા સાધ્વીજી દયાશ્રીજી આદિ ઠા. ૧૩ વગેરે સાથે ગામે ગામે ઉપદેશ આપતા આપતા ઉણ, સમી, મુજપુર વગેરે ગામોમાં સંઘનું સ્વાગત થયું હતું. સંઘવીએ મારગમાં ઠીક રકમો આપી હતી. શંખેશ્વરજીમાં સંઘનું સુંદર સ્વાગત થયું. મહા વદી ૨ની માળ પહેરી, માળ વખતે બહારથી ઘણા બહેન ભાઈઓ આવ્યા હતા. સંઘવી તરફથી નવકારસીઓ થઈ, સંઘમાં આવનારને સંઘવીએ જતાંનું ભાડું વગેરે તમામ ખર્ચ પોતાના તરફથી ઉદારતાથી આપ્યું હતું. સંઘવી છોટાલાલભાઈએ ૨૫ ગાઉના ગાળામાં રૂા. પચીસ હજાર જેટલી રકમ ખરચી સારો લહાવો લીધો હતો.

આચાર્ય મહારાજશ્રી શંખેશ્વરથી મુજપુર સમી થઈ ફાગણ શુદ ૮ના ઉપરીયાળા આવ્યા. ત્યાં ત્રણ દિવસ સ્થિરતા

કરી. અહીં ઘણા બહેન ભાઈઓ પણ આવ્યા હતા. ધર્મશાળા માટે ઉપદેશ આપી મદદ કરાવી. અહીંથી વીરમગામ થઈ, ભોંયણી ચૈત્રી ઓળીની સુંદર આરાધના કરાવી પાનસર થઈ શેરીસા પધાર્યા. શેરીસામાં પ્રતિષ્ઠા મહોત્સવ હતો. શાસનસમ્રાટ પૂ આચાર્યપ્રવર શ્રીમદ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, પૂ. વિજયોદયસૂરિજી આદિ પ્રતિષ્ઠા માટે પધાર્યા હતા. આપણા ચરિત્રનાયકે અહીં આઠ દિવસ સ્થિરતા કરી. અહીં શેઠ મુળચંદ બુલાખીદાસ આદિ ખંભાતમાં ચાતુર્માસ માટે વિનતિ કરવા આવ્યા. ખંભાતના ચાતુર્માસની સંમતિ આપતાં બધાને આનંદ થયો. શેરીસાથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. અમદાવાદમાં ગેડીયાના રહીશ શાહ ગાંડાલાલ દેવશીની દીક્ષાની ભાવના થતાં તેમને મહોત્સવપૂર્વક વૈશાખ વદી ૬ના રોજ ઘણા ઠાઠમાઠથી શ્રી હઠીભાઈની વાડીએ દીક્ષા આપવામાં આવી. તેમનું નામ મુનિ ગુણવિજયજી રાખી મુનિ વિનયવિજયજીના શિષ્ય કર્યા. મુનિ ગુણવિજયજીના સંસારી પુત્ર વગેરે કુટુંબીજનોએ દીક્ષામાં ઘણો સારો લાભ લીધો હતો. ખંભાતમાં ૨૦૦૨ના જેઠ વદી ૬ના રોજ પ્રવેશ કર્યો, સંઘે સુંદર સ્વાગત કર્યું. અષાડ શુદિ ૧૧ના રોજ મુનિ ગુણવિજયજીની વડી દીક્ષા થઈ તથા શહેરયાત્રા કરવામાં આવી. ખંભાતના જુદા જુદા મહોલ્લાના નિમંત્રણ આવ્યા. આચાર્યશ્રી તે માટે મહોલ્લે પધાર્યા, મંડપો બાંધવામાં આવ્યા, વ્યાખ્યાનમાં ખૂબ ભીડ જામતી હતી. પૂજા, પ્રભાવના વગેરેનો સંઘે સારો લાભ લીધો; શાસનપ્રભાવના સારી થઇ. ધર્મનિષ્ઠ જૈનરત્ન શેઠશ્રી

રમણુભાઈ દલસુખભાઈએ પોતાના બંગલા પાસે વિશાળ જગ્યામાં મંડપ બંધાવી વ્યાખ્યાન વંચાવી સારો લાભ લીધો.

ઉપરીયાળાની ધર્મશાળા માટે ઉપદેશ આપતાં શેઠ શ્રી રમણુભાઇએ રૂા. ૧૦૦૦) તથા શેઠ મુળચંદભાઇએ રૂા. ૧૦૦૦) અર્પણુ કરી સારો લાભ લીધો. ખંભાતમાં તપશ્ચર્યા ઘણી થઇ, ઉપજ પણુ સારી થઈ. પર્યુષણુ પર્વ ખૂબ આનંદથી થયા. શેઠ મૂળચંદભાઈ વગેરેએ ધર્મ પ્રભાવનાના કાર્યોમાં સારો લાભ લીધો.

ચાતુર્માસ પૂર્ણ થયે ખંભાતથી ૨૦૦૩ના કારતક વદ ૫ ના રોજ વિહાર કરી માતર પધાર્યા. અહીં પણુ શેઠ મુળચંદભાઇ મોટર લઈ આવ્યા અને બીજા ભાઇ–બહેનો પણુ આવી પહોંચ્યા. અહીં પૂજા, સ્વામીવાત્સલ્ય વગેરે કાર્યો થયા. અહીંથી વિહાર કરી આચાર્યશ્રી સાલડીના શ્રી સોમચંદભાઇની દીક્ષાની ભાવના હોવાથી તેમના સંબંધીઓનો અતિ આગ્રહ સાલડી પધારવાનો હોવાથી પાનસર થઈ માગશર શુદિ ૧૪ ના રોજ સાલડી પ્રવેશ કર્યો. સંઘે સુંદર સ્વાગત કર્યું. અહીં દીક્ષા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ શાંતિસ્નાત્ર સ્વામી ભક્તિ વગેરે શુભ કાર્યો સોમચંદભાઈના પિતાશ્રી નથુભાઇએ ઘણા ઉત્સાહથી કર્યા. માગશર વદી ૬ ના રોજ ઠાઠમાઠપૂર્વક દીક્ષા આપી તેમનું નામ સુજસવિજય રાખવામાં આવ્યું. મુનિશ્રી કનકવિજયજીના શિષ્ય તરીકે જાહેર કર્યા.

સાલડીના સંઘે આ દીક્ષાની યાદમાં માગશર વદી ૬ ની કાયમી પાખી પાળવા ઠરાવ કર્યો. શાહ ચંદુલાલ હેમચંદ તરફથી ડાભલાનો સંઘ નીકળ્યો. આચાર્યશ્રી તેમાં પધાર્યા. સંઘમાં માણસો ઘણા હતા. ડાભલાથી યાત્રા કરી આચાર્યશ્રી મ્હેસાણા થઇ ભોંયણી પધાર્યા.

અહીં મુનિ સુજશવિજયને મહા શુદિ ૭ ના રોજ વડી દીક્ષા આપી. તેમના કુટુંબીજનો પણ આ વડી દીક્ષા પ્રસંગે હાજર હતા. ભોંયણીથી વિહાર કરી છનીપાટથી પ્રતિષ્ઠામાં મુનિશ્રી જયંતવિજયજી પધારેલા અને સંઘના આગ્રહથી આચાર્યશ્રી પણ છનીપાટ પધાર્યા. છનીપાટની પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમપૂર્વક કરાવી બહારના ઘણા ભાઈ–બહેનો આવ્યા હતા. નાના ગામના લોકોને ખૂબ આનંદ થયો. અહીંથી વિઠલાપર શંખેશ્વર તીર્થની યાત્રા કરી સમી પધાર્યા. સમીમાં ઉપદેશ દ્વારા કેટલાક ધાર્મિક કાર્યો કરાવી શંખેશ્વર થઈ ઉપરીયાળામાં ફાગણ શુદ ૧૩ ના રોજ પધાર્યા. આ દિવસે અમદાવાદ, વીરમગામ, માંડલ, શંખલપુર, બજાણા વગેરે ગામોથી ઘણા ભાઈ બહેનો આવી પહોંચ્યા. પૂજા, પ્રભાવનાઓ, વ્યાખ્યાનો થયા.

મુનિ ગુણવિજયજી સંસારીપણાના ગેડીયાના રહીશ હોવાથી ગેડીયાના સંઘના આગેવાનો, ગેડીયાના પાટીદારો તથા મુસલમાન મલેક ભાઇઓ ગેડીયામાં પધારવા માટે વિનતિ કરવા આવ્યા. મુસલમાન ભાઈઓની ગુરુદેવ પરની શ્રદ્ધાથી

સૌને ભારે આશ્ચર્ય થયું. આપણા ચરિત્ર નાયક તો તમામ લોકોને પોત પોતાના ઈષ્ટ પછી ગમે તે હોય તેની ભક્તિ કરવાનો અને જીવદયાનો ઉપદેશ આપતા હતા તેથી બધા ખૂબ ચાહતા હતા. આ બધાનો હૃદયપૂર્વકનો આગ્રહ જોઈ આચાર્યશ્રીએ ૨૦૦૩ના ફાગણ વદી ૫ના રોજ ગેડીયામાં પ્રવેશ કર્યો. નાનું ગામ છતાં મુસલમાન ભાઇઓએ તથા સમસ્ત જનતાએ ગુરુદેવનું ભાવભર્યું સ્વાગત કર્યું. ઠેકાણે ઠેકાણે ગહુંલીઓ થઈ. જનતાની આગ્રહભરી વિનતિથી બે જાહેર વ્યાખ્યાન થયાં. આચાર્યશ્રીએ જીવદયા પર મનનીય પ્રેરણાત્મક વ્યાખ્યાન આપ્યું અને તે મુસલમાન ભાઈઓના હૃદયમાં ઉતરી ગયું. બધાના મન ગદ્ગદિત થઈ ગયા. સમસ્ત જનતાએ પર્યુષણના આઠ દિવસો તથા પોતાના પનોતા પુત્ર મુનિ ગુણ-વિજયજીની દીક્ષા તિથિ વૈશાખ વદી ૬ કુલ નવ દિવસોમાં કોઈ પણ જીવ હિંસા ન કરવા ઠરાવ થયો. એટલું જ નહિ વ્યાપારી, કારીગરો, ખેડૂતો પોતાનું કામ બંધ કરી ધર્મ ધ્યાન કરે આવો દસ્તાવેજ સંઘના ચોપડે થયો. આ સંબંધી જાહેર-નામા પણ બહાર પડ્યા, ગામના આગેવાનોએ સહીઓ કરી. આ કાર્ય એટલું સુંદર થયું કે નાના ગામની સમસ્ત જનતામાં આનંદ આનંદ છવાઈ રહ્યો. આચાર્યશ્રીનો જયજયકાર થઈ રહ્યો. ગુરુદેવે તો મુસલમાન ભાઇઓને અભિનંદન આપ્યા, એ ભાઇઓએ પણ ગુરૂદેવનું સન્માન કર્યું.

ગેડીયાથી વિહાર કરી બજાણા તાબેના નાના ગામ રામપરી

ગામે ફાગણ વદી ૬ના દિવસે આવ્યા. અહીં પણ જાહેર વ્યાખ્યાનથી દરેક કોમ જૈનેતર હોવા છતાં ગેડીયાની જેમ સમસ્ત પ્રજાએ પર્યુષણના ૮ દિવસ અને મુનિ ગુણવિજયજીની દીક્ષા તિથિ વૈશાખ વદી ૬ એ નવ દિવસ જીવહિંસા ન કરવા અને વૈશાખ વદી ૬ ની પાખી પાળવાનો અને ભાદરવા શુદિ ૫ ની કાયમી પાખી પાળવાનો દસ્તાવેજ કરી આપ્યો. આ કાર્યમાં મુનિ ગુણવિજયજીએ પણ બધાને સમજાવવા સારો પરિશ્રમ લીધો હતો. આવી કોમોમાં જીવહિંસા બંધ થાય તે ઘણું જ ખુશી થવા જેવું કાર્ય કહેવાય. બીજા ગામો તેનો દાખલો લે તો જીવદયાનું ઉત્તમ કામ થયું લેખાય. સાલડીના ભાઈ બાબુભાઇની દીક્ષાની ભાવના ઘણા વખતથી હતી. તેના પિતાશ્રી મણીલાલભાઈ વગેરે સમીમાં વિનતિ કરવા આવ્યા હતા તે વખતે મુહૂર્ત જોવરાવવામાં આવ્યું હતું અને વૈશાખ શુદિ ૧૦નું મુહૂર્ત આવ્યું હતું તેથી આપણા ચરિત્રનાયક આચાર્યશ્રી અહીંથી વિહાર કરી ભોંયણી પધાર્યા. અહીં ચૈત્રી ઓળીમાં ઘણા ભાઈ-બહેનોએ ભાગ લીધો. શ્રી જેસીંગભાઇ ઉગરચંદ અમદાવાદનિવાસી તથા ઘેલડાવાળા શ્રી મણીલાલ બાપુલાલ તથા દેકાવાડાના સંઘે ઓળી કરનારની સારી ભક્તિ કરી. ભોંયણીથી વિહાર કરી આચાર્યશ્રીએ સાલડીમાં વૈશાખ શુદ ૧ના રોજ પ્રવેશ કર્યો. સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું. દીક્ષાર્થી બાબુભાઈના પિતાશ્રી મણીભાઇએ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. સ્વામીભાઇઓની ભક્તિનો લાભ લીધો. ભાઈ બાબુભાઇનો

દીક્ષાનો વરઘોડો જોવા લોકો ઉમટી આવ્યા. વૈશાખ શુદિ ૧૦ના રોજ ભાઈ બાબુભાઈ ઉર્ફે રમણીકલાલને ધામધૂમપૂર્વક દીક્ષા આપી એમનું નામ મુનિ રૂચકવિજયજી રાખવામાં આવ્યું. અને તેમને મુનિ કનકવિજયજીના શિષ્ય તરીકે જાહેર કર્યા. આ સમયે આચાર્યશ્રીની તબીયત નરમ થવાથી થોડા દિવસ સાલડીમાં રોકાવાનું થયું. નૂતન મુનિ રૂચકવિજયજીને માંડલીયા જોગ કરાવ્યા અને જેઠ શુદિ ૩ના રોજ વડી દીક્ષા આપી. જેઠ શુદ ૪ના વિહાર કરી પાનસર થઈ અમદાવાદ પધાર્યા. કપડવંજના સંઘની આગ્રહભરી વિનતિથી આચાર્યશ્રી શિષ્ય પરિવાર સાથે કપડવંજ પધાર્યા. આ બે ચાતુર્માસમાં જીવદયા અને દીક્ષા મહોત્સવોના ઘણા ઉપયોગી કાર્યો થયા.



૩૩

# વરસીતપના પારણા અને ઉપધાનતપ

આચાર્યશ્રી તો દીર્ઘ તપસ્વી હતા. તેમના શિષ્યો પણ તપસ્વી હતા. મુનિશ્રી પ્રબોધવિજયજીએ તો અઠમે અઠમે વરસીતપ લીધેલો. મુનિશ્રી રંજનવિજયજીએ છઠે છઠે વરસીતપ લીધેલો. મુનિશ્રી મહિમાવિજયજી, મુનિશ્રી માણેકવિજયજી અને મુનિશ્રી ગુણવિજયજીએ ઉપવાસે ઉપવાસે વરસીતપ લીધેલો. આ બધા તપસ્વીઓની ભાવના સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં આદીશ્વર દાદાની શીતળ છાંયડીમાં પારણા કરવાની હોવાથી આચાર્યશ્રી કપડવંજના સંઘની વિનતિથી કપડવંજમાં શાસન પ્રભાવનાના કાર્યો કરવા કપડવંજ પધાર્યા. સંવત ૨૦૦૩ નું ચાતુર્માસ કપડવંજ કર્યું. સંઘે આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. આ ચાતુર્માસમાં શ્રી નમસ્કાર મહામંત્રનો તપ, કર્મસુદનનો તપ, અક્ષયનિધિ તપ, શ્રી વર્ધમાન તપ તથા નવપદની ઓળી વગેરે તપો ઘણા ભાઈ–બહેનોએ કર્યા. પર્યુષણ પણ

ખૂબ આનંદપૂર્વક થયા. તેમાં પણ ઘણી તપશ્ચર્યાઓ થઈ, ઉપજ પણ સારી થઈ. આચાર્યશ્રીના વ્યાખ્યાનમાં સારી ભીડ જામતી. આસો વદી ૭ ના રોજ નાણુ મંડાવતાં ઘણા ભાગ્યશાળી બ્હેન-ભાઈઓએ બ્રહ્મચર્ય આદિ વ્રતો ઉચર્યા. અષાડ શુદિ ૧૪ થી કારતક શુદિ ૧૪ સુધી ૨૩ પુરુષોની પૌષધ કરનારની મંડળી થઈ, તેઓ તથા બીજા સંબંધીઓને શાહ મંગળદાસ ભાઈચંદ તરફથી શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢી પાલીતાણા લઈ જવામાં આવ્યા. સંવત ૨૦૦૪ ના કારતક વદી ૧૪ થી ૨૦૦૫ ના કારતક શુદિ ૧૪ સુધી બંને ચૌદશના પૌષધના અભિગ્રહ ૨૩ ગૃહસ્થોએ લીધા. આ બધાં શુભ કાર્યો કરાવી કારતક વદી ૧૦ ના વિહાર કરી પાંચ તપસ્વી મુનિઓના વરસીતપના પારણા નિમિત્તે ૧૩ મુનિઓ સહિત આચાર્યશ્રીએ ગિરિરાજ સિદ્ધાચળ તરફ વિહાર કર્યો. પણ પારણાના સમય પહેલાં ગુરુદેવ અમદાવાદ શાહપુર સંઘની વિનતિને માન આપી અમદાવાદ પધાર્યા. અહીં થોડા દિવસ સ્થિરતા કરી વીરમગામ પધાર્યા. અહીં ઉપરીયાળાની તીર્થકમિટી આચાર્યશ્રીને ઉપરીયાળામાં ધર્મશાળાના ઉદ્દ્ઘાટન પ્રસંગે તથા આદીશ્વર ભગવાનના પગલાંની પ્રતિષ્ઠા નિમિત્તે થનાર મહોત્સવમાં પધારવા વિનંતિ કરવા આવ્યા. ઉપરીયાળાની ધર્મશાળાની પ્રેરણા આચાર્યશ્રીએ આપી હતી અને તે માટે જગ્યાએ જગ્યાએથી સારી મદદ મોકલાવી હતી, તેથી આ ઉદ્દ્ઘાટનના મંગળ પ્રસંગે આચાર્યપ્રવરની હાજરી જરૂરી હતી. આચાર્યશ્રીએ તે માટે સંમતિ આપી અને પૂજ્યશ્રી સપરિવાર શ્રી ઉપરીયાળા તીર્થમાં

પધાર્યા. તીર્થ કમિટી તથા ભાઈ–બહેનોએ આચાર્યશ્રીનું સુંદર સ્વાગત કર્યું. આચાર્યશ્રીએ શુભ દિવસે શ્રી આદીશ્વર ભગવાનના પગલાંની પ્રતિષ્ઠા આજુબાજુના એકત્રિત થયેલા સંઘ સમુદાયની હાજરીમાં આનંદપૂર્વક કરાવી. આચાર્યશ્રીની નિશ્રામાં ધર્મશાળાનું ઉદ્‌ઘાટન થયું. ઉપરીયાળા તીર્થની આ ધર્મશાળા સુંદર થઈ. હજારો ભાઈ–બહેનો તેનો લાભ લઈ રહ્યા છે. મેળાને પ્રસંગે તો આ ધર્મશાળા ઘણી ઉપયોગી થઈ પડે છે.

આ પ્રસંગે એકત્રિત થયેલા ભાઈ–બહેનોએ હર્ષિત હૃદયે તન, મન, ધનથી સુંદર લાભ લીધો. અહીંથી વિહાર કરી ગુરુદેવ વલભીપુર પધાર્યા. ચૈત્ર માસની શાશ્વતી ઓળીમાં નવપદની સુંદર આરાધના કરાવી. ચૈત્ર શુદ પુનમના દિવસે શ્રી ચતુર્વિધ સંઘને ઉલ્લાસપૂર્વક ‘દેવવંદન’ની આરાધના કરાવી. અહીંથી પૂજ્યશ્રીએ શ્રી સિદ્ધાચળજી પાલીતાણા તરફ વિહાર લંબાવ્યો.

ચૈત્ર વદ સાતમના શુભ દિવસે પાલીતાણામાં પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીનું સુંદર સ્વાગત કરવામાં આવ્યું. વરસીતપના પારણાનો મંગળ દિવસ આવી ગયો. વૈશાખ શુદ અક્ષય તૃતીયાના દિવસે પારણા નિમિત્તે યાત્રાળુ ભાઈ–બહેનોએ અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્રનો લાભ લીધો. તપસ્વી પાંચ મુનિરાજોને ભાવપૂર્વક ઈક્ષુરસથી પારણું કરાવવામાં આવ્યું. અઠ્ઠમે અઠ્ઠમે વરસીતપ લેનાર મુનિશ્રી પ્રબોધવિજયજી, છઠ્ઠે છઠ્ઠે વરસીતપ લેનાર

મુનિશ્રી રંજનવિજયજી તથા મુનિશ્રી મહિમાવિજયજી, મુનિશ્રી માણેકવિજયજી તથા મુનિશ્રી ગુણવિજયજીએ ઉપવાસથી વરસીતપ લીધેલ, આ બધા પૂજ્યશ્રીના તપસ્વી મુનિરાજોએ હજારોની સંખ્યામાં પારણા નિમિત્તે પધારેલ ભાઈ–બહેનોની હાજરીમાં પારણું કરી જીવન ધન્ય બનાવ્યું.

પં. શ્રી કંચનવિજયજી ગણી આદિ પચ્ચીસ ઠાણાની સાથે સં. ૨૦૦૪નું ચાતુર્માસ પાલીતાણામાં થયું. જેઠ વદી ૧૩ની સાંજે આયંબીલ તપથી નવાણુ યાત્રા કરતા મુનિશ્રી કનકવિજયજીના શિષ્ય તપસ્વી મુનિશ્રી સુજસવિજયજી મહારાજ ૬૪ મા આયંબિલે ૯૩ યાત્રા કરી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. બધા ગુરુબંધુઓને તેમના કાળધર્મ પામવાથી અત્યંત દુઃખ થયું પણ જ્ઞાનદ્રષ્ટિએ વિચારી તેમના આત્માની શાંતિ નિમિત્તે બધાએ તપશ્ચર્યાના વ્રત લીધાં.

પૂજ્યશ્રીની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ શાસનપ્રભાવનાના કાર્યો થયા. પં. કંચનવિજયજી ગણીએ ૩૧ ઉપવાસ કર્યા. બીજી પણ ઘણી તપશ્ચર્યાઓ થઈ. આચાર્યશ્રીના વ્યાખ્યાનોમાં ભારે ભીડ જામતી હતી. આચાર્યશ્રીના વૈરાગ્યરસ ભરપૂર દેશનાથી પ્રભાવિત થઈ શ્રી ચુનિલાલ લક્ષ્મીચંદના ધર્મપત્ની ચંચળબહેન, અચ્છારીવાળા શ્રી રાઈચંદભાઈ, વાપીવાળા શ્રી ધનરાજભાઈ, થરાવાળા શ્રી છોટાલાલભાઇ તથા કુતીયાણાવાળા શ્રી છગનલાલભાઈ બધાય તરફથી આચાર્યશ્રીની નિશ્રામાં ઉપધાનતપ શરૂ થયા. આ તપની આરાધના કરનાર ભાઇ–

બહેનોની સંખ્યા ૬૨૫ની હતી. દેવદ્રવ્યની આવક આશરે ચાલીશથી પચાસ હજારની થઈ. માળારોપણ મહોત્સવ પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ–શાન્તિસ્નાત્ર આદિ કાર્યો સુંદર રીતે થયા.

આચાર્યશ્રીના સુધાભર્યા વ્યાખ્યાનોથી પ્રભાવિત થઈ ઘણા ભાગ્યશાળીઓએ વ્રતો લીધાં. પાલીતાણામાં આચાર્યશ્રીની નિશ્રામાં પાંચ તપસ્વી મુનિરાજોના વરસીતપના પારણા આનંદપૂર્વક થયા અને ભાગ્યશાળીઓએ ઉપધાન તપ કરાવ્યાનો સારો લાભ લીધો, સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. અહીંથી પૂજ્યશ્રી સપરિવાર માગશર વદમાં ભાવનગર પધાર્યા.

૩૪

## ચાર બહેનોની ભાગવતી દીક્ષા

**ભા**વનગરના શ્રી સંઘે પૂજ્યશ્રીનું ઉલ્લાસપૂર્વક ભવ્ય સ્વાગત કર્યું. અહીંના મોટા દહેરાસરમાં બાજુમાં શ્રી શાંતિનાથ ભગવાન શ્રી અભિનંદનસ્વામીના દહેરાસરની પ્રતિષ્ઠા કરાવવાની હોવાથી શ્રી સંઘે પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવા ભાવના દર્શાવી અને સંઘની વિનતિને માન આપી પૂજ્યશ્રીએ સ્થિરતા કરી. પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થયો. હમેશાં પૂજા ભણાવવામાં આવતી હતી. ૨૦૦૫ ના મહા શુદ ૬ ના દિવસે મંગલ મુહૂર્તે પૂજ્યશ્રીએ પ્રતિષ્ઠા વિધિ કરાવી. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા શાહ વ્રજલાલ ભગવાનદાસે કરી અને મૂળનાયક શ્રી અભિનંદનસ્વામીની પ્રતિષ્ઠા શાહ જાદવજી નરશીદાસે કરી. આ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર, ગિરિરાજની રચના અને સ્વામીવાત્સલ્ય વગેરે ખૂબ આનંદ ઉલ્લાસપૂર્વક થયા. શ્રી સંઘે સુંદર લાભ લીધો. આ પ્રસંગે પ્રતિમાજીમાંથી અમી ઝર્યાં. પ્રતિષ્ઠાના દર્શને માનવ મહેરામણ ઉમટી આવ્યો.

અમીઝરણુની વાતથી શ્રી સંઘમાં આનંદની લહેર લહેરાણી. અહીંથી પૂજ્યશ્રીએ શિષ્ય પરિવાર સાથે શંખેશ્વર તરફ વિહાર કર્યો.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની છત્ર છાયામાં મહોત્સવ-પૂર્વક શ્રી શાશ્વતી ચૈત્રી ઓળીમાં નવપદની આરાધના ચતુર્વિધ સંઘને કરાવી

'મથ્થેણુ વંદામિ' અમદાવાદ શાહપુર સંઘના આગેવાનોએ વંદણા કરી.

'ધર્મલાભ!' ગુરુદેવે ધર્મલાભ આપ્યો.

'કૃપાસિંધુ! અમારી શાહપુરના સંઘની ભાવના છે કે આપશ્રી ૨૦૦૫ નું ચાતુર્માસ અમદાવાદ કરો તો સારી ધર્મ-પ્રભાવના થશે' એક આગેવાને વિનંતિ કરી.

'ગુરુદેવ! શ્રી ઉમેદભાઈની સુપુત્રી સવિતાની ભાગવતી દીક્ષાની ભાવના છે અને તે આપશ્રીની નિશ્રામાં લેવા ઇચ્છે છે' બીજા આગેવાને દીક્ષા માટેની વાત કરી.

'ભાગ્યશાળીઓ! રાધનપુરના બે બહેનોની પણ દીક્ષાની ભાવના છે અને રાધનપુર શ્રી સંઘની પણ વિનતિ છે' ગુરુદેવે સ્પષ્ટતા કરી.

'ભગવંત! શાહપુર ચાતુર્માસ કરી સવિતા બહેનને દીક્ષા આપી આપ સુખે રાધનપુર પધારશો. અમારી વિનતિ સ્વીકારો' એક આગેવાને આગ્રહ કર્યો.

શાહપુરના શ્રી સંઘના આગ્રહથી ગુરુદેવ અમદાવાદ પધાર્યા. શાહપુરના શ્રી સંઘે દબદબાપૂર્વક સુંદર સામૈયું કર્યું. ૨૦૦૫ નું ચાતુર્માસ શાહપુર કર્યું.

આ ચાતુર્માસમાં સુંદર શાસન પ્રભાવનાના કાર્યો થયાં. તપશ્ચર્યા પણ ઘણી થઈ, ઉપજ પણ સારી થઇ. ૨૦૦૬ ના માગશર વદ ૬ ના શુભ દિવસે મહોત્સવપૂર્વક શ્રી ઉમેદભાઇ ભૂરાભાઈના સુપુત્રી બહેન સવિતાને ભાગવતી દીક્ષા આપવામાં આવી. તેમનું નામ સાધ્વી લાવણ્યશ્રીના શિષ્યા તરીકે સાધ્વી સૂર્યપ્રભાશ્રી રાખવામાં આવ્યું. રાધનપુરમાં બે બહેનોની દીક્ષાની વિનતિથી આચાર્યશ્રી રાધનપુર તરફ પધાર્યા.

અમદાવાદથી પાનસર સાલડી સમી થઇ પૂજ્યશ્રી રાધનપુર પધાર્યા. રાધનપુરના શ્રીસંઘે ભવ્ય સ્વાગત કર્યું. ફાગણ વદ ૭ના શુભ દિવસે લુદ્રાવાળા શ્રી ચીમનલાલભાઈએ પુત્રીઓને મહોત્સવપૂર્વક દીક્ષા આપી, સાધ્વી સૂર્યયશાશ્રી તથા સુવિનિતાશ્રી નામ રાખી સાધ્વી લાવણ્યશ્રીના શિષ્યા તરીકે જાહેર કર્યા. આ સાથે સૌરાષ્ટ્રના ભાણવડના એક કુમારિકા બહેનને પણ ભાગવતી દીક્ષા આપી તેનું નામ સાધ્વી સુરેન્દ્રશ્રી નામ રાખી સાધ્વી હેમશ્રીજીના શિષ્યા જાહેર કર્યા. દીક્ષા પ્રસંગે દીક્ષાર્થી બહેનોના કુટુંબીજનોએ અઠ્ઠાઈ મહોત્સવ–શાન્તિસ્નાત્ર તથા સ્વામીવાત્સલ્ય વગેરે શુભ કાર્યોનો સુંદર લાભ લીધો. ચાર ચાર બહેનો સંસારના ભૌતિક સુખોનો ત્યાગ કરી દીક્ષાના મંગળ માર્ગે પ્રયાણ કરતા જોઇને લોકો ત્યાગ

માર્ગની તથા ચારે બહેનોના વૈરાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. ગુરુદેવની વાણીમાં વૈરાગ્ય ભાવના અને તપશ્ચર્યાની એવી તો ઝલક રહેતી કે સૌ શ્રોતાજનો પ્રભાવિત થઈ જતા અને ઘણાએ હૈયાના દુઃખદર્દો શાંત થઈ જતા. અહીંથી વિહાર કરી પૂજ્યશ્રી શંખેશ્વરજી તીર્થમાં પધાર્યા. અહીં ચૈત્ર માસની શાશ્વતી ઓળીની વિધિવિધાનપૂર્વક સુંદર આરાધના કરાવી.

શ્રી સમીના સંઘનો ૨૦૦૬ ના ચાતુર્માસ માટે ઘણો આગ્રહ હોવાથી પૂજ્યશ્રીએ વિનતિનો સ્વીકાર કર્યો. સંવત ૨૦૦૬ ના અષાડ શુદમાં શુભ દિવસે ગુરુદેવ સપરિવાર સમી પધાર્યા, સંઘે ભવ્ય સ્વાગત કર્યું. ૨૦૦૬ નું ચાતુર્માસ આનંદપૂર્વક સમીમાં કર્યું, તપશ્ચર્યા ઘણી થઈ, ઉપજ પણ સારી થઈ, શાસન પ્રભાવનાના કાર્યો પણ સારાં થયાં. ગુરુદેવે ઉપદેશ આપી પાઠશાળા માટે સારૂં ફંડ કરાવ્યું. સમીથી ૨૦૦૭ ના પોષ શુદમાં વિહાર કરી પૂજ્યશ્રીના પ્રાણપ્યારા તીર્થ શ્રી શંખેશ્વરજી પધાર્યા. યાત્રા કરી વિહાર કરી પ્રતિષ્ઠા નિમિત્તે બજાણા પધાર્યા. મહા સુદિ ૧૦ ના રોજ પૂજ્યશ્રીએ પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ, શાન્તિસ્નાત્ર તથા સ્વામીવાત્સલ્ય વગેરે શુભ કાર્યો થયાં. અહીંથી વિહાર કરી ગુરુદેવ ઉપરિયાળા તીર્થ પધાર્યા.

## ૩૫

# અર્ધશતાબ્દિ તથા પદપ્રદાન મહોત્સવો

'**કૃપાનિધાન !** આપશ્રી પુણ્યરાશિ તપસ્વી અને શાસન-દીપક છો. આપશ્રીના દીક્ષા પર્યાયના ૫૦ વર્ષ મહા વદી ૧૦ ના રોજ પૂર્ણ થાય છે. અમારી શ્રી ઉપરીયાળા તીર્થ કમિટી તથા ઘણા ગામોના આગેવાનોની આ અર્ધશતાબ્દિ મહોત્સવ ઉપરીયાળા તીર્થમાં યોજવાની ભાવના છે. આપશ્રી તે માટે સંમતિ આપો તો અમારૂં કામ સરળ બને. ઉપરીયાળા તીર્થ કમિટીના ભાઇઓએ વિનતિ કરી.

'ભાગ્યશાળીઓ ! તમે તો જાણો છો એવા મહોત્સવો મને પસંદ નથી. હું તો વર્ધમાનતપથી રંગાયેલો છું. જ્યાં જ્યાં અનુકૂળતા હોય ત્યાં વર્ધમાનતપના સ્થાનો માટે ઉપદેશ આપું છું અને ચમત્કારી એવા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દર્શનની મને તાલાવેલી લાગે છે ત્યારે શંખેશ્વરજી દોડી જાઉં છું.' ગુરુદેવે પોતાની વિનમ્રભાવે લઘુતા દર્શાવી.

'પુણ્યરાશિ! અમે નિર્ણય કરી લીધો છે. આપશ્રીના સુધાભર્યા પ્રવચનોનો લાભ એ નિમિત્તે જનતાને મળશે. અમે આપશ્રીના ધર્મપ્રભાવના અને શાસનપ્રભાવનાના કાર્યોના ગુણગાન કરી કૃતકૃત્ય બનીશું. આપના જેવા પુણ્ય પુરુષની ભક્તિનો લાભ લેવાનો આ અવસર મળ્યો છે; તો તે માટે આપશ્રી અમારી વિનતિ સ્વીકારી અમને આભારી કરશો.' હૃદયપૂર્વકના ભાવથી આગ્રહભરી વિનતિ કરી.

'જહાસુખમ્! તમારા મનને અને તમારી ભાવનાને હું સમજ્યો છું. મારી તો શું પણ શાસનની પ્રભાવના થતી હોય તો મારે તમારી વિનતિ સ્વીકારવી પડે' ગુરુદેવે વિનતિ સ્વીકારી.

શાસન દીપક પૂજ્યપાદ દીર્ઘતપસ્વી આચાર્ય ભગવંતનો અર્ધશતાબ્દિ મહોત્સવ ત્રણ દિવસનો યોજવામાં આવ્યો. આ પ્રસંગે બહારગામથી ઘણા ભાઈ–બહેનો આવ્યા હતા. અઠ્ઠાઈ મહોત્સવ સ્વામીવાત્સલ્ય વગેરે થયા. આચાર્યશ્રીને અહીં મળેલા જુદા જુદા ગામના આગેવાનો તથા ભાઈ–બહેનોએ સુંદર સન્માન કર્યું. તેઓશ્રીની તપશ્ચર્યા, વર્ધમાન-તપ માટેની તાલાવેલી, વૈરાગ્ય ભરપૂર ઉપદેશધારા તથા સૌજન્યશીલ શાંત સ્વભાવ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન માટેની અતૂટ શ્રદ્ધા–ભક્તિ વગેરે ગુરુદેવના ગુણાનુ-રાગની અનુમોદના કરી અને ગુરુદેવના નામનો જય જયકાર ગુંજી રહ્યો. ઉપરિયાળા તીર્થ પણ યાદગાર બની ગયું. થોડા

દિવસ સ્થિરતા થઇ પણ ગુરુદેવની તબીયત એકાએક નરમ પડી ગઈ તેમને વીરમગામ લાવવામાં આવ્યા. વીરમગામના શ્રીસંઘે ગુરુદેવની ખૂબ સેવા-ભક્તિ કરી, ઔષધ ઉપચાર કર્યા અને ગુરુદેવને આરામ લેવા બધાએ અનુરોધ કર્યો અને ગુરુ-દેવને ધીમે ધીમે આરામ આવવા લાગ્યો. આ માંદગી ઘણી ખરાબ હતી પણ શાસનદેવની કૃપાથી તથા તેઓશ્રીના તપ અને સંયમના બળથી તબીયત સુધરી ગઇ. પાટણના સાગરના ઉપાશ્રયના સંઘના આગેવાનો પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે વિનંતિ કરવા આવ્યા અને પૂજ્યશ્રી પાટણ પધાર્યા.

સંવત ૨૦૦૭ ના જેઠ શુદ ૧૧ ના શુભ દિવસે પં. કંચનવિજયજી આદિ પચ્ચીસ મુનિવરોની સાથે આચાર્યશ્રીએ પાટણમાં પ્રવેશ કર્યો. સંઘે ખૂબ ભવ્ય સ્વાગત કર્યું. ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ તપશ્ચર્યાઓ થઇ. પર્યુષણપર્વ ખૂબ આનંદથી થયા, છ રથનો ભવ્ય વરઘોડો કાઢી શાસનની શોભા વધારી ગુરુદેવના મનનીય પ્રવચનો સાંભળવા સારી મેદની જામતી હતી. આચાર્યશ્રીએ તેઓશ્રીના શિષ્ય મુનિશ્રી પ્રેમવિજયજી, મુનિશ્રી સુબોધવિજયજી તથા મુનિશ્રી કનકવિજયજી આદિ શિષ્યોને શ્રી ભગવતીજી સૂત્રના અને વિવિધ જુદા જુદા સૂત્રોના યોગમાં પ્રવેશ કરાવ્યો. ખેતરવસીના સંઘના આગેવાનોની વિનતિથી આચાર્યશ્રીએ પોતાના શિષ્ય પં. શ્રી કંચનવિજયજી ગણી આદિ ઠાણાને ખેતરવસી ચાતુર્માસ માટે મોકલ્યા.

કારતક શુદ એકમે પં. કંચનવિજયજીની તબીયત વધારે નરમ થઈ. સંઘે ખૂબ સેવાભક્તિ સુશ્રૂષા કરી પણ તૂટીની બૂટી નહિ તેમ પં. શ્રી કંચનવિજયજી ગણી કારતક શુદ ત્રીજની સાંજે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. શહેરમાં સમાચાર ફેલાતા અનેક ભાઈ–બહેનો દર્શનાર્થે આવ્યા. સંઘે ભવ્ય સ્મશાન-યાત્રા કાઢી તેઓશ્રીના નિમિત્તે સંઘે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો

સં. ૨૦૦૭ નું ચાતુર્માસ પાટણમાં કર્યું. સં. ૨૦૦૮ ના માગશર શુદ ૩ ના રોજ પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રની અનુજ્ઞારૂપ મુનિ કનકવિજયજીને ચતુર્વિધ સંઘની હાજરીમાં ગણીપદવી આપી.

આ પદવી પ્રદાન નિમિત્તે સંઘે અઠ્ઠાઇ મહોત્સવ તથા સ્વામીવાત્સલ્ય વગેરે શુભ કાર્યો કર્યાં. પોષ શુદમાં કનાસાના પાડે અમથી બહેનને ભાગવતી દીક્ષા આપી તેનું નામ સાધ્વી અરૂણાશ્રી રાખવામાં આવ્યું તથા તેમને સાધ્વી ચંપકશ્રીજીના શિષ્યા જાહેર કર્યા. દીક્ષાર્થી બહેનના પુત્રે દીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિસ્નાત્ર, સુંદર રચનાઓ તથા સ્વામી-વાત્સલ્ય વગેરે શુભ કાર્યો કર્યાં.

અહીંથી પોષ વદ અગ્યારસના વિહાર કરી ચાણસ્મા, મહેસાણા થઈ ચૈત્ર માસની ઓળી ઉપર શ્રી ભોંયણીજી તીર્થ પધાર્યા. નવપદની વિધિપૂર્વક સુંદર આરાધના કરાવી અહીંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા.

અહીં પાટણના કમળા બહેનને ભાગવતી દીક્ષા આપી સાધ્વી કમળપ્રભાશ્રી નામ આપ્યું અને સાધ્વી હેમશ્રીના શિષ્યા જાહેર કર્યાં. તેમજ અન્ય ત્રણ સાધ્વીઓને વડી દીક્ષા આપી. અહીંથી આચાર્યશ્રી મહેસાણા પધાર્યાં.

મહેસાણા સંઘના અતિ આગ્રહથી જેઠ વદમાં શુભદિને શ્રી કનકવિજયજી ગણીવર આદિ ૨૫ ઠાણા સાથે મહેસાણામાં પ્રવેશ કર્યો. સંઘે ભાવભર્યું સ્વાગત કર્યું. ૨૦૦૮ નું ચાતુર્માસ મહેસાણામાં કર્યું. ચાતુર્માસમાં મુનિશ્રી પ્રતાપવિજયજી તથા મુનિશ્રી પ્રેમવિજયજી આદિ મુનિવરોને યોગોદ્વહન કરાવ્યા.

ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ તપશ્ચર્યાઓ થઇ. અઠ્ઠાઇ મહોત્સવ, સ્વામીવાત્સલ્ય આદિ શુભ કાર્યો થયાં. સંઘના આબાલવૃદ્ધે ખૂબ લાભ લીધો. ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર કરી સંવત ૨૦૦૯ ના માગશર વદમાં પોષ દશમીની આરાધનાર્થે શ્રી શંખેશ્વરજી તીર્થમાં પધાર્યા. શંખેશ્વરથી વિહાર કરી પૂજ્યશ્રી સાંગણપુરની પ્રતિષ્ઠા પ્રસંગે સાંગણપુર પધાર્યા. ફાગણ શુદ ૫ ના દિને નૂતન જિનાલયમાં શ્રી કુંથુનાથ ભગવાનને ચતુર્વિધ સંઘના હર્ષનાદો વચ્ચે ગાદીનસીન કર્યા. શ્રી મણીલાલ ડાહ્યાભાઈ તથા શ્રીસંઘે ઉજમણું કર્યું. આ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ, બૃહત્ શાન્તિસ્નાત્ર, સ્વામીવાત્સલ્ય વગેરે શુભ કાર્યો થયા, સંઘના આબાલવૃદ્ધે ખૂબ લાભ લીધો. નાના ગામમાં આ સમારંભોથી આનંદ આનંદ છવાઈ રહ્યો.

ભાઇ–બહેનોનો ઉત્સાહ અનુમોદનીય હતો. અહીંથી પૂજ્યશ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો.

૨૦૦૯ નું ચાતુર્માસ શાહપુર કર્યું. પૂજ્યશ્રીના ઉપદેશથી બંધાયેલ જ્ઞાનમંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ શાસન પ્રભાવનાના કાર્યો થયાં.

સં. ૨૦૦૯ ના ચાતુર્માસમાં મુનિશ્રી પ્રતાપવિજયજી, મુનિશ્રી પ્રેમવિજયજી (હાલ આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦), મુનિશ્રી સુબોધવિજયજી, મુનિશ્રી મહિમાવિજયજી, મુનિશ્રી રંજનવિજયજી, મુનિશ્રી પ્રભાવિજયજી તથા મુનિશ્રી વિનયવિજયજી, એ સાત મુનિવર્યોને શ્રી ભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો અને સંવત ૨૦૧૦ ના કાર્તક વદ ૬ ના શુભ દિવસે ચતુર્વિધ સંઘ સમક્ષ સાતે મુનિવરોને ગણીપદ આપી માગશર શુદ ૫ ના શુભ દિને મુનિશ્રી કનકવિજયજી ગણી સહિત આઠે ગણિવરોને પંન્યાસ પદવીથી વિભૂષિત કર્યા. સંઘે પદવી પ્રદાન પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ, શાન્તિસ્નાત્ર, સ્વામીવાત્સલ્ય આદિ શુભ કાર્યો કરી સુંદર લાભ લીધો. પોષ વદ ૩ ના શુભ દિવસે મુનિશ્રી સુભદ્રવિજયજીના શિષ્ય મુનિશ્રી સોનવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી. અહીંથી વિહાર કરી પૂજ્યશ્રી સપરિવાર શ્રી સિદ્ધાચળજી તરફ પધાર્યા.

# ૩૬

## કૃષ્ણનગરમાં પ્રતિષ્ઠા તથા દીક્ષા મહોત્સવ

'**મ**ત્થેણ વંદામિ' ભાવનગરના કૃષ્ણનગરના આગેવાનોએ વંદણા કરી.

'ધર્મલાભ!' પૂજ્યશ્રીએ ધર્મલાભ આપ્યો.

'કૃપાસિંધુ! કૃષ્ણનગરમાં મનોરમ જિનાલય તૈયાર થઈ ગયું છે,તેની પ્રતિષ્ઠા આપના મંગળ હસ્તે કરાવવાની અમારી ભાવના છે તો અમારી વિનતિ સ્વીકારી પધારો' મણીભાઈએ પ્રતિષ્ઠા માટે વિનતિ કરી.

'ભાગ્યશાળી! ભાવનગર તો સૌરાષ્ટ્રનું સુપ્રસિદ્ધ નગર છે. દાદાસાહેબનું મંદિર ભવ્ય છે. મોટા દહેરાસરમાં પણ શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિષ્ઠા અમેજ કરાવી હતી. ભાવનગરના સુપ્રસિદ્ધ આગેવાન શ્રી કુંવરજીભાઇ શાસ્ત્રોના જાણકાર અને વિદ્વાન છે. પ્રતિષ્ઠાનું મુહૂર્ત ક્યારનું આવે છે' પૂજ્યશ્રીએ ભાવનગરની યશગાથા સંભળાવી.

'ગુરુદેવ ! વૈશાખ શુદ ૬ નું મુહૂર્ત આવે છે.'

'ભાઇ ! આ ક્ષણિક દેહનો શો વિશ્વાસ ! મારી ભાવના ગિરિરાજની સ્પર્શના કરવાની છે. પછી ભાવનગર માટે વિચાર કરી શકાય' ગુરુદેવે પોતાની હૃદયની ઈચ્છા દર્શાવી.

'ગુરુદેવ ! આપને શ્વાસનું દરદ છે, સારણગાંઠની તકલીફ છે, ઉમર પણ થઇ. આપની ભાવના તો ઉત્તમ છે, તબીયત સંભાળીને યાત્રા કરશો' આગેવાને તબીયત સંભાળવા વિનતિ કરી.

'ભાગ્યશાળી ! દાદાની યાત્રા કરીને તે તરફ વિહાર કરીશ. તમે કૃષ્ણનગરમાં પણ ભવ્ય મંદિર નિર્માણ કરાવ્યું તે જાણી આનંદ થયો. ભાવનગરના સંઘની દિનપ્રતિદિન ચઢતી છે.' પૂજ્યશ્રીએ વિનતિ સ્વીકારી.

કૃષ્ણનગરમાં સુંદર મંદિર તૈયાર થઇ ગયું હતું. આચાર્યશ્રી પાલીતાણા પધાર્યા છે તે જાણી ભાવનગર કૃષ્ણનગરના આગેવાનો વિનતિ કરવા આવ્યા અને આચાર્યશ્રીએ વિનતિ સ્વીકારી.

અમદાવાદથી મહા શુદમાં વિહાર કરી ગ્રામાનુગ્રામ સુંદર લાભ આપતા આપતા ફાગણ શુદમાં આચાર્યશ્રી શિષ્ય પરિવાર સાથે પાલીતાણા પધાર્યા. સંઘે સુંદર સ્વાગત કર્યું. ૮૨ વર્ષની વૃદ્ધ ઉમરે ગિરિરાજની સ્પર્શનાની ભાવના જ્વલંત

હતી. શિષ્યોએ તો આ ઉમરે ડોળીમાં યાત્રા માટે જવા વિનતિ કરી પણ આચાર્યશ્રીએ તો ચોકખું જણાવ્યું કે તમે મારી એટલી બધી શું ચિંતા કરો છો! દેહ તો નાશવંત છે અને હવે તો જીવનનો અંત નજદિક દેખાય છે. હવે માણસની ખાંધે ચડીને યાત્રા કરવાનો શો અર્થ.

"પ્રભો! આપને શ્વાસનું દર્દ છે. વળી સારણગાંઠ પણ છે. વૃદ્ધાવસ્થા રહી તેથી અમને ચિંતા થાય છે" પં. શ્રી કનકવિજયજી ગણીએ ચિંતા વ્યક્ત કરી.

'વત્સ! મારી ચિંતા ન કરો. હજી તો આત્મબળ ઘણું છે. શરીરની શક્તિ પણ સારી છે. આ શરીરે છેલ્લે છેલ્લે હવે દાદાને ભેટી લઉં અને જીવનનું સાર્થક કરી લઉં' પૂજ્યશ્રીએ પોતાની ભાવના દર્શાવી.

પૂજ્યશ્રીનું મનોબળ અજબ હતું. વૃદ્ધાવસ્થા હોવા છતાં આત્મબળ પણ ઘણું. શિષ્યો સાથે ચાલીને ત્રણ યાત્રા કરી, મનનો ઉલ્લાસ વધી ગયો. દાદાને ભેટીને આનંદમગ્ન બની ગયા.

પ્રતિષ્ઠા માટે ભાવનગર તરફ વિહાર કર્યો. ચૈત્ર વદ ૧૦ ના શુભ દિવસે ભાવનગરના સંઘે ભવ્ય સ્વાગત કર્યું. પ્રતિષ્ઠા માટે અઠ્ઠાઈ મહોત્સવ મંડાયો. વૈશાખ શુદ ૩ ના દિવસે મુનિશ્રી કાંતિવિજયજીના શિષ્ય મુનિશ્રી ચન્દ્રપ્રભવિજયજીને ભાવનગરમાં વડી દીક્ષા આપી અને મોહનલાલ માસ્તરની

દીક્ષાની ભાવના થતાં તેમને પણ તે જ દિવસે દીક્ષા આપી મુનિ મોતિવિજયજી નામ રાખી મુનિશ્રી મણીવિજયજીના શિષ્ય કર્યા.

કૃષ્ણનગરમાં પ્રતિષ્ઠા નિમિત્તે ભવ્ય મંડપ ઊભો કરવામાં આવ્યો. આ મંદિર શ્રી મણીલાલ નારણભાઈએ બંધાવ્યું હતું. તેમણે જ પ્રતિષ્ઠા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિ સ્નાત્ર તથા સ્વામીવાત્સલ્યનો સુંદર લાભ લીધો.

આચાર્યશ્રીએ વૈશાખ શુદ ૬ ના મંગળ મુહૂર્તે નૂતન જિનાલયની પ્રતિષ્ઠા કરાવી. ભાવનગરના સંઘ સમસ્તની હાજરી દર્શનીય હતી. કૃષ્ણનગરમાં આનંદ આનંદ થઈ રહ્યો. વૈશાખ વદમાં નૂતન મુનિશ્રી મોતીવિજયજીને મારવાડીના વંડે વડી દીક્ષા આપી.


ચાતુર્માસ માટે ભાવનગરના સંઘની વિનતિ હતી પણ તબીયતના કારણે વિનતિનો સ્વીકાર કરી શકયા નહિ.

અહીંથી પાલીતાણા તરફ વિહાર કર્યો. જેઠ શુદ ૪ ના શુભ દિવસે પાલીતાણામાં પ્રવેશ કર્યો. ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ તપ કરાવ્યાં. અઠ્ઠાઈ મહોત્સવ, સ્વામીવાત્સલ્ય આદિ શાસન પ્રભાવનાના કાર્યો થયાં. સંવત ૨૦૧૦ નું ચાતુર્માસ સિદ્ધાચળ પાલીતાણામાં કર્યું.

કેટલાક ગૃહસ્થોએ સાથે મળી પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન તપ કરાવ્યું. માળની ઉપજ ઘણી સારી થઈ, ઉપધાન નિમિત્તે

તેજ ભાઇઓએ અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિસ્નાત્ર તથા સ્વામી-વાત્સલ્ય વગેરે શુભ કાર્યો કર્યાં.

સં. ૨૦૧૧ ના માગશર શુદમાં સાદડી (રાજસ્થાન) નિવાસી શ્રી ફુલચંદજીભાઇએ પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધગિરિનો બાર ગાઉનો સંઘ કાઢ્યો. ચોક ગામમાં સંઘવીને તીર્થમાળા પહેરાવી. પાછા પાલીતાણા થઈ તળાજા પધાર્યા, યાત્રા કરી પાલીતાણા થઈ ચૈત્ર માસની શાશ્વતી ઓળી પ્રસંગે શંખેશ્વરજી પધાર્યા. વિધિપૂર્વક નવપદની સુંદર આરાધના કરાવી અહીંથી સમી તરફ વિહાર કર્યો.



૩૭

## થરામાં ધર્મ પ્રભાવના

૨૦૧૧ ના ચાતુર્માસ માટે સમીના સંઘનો આગ્રહ હોવાથી ચૈત્ર વદમાં પૂજ્યશ્રી વિશાળ શિષ્ય પરિવાર સાથે સમી પધાર્યા. સમીના સંઘે પૂજ્યશ્રીનું ઉમળકાભેર સુંદર સ્વાગત કર્યું. ચાતુર્માસમાં તપશ્ચર્યા ઘણી થઇ. અઠ્ઠાઇ મહોત્સવ, શાન્તિ સ્નાત્ર વગેરે શુભ કાર્યો આનંદ ઉલ્લાસથી થયાં. પાઠશાળા માટે ઉપદેશ આપતાં સારૂં ફંડ થયું.

સં. ૧૦૧૨ ના મહા વદમાં સમીથી વિહાર કરી પૂજ્યશ્રી શંખેશ્વરજી પધાર્યા.

'ગુરુદેવ! થરામાં જ્યારથી આપે સંઘમાં એકતા કરાવી ત્યારથી અમારૂં થરા ગામ દિનપ્રતિદિન ઉન્નતિ પામી રહ્યું છે. ૨૦૧૨ નું ચાતુર્માસ કરવા વિનતિ કરવા આવ્યા છીએ' થરાના આગેવાનોએ વિનતિ કરી.

'ભાગ્યશાળી! સંપ ત્યાં સપત્તિ તે તમે જાણો છો. સંઘના

આબાલ વૃદ્ધની ધર્મ ભાવના જાગે તો જરૂર સૌનું કલ્યાણ થાય' આચાર્યશ્રીએ સંપની મહત્તા દર્શાવી.

'કૃપાસિંધુ! ધ્વજા દંડ ચડાવવાનો છે, એક ભાઈની ઉપધાન કરાવવાની ભાવના છે. સંઘની ભાવના શ્રી ભીલડીયાજીનો સંઘ કાઢવાની પણ છે, તો કૃપા કરી થરા આપશ્રીના પુનિત પગલાં કરો' એક આગેવાને વિનતિ કરી.

'ગુરુદેવ! સંપ તો થયો પણ ધર્માદા ખાતાના હિસાબો ઘણાં વર્ષોથી થયા નથી તો આપશ્રી પધારશો તો એ કાર્ય પણ થઈ જશે' એક આગેવાને મુદ્દાની વાત કરી.

'જહા સુખમ્! અહીં શંખેશ્વરજી બે દિવસ સ્થિરતા કરી તે તરફ વિહાર કરીશું' પૂજ્યશ્રીએ સંમતિ આપી.

થરામાં વર્ષોનો કુસંપ ચાલતો હતો. આપણા ચરિત્રનાયકે સંઘને પ્રેરણા આપી અને એકતા કરાવી હતી, તેથી થરાના આગેવાનો ફરી એક વખત પધારવા વિનતિ કરવા શંખેશ્વરજી આવ્યા અને પૂજ્યશ્રીએ તેઓની વિનતિ સ્વીકારી. આચાર્યશ્રી શંખેશ્વરજીથી વિહાર કરી થરા પધાર્યા. થરાના સંઘે પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું, ધ્વજા પતાકાઓથી આખું ગામ શણગારવામાં આવ્યું. જગ્યાએ જગ્યાએ ગહુંલીઓ થઇ, થરાના સંઘના આબાલ વૃદ્ધ ભાઈ–બહેનોમાં ખૂબ આનંદ ઉલ્લાસ હતો.

ચૈત્ર માસની શાશ્વતી ઓળી કરાવી. નવપદની વિધિપૂર્વક સુંદર આરાધના કરાવી ચૈત્રી પુનમના દેવવંદન ચતુર્વિધ સંઘને વિધિપૂર્વક કરાવ્યા. દેવવંદન કરાવવાનો લાભ શ્રી ચીમનલાલ મુળચંદે લીધો હતો.

વૈશાખ શુદ ૧૦ ના શુભ દિવસે જિનાલય ઉપર નવો ધ્વજાદંડ પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં ઘણા ઉત્સાહ સાથે સંઘે ચડાવ્યો. આ પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ–શાન્તિસ્નાત્ર–સ્વામી-વાત્સલ્ય વગેરે શુભ કાર્યો થયા હતા.

આજે ચતુર્દશીનો દિવસ હતો. વ્યાખ્યાનમાં આગેવાનો અને લગભગ બધા ભાઇ–બહેનોની સારી હાજરી હતી. આચાર્યશ્રીએ તક જોઈને હિસાબોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું.

'ભાગ્યશાળીઓ ! થરામાં જ્યારથી સંઘમાં સંપ અને એકતા થઈ ત્યારથી તમે જાણો છો કે બધાની સારી ઉન્નતિ થઇ રહી છે. શાસનદેવની કૃપાથી કેટલાએ કુટુંબો શ્રીમંત બન્યા છે, નાના–મોટા બધાની ધર્મભાવના પણ વધી રહી છે. હવે એક વાત બાકી છે, ધર્માદા ખાતાના હિસાબો ઘણા વર્ષોથી ચોકખા થયા નથી. સંઘના ઉપર તેનો ભાર છે. આ વાત તો તદ્દન સરળ છે. જે જે ભાઇઓ પાસે સંઘનું લેણું હોય તેનો હિસાબ થઈ જવો જોઈએ. કદાચ સંજોગો અનુસાર કોઇ વહેલા મોડા આપી શકે તો તેઓને પર્યુષણ સુધીની મુદત આપો. દેવદ્રવ્યનું દેવું કોઇનું બાકી રહે તે ઈષ્ટ નથી અને જૈન કુળમાં જન્મ લેનાર બધાનું કર્તવ્ય છે કે કોઈનું

પણ દેવું માથે રાખવું નહિ. કારણ કે નહિ તો પેટે અવતાર લઈને પણ આપવું પડે છે. તમે તો બધા સમજુ છો, ધર્મપ્રેમી છો અને પરમાત્માની કૃપાથી પૈસે ટકે સુખી છો. મારી શ્રીસંઘના નાના–મોટા બધાને એક ચેતવણી છે કે ધર્માદા ખાતાના હિસાબો હું ચાતુર્માસ છું ત્યાં સુધીમાં ચોકખા થઈ જવા જોઇએ, તેમાં તમારૂં તથા શ્રીસંઘનું કલ્યાણ છે.

આચાર્યશ્રીએ સમય જોઇને એવી સુંદર ટકોર કરી કે બધાના મનમાં ધર્માદા ખાતાના હિસાબો ચોકખા કરવાની વાત ગળે ઉતરી ગઈ, અને આચાર્યશ્રીની વાણીએ જાદુ કર્યું. ચાતુર્માસમાં વર્ષોથી નહિ થયેલ હિસાબો ચોકખા થઈ ગયા અને આચાર્યશ્રીએ તે માટે પોતાનો આનંદ વ્યક્ત કર્યો અને થરાના શ્રીસંઘની ઉન્નતિ–આબાદી માટે મંગલ આશીર્વાદ આપ્યા, સંઘના અતિ આગ્રહથી ચાતુર્માસ કર્યું. ચાતુર્માસ દરમ્યાન સોળ ઉપવાસ, અઠ્ઠાઇઓ વગેરે સારી તપશ્ચર્યાઓ થઈ, એ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ સ્વામીવાત્સલ્ય વગેરે થયા.

૨૦૧૨ નું ચાતુર્માસ થરામાં આનંદપૂર્વક થયું. થરાના શ્રીસઘે આચાર્યશ્રીની પ્રેરણાથી ઉપધાન તપ કરાવ્યા, ઉપજ ઘણી સારી થઇ, માળારોપણ પ્રસંગે કાંકરેચીના ઘણાજ ભાવિકો આવેલ, ઉપધાન નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ સ્વામી-વાત્સલ્ય પૂજા પ્રભાવના વગેરે થયા. આચાર્યશ્રીની શુભ નિશ્રામાં થરાના શ્રીસંઘે શુભ દિવસે શ્રી ભીલડીયાજી તીર્થનો સંઘ કાઢ્યો, તીર્થયાત્રા કરી થરામાં પધાર્યા. માગશર શુદ

૧૧ ના શુભ દિવસે સુરેલના રહીશ ભાઈ રસીકલાલને ભાગવતી દીક્ષા આપી મુનિશ્રી રત્નાકરવિજયજી નામ રાખી મુનિશ્રી કાંતિવિજયજીના શિષ્ય કર્યા. પોષ શુદ ૬ ના શુભ દિને મુનિશ્રી સુભદ્રવિજયના શિષ્ય મુનિશ્રી નિરંજનવિજયજી તથા મુનિશ્રી રત્નાકરવિજયજીને વડી દીક્ષા આપી, પૂજા–પ્રભાવના આદિ થયા. ૨૦૧૩ ના પોષ વદ ૭ ના રોજ વિહાર કરી, ઊણ થઈ રાધનપુર પધાર્યા, અહીં શ્રી મોતીલાલ મણીલાલ (લુદ્રાવાળા)ની સુપુત્રી સુશીલાને શુભ દિવસે ભાગવતી દીક્ષા આપી સાધ્વી લક્ષ્મીપ્રજ્ઞા લાવણ્યશ્રીના શિષ્યા તથા ભાણવડની એક બહેનને દીક્ષા આપી, સાધ્વીશ્રી લાવણ્યશ્રીજીના શિષ્યા કર્યા.

શ્રી મોતીલાલભાઈએ દીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ–શાન્તિસ્નાત્ર, સ્વામીવાત્સલ્ય વગેરેનો સુંદર લાભ લીધો. મુનિશ્રી પ્રીતિવિજયજીને વડી દીક્ષા આપી. અહીંથી વિહાર કરી સમી થઈ શ્રી શંખેશ્વરજી તીર્થ પધાર્યા. અહીં ચૈત્ર માસની શાશ્વતી ઓળીની સુંદર આરાધના કરાવી.

સમીના સંઘના અતિ આગ્રહથી સં. ૨૦૧૩ ના ચાતુર્માસ માટે સપરિવાર સમી પધાર્યા. સંઘે પૂજ્યશ્રીનું સુંદર સ્વાગત કર્યું. ચાતુર્માસમાં સારી તપશ્ચર્યાઓ થઈ. તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ, પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય આદિ શાસન-પ્રભાવનાના ઘણાં કાર્યો થયાં.

## ૩૮

# વર્ધમાન તપ પારણા મહોત્સવ

'મત્થેણ વંદામિ' વઢીઆર સંઘના આગેવાનોએ વંદણા કરી.

'ધર્મલાભ' ગુરુદેવે ધર્મલાભ આપ્યો.

'કૃપાસાગર! મુનિશ્રી પ્રબોધવિજયજી અને મુનિશ્રી દર્શનવિજયજી બન્નેએ શ્રી વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરી છે તે જાણી અમને ઘણો આનંદ થયો છે' વઢીયાર સંઘના આગેવાનોએ એ તપશ્ચર્યાનો આનંદ વ્યક્ત કર્યો.

'ભાગ્યશાળીઓ! બન્ને દીર્ઘ તપસ્વી છે, પુણ્યશાળી હોય એજ ૧૦૦ ઓળી પૂર્ણ કરી શકે. આ બન્ને તો સાધુ, વિહારમાં કોઈ વસ્તુ મળે ન મળે પણ બન્નેએ તપશ્ચર્યા ચાલુ રાખી અને પુણ્યોદયે બન્નેએ પૂર્ણ કરી. હવે તેનું પારણું આવે છે' ગુરુદેવે સ્પષ્ટતા કરી.

'ભગવંત! આ બન્ને તપસ્વીઓના પારણાનો લાભ અમારે

શ્રી વઢીયારના પ્રદેશના આગેવાનોને લેવાની ભાવના છે; તો આપશ્રી તે માટેની અમારી પ્રાર્થના સ્વીકારો ’ ટ્રસ્ટીઓએ પ્રાર્થના કરી.

“ ભાગ્યશાળીઓ ! મારી અને બન્ને મુનિરાજોની ભાવના શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં જ પારણા કરવાની હતી, તેમાં તમારી વિનતિ આવી તો જરૂર તમને લાભ મળશે ” ગુરુદેવે સંમતિ આપી.

પૂજ્યશ્રીના શિષ્યરત્ન મુનિશ્રી ભુવનવિજયજી ગણિવરના તપસ્વી શિષ્ય મુનિશ્રી પ્રબોધવિજયજી તથા પંન્યાસ શ્રી સુમતિવિજયજી ગણિવરના તપસ્વી શિષ્ય મુનિશ્રી દર્શનવિજયજી બન્નેએ શ્રી વર્ધમાનતપની ૧૦૦ મી ઓળી નિર્વિઘ્ને પૂર્ણ કરી અને તેનો પારણાનો તથા મહોત્સવનો લાભ શ્રી વઢીયાર પ્રદેશના આગેવાનોને લેવાની ભાવના થઇ અને તેઓની વિનતિનો સ્વીકાર થયો તે જાણી સૌને આનંદ થયો. પોષ વદીમાં સમીથી વિહાર કરી પં. શ્રી કનકવિજયજી ગણીવર આદિ શિષ્ય પરિવાર સાથે પૂજ્યશ્રી શંખેશ્વર પધાર્યા. પૂ. આચાર્યદેવનો લગભગ સર્વ શિષ્ય પરિવાર આ પ્રસંગે હાજર હતો.

૨૦૧૪ ના મહા વદી ૧ ના રોજ બન્ને તપસ્વી મુનિ રત્નોને શ્રી વર્ધમાનતપની ૧૦૦ મી ઓળીનું પારણું ખૂબ આનંદ–ઉલ્લાસપૂર્વક કરાવ્યું. આ પ્રસંગે બહારગામથી ઘણા ભાઈ–બહેનો આવ્યા હતા. આ યાત્રાળુ ભાઈ–બહેનોએ બન્ને તપસ્વીઓના અને પૂજ્ય આચાર્યદેવના જય નાદોથી વાતાવરણ ગજાવી મૂક્યું–આનંદની વર્ષા થઈ રહી.

યાત્રિક ભાઇ-બહેનોએ અઠ્ઠાઈ મહોત્સવ, અષ્ટોત્તરી શાન્તિ સ્નાત્ર, સ્વામીવાત્સલ્યનો સુંદર લાભ લીધો.

આ બન્ને તપસ્વી મુનિ રત્નોએ એક, બે ને ત્રણ ઉપવાસથી વરસીતપ તેમજ બીજી અનેક નાની મોટી તપશ્ચર્યાઓ કરી હતી.

શ્રી શંખેશ્વરજીથી વિહાર કરી ફાગણ શુદમાં સમી પધાર્યા. વૃદ્ધાવસ્થા તથા શારીરિક સ્વાસ્થ્ય બરાબર ન હોવાથી સમીના સંઘે સમીમાં સ્થિરતા કરવા પ્રાર્થના કરી અને આચાર્યશ્રીએ પણ ૨૦૧૪ નું ચાતુર્માસ સમીમાં કર્યું. આ ચાતુર્માસમાં પં. શ્રી પ્રેમવિજયજી ( હાલ આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી ) તથા પં. શ્રી સુબોધવિજયજી આદિ નવ ઠાણા ગુરુદેવની સાથે હતા.

ચાતુર્માસમાં તપશ્ચર્યા વગેરે આરાધના ઘણી સારી થઈ.

આચાર્યશ્રી વયોવૃદ્ધ હતા. ૮૬ વર્ષની ઉમર થવા આવી. તબીયત નાદુરસ્ત રહેતી હતી. સમીના સંઘની આગ્રહભરી વિનતિથી છેલ્લા બે ચાતુર્માસ સમીમાં કર્યા. જન્મભૂમિના શ્રી સંઘના આબાલવૃદ્ધે પૂજ્યશ્રીની અનન્ય સેવા સુશ્રુષા ભક્તિ કરીને ખૂબ લાભ લીધો. તેમના શિષ્ય પં. શ્રી પ્રેમવિજયજી ( હાલ આચાર્યશ્રી ) ગણીવર તથા પન્યાસ શ્રી સુબોધવિજયજી ગણીવર ગુરુદેવની વૈયાવચ્ચ માટે મુંબઇ જેટલે દૂરથી ઉગ્ર વિહાર કરીને પોતાના શિષ્ય પરિવાર સાથે સમી આવી પહોંચ્યા.

બન્ને પંન્યાસો અને પૂજ્યપાદ ગુરુદેવનું મિલન હૃદયંગમ હતું. બન્ને પંન્યાસોએ ગુરુદેવના ચરણે મસ્તક નમાવ્યું. ગુરુદેવે બન્નેને મંગળ આશીર્વાદ આપ્યા. શિષ્ય-પ્રશિષ્યોએ

ગુરુદેવને પ્રણિપાત કર્યા. ગુરુદેવની નરમ તબીયતથી બધા ચિંતાતુર બની ગયા. ગુરુદેવ પણ બધાને પોતાની જીવન સંધ્યાએ દોડી આવેલા જોઈને ગદગદિત થઈ ગયા શાસનની સેવા કરવા અને જીવન ધન્ય બનાવવા પ્રેરણા આપી. સંઘ સમસ્ત આ મધુર મિલન જોઇને હર્ષિત થયો.

કલ્પના નહોતી કે પ્રાણ પ્યારા શાસનદીપક આચાર્યપ્રવરનું આ છેલ્લું ચાતુર્માસ હશે. ગુરુદેવનો આત્મા તો ખૂબ જ્વલંત હતો.

તપના તેજથી એ એવો તો પુણ્યરાશિ બન્યો હતો કે નરમ તબીયતની પરવા કર્યા વિના તેઓ તો ક્રિયાઓમાં એટલી જ અપ્રમતતા રાખતા હતા.

ચાતુર્માસ તો જન્મભૂમિમાં સુંદર રીતે પસાર થયું. ગુરુદેવની સેવા સુશ્રુષા વૈયાવચ્ચ તેમના પ્રિય શિષ્ય પ્રશિષ્યોએ કરી તેવી જ શ્રીસંઘે પણ કરી અને ગુરુદેવે બધાને મંગળ આશીર્વાદ આપ્યા.

ગુરુદેવને શ્રી શંખેશ્વરજી તીર્થ અને પાર્શ્વનાથ ભગવાનની અલૌકિક ચમત્કારી પ્રતિમાજી માટે ખૂબ ખૂબ ભાવ હતો. અંતરમાં ભગવાન પાર્શ્વનાથનું રટણ હતું. તેમની ભાવના થઇ કે પોષ દશમીની યાત્રા પ્રસંગે શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં જવું. પોતાના પ્રિય શિષ્યો પંન્યાસજી પ્રેમવિજયજી (હાલ આચાર્ય) આદિ વિશાળ પરિવાર સાથે શ્રી શંખેશ્વરજીમાં માગશર વદ બીજે પધાર્યા, પૂજ્યશ્રીને ખૂબ ખૂબ શાંતિ થઈ.

૩૯

## શ્રી શંખેશ્વર તીર્થનો મહિમા

તારે તે તીર્થ. જેનાથી તરીને સામે કિનારે પહોંચાય તેનું નામ તીર્થ. નદી સમુદ્ર કે સરોવરને પાર કરી શકાય તેમ ભવ્ય પ્રાણીઓ જેનાથી સંસારરૂપી સમુદ્રને તરીને મોક્ષમાં પહોંચી શકે તેનું નામ તીર્થ. તીર્થંકર ભગવંતોએ સ્થાપન કરેલ ગણધર ભગવંતો અને ચતુર્વિધ સંઘ એ જંગમ તીર્થ, જ્યારે તીર્થંકર ભગવંતોના ચરણકમળથી પવિત્ર થયેલ ભૂમિઓ તીર્થો–મંદિરો એ સ્થાવર તીર્થ.

શ્રી શંખેશ્વર મહાતીર્થ પ્રાચીન અને ચમત્કારી તીર્થ છે.

ઉત્તર ગુજરાતના વઢિયાર પ્રદેશનું મુખ્ય શહેર રાધનપુર, રાધનપુર સ્ટેટમાં શંખેશ્વર નામનું પ્રાચીન, સુંદર, રળિયામણું ગામ આવેલું છે. આ ગામનું પ્રાચીન નામ શંખપુર હતું.

મહામંત્રી સજ્જનશાહે સંવત ૧૧૫૫માં શંખેશ્વરમાં મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. સં. ૧૦૨૦ માં પૂજ્યપાદ શ્રી

સર્વદેવસૂરિજી સપરિવાર શંખેશ્વરમાં ચાતુર્માસ રહ્યા હતા. આ આચાર્ય ભગવંતે લોહિયાણપુર ( મારવાડ )ના ત્યાં આવેલા રાજાને ચમત્કાર દેખાડી, પ્રતિબોધ કરી, શ્રાવક બનાવી બાર વ્રત ઉચ્ચરાવ્યાં હતાં.

શ્રીમાન મેરુતુંગસૂરિજી મહારાજે સપરિવાર વિક્રમ સંવત ૧૪૬૭ નું ચાતુર્માસ અહીં કર્યું હતું, તે વખતે શ્રાવકોની વસ્તી સારા પ્રમાણમાં હશે એમ જણાય છે.

આ તીર્થની પ્રાચીનતા વિષે શ્રીકૃષ્ણ અને જરાસંઘ વચ્ચેની યુદ્ધભૂમિનો ઉલ્લેખ મળે છે.

દ્વારિકા નગરીથી ઈશાન ખૂણામાં આવેલા વઢિયાર દેશમાં સરસ્વતી નદીની નજીકમાં આવેલ સેનપલ્લી ( સમી ) ગામની પાસે મહા ભયંકર યુદ્ધ થયું હતું.

જરાસંઘે વિદ્યાના બળે કૃષ્ણના લશ્કરને રોગી બનાવી દીધું. કૃષ્ણને ચિંતા થઈ પણ તેમના ભાઈ અરિષ્ટનેમિએ ધરણેન્દ્રની અઠ્ઠમ તપથી આરાધના કરવા સૂચના કરી અને લશ્કરનું રક્ષણ કરવાની જવાબદારી અરિષ્ટનેમિએ લીધી. શ્રીકૃષ્ણે ધરણેન્દ્રની આરાધના કરી. અઠ્ઠમ તપમાં ત્રીજા દિવસની રાત્રિએ ધરણેન્દ્ર પ્રસન્ન થયા અને તેમની આજ્ઞાથી પદ્માવતી દેવીએ શ્રીકૃષ્ણની યાચના મુજબ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા તેમને આપી. આ મૂર્તિ અલૌકિક ચમત્કારી હતી. આ મૂર્તિના પક્ષાલનનું જળ સૈન્ય ઉપર છંટાવ્યું તેથી જરા વિદ્યાનો નાશ

થયો અને લશ્કર શક્તિશાળી બની ગયું અને યુદ્ધમાં શ્રીકૃષ્ણનો વિજય થયો. મહાપ્રભાવિક શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિના મહાત્મ્યથી જરા વિદ્યા નષ્ટ થઇ હોવાથી શ્રી અરિષ્ટનેમિ ( શ્રી નેમિનાથ ) ની સૂચનાથી પોતાનો જય થયો હતો તે જગ્યાએ શંખ વગાડ્યો અને શંખપુર નામનું નગર વસાવ્યું અને અતિ મનોહર જિનાલય બંધાવીને શ્રી પાર્શ્વપ્રભુની ચમત્કારી મૂર્તિ બિરાજમાન કરી. આ પાર્શ્વપ્રભુની મૂર્તિ સાત ફણાવાળી હતી અને આજે પણ સાત ફણાવાળી મૂર્તિ છે.

આ શંખપુર એક વખત સમૃદ્ધિશાળી નગર હતું. અને આ શ્રી શંખેશ્વર તીર્થ અતિ પ્રાચીન શ્રી કૃષ્ણના સમયનું હોવાનું મહાભારત અને પુરાણો આદિથી સિદ્ધ થાય છે.

આષાઢી નામના શ્રાવકે શ્રી પાર્શ્વનાથ પ્રભુના ત્રણ બિંબો ભરાવ્યા જેમાંથી એક શંખેશ્વર તીર્થમાં, એક ચારૂપ ( પાટણ પાસે ) તીર્થમાં અને ત્રીજું સ્થંભન તીર્થમાં મોજુદ છે.

ચૌદમી શતાબ્દિમાં થયેલ શ્રી જિનપ્રભસૂરિજીએ રચેલ શ્રી શંખપુર કલ્પ અને શ્રી શત્રુંજય મહાત્મ્ય ઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે કે આ મૂર્તિ ઘણી પ્રાચીન અને પ્રભાવશાળી હોવા સાથે ઘણી જગ્યાએ પૂજાણી છે. તેના પ્રભાવથી ઘણા ઘણાનાં કષ્ટો દૂર થયાં છે અને ઘણાના મનોરથો પૂર્ણ થયા છે.

સંવત ૧૧૫૫ માં મહામંત્રી સજ્જન શેઠે શ્રી શંખેશ્વરમાં નવીન જિનપ્રાસાદ બંધાવીને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની

ચમત્કારી મૂર્તિને તેમાં પધરાવી, જે અત્યાર સુધી ભવ્ય પ્રાણીઓથી પૂજાય છે.

આ પ્રાચીન મૂર્તિ એવી તો ચમત્કારી છે કે શાંત પળોમાં મૂળનાયકજી ભગવાનની સમીપે બેસી ધ્યાનમાં તલ્લીન થવાથી આત્મકલ્યાણની પ્રાપ્તિ સહજમાં થઇ શકે તેમ છે. આ રીતે ઘણા મુમુક્ષુઓનું આત્મકલ્યાણ થયું પણ છે. આ તીર્થની સેવા ભક્તિથી ઘણા મુનિઓ મોક્ષે ગયા છે.

જેમ આ તીર્થની સેવાથી મુમુક્ષુજનોને આત્મકલ્યાણની પ્રાપ્તિ થઈ છે તેમ પૌદ્ગલિક વસ્તુ સાંસારિક સુખ અને અભીષ્ટ પદાર્થોની પણ પ્રાપ્તિ થઇ છે.

આ તીર્થના પ્રભાવ માટે અનેક ગ્રંથો અને કલ્પોમાં ઉલ્લેખો મળે છે. પાવાપુરી, અષ્ટાપદ, રૈવતગિરિ, સમ્મેત શિખર, વિમલાચલ, રાજગૃહી વિગેરે પ્રમુખ તીર્થોની યાત્રા પૂજાથી મનુષ્ય જેટલું ફળ પામી શકે છે તેટલું ફળ પાર્શ્વનાથ પ્રભુની આ મૂર્તિનાં દર્શન–પૂજનથી પામી શકે છે. આ મૂર્તિના દર્શન–પૂજા–પુષ્પ પૂજા–અષ્ટપ્રકારી પૂજા વગેરેથી અગણિત પુણ્ય ફળ છે.

મુસલમાન રાજાઓ પણ આ તીર્થનો મહિમા કરે છે. આ તીર્થ અતિ પ્રાચીન છે. આ મૂર્તિ શાશ્વત પ્રાય: કહેવાય છે. આ તીર્થની છ માસ સુધી નિરંતર એકાગ્ર મનથી સેવા–સાધના કરવાથી અભીષ્ટ ફળ મળે છે. આ મૂર્તિના પ્રભાવથી શ્રી અભયદેવસૂરિજી મહારાજના કોઢ રોગનો નાશ થયો હતો.

આ તીર્થ અને આ ચમત્કારી પાર્શ્વપ્રભુની મૂર્તિ જગતની આશા પૂરવામાં ચિંતામણિ રત્ન સમાન છે.

મહા સમર્થ વિદ્વાન્ શ્રીમાન્ યશોવિજયજી મહારાજે ભક્તિરસથી ભરપૂર સ્તુતિથી ભરેલું સંસ્કૃતમાં ૧૧૩ શ્લોકોનું મોટું સ્તોત્ર રચ્યું છે. આ સ્તોત્રમાં તેમણે શંખેશ્વર તીર્થની મુક્તકંઠે સ્તુતિ કરી છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા એવો છે કે જગ્યાએ જગ્યાએ તેમની મૂર્તિ પધરાવેલ છે. જગડૂશાહે ભદ્રાવતી નગરી કચ્છ ભદ્રેશ્વરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ગૃહચૈત્ય વિ. સં. ૧૩૦૦ આસપાસમાં કરાવ્યું હતું.

ભરૂચમાં દશા ઓસવાલ શાહ પ્રેમચંદના પુત્ર ખુશાલચંદ્ર અને તેના પુત્ર શાહ સવાઈચંદ્રે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ કરાવીને વિ. સં. ૧૮૪૯ માં મહોત્સવપૂર્વક બીજી મૂર્તિઓ સાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

સુરતમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું દહેરાસર છે.

ઉદયપુરથી ત્રણ માઈલ દૂર આઘાટ (આહડ) નામનું ગામ છે, જ્યાં શ્રીમાન જગતચંદ્રસૂરિજીને ‘ તપા ’ બિરુદ મળ્યું હતું, તે આઘાટમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું મંદિર (૧૮૦૫) બનેલું મોજુદ છે.

રાજપૂતાના સિરોહીમાં પણ શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુનું એક મંદિર છે.

બીકાનેરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું એક મંદિર છે.

સૌરાષ્ટ્રના સિહોરમાં ( વિ. સં. ૧૭૪૨ ) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું દહેરાસર હોવાનો ઉલ્લેખ મળે છે.

શ્રદ્ધાવાળા ભક્તો માને છે કે શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુ હમેશાં ત્રણ રૂપ ધારણ કરે છે. પ્રભાતે કુમાર અવસ્થા, મધ્યાન્હે યુવાવસ્થા અને સાયંકાળે વૃદ્ધાવસ્થાનું રૂપ દેખાય છે.

આ તીર્થના ઘણા ચમત્કારો સુપ્રસિદ્ધ છે.

ઝાલા વંશના રાણી નીતાદેવીએ પાટડીમાં શ્રી પાર્શ્વપ્રભુનું ચૈત્ય તથા પૌષધશાળા કરાવી હતી, તે નીતાદેવી ઝાલા વિજયપાલની રાણી હતી. તેમના પુત્ર રાણા પદ્મસિંહની પુત્રી રૂપલાદેવી ઝાલા રાણા દુર્જનશલ્યની પત્ની હતી. આ દુર્જનશલ્ય ઝીંઝુવાડાના રાજા હતા. તેને ભયંકર કોઢ થયો હતો અને શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુની ભક્તિ–નવણથી કોઢ ગયો અને તેણે આ મંદિરનો ઉદ્ધાર કરાવ્યો હતો.

નાગપુરના ધનાઢ્ય વ્રતધારી શ્રાવક સુભટ શાહ શ્રી શંખેશ્વર તીર્થની યાત્રાએ નીકળ્યો. રસ્તામાં ચોરોએ પૂજાની સામગ્રી વગેરે લૂંટી લીધું. સુભટ શાહે શંખેશ્વર આવીને પ્રાર્થના કરી કે પ્રભો ! તમે તો જાગતી જ્યોત છો, આધિ–વ્યાધિ–ઉપાધિનો નાશ કરનાર, પ્રભુ ! તમારા ભક્તોને તમે શું નહિ બચાવી શકો ! પ્રાર્થના ફળી. ચોરો બધો માલ મૂકી ગયા. પછી ધામધૂમપૂર્વક પૂજા–યાત્રા કરી પાવન થયો.

વિ. સં. ૧૭૫૦માં ખેડાના એક ગૃહસ્થે સંઘ કાઢયો. તેમાં કવિવર ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી સંઘ સાથે હતા. આ વખતે મૂર્તિ ઠાકોરના કબજામાં હતી. એક સોનામહોર લઈને દર્શન કરવા દેતો. સંઘને મોડું થયું અને ઠાકોરે દરવાજા ઉઘાડી આપ્યા નહિ. કવિવર ઉપાધ્યાયજીએ 'પાસ શંખેશ્વરા, સાર કર સેવકા; દેવ કાં એવડી વાર લાગે.' એકાગ્ર ચિત્તથી ભક્તિમાં તલ્લીન થઈને છંદની રચના કરીને સ્તુતિ કરી અને મંદીરના કમાડ ઉઘડી ગયાં. સૌ સંઘે આનંદપૂર્વક દર્શન, યાત્રા, સેવા–પૂજા કરી. ઠાકોર પણ આ ચમત્કારથી શ્રદ્ધાવાળા થયા.

સં. ૧૧૭૨ની સાલમાં મોનાજી ગંધારીઆ નામનો વાણીયો પોતાનાં વહાણો ભરી સમુદ્રમાર્ગે જતો હતો. સમુદ્રમાં તોફાન થયું, બચવાની આશા નહોતી. તેણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ભક્તિપૂર્વક સ્મરણ કર્યું, મિલકતનો ચોથો ભાગ તીર્થમાં ખર્ચવાની પ્રતિજ્ઞા કરી. શ્રી શંખેશ્વરજીના પ્રભાવથી વહાણો બચ્યા. નવ લાખ રૂપિયા ખર્ચીને દેવાલય બંધાવ્યું– એમ કહેવાય કે જીર્ણોદ્ધાર કર્યો.

પંચાસરની એક શ્રાવિકાના પુત્રની રક્ષા માટે શંખેશ્વરની યાત્રા કરી પુત્રની ભારોભાર રૂપિયા તોળીને અર્પણ કરવા પ્રતિજ્ઞા લીધી છોકરો ૨॥ વર્ષનો થયો એટલે શંખેશ્વર જવા નીકળી. ચોરોએ તેને લૂટી. બાઈએ પ્રાર્થના કરી કે પ્રભો! મારી પ્રતિજ્ઞા કેમ પૂરી થશે. ચમત્કાર થયો. એક ઘોડેસ્વાર આવ્યો. ચોરો નાસી ગયા. બાઈને ઘોડેસ્વાર શંખેશ્વર સુધી મૂકી ગયો. બાઇએ પ્રતિજ્ઞા પૂરી કરી.

થોડા વખત પહેલાની વાત છે. ચોકીદારની દાનત બગડી. રાત્રે પ્રભુના ઘરેણાની ગાંસડી વાળી તીર્થના ઘોડા ઉપર નાસી છૂટ્યો. માંડળ પાસેથી ઘોડાને જવા દીધો, પણ પોતાને આગળ રસ્તો દેખાય નહિ, ઝાડીમાં બેસી રહ્યો. વારંવાર માથું ઉંચું નીચું કરવાથી જતા આવતા લોકોને શંકા થઇ ને પોટકા સહિત પકડાઈ ગયો. રાત્રે જંગલમાંથી જતાં રસ્તો ભૂલેલાને રસ્તો બતાવવા કોઈ ભોમીયો આવી પહોંચતો અને યાત્રાળુઓ તીર્થધામે પહોંચી જતા.

આવા ઘણા ચમત્કારો બન્યે જાય છે. આપણા ચરિત્રનાયક તપોનિધિ આચાર્ય ભગવંતને તો શ્રી શંખેશ્વર તીર્થ પ્રત્યે ખૂબ અખૂટ શ્રદ્ધા હતી. વારંવાર તેઓ તીર્થની યાત્રાએ આવતા હતા અને પોતાની જન્મભૂમિ સમીના સંઘના આબાલ-વૃદ્ધની ભાવના તેઓની ગંભીર માંદગીમાં સમીમાં રાખવાની ને સેવા ભક્તિનો લાભ લેવાની હોવા છતાં તેઓશ્રીની હૃદયની ભાવના અંતિમ સાધના શ્રી શંખેશ્વર તીર્થમાં જ કરવાની પ્રબળ હતી અને તેઓશ્રી શંખેશ્વરમાં પધાર્યા હતા.

આ તીર્થના અધિષ્ટાયક પણ જાગતી જ્યોત છે. શ્રી વર્ધ-માનસૂરિજીએ નિરંતર આચામ્લ વર્ધમાન તપ શરૂ કર્યું. તેમની ભાવના તપ પૂર્ણ થયે શંખેશ્વર તીર્થમાં પારણું કર-વાની હતી. વૃદ્ધાવસ્થા તથા મોટી તપશ્ચર્યાથી શરીર દુર્બળ થઈ ગયેલું. ગ્રીષ્મના તાપમાં એક ઝાડ નીચે વિશ્રાંતિ લેવા બેઠા અને અહીં જ શ્રી શંખેશ્વર પ્રભુના ધ્યાનમાં કાળધર્મ પામ્યા અને શ્રી શંખેશ્વર તીર્થના અધિષ્ટાયક દેવ થયા.

૪૦

## આખરી સંદેશ

આપણા ચરિત્ર નાયક આચાર્ય ભગવંત શંખેશ્વર પધાર્યા અને તેમને ખૂબ શાંતિ થઈ. તબિયત તો ખૂબ નરમ હતી પણ તેઓશ્રીનું આત્મબળ ખૂબ પ્રબળ હતું. ટેકો રાખ્યા વિના બેસીને નવકારવાળી ગણતા અને રાત દિવસ જ્યારે પણ જરા શાતા હોય ત્યારે જાપમાં જ હોય. તેમના શિષ્યો-પ્રશિષ્યો તેઓશ્રીની ખૂબ સેવા ભક્તિ કરતા.

ચતુર્દશીનો દિવસ હતો. નાના મોટા બધા શિષ્યો-પ્રશિષ્યોને પાસે બોલાવ્યા અને ધીમે ધીમે ભવિષ્યને ઉજ્વળ કરવા આખરી સંદેશ આપ્યો.

" આપણો સમુદાય મોટો છે અને હજી પણ વિશેષ મોટો થશે. આ કાયાનો હવે ભરોસો નથી અને આ પ્રાચીન ચમત્કારી તીર્થમાં મારી કાયા પડે તો તો હું બડભાગી બની જાઉં-મારી છેલ્લી ભાવના પણ એ જ છે. તમે બધા મારી ખૂબ ખૂબ સેવા સુશ્રુષા-વૈયાવચ્ચ કરો છો અને રાત દિવસ તે માટે પ્રાણ

પાથરો છો તેથી તમારૂં કલ્યાણ થશે. બધા ખૂબ શાંતિથી જ્ઞાન ધ્યાન કરશો, તપ અને સંયમમાં ઉદ્યુક્ત રહેશો, તપ એ મહામૂલું આત્મધન છે અને એ તપના પ્રતાપે તમે સૌ સુખી થશો. મેં તો હવે બધું છોડી દીધું છે અને મારા અને તમારા પ્રાણપ્રિય પં. પ્રેમવિજયજી ગણિને એક માત્ર માળા સિવાય આસન અને ઠવણી બધું સોંપી દીધું છે. હવે તો મૃત્યુ આવી રહ્યું છે, પણ તેનું મને જરા પણ દુઃખ નથી. મેં તો જપ–તપ દ્વારા સાધના કરી છે, શાસન સેવાના શકય કાર્યો કર્યાં છે અને મારા પરમ પૂજ્ય શાસ્ત્રવિશારદ જગત્પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયધર્મસૂરિજીના મને એવા તો મંગળ આશીર્વાદ મળેલા છે કે મારૂં જીવન ધન્ય બની ગયું. તમે પ્રમાદ સેવશો નહિ, વિહારમાં પણ ગ્રામજનોને ધર્મબોધ કરશો, જે જે વર્ધમાન તપ ખાતાંઓ છે તેને પુષ્ટિ આપજો, જ્ઞાનની સદાય વૃદ્ધિ કરતા રહેશો. આ ચમત્કારી તીર્થની યાત્રા કરતા રહેશો. કેશરીયાજી પણ એવું જ ચમત્કારી તીર્થ છે. સિદ્ધક્ષેત્ર પાલીતાણા ગિરિરાજ શત્રુંજયનો પણ ઘણો મહિમા છે.

ઘણા સમયથી મારી ભાવના પં. પ્રેમવિજયજી જે બધી રીતે સુયોગ્ય અને સેવા પ્રિય છે, તેમને આચાર્યપદવીથી વિભૂષિત કરવાની છે. તે તમે જરૂર યોગ્ય સમયે પૂરી કરશો. બધા સંપીને રહેશો. બિમાર સાધુઓની સેવા કરશો. સાધ્વી સમાજમાં પણ જ્ઞાનની વૃદ્ધિ થાય તેમ કરશો. હવેનો કાળ એવો આવશે કે લોકો પોતાના વ્યાપાર અને કુટુંબની ચિંતામાં

અટવાઈ જશે ત્યારે આપણા સાધુઓનો પરમ ધર્મ છે કે ધર્મ પ્રભાવના કરતા રહેવું, અને લોકોમાં તપ, ત્યાગ, સંયમ, સેવા અને દાનની ભાવનાઓ જ્વલંત રહે તેવો સતત ઉપદેશ આપી તેઓના જીવનનું સાર્થક કરવા પ્રેરણા આપ્યા કરવી. ગામે ગામના વિહારોમાં ગ્રામવાસીને પણ ધર્મબોધ સંભળાવજો અને તમારૂં ચારિત્ર ઉત્તમ રીતે પાળીને કલ્યાણયાત્રા પૂરી કરજો.

૪૧

## અંતિમ આરાધના

આપણા ચરિત્ર નાયક છ મહિના પહેલેથી કદી કદી એક વાગે દીવો ઓલવાઇ જશે તેમ કહ્યા કરતા પણ તેનું રહસ્ય તો તેમના અવસાન વખતે સમજાયું. છેલ્લા પંદર દિવસથી તો વિજયમુહૂર્ત સાધવું છે તેમ પણ કહેતા હતા.

માગશર વદ દશમના શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ-કલ્યાણકની આરાધના ચાર એકાસણા કરવા દ્વારા પૂજ્યશ્રીએ કરી. માગશર વદ ચૌદશનો ઉપવાસ પણ કર્યો. તેઓશ્રીના પૂજ્ય ગુરુદેવ અનંત ચતુર્દશીના દિવસે સ્વર્ગવાસી થયેલ હોવાથી તેઓ ગમે તેવી માંદગીમાં ચતુર્દશીનો ઉપવાસ મૂકતા નહિ. પોતાને જાવજીવ દશ દ્રવ્યો લેવાનો નિયમ હતો.

બધા સાધુઓ માટે પણ પોરશીનો નિયમ ઘણા વર્ષો સુધી રહ્યો. પછી નવા નાના સાધુઓ આવવા લાગ્યા એટલે તેમાં નવકારશી માટે રજા આપતા. બધા શિષ્યો પોતાની પાસે જ

આસપાસ મોટા હોલમાં રહે તેવી વ્યવસ્થા રાખતા. જુદા રૂમમાં માત્ર અભ્યાસ માટે જ બેસવાનું રહેતું.

પૂજ્યશ્રીએ ચાર દિવસ પહેલાં સૂરિમંત્રનું પાનું, સ્થાપનાચાર્ય, વાસક્ષેપનો વાટવો બધું પોતાના મુખ્ય શિષ્ય મુનિરત્ન પં. શ્રી પ્રેમવિજયજીને આપી પોતે અલિપ્ત બની ગયા હતા. કોઈ પચ્ચખાણ લેવા કે વાસક્ષેપ માટે આવે તો પં. પ્રેમવિજયજી તરફ મોકલતા. પોતે તો જાપમાં મગ્ન રહેતા, પોતાનું આસન પણ શ્રી શંખેશ્વરજી ભગવાનના મંદિરના શિખરનું દર્શન થાય તે રીતે રાખ્યું હતું. પણ હમેશાં ત્રણ વખત દર્શન કર્યા સિવાય રહેતા નહિ. અત્યંત અશક્તિ આવી ગઈ ત્યારે બે શિષ્યો તેમને તેડીને લઈ જતા ને દર્શન કરી પાવન થતા. કલાકો સુધી ભાવપૂજામાં નિમગ્ન રહેતા હતા. શંખેશ્વરજી પાર્શ્વપ્રભુના સ્તવનો પણ કરતા રહેતા.

પં. શ્રી પ્રેમવિજયજી અને બીજા શિષ્યોએ પ્રેમપૂર્વક ચતુર્દશીનો ઉપવાસ ન કરવા વિનતિ કરી પણ પૂજ્યશ્રીએ તો કહ્યું પ્રાણાંતે પણ ચૌદશ તો ચૂકીશ નહિ. પુનમના દિવસે ડોકટર આવ્યા, દવા લેવા ખૂબ આગ્રહ કર્યો પણ ' આ શરીર હવે દવાથી નહિ ટકે ' કહી દવાની ના પાડી.

" પ્રભો ! ભવોભવ દર્શન દેજો, " દર્શનમાં એવા તો તલ્લીન બની ગયા જાણે પ્રભુની સાથે મૌન વાતો કરતા હોય, નીકળતા નીકળતા તો કહેવા લાગ્યા ભાઈ હવે છેલ્લા છેલ્લા

દર્શન કરી લેવા દ્યો અને પાછા ગળગળા થઇ ગયા " પ્રભો! જગત્ વત્સલ, દેવાધિદેવ, ભવોભવ તમારૂં શાસન મળજો ભવોભવ તમારૂં શરણું હજો "

સં. ૨૦૧૫ ના પોષ શુદ ત્રીજના સવારના ચાર વાગે ઊઠી ગયા અને જ્યારે પં. શ્રી પ્રેમવિજયજી જે પાસે જ હતા તેમણે કહ્યું કે ગુરુદેવ હજી તો ચાર જ થયા છે તો કહે મારે અંતિમ આરાધના કરી લેવી છે અને જાપમાં લાગી ગયા. પ્રતિક્રમણ પણ શાંતિથી સાંભળ્યું, સવારે દર્શન કરવા લઈ ગયા ત્યારે ગળગળા થઈ ગયા. આ છેલ્લા દર્શન હશે તેની કલ્પના નહોતી, પછી તો ધ્યાનાવસ્થામાં રહ્યા. બધાના આગ્રહથી પોરસી વખતે બે ચમચી ચા વાપર્યો, પછી તો નિયમ મુજબ બપોરે બાર વાગ્યે નમસ્કાર મહામંત્રના જાપ અર્થે બાધા પારાની નવકારવાળી ગણવાની શરૂ કરી. સવારના સમી અને પાટણના ભાઈઓ પૂજ્યશ્રીના દર્શને આવ્યા, મુખ ઉપર શાંતિની આભા પથરાયેલી હતી, બધાને લાગ્યું ગુરુદેવને શાતા સારી છે. દર્શન પૂજન કરીને મોટરને બસમાં જવા લાગ્યા અને પાછળ નવકારવાળી ગણતાં ગણતાં છેલ્લા પાંચ મણકા બાકી રહેતાં એકાએક સ્થિતિ ગંભીર દેખાણી, તુર્ત જ પાસે બેઠેલા પં. શ્રી પ્રેમવિજયજી આદિએ નમસ્કાર મહામંત્ર સંભળાવવાપૂર્વક અંતિમ આરાધના કરવાની શરૂઆત કરી અને સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા ચતુર્વિધ સંઘ એકઠો થયો. નમસ્કાર મહામંત્ર સાંભળતાં સાંભળતાં પૂજ્યશ્રીએ કહ્યું હતું

તેમ વિજય મુહૂર્ત સાધી લીધું અને બરાબર ૧૨-૪૦ સમયે સમાધિપૂર્વક બેઠા બેઠા કાળધર્મ પામ્યા. તપોનિધિ શાસનદીપક આચાર્ય ભગવંતના કાળધર્મના સમાચાર વાયુવેગે ગામેગામ પહોંચી ગયા. બધાને હૃદયભેદક આઘાત થયો, તુરત જ સમી, પાટણ, અમદાવાદ, માંડલ, વીરમગામ, મ્હેસાણા, દસાડા, પાટડી, આદરીયાણા, થરા, મુંજપુર, હારીજ, પંચાસર, બજાણા, રણોદ, બોલેરા, ચંદુર, કુડરાણા, આદિ ગામોના સંઘોના આગેવાનો ગુરુભકતો એકઠા થઈ ગયા. સમી અને આદરીયાણાથી બેન્ડો પણ આવી ગયા. પોષ શુદ ચોથને મંગળવારે ૧૧ કલાકે જરીથી મઢેલ પાલખીમાં પૂજ્યશ્રીનો દેહ પધરાવી 'જય જય નંદા, જય જય ભદ્દા'ના ઘોષપૂર્વક હજારોની માનવમેદની સહ ભવ્ય સ્મશાનયાત્રાની શરૂઆત થઈ. આશ્ચર્યની વાત તો એ કે સમીથી નીકળતાં પૂજ્યશ્રીએ પોતાના અંતિમ કાળધર્મની ઘડી પાસે આવેલી જાણીને કોઈ પણ શિષ્યોને ખ્યાલ પણ નહિ આપેલ તેમ એક પોટકામાં અંતિમ ક્રિયા માટેની નાની મોટી બધી વસ્તુઓ લઈ લીધેલી અને બધાં પોટકાં જોતાં જોતાં બે દિવસ પહેલાં આ બધી સામગ્રી જોઇને ગુરુદેવની અગમ્ય દૂરદર્શીતાથી સૌ શિષ્યો પ્રશિષ્યો ચકિત થઇ ગયા હતા. શંખેશ્વરજી ગામ બહાર પેઢીના બગીચામાં ચંદન કાષ્ટની રચેલી ચિતામાં પૂજ્યશ્રીને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. અંતિમ સ્મશાન યાત્રામાં જૈન જૈનેતર વર્ગ હજારોની સંખ્યામાં ઉમટી આવ્યો હતો. અગ્નિ સંસ્કારનો લાભ ઉછામણી બોલી સમીના શ્રી મફતલાલ

ન્યાલચંદ વારૈયાએ લીધો હતો. અંતિમ દર્શન માટે આવેલ દરેકે અશ્રુધારાથી ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપી હતી. ગુરુદેવ અમર રહો–ગુરુદેવ અમર રહોની જયઘોષણાથી વાતાવરણ ગાજી ઊઠ્યું હતું. ગુરુદેવની ભસ્મ લેવા પડાપડી થઇ હતી. બધાએ ઉપાશ્રયે જઇને પં. શ્રી પ્રેમવિજયજી પાસેથી શાંતિ પાઠ સાંભળ્યો.

ગુરુદેવની દીર્ઘતપશ્ચર્યા, શંખેશ્વર પાર્શ્વપ્રભુ માટે અનન્ય ભક્તિભાવ, ગામેગામ શાસન પ્રભાવના, શાંત અને સૌમ્ય સ્વભાવ, વિશાળ શિષ્ય–પ્રશિષ્યો તરફ પ્રેમવર્ષા, નમસ્કાર મહામંત્ર માટે તમન્ના તથા ગુરુદેવનું પુણ્યશાળી ચારિત્ર-સંપન્ન યોગીજીવન આદિ સદ્ગુણોને યાદ કરતા કરતા શોક-મગ્ન બધા વીખરાયા.

પૂજ્યશ્રીની કાયમી સ્મૃતિ માટે શ્રી શંખેશ્વર તીર્થમાં સમાધિ દેરી કરવાની વિચારણા પણ થઈ અને ગુરુદેવના પટ્ટધર પં. શ્રી પ્રેમવિજયજીને સાંત્વન આપી વંદન કરી આગેવાનો પોતપોતાના સ્થાને ગયા.

પૂજ્યશ્રીના પ્રાણપ્યારા પટ્ટધર પંન્યાસ શ્રી પ્રેમવિજયજી ગણિવર આદિ શિષ્ય પ્રશિષ્યો, પૂ. આચાર્યપ્રવર શ્રી વિજય-સુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી જયંતવિજયજી આદિ, પૂ મોહનલાલજી મહારાજના સમુદાયના મુનિશ્રી દયા-મુનિજી આદિ તથા પૂજ્યશ્રીના વરદહસ્તે દીક્ષિત થયેલા વચો·

વૃદ્ધ સાધ્વીશ્રી મેઘશ્રીજી, સાધ્વીશ્રી ગુણશ્રીજી આદિ, પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના સમુદાયના સાધ્વીશ્રી પ્રવીણશ્રીજી આદિ, પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ના સમુદાયના સાધ્વીશ્રી સુમલયાશ્રીજી આદિ તથા પૂ. આ. શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ૦ના સમુદાયના સાધ્વીજી આદિ પચાસ સાધુ-સાધ્વીની હાજરીમાં ચતુર્વિધ સંઘ સાથે દેવવંદન કર્યું.

પૂજ્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્ત એકત્ર થયેલ શ્રી સંઘો તરફથી શ્રી શંખેશ્વરજીમાં અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શાંતિ-સ્નાત્ર ભણાવવાનું તથા સમીના સંઘ તરફથી સમીમાં અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવાનું નક્કી થયું હતું. તે વખતે ભવિતવ્યતાના યોગે જીવનભર ગુરુદેવની સાથેને સાથે રહી સેવા સુશ્રુષા કરનાર તેઓશ્રીના પરમ વિનેય શિષ્યરત્ન પં. શ્રી કનકવિજયજી ગણિવર તથા મુનિશ્રી રૂચકવિજયજી સાલડી ગામે ઓચ્છવ હોવાથી ત્યાં રોકાઈ ગયા હતા. પૂજ્યશ્રીના કાળધર્મના સમાચાર મળતાં અપાર દુઃખ અનુભવ્યું અને ગુરુદેવના અંતિમ દર્શનથી વંચિત રહ્યા તથા તેઓશ્રીનો વિયોગ થયો તેથી બન્ને મુનિવરોને અપાર વેદના થઈ અને ગુરુદેવના અનેક ઉપકારોને યાદ કરતા જ્ઞાનદૃષ્ટિથી જોઇને આશ્વાસન મેળવ્યું.

પૂજ્યશ્રીના કાળધર્મના સમાચારે જૈન જગતને, નાના મોટા શહેરોના સંઘોને, વર્ધમાનતપની સંસ્થાઓને, પૂજ્યશ્રીના

સમાગમમાં આવેલ આચાર્યપ્રવરો, પદસ્થો, મુનિવરો, સાધ્વીજીઓ બધાને તેઓશ્રીની ન પૂરાય તેવી શાસનમાં ખોટ સમજાઈ.

પૂજ્યશ્રીના અંતિમ સમયે પંન્યાસશ્રી પ્રેમવિજયજી ગણિવર, પંન્યાસશ્રી સુબોધવિજયજી ગણિવર, પં. શ્રી પ્રભાવવિજયજી ગણિવર, મુનિશ્રી સુધર્મવિજયજી મ૦, મુનિશ્રી કમળવિજયજી મ૦, મુનિશ્રી લબ્ધિવિજયજી મ૦, મુનિશ્રી પદ્મવિજયજી મ૦, મુનિશ્રી પુન્યવિજયજી મ૦ વગેરે હાજર હતા. પૂજ્યશ્રીની સેવા તેમના શિષ્ય પ્રશિષ્યોએ રાત દિવસ ખડે પગે કરી હતી. પૂજ્યશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે આજુબાજુના દરેક ગામોમાં હડતાળ પાડવામાં આવી હતી. ૫૮ વર્ષોનો દીર્ઘ ચારિત્ર પર્યાય અખંડપણે પાળી, પંડિત મરણને પ્રાપ્ત કરી, ૮૫ વર્ષની વૃદ્ધ ઉંમરે કાળધર્મ પામ્યા અને જીવન ધન્ય ધન્ય બનાવી ગયા.

ધન્ય તપશ્ચર્યા,
ધન્ય જીવન,
ધન્ય તીર્થ,
ધન્ય ચારિત્ર.

## તપોનિધિની કલ્યાણ યાત્રા

**આ** પણા ચરિત્રનાયક શાસનદીપક આચાર્યશ્રી વિજય-ભક્તિસૂરીશ્વરજી મહારાજ તપોનિધિ હતા. તેઓ હમેશાં પોરસી કરતા. તેમાં પણ એકાસણા પાંચ તિથિ અને ચૌદશે તો ગમે તેવી શરીરની સ્થિતિ હોવા છતાં ઉપવાસ. દસ ચીજો વાપરવાનો નિયમ. આયંબિલો તો જીવનમાં ઘણાં કર્યાં. શાશ્વતી ઓળી તો કરવાની. તીર્થયાત્રામાં પણ તપશ્ચર્યા. ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ પણ વારંવાર કરતા. પોતાના શિષ્યોને પણ તપશ્ચર્યા માટે વારંવાર ઉપદેશ આપતા. હજારો શ્રદ્ધાળુ બહેન-ભાઈઓને પૂજ્યશ્રીએ તપશ્ચર્યામાં જોડ્યા હતા અને તેઓશ્રીનો ઉપદેશ પણ તપ દ્વારા નિર્જરા કરવાનો રહેતો હતો. તેઓ દીર્ઘતપસ્વી તપોનિધિ હતા.

### જ્યોતિર્ધરના પુણ્યરત્ન

શત્રુંજય ઉદ્ધારક જાવડશાહ અને હંસમંત્રીના પુત્ર જગડુશા વીરભૂમિ મધુમતી–મહુવાના નરરત્નો થઈ ગયા. અમેરિકામાં

જૈન ધર્મનો ઝંડો લહેરાવનાર પ્રસિદ્ધવક્તા શ્રી વીરચંદ રાઘવજી ગાંધી પણ આ ભૂમિના રત્ન હતા. સૂરિસમ્રાટ આચાર્ય વિજય-નેમિસૂરીશ્વરજી પણ આ વીરક્ષેત્રના પુણ્યરાશિ હતા. જગત-પૂજ્ય–શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી પણ આ વીરભૂમિના મહામાનવ હતા. અને શાંતમૂર્તિ વિદ્વત્વર્ય આચાર્યપ્રવર શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી પણ આ ભૂમિના રત્ન થઈ ગયા.

આપણા ચરિત્રનાયક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજીએ દેશ વિદેશમાં જૈન દર્શનનો પ્રચાર કરનાર આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના પુણ્ય-રત્ન થઈ ગયા.

## શંખેશ્વરજી તીર્થના પરમ ઉપાસક

શંખેશ્વરજી તીર્થ એ મહા ચમત્કારી તીર્થ છે. કૃષ્ણ ભગવાને આ મહા પ્રભાવિક પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિની સાધના કરી હતી. કેટલાએ લોકોના રોગ પાર્શ્વનાથ પ્રભુની સેવા–ભક્તિથી નાશ પામ્યા હતા. પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ ઘણી પ્રાચીન છે. કેટલાએ ચમત્કારો આ તીર્થમાં બની રહ્યા છે. આપણા ચરિત્રનાયકની જન્મભૂમિ સમી, જેનું પ્રાચીન નામ સેનપલ્લી હતું. શંખેશ્વર તીર્થ સમી પાસે હોવાથી સંસારી-પણામાં આ મહાપ્રભાવિક તીર્થના દર્શન કરેલા અને દીક્ષા લીધા પછી પણ વારંવાર એ તીર્થના દર્શનની ઝંખના રહેતી. વારંવાર તેઓ શંખેશ્વર આવી પહોંચતા અને અહીં તેમને

ખૂબ આત્મશાંતિ મળતી. અંતિમ સાધના માટે પણ બીજા સંઘોની આગ્રહભરી વિનતિ હોવા છતાં શંખેશ્વર પધાર્યા અને પાર્શ્વપ્રભુના ધ્યાનમાં લીન થઇને તીર્થની શીતળ છાંયડીમાં સદાને માટે પોઢી ગયા. ગુરુદેવે ભવિષ્ય ભાખ્યું હતું કે શ્રી શંખેશ્વર અને શ્રી કેશરીયાજી આ જમાનામાં પણ મહા પ્રભાવશાળી અને અલૌકિક ચમત્કારી તીર્થ છે.

## વર્ધમાન તપના પ્રાણપ્રેરક

આપણા ચરિત્રનાયકને વર્ધમાનતપ તરફ ખૂબજ શ્રદ્ધા હતી. તેઓ જ્યાં જ્યાં વિચરતા ત્યાં વર્ધમાનતપની મહત્તા માટે ઉપદેશ આપતા. બહેન-ભાઇઓને વર્ધમાનતપ માટે પ્રેરણા આપતા, આયંબિલ તપ કેવું મહાતપ છે અને કોઢ જેવા મહારોગો પણ આ તપના પ્રભાવે નાશ પામે છે તે દર્શાવતા. ગામે ગામ અને શહેરે શહેરમાં વર્ધમાનતપના ખાતાઓ માટે ઉપદેશ આપતા અને ઘણી ખરી આયંબિલ-શાળાઓના ઉપદેષ્ટા, પ્રેરક અને સંસ્થાપક ગુરુદેવ હતા.

## ધર્મપ્રભાવનાના દ્યોતક

આપણા ચારિત્રનાયક આચાર્યશ્રીના સુધાભર્યા પ્રવચનોથી પ્રેરાઇને ઘણા ભાગ્યશાળી બહેન-ભાઇઓએ જગ્યાએ જગ્યાએ ઉપધાનતપ કરાવ્યા. કોઈ કોઈ જગ્યાએ ઉજમણા કરાવ્યા. મંદિરની પ્રતિષ્ઠાઓ કરાવી અને વર્ધમાન તપની શાશ્વતી ઓળીનો લાભ હજારો ભાઈ-બહેનોએ લીધો હતો. પૂજ્યશ્રીની વાણીમાં ધર્મપ્રભાવના માટે એવી તો પ્રેરણા

રહેતી કે શ્રોતાજનો મંત્રમુગ્ધ થઈ જતા અને ગુરુદેવના શાસનપ્રભાવનાના કાર્યોમાં પોતાનો ફાળો આપવા તત્પર રહેતા. કેટલાએ ભાગ્યશાળીઓએ ગુરુદેવની પ્રેરણાથી તીર્થોના સંઘો કાઢ્યા હતા અને ગુરુદેવ પાસે તીર્થમાળ પહેરી કૃતકૃત્ય થયા હતા.

## ઐક્યતાના રાગી

ગુરુદેવ જ્યાં જ્યાં વિચરતા ત્યાંના સંઘોમાં ઐક્યતા માટે પ્રેરણા આપતા. બે પક્ષો વચ્ચે મનદુઃખ હોય તો બન્ને પક્ષોનું સમાધાન કરવા તત્પર રહેતા અને સમાધાન કરાવીને જંપતા. કોઈ કોઈ જગ્યાએ દેવદ્રવ્યના હિસાબો વર્ષોથી ચોકખા નહોતા તો ગુરુદેવે સંઘના આગેવાનોને સમજાવી ચોપડા ચોકખા કરાવ્યા હતા. પ્રતિષ્ઠા, ઉપધાન કે બીજા કોઈ સમારંભોમાં જરા પણ કોઈનું મનદુઃખ હોય તો પોતે એક સંપ કરાવ્યા પછી જ ઉત્સવો કરાવતા. તેઓ હંમેશાં સમાધાનપ્રિય હતા અને ગુરુદેવના ઉપદેશામૃતથી સંઘોમાં સાચી ઐકયતા પ્રસરતી અને પછી તો સંઘની ભારે ઉન્નતિ થતી.

## ઉપરિયાળા તીર્થના ઉદ્ધારક

ઉપરિયાળા તીર્થના પ્રેરક આચાર્યશ્રીના ગુરુદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી હતા. તે તીર્થના ઉદ્ધાર માટે આપણા ચરિત્રનાયક આચાર્ય ભગવંતે ભારે પ્રયાસો કર્યા હતા. તેઓ વારંવાર ઉપરિયાળા પધારતા અને ઉપદેશધારાથી ઉપરિયાળા તીર્થની ઉન્નતિ કરતા રહેતા હતા. આ તીર્થમાં ધર્મશાળાની

જરૂર જણાતા આચાર્યશ્રીએ ભારે જહેમત ઉઠાવીને તેને માટે જુદા જુદા સંઘો અને તીર્થપ્રેમી ગૃહસ્થો પાસેથી ફંડ કરાવ્યું હતું અને આજે જે સુંદર વ્યવસ્થા, તીર્થનો મહિમા અને સુંદર ધર્મશાળા જોવાય છે, તે બધાનો શ્રેય આપણા આચાર્ય ભગવંતને ફાળે જાય છે.

## રાજપુરુષોના પૂજ્ય

આપણા ચરિત્રનાયક જ્યાં જ્યાં પધારતા ત્યાંના દરબારશ્રી તથા ઠાકોરશ્રી ગુરુદેવનું સુધાભર્યું વ્યાખ્યાન સાંભળવા આવતા. ગુરુદેવ તેઓને માંસ મદિરાના ત્યાગનો સચોટ ભાષામાં ઉપદેશ આપતા અને તેઓ માંસ મદિરાના ત્યાગની ગુરુદેવ પાસે પ્રતિજ્ઞા લેતા. ગુરુદેવ જીવદયા માટે ઉપદેશ આપતા અને શિકારમાં મૂંગા પશુઓનો સંહાર થતાં કેટલું મોટું પાપ બંધાય છે તે સમજાવતા અને શિકાર માટે પણ પ્રતિજ્ઞા લેતા. પોતાના પ્રદેશમાં પર્વ દિવસોમાં હિંસા ન થાય તે માટે પણ ગુરુદેવ ઉપદેશ આપતા અને ઘણી ઘણી જગ્યાએ પર્વ દિવસોમાં હિંસા બંધ થયેલી.

જામનગરના જામસાહેબ, તથા દિવાનસાહેબ, વઢવાણ નરેશ, લીંબડીના દરબાર, રાધનપુરના નવાબ, પાટડી, બજાણા અને થરાના ઠાકોર વગેરેને મહારાજશ્રીએ ઉપદેશ આપી ધર્મ માર્ગે દોર્યા હતા. પ્રજાપાલનનો ધર્મ પણ ગુરુદેવ સમજાવતા અને કેટલાએ દરબારો ગુરુદેવને પૂજ્ય માનતા હતા.

## વિશાળ શિષ્ય સમુદાય

આચાર્યશ્રીની વાણીમાં જાદુ હતો. જગ્યાએ જગ્યાએ પોતાના સુધાભર્યા પ્રવચનોમાં વૈરાગ્યરસ ઝરતી ઉપદેશધારા કેટલાએ ભવભીરૂ ભદ્રીક સરળ આત્માઓને સ્પર્શી જતી. દીક્ષા માટેના ભાવ જગાડી જતી અને કેટલાએ ભવી આત્માઓ ગુરુદેવને ચરણે પોતાની જાતને સમર્પણ કરી દેતા. કોઈપણ દીક્ષાર્થી ગુરુદેવ પાસે આવે ત્યારે તેઓ તેમની શ્રદ્ધા અને વૈરાગ્યભાવની કસોટી કરતા, માતા–પિતાની રજા મંગાવતા અને પોતાને પૂર્ણ પ્રતીતી થયા પછી જ દીક્ષા માટે સંમતિ આપતા. આ રીતે શિષ્ય પ્રશિષ્યોનો એક વિશાળ સમુદાય ગુરુદેવને સાંપડ્યો છે. પોતાના શિષ્ય–પ્રશિષ્યો તરફ તેઓ ખૂબ મમતા રાખતા પણ બધાને તેઓશ્રીની આજ્ઞામાં રહેવું પડતું અને ગુરુદેવ બધાની કપરી કસોટી પણ કરી લેતા.

બધાએ જ્ઞાન-ધ્યાનમાં મગ્ન રહેવું, તપશ્ચર્યા કરવી, બનતા સુધી પોરિસી કરવી અને જીહ્વાનો સ્વાદ ત્યજવો; તેમજ ચારિત્રમાં ખૂબ ખૂબ વૃદ્ધિ કરવા સતત પ્રેરણા આપતા રહેતા. બીજા સંઘાડાના મુનિરાજો આવે તો તેમનું સન્માન કરતા. પોતાની બાજુમાં તેઓને સ્થાન આપતા. ગોચરી પાણીમાં તેઓનું મુખ્યત્વે ધ્યાન રાખતા અને બધા પ્રત્યે ખૂબ પ્રેમભાવ દર્શાવતા. કામળી કે વસ્ત્રોની જરૂરિયાત પોતાને લાગે તો પહેલાં તેઓશ્રીને આપીને પછી બીજાને અપાવતા. તેઓ એવા તો પુણ્યરાશિ બડભાગી હતા કે તેમના સમુદાયમાં ૨૧ શિષ્યો,

૪૨ પ્રશિષ્યો અને ઘણા સાધ્વીજીનો વિશાળ સમુદાય છે. સાધ્વીજીઓના જ્ઞાન, ધ્યાન વગેરે માટે પણ તેઓ ખૂબ કાળજી રાખતા. આ વિશાળ સમુદાયના તેઓ જ્યોતિર્ધર હતા.

## પુણ્ય પ્રભાવક

આચાર્યપ્રવર શાસનદીપક હતા, સત્ક્રિયાભિરૂચીવાળા હતા, તેમનું ઉચ્ચ ચારિત્ર, તેમની તીર્થભક્તિ, દીર્ઘ તપશ્ચર્યા, શ્રદ્ધાનુષ્ઠાનોમાં પ્રબળ પ્રેરણા, ધર્મપ્રભાવનાની સતત ઝંખના, મહાજ્ઞાની, વિનમ્ર, સરળ, સૌમ્ય, શાંતમૂર્તિ, વચનસિદ્ધ, પુણ્યરાશિ, પોતાની જીવનયાત્રા તપોમય કલ્યાણકારી પૂર્ણ કરી જૈન જગતને ધર્મરત્નના અજવાળા આપી જીવન ધન્ય બનાવી ગયા અને જૈન શાસનનો જય જયકાર કરી ગયા.



## પૂ. આચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનો
# શિષ્ય–પ્રશિષ્યાદિ પરિવાર

卐

### શિષ્યોની યાદી

૧. સંવત ૧૯૫૯ના મહા શુદિ ૫, થરાના આલમચંદ દેવચંદ, દીક્ષા ગામ ખેડા, ઉંમર વર્ષ ૨૫, નામ મુનિશ્રી અમૃતવિજયજી.

૨. સંવત ૧૯૬૮ના વૈશાખ શુદિ ૧૦, વીરમગામના અમુલખ વલ્લુભાઈ, દીક્ષા ગામ વીરમગામ, ઉંમર વર્ષ ૩૮, નામ મુનિ અકલંકવિજયજી.

૩. સંવત ૧૯૭૫ના માગશર શુદિ ૧૦, ભાવનગરના ભાવસાર હરજીવનદાસ રૂગનાથભાઈ, દીક્ષા ગામ જોટાણા, નામ મુનિ કંચનવિજયજી, ( પંન્યાસ કંચનવિજયજી ).

૪. સંવત ૧૯૭૬ના મહા શુદિ ૫, દીક્ષા ગામ પાટડી, નામ મુનિ ઉદ્યોતવિજયજી, લાઠીદડના.

૫. સંવત ૧૯૭૮ના વૈશાખ શુદિ ૧૦, પાલીતાણા પાસે ગામ જાંબવાળીના શ્રાવક ભીખાભાઈ, દીક્ષા ગામ રાણપુર, નામ મુનિ ભુવનવિજયજી ગણી.

૬. સંવત ૧૯૮૧ના મહા શુદિ ૬, વઢવાણના શ્રાવક સુંદરજી, દીક્ષા ગામ ધ્રાંગધ્રા, નામ મુનિ સુમતિવિજયજી (પંન્યાસ).

૭. સંવત ૧૯૮૨ના ફાગણ શુદિ ૩, સમીના શા. લલ્લુભાઇ સાકળચંદ, દીક્ષા ગામ દેવગાણા, નામ મુનિ લલિતવિજયજી.

૮. સંવત ૧૯૮૨ના અષાડ શુદિ ૧૧, પાટડીના શાહ પ્રેમચંદ છગનલાલ, દીક્ષા ગામ પાટડી, નામ મુનિ પ્રતાપવિજયજી ( પંન્યાસ ).

૯. સંવત ૧૯૮૩ના વૈશાખ શુદિ ૫, મહુવાના ભાઇ નારણદાસ, દીક્ષા ગામ મૂળી પાસેના ગામમાં, નામ મુનિ નિપુણવિજયજી.

૧૦. સંવત ૧૯૮૭ના વૈશાખ શુદિ ૧૦, દીક્ષા ગામ ખંભાત, નામ મુનિ ચંદનવિજયજી.

૧૧. સંવત ૧૯૮૭ના પ્રથમ અષાડ વદિ ૬, મહેસાણાના શાહ પનાલાલ પ્રતાપચંદ, દીક્ષા ગામ અમદાવાદ, દીક્ષા આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી પાસે પંન્યાસજી શ્રી ભક્તિવિજયજીના નામથી લીધી, નામ મુનિશ્રી પ્રેમવિજયજી, ( હાલ આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી ).

૧૨. સંવત ૧૯૮૮ના પોષ વદિ ૧૦, મહેસાણાના શાહ શેષમલ પ્રતાપચંદ, દીક્ષા ગામ વીરમગામ, નામ મુનિ સુબોધવિજયજી ( પંન્યાસ ).

૧૩. સંવત ૧૯૮૮ના મહા શુદિ ૬, સાલડીના શ્રાવક કંકુચંદ ડાહ્યાલાલ, દીક્ષા ગામ સાલડી, નામ મુનિ કનકવિજયજી ( પંન્યાસ ).

૧૪. સંવત ૧૯૯૦ના કારતક વદિ ૬, કચ્છ–રામાણીયાના શાહ મેઘજી કેશવજી, દીક્ષા ગામ મુંબઇ, નામ મુનિ મહિમાવિજયજી ( પંન્યાસ ).

૧૫. સંવત ૧૯૯૦ના મહા શુદિ ૫, કચ્છ–બીદડાના શાહ રવજી શીવજી, દીક્ષા ગામ સુરત, નામ મુનિ રંજનવિજયજી ( પંન્યાસ ).

૧૬. સંવત ૧૯૯૦ના મહા શુદિ ૫, પેથાપુરના શાહ સોમચંદ ગગલચંદ, દીક્ષા ગામ ઘાટકોપર, નામ મુનિ સંપતવિજયજી.

૧૭. સંવત ૧૯૯૦ના મહા શુદિ ૫, કચ્છ–ભચાઉના શાહ પુનશી રાણા, દીક્ષા ગામ ઘાટકોપર, નામ મુનિ પ્રભાવવિજયજી ( પંન્યાસ ).

૧૮. સંવત ૧૯૯૨ના જેઠ વદિ ૨, મીયાગામના શાહ દલસુખ રતનચંદ, દીક્ષા ગામ લીંબડી, નામ મુનિ દોલતવજિયજી.

૧૯. સંવત ૧૯૯૩ના વૈશાખ શુદિ ૬, આરંભડાના ગાંધી વિઠ્ઠલદાસ કાળીદાસ, દીક્ષા ગામ મહેસાણા, નામ મુનિ વિનયવિજયજી ( પંન્યાસ ).

૨૦. સંવત ૧૯૯૬ના મહા શુદિ ૬, સુરેલના કાંતીલાલ છોટાલાલ, દીક્ષા ગામ અલાઉ, નામ મુનિ કાંતિવિજયજી.

૨૧. સંવત ૧૯૯૮ના ફાગણ શુદિ ૫, લીંબડીના કેશવલાલ મનસુખલાલ, દીક્ષા ગામ લીંબડી, નામ મુનિ કુસુમવિજયજી.

## પ્રશિષ્યોની યાદી

### આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીના શિષ્યો

૧. સંવત ૨૦૦૪ના જેઠ શુદિ ૩, આંતરોલીના કાંતીલાલ દલસુખભાઇ, દીક્ષા ગામ આંતરોલી, નામ મુનિ કમલવિજયજી.

૨. સંવત ૨૦૧૩, ઉદેપુરવાળા ડાલચંદના પુત્ર, નામ મુનિ પદ્મવિજયજીના શિષ્યો, ( ૧ ) મુનિ મહાનંદવિજયજી, ( ૨ ) મુનિ જગતચંદ્રવિજયજી.

૩. સંવત ૨૦૧૭ના વૈશાખ શુદિ, ઉણવાળા મનસુખલાલ, દીક્ષા ગામ ઉણ, નામ મુનિ મુક્તિવિજયજી.

૪. સંવત ૨૦૨૨ના માગશર વદિ ૧૧, ધાનેરાના ઉજમશી, દીક્ષા ગામ મુંબઈ, નામ મુનિ ઉત્તમવિજયજી.

### પંન્યાસ કંચનવિજયજી ગણીવરના શિષ્યો

૧. સંવત ૧૯૮૧ના કારતક વદિ ૩, ભાવનગરના હરજીવનદાસ વનમાળી, દીક્ષા ગામ વીરમગામ, નામ મુનિ કલ્યાણવિજયજી.

૨. સંવત ૧૯૮૨ના ફાગણ શુદિ ૩, ભાવનગરના ઓઘડભાઈ હરજી, દીક્ષા ગામ દેવગાણા, નામ મુનિ આણંદવિજયજી.

૩. સંવત ૧૯૮૫ના મહા વદિ ૧૧, શંખલપુરના જેઠાલાલ ભગવાનદાસ, દીક્ષા ગામ પાલીતાણા, નામ મુનિ જગતવિજયજી.

૪. સંવત ૧૯૯૨ના માગશર વદિ ૬, રાણપુરના ડુંગરશી કસ્તુરચંદ, દીક્ષા ગામ થોરડી, નામ મુનિ મહોદયવિજયજી.

૫. સંવત ૧૯૯૨ના અષાડ શુદિ ૧૪, શંખલપુરના નાનુ ભવાન, દીક્ષા ગામ પાલીતાણા, નામ મુનિ ભદ્રંકરવિજયજી, મુનિ જગતવિજયજીના શિષ્ય.

૬. સંવત ૧૯૯૩ના કારતક વદિ ૨, સુરતના શાહ ચુનીલાલ ત્રીભોવનદાસ, દીક્ષા ગામ પાલીતાણા, નામ મુનિ કૈલાસવિજયજી.

૭. સંવત ૨૦૦૪, દીક્ષા ગામ પાલીતાણા, નામ મુનિ સંજમવિજયજી.

૮. સંવત ૨૦૦૭, વરલના ભવાનચંદ, દીક્ષા ગામ પાલીતાણા, નામ મુનિ ભાસ્કરવિજયજી.

### પૂ. મુનિ ભુવનવિજયજી ગણીવર્યના શિષ્યો

૧. સંવત ૧૯૮૭ના પ્રથમ અષાડ વદિ ૬, લાંઘણુજના શાહ

પુનમચંદ દેવચંદ, દીક્ષા ગામ મહેસાણા, નામ મુનિ પ્રબોધવિજયજી.

૨. સંવત ૧૯૯૬ના વૈશાખ શુદિ ૬, શિહોરના હીંમતલાલ ભાયચંદ, દીક્ષા ગામ પાલીતાણા, નામ મુનિ હરખવિજયજી.

૩. સંવત ૧૯૯૭ના જેઠ શુદિ ૫, રાજસીતાપુરના લખમીચંદ, દીક્ષા ગામ મણુના, નામ મુનિ ઉદયવિજયજી.

## પંન્યાસ શ્રી સુમતિવિજયજી ગણીવર્યના શિષ્યો

૧. સંવત ૧૯૮૯ના માગશર શુદિ ૧૨, મેવાડ–ભાણપુરાના શાહ ધનરાજ પુનમચંદ, દીક્ષા ગામ તળાજા, નામ મુનિ દર્શનવિજયજીના શિષ્ય મુનિ નંદનપ્રભવિજયજી.

૨. સંવત ૧૯૯૪ના પોષ શુદિ ૧૪, આદરીયાણાના શાહ મફતલાલ હરખચંદ, દીક્ષા ગામ આદરીયાણા, નામ મુનિ માણેકવિજયજી.

૩. સંવત ૧૯૯૪ના ફાગણ શુદિ ૧૦, બોરૂના શાહ સોમચંદ મનસુખરામ, દીક્ષા ગામ ચાણસ્મા, નામ મુનિ સુભદ્રવિજયજી.

૪. સંવત ૧૯૯૪ના અષાડ શુદિ ૧૦, કોડીના શાહ અભેચંદ લાડકચંદ, દીક્ષા ગામ ચાણસ્મા, નામ મુનિ અભયવિજયજી.

૫. સંવત ૧૯૮૯ના મહા શુદિ ૫, ઝીંઝુવાડાના શાહ દેવશી રૂપશી, દીક્ષા ગામ દેવગાણા, નામ મુનિ દીપવિજયજી.

૬. સંવત ૧૯૯૫, ઝીંઝુવાડાના શાહ ભવાનભાઈ, દીક્ષા ગામ ચાણસ્મા, નામ મુનિ ભાનુવિજયજી.

## પૂ. પંન્યાસ શ્રી સુબોધવિજયજી ગણીવર્યના શિષ્યો

૧. સંવત ૨૦૦૬ના મહા શુદિ ૩, લવાણાના લહેરચંદ રાયચંદ, દીક્ષા ગામ અમદાવાદ, નામ મુનિ લબ્ધિવિજયજી.

૨. સંવત ૨૦૧૪ના મહા વદિમાં, આધોઇના શાહ પોચાભાઇ, દીક્ષા ગામ પાલધર, નામ મુનિ પુણ્યવિજયજી.

૩. સંવત ૨૦૨૪ના જેઠ વદિ ૬, બીજાપુર ( રાજસ્થાન )ના ઝવેરી ચંદુલાલ ખુશાલચંદજીવાળા શ્રી ગુલાબચંદજી જવેરચંદજીના સુપુત્ર શ્રી અરુણકુમાર, દીક્ષા ગામ ગોરેગામ, નામ મુનિ અરુણવિજયજી.

૪. સં. ૨૦૨૬ના કાર્તક વદ ૬ કચ્છના રહેવાશી હાલ મુંબઈ ભાઈ શાંતિલાલ........દીક્ષા કુર્લા મુનિ શાંતિ ચંદ્રવિજયજી.

## મુનિ શ્રી લબ્ધિવિજયજીના શિષ્ય

૧. થરાના ભાઇ ચંપકલાલ જેચંદભાઈ, નામ મુનિ ચંદ્રશેખરવિજયજી.

## પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી ગણીવર્યના શિષ્યો

૧. સંવત ૨૦૦૩ના માગશર વદિ ૬, સાલડીના શાહ સોમચંદ નથ્થુભાઇ, દીક્ષા ગામ સાલડી, નામ મુનિ સુજશવિજયજી.

૨. સંવત ૨૦૦૩ના વૈશાખ શુદિ ૧૦, સાલડીના શાહ રમણલાલ મણીલાલ, દીક્ષા ગામ સાલડી, નામ મુનિ રૂચકવિજયજી.

તેમના શિષ્ય મુનિ ભદ્રવિજયજી, તખતગઢ (રાજસ્થાન)ના, દીક્ષા ગામ વાલકેશ્વર–મુંબઈ.

## પૂ. પંન્યાસ મહિમાવિજયજી ગણીવર્યના શિષ્ય

૧. સંવત ૨૦૦૬ના, ચાણસ્માના સેવંતીલાલ ચંપકલાલ, દીક્ષા ગામ અમદાવાદ, નામ મુનિ શુભંકરવિજયજી.

## પૂ. પંન્યાસ શ્રી રંજનવિજયજી ગણીવર્યના શિષ્ય

૧. સંવત ૧૯૯૮ના ફાગણ શુદિ ૫, શિહોરના મોહનલાલભાઈ, દીક્ષા ગામ લીંબડી, નામ મુનિ માનવિજયજી.

## પૂ. પંન્યાસ શ્રી પ્રભાવવિજયજી ગણીવર્યના શિષ્યો

૧. સંવત ૨૦૦૬ના, જાવાલ (રાજસ્થાન)ના, દીક્ષા ગામ કપડવંજ, નામ મુનિ સુમિત્રવિજયજી.

૨. સંવત ૨૦૧૩ના માગશર શુદિ ૬, પાલીતાણાના શાહ પ્રતાપચંદ મણીલાલ, દીક્ષા ગામ ખંભાત, નામ મુનિ પ્રીતિવિજયજી.

૩. સંવત ૨૦૨૩ના માગશર શુદિમાં, કચ્છ–ભચાઉના શાહ ધરમશી દેશર, દીક્ષા ગામ ઉણુ, નામ મુનિ ધર્મોદયવિજયજી.

૪. મુનિ ચંપકવિજયજી.

૫. મુનિ જયધ્વજવિજયજી.

## પૂ. પંન્યાસ શ્રી વિનયવિજયજી ગણિવર્યના શિષ્યો

૧. સંવત ૨૦૦૨ના વૈશાખ વદિ ૬, ગેડીયાના શાહ ગાંડાલાલ દેવશી, દીક્ષા ગામ અમદાવાદ, નામ મુનિ ગુણવિજયજી.

૨. સંવત ૨૦૦૫ના વૈશાખ વદિ ૬, ધોરાજીના શાહ પ્રેમચંદ કંદોઈ, દીક્ષા ગામ કંબોઇ, નામ મુનિ પ્રધાનવિજયજી.

૩. સંવત ૨૦૦૯ના, ડુનાવાડાના શાહ કાંતીલાલ, દીક્ષા ગામ મહેસાણા, નામ મુનિ કીર્તિપ્રભવિજયજી.

૪. સંવત ૨૦૧૮ના વૈશાખ વદિ ૬, જામનગરના શાહ કીરણભાઇ, દીક્ષા ગામ જામનગર, નામ મુનિ કલ્પજયવિજયજી.

૫. મુનિ ધ્રુવસેનવિજયજી.

## પૂ. મુનિ શ્રી ચંદનવિજયજીના શિષ્યો

૧. મુનિ હીરવિજયજી.

૨. મુનિ અનંતવિજયજી.

## પૂ. મુનિ શ્રી દોલતવિજયજીના શિષ્ય

૧. સંવત ૧૯૯૬ વૈશાખ શુદિ ૩, સુરતના રમણલાલ વનેચંદ, દીક્ષા ગામ પાલીતાણા, નામ મુનિ રસિકવિજયજી.

## પૂ. મુનિ શ્રી કાંતિવિજયના શિષ્યો

૧. સંવત ૨૦૧૦ના કારતક વદ ૪, ધાનેરાના શ્રાવક, દીક્ષા ગામ ગોતા નામ મુનિ ચંદ્રપ્રભવિજયજી.

૨. સંવત ૨૦૧૩ના માગશર શુદિ ૧૧, સુરેલના રસીકલાલ છોટાલાલ, દીક્ષા ગામ થરા, નામ મુનિ રત્નાકરવિજયજી.

## પૂ. મુનિ શ્રી સુભદ્રવિજયજીના શિષ્યો

૧. સંવત ૨૦૧૦ના કારતક વદિમાં, ખોરજના શાહ સોમચંદભાઈ, દીક્ષા ગામ પાનસર, નામ મુનિ સોહનવિજયજી.

૨. સંવત ૨૦૧૩ના કારતક વદિમાં, ઉમતાના શાહ નગીનદાસ, દીક્ષા ગામ થરા, નામ મુનિ નિરંજનવિજયજી, મુનિ શ્રી હરખવિજયના શિષ્ય, શિહોરના મુનિ સોમવિજયજી, સંવત ૨૦૨૧ના જેઠ શુદિ ૩, દીક્ષા ગામ પાલીતાણા.

કુલ શિષ્યો ૨૧
પ્રશિષ્યો ૫૨
સાધ્વીજી ૭૫

# પરિશિષ્ટ ૧

卐

## પૂ. આચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજે કરેલ ચાતુર્માસની યાદી

| | | | |
|---|---|---|---|
| સંવત | ૧૯૫૭ | વીરમગામ | પૂ. ગુરુ મહારાજ સાથે |
| ,, | ૧૯૫૮ | માંડલ | ,, |
| ,, | ૧૯૫૯ | મહેસાણા | મુનિશ્રી કપુરવિજયજી સાથે |
| ,, | ૧૯૬૦ | પાટણ | પં. શ્રી ઉમેદવિજયજી તથા મુનિશ્રી વીરવિજયજી સાથે |
| ,, | ૧૯૬૧ | વીરમગામ | |
| ,, | ૧૯૬૨ | બનારસ | પૂ. ગુરુ મહારાજ સાથે |
| ,, | ૧૯૬૩ | કલકત્તા | ,, |
| ,, | ૧૯૬૪ | બનારસ | ,, |
| ,, | ૧૯૬૫ | ,, | ,, |
| ,, | ૧૯૬૬ | પાલી–મારવાડ | |
| ,, | ૧૯૬૭ | સાણંદ | |
| ,, | ૧૯૬૮ | સમી | |
| ,, | ૧૯૬૯ | સાદડી–મારવાડ | |
| ,, | ૧૯૭૦ | પાલી–મારવાડ | |
| ,, | ૧૯૭૧ | અમદાવાદ–શાહપુર | |
| ,, | ૧૯૭૨ | પાલીતાણા | પૂ. ગુરુ મહારાજ સાથે |
| ,, | ૧૯૭૩ | વીરમગામ | |
| ,, | ૧૯૭૪ | ,, | |

| | | | |
|---|---|---|---|
| સંવત | ૧૯૭૫ | કપડવંજ | આચાર્ય શ્રી વિજયવીરસૂરિજી મહારાજ સાથે |
| ,, | ૧૯૭૬ | પાલીતાણા | આગમ વાચના વખતે |
| ,, | ૧૯૭૭ | માંગરોળ | |
| ,, | ૧૯૭૮ | વઢવાણ શહેર | |
| ,, | ૧૯૭૯ | સમી | |
| ,, | ૧૯૮૦ | વીરમગામ | |
| ,, | ૧૯૮૧ | ભાવનગર | |
| ,, | ૧૯૮૨ | પાટડી | |
| ,, | ૧૯૮૩ | વઢવાણ કેમ્પ | |
| ,, | ૧૯૮૪ | રાધનપુર | |
| ,, | ૧૯૮૫ | અમદાવાદ-શાહપુર | |
| ,, | ૧૯૮૬ | માણસા | |
| ,, | ૧૯૮૭ | મહેસાણા | |
| ,, | ૧૯૮૮ | સુરત-ગોપીપુરા | |
| ,, | ૧૯૮૯ | મુંબઇ | |
| , | ૧૯૯૦ | ખંભાત | |
| ,, | ૧૯૯૧ | ભાવનગર | |
| ,, | ૧૯૯૨ | લીંબડી | |
| ,, | ૧૯૯૩ | સમી | |
| ,, | ૧૯૯૪ | પાટણ | |
| ,, | ૧૯૯૫ | વઢવાણ | |
| ,, | ૧૯૯૬ | જામનગર | |
| ,, | ૧૯૯૭ | પાલીતાણા | |
| ,, | ૧૯૯૮ | વીરમગામ | |
| ,, | ૧૯૯૯ | સમી | |

| | | |
|---|---|---|
| સંવત | ૨૦૦૦ | મહેસાણા |
| ,, | ૨૦૦૧ | થરા |
| ,, | ૨૦૦૨ | ખંભાત |
| ,, | ૨૦૦૩ | કપડવંજ |
| ,, | ૨૦૦૪ | પાલીતાણા |
| ,, | ૨૦૦૫ | અમદાવાદ |
| ,, | ૨૦૦૬ | સમી |
| ,, | ૨૦૦૭ | પાટણ |
| ,, | ૨૦૦૮ | મહેસાણા |
| ,, | ૨૦૦૯ | અમદાવાદ |
| ,, | ૨૦૧૦ | પાલીતાણા |
| ,, | ૨૦૧૧ | સમી |
| ,, | ૨૦૧૨ | થરા |
| ,, | ૨૦૧૩ | સમી |
| ,, | ૨૦૧૪ | સમી |



## પદવીદાન સમારંભો

ગણિપદ—સંવત ૧૯૭૫ના અષાડ શુદિ ૨ પૂ. આચાર્ય શ્રી વિજયવીરસૂરિજી મહારાજ પાસે-કપડવંજ.

પંન્યાસ પદ—સંવત ૧૯૭૫ના અષાડ શુદિ ૫, પૂજ્ય આચાર્ય શ્રી વિજયવીરસૂરિજી મહારાજ પાસે–કપડવંજ.

આચાર્યપદ–સંવત ૧૯૯૨ના વૈશાખ શુદિ ૪ ને શનિવાર, પૂજ્ય આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ પાસે–પાલીતાણા

卐

# પરિશિષ્ટ ૨

## પૂ. આચાર્યશ્રીની અધ્યક્ષતામાં નીકળેલા સંઘો

| | | | |
|---|---|---|---|
| શંખેશ્વરજી : | શાહ ડોસાભાઈ ખેંગારના ધર્મપત્ની મેનાબહેન | સમી | ૧૯૬૯ |
| ઉના-દીવ-અજારા : | સાવરકુંડલાના એક ગૃહસ્થ | | ૧૯૭૭ |
| ગિરનારજી : | શેઠ મકનજી કાનજીભાઈ | માંગરોળ | ૧૯૭૭ |
| શંખેશ્વરજી : | શ્રી ત્રીકમચંદ કરશનદાસ | વિઠ્ઠલપુર | ૧૯૮૦ |
| સિદ્ધાચળ : | શેઠ નાગરદાસ પુરુશોત્તમ | રાણપુર | ૧૯૮૧ |
| ,, | શેઠ ત્રીભોવનદાસ હરખચંદ | | ૧૯૮૨ |
| કચ્છ-ગિરનાર : | શેઠ નગીનદાસ કરમચંદ | પાટણ | ૧૯૮૩ |
| સિદ્ધાચળ : | શેઠ જીવતલાલ પ્રતાપશી | રાધનપુર | ૧૯૮૫ |
| પાનસર : | શ્રી જેતાભાઈ જીવરામ | બોરૂ | ૧૯૮૭ |
| ઝગડીયાજી : | શેઠ નવલચંદ ખીમચંદ તથા બીજા ભાઈઓ | | ૧૯૮૯ |
| સિદ્ધાચળ : | બહેન સાંકળીબહેન | ભાવનગર | ૧૯૯૨ |
| તળાજા : | શ્રી મણીબહેન | રાજકોટ | ૧૯૯૨ |
| તારંગાજી : | શા મગનલાલ મુળચંદ | ઉડણી | ૧૯૯૩ |
| વડગામ : | શાહ હઠીસંગ રાયચંદ | | ૧૯૯૪ |
| સિદ્ધાચળ : | ભાવનગર-વડવાના એક ગૃહસ્થ | | ૧૯૯૮ |
| શંખેશ્વરજી : | શા છોટાલાલ સંપ્રીતચંદ | થરા | ૨૦૦૨ |
| ડાભલા : | શા ચંદુલાલ હેમચંદ | સાલડી | ૨૦૦૩ |
| સિદ્ધાચળ : | શા મંગળદાસ ભાઈચંદ | | ૨૦૦૪ |
| ભીલડીયાજી : | થરા શ્રીસંઘ | | ૨૦૧૨ |

卐

# પરિશિષ્ટ ૩

卐

## પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં થયેલ ઉપધાન તપ સમારંભો

| | | |
|---|---|---|
| શ્રી સંઘવી શેઠ | માંગરોળ | ૧૯૭૭ |
| વડેચા વેલચંદ તથા મોહનલાલ | સમી | ૧૯૭૯ |
| શ્રી સંઘ | મહેસાણા | ૧૯૮૬ |
| ચાર ગૃહસ્થો | સુરત | ૧૯૮૮ |
| સંઘવી નગીનદાસ કરમચંદ વગેરે ગૃહસ્થો | પાટણ | ૧૯૯૪ |
| શ્રી વઢવાણ શ્રી સંઘ | વઢવાણ | ૧૯૯૫ |
| શ્રી જેઠાલાલ કસળચંદ | જામનગર | |
| શ્રી ડાહ્યાભાઈ સાંકળચંદ (અમદાવાદનિવાસી) | પાલીતાણા | |
| શ્રી સંઘ | મહેસાણા | ૨૦૦૦ |
| એક ગૃહસ્થ | થરા | ૨૦૦૧ |
| પાંચ ગૃહસ્થો | પાલીતાણા | ૨૦૦૫ |
| ગૃહસ્થો | પાલીતાણા | ૨૦૧૦ |

卐

# પરિશિષ્ટ ૪

卐

## પૂ. આચાર્યશ્રી નિશ્રામાં થયેલ ઉજમણા મહોત્સવો

| | |
|---|---|
| શ્રી હઠીસીંગ પીતાંબરદાસ તરફથી | સમી |
| શાહ રણછોડદાસ દેવકરણ | પોરબંદર |
| શેઠશ્રી નાગરદાસ પુરૂષોત્તમ | રાણપુર |
| શેઠ જેસીંગલાલ મગનલાલ | સાલડી |
| શ્રી આશારામભાઈ | આરડા |
| સંઘવી ગોવિંદજી વીરચંદ | લીંબડી |
| શ્રીયુત ડાહ્યાભાઈ સાંકળચંદ | અમદાવાદ |
| શેઠ પુનમચંદ હરજીવનદાસ | મહેસાણા |
| મણીયાર હરગોવીંદદાસ જીવરાજ | શંખેશ્વર |
| શેઠ મોહનલાલ છોટાલાલ | અમદાવાદ |
| શ્રી મનસુખલાલ સુખલાલ તારવાળા | ચુડા |
| શાહ છોટાલાલ સંપ્રીતચંદ | થરા |

# પરિશિષ્ટ ૫

卐

## પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં થયેલ પ્રતિષ્ઠા મહોત્સવો

| | | |
|---|---|---|
| દેવગાણા | ૧૯૮૨ | |
| ચપેલી | ૧૯૯૪ | |
| આરંભડા | ૧૯૯૭ | |
| લીંબડી | ૧૯૯૮ | |
| છનીપાર | ૨૦૦૩ | |
| ઉપરીયાળા | ૨૦૦૩ | શ્રી આદીશ્વર ભગવાનની પાદુકા |
| ભાવનગર | ૨૦૦૫ | મોટા દહેરાસરમાં શ્રી શાંતિનાથ તથા અભિનંદનસ્વામી |
| સાંગણપુર | ૨૦૦૯ | |
| ભાવનગર | ૨૦૧૦ | શ્રી કૃષ્ણનગર જૈન દહેરાસર |

## ભક્તિ સૌરભ

દિવસના અજવાળામાં ખીલતાં અને સુવાસ આપતાં ફૂલ તો લોક નજરમાં સતત્ રમતાં હોય છે, પણ રાતરાણીનું ફૂલ કોઇ જુદૂં જ કામ કરે છે. એ તો રાતના અંધારામાં કોઈ પણ જાતની પ્રશંસાની આકાંક્ષા રાખ્યા વિના સુવાસ આપે જ જાય છે અને રજનીના શાન્ત વાતાવરણને સુવાસથી ભરી દે છે. એવા હતા અમારા પૂ. આચાર્ય વિજય ભક્તિસૂરીશ્વરજી.

—ચિત્રભાનુ

આજે તો જૈન સમાજ સમૃદ્ધિશાળી અને પ્રગતિશીલ ગણાય છે. ધર્મપ્રભાવના અને શાસનપ્રભાવનાના અનેક કાર્યો થઇ રહ્યાં છે. દર વર્ષે લાખો ખરચાય છે, પણ વિદ્વાનો તૈયાર કરવાની યોજના અધૂરી જ રહી જાય છે.

જૈન ધર્મને અને તેના વિશ્વશાંતિ પ્રેરક સિદ્ધાંતો અહિંસા અને અપરિગ્રહને જગતના ચોકમાં મૂકવાનો આજે અનુકૂળ સમય છે.

પૂર્વ આફ્રિકા, અમેરિકા, જાપાન, જર્મની વગેરે દેશોમાં જૈન ધર્મના સિદ્ધાંતો માટે ભાવના જાગી છે, ત્યારે આપણા પૂજ્ય આચાર્ય પ્રવરો, પદસ્થો, મુનિવર્યો સાહિત્ય પ્રચાર માટે પ્રેરણા આપે તો જૈન શાસનનો જયજયકાર થાય.

—મહુવાકર